કુમાર

સળંગ અંક ૫૧૫




આવતી કાલનાં નાગરિકોનું માસિક

તંત્રી · બચુભાઈ રાવત

વર્ષ તેંતાળીસમું
અંક અગિયારમો
માહે નવેમ્બર
ઈ.સ. ઓગણીસસો છાસઠ

સ્થાપક · રવિશંકર મ. રાવળ



સિંહલદ્વિપનાં શોભન

હંસને નીરક્ષીર વિવેકવાળું ગરવું ને પવિત્ર પક્ષી માનવામાં આવે છે. કાવ્યોમાં-ખાસ કરીને શૃંગાર કાવ્યોમાં સુંદર સ્ત્રીને અનેક રીતે હંસની સાથે સરખાવવામાં આવે છે, કળામાં પણ હંસ અનેક સ્વરૂપે આલેખાતો રહ્યો છે. જેમ ભારતીય કળામાં એમ સિંહાલી શોભનકળામાં પણ એનાં વિવિધ સ્વરૂપો જોવા મળે છે, જેમાં દ્રાવિડ હિંદુકળાની અસર ખાસ જણાઈ આવે છે. અહીં એવાં કેટલાંક સિંહાલી શોભનો આપ્યાં છે. એમાં નીચે ડાબી બાજુનું ગજમુખી પક્ષી કદાચ હંસ નથી. કૅન્ડીના મહાદેવળની દીવાલ પર આવું એક આલેખન હતું. સંભવ છે કે મૂળ કોઈ કાલ્પનિક વિરાટ પક્ષીના ખયાલમાં પાછળથી ગજમુખનું ઉમેરણ થયું હશે. ઉપર પહેલી હારમાં વચ્ચે આપેલું એક કીર્તિમુખ પણ એના ભારતીય સ્વરૂપથી ભિન્ન નથી. ભવ્ય પ્રભાવ અને શક્તિનું એ દ્યોતક ગણાય છે. આનંદકુમાર સ્વામી, જેમનો વિસ્તૃત પરિચય 'કુમાર'ના આગામી અંકમાં આવે છે અને જેમના સિંહાલી કળા પરના ગ્રંથમાંથી આ દૃષ્ટાંતો લીધાં છે, તેમના મત પ્રમાણે સીલોનમાં સિંહનાં શોભનમાં લગભગ બત્રીસેક વિવિધ સ્વરૂપો જાણીતાં છે.



કુમાર — નવેમ્બર ૧૯૫૬ · અંક ૫૧૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦



૧. ૫૧૪મા અંકના પૂઠા ઉપર 'क्षणे क्षणे...' પંક્તિમાં 'रुपं' છે તેમાં દીર્ઘ 'रू' જોઇએ.

એ આખો શ્લોક આ પ્રમાણે છે:

दृष्टोपि शैलः स मुहुर्मुरारे-
रपूर्ववद्विस्मयमाततान ।
क्षणे क्षणे यन्नवतामुपैति
तदेवरूपं रमणीयतायाः ॥

માઘના 'શિશુપાલ વધ' કાવ્યના ચોથા સર્ગનો એ ૧૭મો શ્લોક. પ્રસંગ આવો છે: દ્વારકાથી પ્રસ્થાન કરીને કૃષ્ણ ઇન્દ્રપ્રસ્થ જવા નીકળ્યા ત્યાં માર્ગમાં રૈવતાચળ પર્વત આવ્યો. કૃષ્ણને એ પર્વત પૂર્ણ પરિચિત હતો. પણ એની શોભા એટલી અદ્ભુત હતી કે એને જોતાં ધરાવાય જ નહિ. કારણ 'ક્ષણે ક્ષણે...' ઇત્યાદિ.

કવિ માઘના ઉલ્લેખ સાથે એક બીજું સ્મરણ થયું. કવિ દલપતરામ લખે છે:

'તિથિ પૂનમે શોભિતા સાંજ ટાણે,
બન્યા ઘંટ બે સૂર્ય ને સોમ જાણે,'

આબુનું આ વર્ણન, માઘના 'શિશુપાલ વધ'ના સર્ગ ચોથાના ૨૦મા શ્લોકનું જ અનુકરણ છે—પણ અધકચરું:

'उदयति विततोर्ध्वरश्मि-
रज्जावहिमरुचौ हिमधाम्नि याति चास्तम् ।
वहति गिरिरयं विलम्बि-
घण्टाद्वयपरिवारितवारणेन्द्रलीलाम् ॥'

રૈવતાચળની શોભાનું વર્ણન કરતાં કવિ આગળ વધીને એને, બે પડખે લટકતા બે ઘંટથી અલંકૃત હાથીની શોભા જેવી શોભા ધરાવનારો ચીતરે છે. પર્વતના પક્ષે બે ઘંટ તે પ્રભાતમાં પૂર્વમાં ઊગતો સૂર્ય અને પશ્ચિમમાં આથમતો ચંદ્ર. આવી અદ્ભુત કલ્પનાના યોગે માઘને 'घण्टामाघ' કહે છે. આ પદ્ધતિએ જ કાલિદાસ 'दीपशिखाकालिदास' અને ભારવિ 'छत्रभारवि' કહેવાય છે.


૨. કહેવતોવાળી નોંધમાં 'ચરતિ'ને બદલે 'ચરંતિ'અથવા 'ચરન્તિ'(બહુવચન) જોઇએ.

૩. કરસાળકરની વાંચવામાં ભૂલ છે. એમના ગ્રન્થમાં 'મારા' કુટુમ્બનો ઉલ્લેખ કર્યો નથી, એમ મેં લખ્યું હતું, નહિ કે શ્રી હરિશંકરના. એમને હું પરભાર્યો કાગળ લખવાનો છું.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

અંક ૫૧૦ (જૂન ૧૯૬૬)માં ચિત્રકાર શ્રી નંદલાલ વસુનું 'કુણાલ' ચિત્ર પૃ. ૨૧૩–૨૧૪ વચ્ચે છે. એમાં કુણાલના બંને પગના અંગૂઠા પાસે હોવા જોઇએ, તેને બદલે ચિત્રમાં જમણા પગનો અંગૂઠો ખોટી બાજુએ દર્શાવ્યો છે, આવા નામી ચિત્રકારના ચિત્ર વિષે લખતાં સંકોચ થાય છે. આપ આ બાબતનો ખુલાસો લખી આભારી કરશો.

(અમદાવાદ) —ઉષા શુક્લ



[* એ પગની સ્થિતિ દર્શાવતું સ્પષ્ટ રેખાંકન ઉપર આપ્યું છે. જમણા પગનો પંજો તેની બહારની કિનાર પર ટેકવેલો હોઈ તેનું તળિયું ચિત્રમાં દેખાય છે, અને તેથી અંગૂઠો ઉપર આવતાં ખોટી બાજુ દેખાવાનો ભ્રમ થાયછે.]

જૂન અંક તમારી સંપાદનકળાનો સુંદર નમૂનો છે. અનેકવિધ ચિત્રોથી સમૃદ્ધ નંદબાબુ માટેનો આવો અંક બંગાળીમાં પણ નથી નીકળ્યો, તો હિંદીમાં તો હોય જ ક્યાંથી?

(જબલપુર) —અમૃતલાલ વેગડ

ઑક્ટોબર'કુમાર'માં'અને આ પણ જોયું' વાર્તા ખૂબ ગમી. ભારતમાં રહેલી ગરીબી અને લાચારીની સાથે સાથે જ ક્યાંક ખૂણામાં છુપાએલી ઉદાત્ત સંસ્કારભાવનાની ઝાંખી કરાવતી આ વાર્તાના લેખક તેમજ અનુવાદકને મારાં અભિનંદન.'

(મહેસાણા) —મનુભાઈ વ્યાસ

જાતીય વિજ્ઞાન આજની પ્રજાને કેમ શીખવવું એ પ્રશ્ન વિદેશીઓના મગજમાં એવો તો ઘર કરી બેઠો છે કે યુવાનો ને કિશોરો ઉપર વિચિત્ર અખતરાઓ કરી માનસ બગાડી રહ્યા છે. એ વિષયમાં પુષ્કળ વાચન કર્યું. છેલ્લે દાદા ધર્માધિકારીની 'સ્ત્રી-પુરુષ સંબંધ' પુસ્તિકા ગમી. પણ કાલે 'કુમાર' ઑક્ટોબર અંકમાં 'સંયમ' લેખ વાંચ્યો ત્યારે એ વિષયની બધી ઉત્કંઠાનો અંત આવી ગયો છે. શેક્સ્પીઅર ને કાલિદાસ વાંચી મોંમાં આંગળાં નાખી જવાય છે. અદ્ભુત! એવો ભાવ ઊપજે છે. પણ પ્રસ્તુત લેખ તો એથી યે ચડિયાતો લખાયો છે. વિશ્વના શ્રેષ્ઠ સાહિત્યકારો લખે છે પોતાના વિચારો; જ્યારે રેવ. ફાધર તો વાચકોના વિચારો લખીને અનેક મર્મસ્થાન ભેદી ગયા છે. એમણે બોધ નથી કર્યો, પણ ગડમથલ કર્યા કરતા યુવાન માનસમાં જે થોડો ઘણો સદ્વિચાર રમી રહ્યો હોય છે એને પુષ્ટ કરવા પ્રદીપક (catalyst)નું કામ શરૂ કર્યું છે. લેખક તો અભિનંદનના અધિકારી છે જ, પણ એથી વિશેષ તો વાચકો ભાગ્યશાળી છે કે આવો સુપાચ્ય ખોરાક આ જમાનામાં પણ મળી શકે છે! શી વિચિત્રતા છે! કોઈ પરદેશી વિદ્વાન આપણને જ આપણી સંસ્કૃતિનું સુભગ દર્શન કરાવે છે!

વાર્તા તો બહુ જ પરાણે પૂરી કરી. હજુ કદાચ આગળ ચાલી હોત તો રોઈ પડત! મિ. રિચાર્ડ ને પેલું સીલબંધ કવર જોઈ ખાતરી થઈ ગઈ હશે જ કે આ જ ગૌતમ બુદ્ધનો, લૉર્ડ ચૈતન્યનો, સ્વામી વિવેકાનંદનો દેશ!

હજુ આગળ પાનાં ફેરવું છું ત્યાં નજરે ચડે છે ભાવિનાં સ્વપ્નો જોતી નરેશ પંચાલની આંખો. રેવ. ફાધરનું કમળ, મિ. રિચાર્ડનો 'આર્ટિસ્ટ સપ્લાયર' અને પંચાલની ખુમારીભરી આંખો! એવું અજબ સંયોજન!

વર્ષોથી 'કુમાર' ચારિત્ર્યઘડતરનું શીર્ષક ઘડી અનુરૂપ સાહિત્ય પીરસે છે. એ બધા પ્રયત્નોમાં રેવ. ફાધરની લેખમાળા એક જ એ સાબિત કરવા પૂરતી છે. 'કુમાર'ને પણ ધન્યવાદ! રેવ. ફાધર હજુ આ જ વિષય પર ઘણા લેખો લખે એ જરૂરી છે.

આ અંકનું પૂઠું ગમ્યું, મુખચિત્ર પણ. આવતા અંકો સુમધુર આવતા જશે એ ખૂબ જ આનંદભરી વાત છે. 'કુમાર' ખૂબ જ સજીવ લાગે છે, પત્રવિભાગનો વિસ્તાર આવકાર્ય છે.

(મુલુંદ) —રમેશ બી. શાહ

સાથે જ રેવ૦ ફાધર વાલેસે એમનાં લખાણો દ્વારા અમને જે ધ્યેય, જે પ્રેરણા અને જીવનનાં મૂલ્યોનાં જે દર્શન કરાવ્યાં છે–તેનું સાચું ભાન કરાવ્યું છે, તે હજી સુધી ક્યારેય કોઈએ અમને કરાવ્યું નથી.

હવે અમને ચોક્કસ ખયાલ આવ્યો છે કે અમારે શું કરવાનું છે. એક શ્રદ્ધા આવી છે કે તે અમે કરીશું જ.

(અમદાવાદ-૭) —'વિદ્યાર્થી'

રેવ૦ ફાધર વાલેસની લેખમાળા વિદ્યાર્થીને માટે તો ચારિત્ર્ય-ઘડતરની ગરજ સારે છે. શાળાકૉલેજોમાં 'પ્રાર્થનાસભા' સમયે તેમાંથી કેટલોક ભાગ વાંચી સંભળાવવાની ભલામણ કરવાનું મન થાય છે.

(પ્રતાપનગર) —ડાહ્યાભાઈ સુથાર

સપ્ટેમ્બરનું 'કુમાર' એકી બેઠકે પૂરું કર્યું. ફાધર વાલેસની વ્યક્તિઘડતર-માળાનો આ મણકો ખરે જ ઉત્તમ હતો. 'મૃચ્છકટિક' ગમ્યું. લેખકને અભિનંદન. પણ કાં તો ખૂબ ટૂંકાણને લીધે કે પછી ભાષાંતરને લીધે પ્રસંગો જાણે ખીચોખીચ ભરાયા હોય એમ લાગ્યું. 'છોટે સરદાર'ના જીવનમાં બેત્રણ જગ્યાએ હકીકતદોષ લાગે છે. વળી ફોટોમાં પણ ડૉ. હરિલાલને તેમના મોટા ભાઈ તરીકે ઉલ્લેખવામાં આવ્યા છે, તે નાના ભાઈ છે.

મારા એક અંગત મિત્રને છેલ્લા ત્રણેક મહિનાથી માથામાં ખોડો થયો છે. અનેક મલમો, દવાઓ અને લીંબુ તથા છાશના ઉપયોગ છતાં તેમાં કાંઈ સુધારો થતો નથી. આપના વાચકવર્ગમાંથી કોઈ તેનો સચોટ ઉપાય બતાવવા કૃપા કરશે તો આભારી થઈશ.
(અમદાવાદ) —અનીત પંડયા

૫૧૩મા અંકમાં ડૉ. મધુસૂદન પારેખના વાર્તાંતર 'મૃચ્છકટિક'માં રહી જવા પામેલી કેટલીક ક્ષતિઓ :

૧) વાર્તાનાયક 'ચારુદત્ત' વણિક નથી પણ 'બ્રાહ્મણ' છે. ૨) તેના દૈન્યનું કારણ વહાણોનું નિમજ્જન નહિ પણ તેની પરમ ઔદાર્યવૃત્તિ–દાનવૃત્તિ છે. ૩) આ નાટકનો મારી દૃષ્ટિએ ઉત્કૃષ્ટ પ્રસંગ છે ચારુદત્તની મહામાનવતા. સાચા અપરાધી 'શકાર'ની મૃત્યુદંડની શિક્ષા માફ કરીને ચારુદત્ત તેને જીવન-દાન બક્ષે છે. આ પ્રસંગના સંયોગો પણ અસામાન્ય મહત્ત્વના છે. ડૉ. પારેખે આ પ્રસંગને અવગણીને કે અજ્ઞાતપણે જે ભૂલ કરી છે તે સહૃદયી વાચકને ડંખે એવી છે. શૂદ્રકના ધીરોદાત્ત પાત્રને અન્યાય કર્યો છે!

'નેપથ્ય' શબ્દની વ્યુત્પત્તિમાં લેખકે 'નેપથ્ય'ને માટે રંગમંચના પરદા પાછળની જગા એવું વિધાન કર્યું છે. વાસ્તવમાં ભરતમુનિની 'પ્રેક્ષાગૃહ'ની કલ્પના પ્રમાણે નેપથ્ય એ 'રંગશીર્ષ' (પાત્રો જ્યાં આરામ કરે છે)ના પરદા પાછળની જગા છે. બીજી રીતે નેપથ્ય 'રંગમંચ'નો છેલ્લો ભાગ છે. સ્થળ-સંકોચને લીધે આખો શ્લોક ઉદ્ધૃત કરવો શક્ય નથી.

ચંદ્રકાંત ટોપીવાળાનું કાવ્ય 'હજી' સુંદર છે. પણ 'કટાવ' જેવા પ્રવાહી છંદમાં કવિએ ઠેકઠેકાણે—'સ્વાદ,' 'નાદ', 'આહ્‌લાદ' અને 'ઉઝરડા' શબ્દો આગળ—છંદભંગ કર્યો છે, તે કટાવ છંદની પ્રાસાદિક પ્રવાહિતા–પંક્તિઓનું મીઠું ડોલન (આઠ આઠ માત્રાના ગુચ્છ-વિરામે) ખંડિત થઈને સડસડાટ ચાલતી સાઈકલની અકલ્પ્ય 'બ્રેક' જેવો અનુભવ કરાવે છે. પરિણામે કાવ્યની મઝા મારી જાય છે.
(કઠલાલ) —વિજયશંકર દવે

સપ્ટેમ્બર અંકમાં પચીસ વર્ષ પહેલાં *પ્રગટ થતી 'ભૂતકાળની શોધમાં' લેખમાળામાંથી ઉતારેલું પંચાસર અને રૂપેણનું 'હૃદયસ્પર્શી' વર્ણન વાંચ્યું; પણ ક્યાંય તેના લેખકનું નામ ન મળ્યું. 'કુમાર'ના નિયમિત વાચક એક મિત્રને પૂછ્યું તો એણે જુલાઈ-ઑગસ્ટના અંકોમાં આ જ લેખમાળાનાં બીજાં અવતરણો દેખાડ્યાં. શ્રી અમૃત વ. પંડ્યા ઇતિહાસકાર અને સંશોધક તરીકે પ્રખ્યાત છે, અને તે અંગેના તેમના લેખો અવારનવાર વાંચવા મળે છે, પણ પ્રવાસવર્ણનની આટલી ઉચ્ચ ભાષા-શૈલી પર તેમનું પ્રભુત્વ હશે તે આ પહેલાં જાણમાં નહોતું. ખાસ કરીને રૂપેણ-પ્રસંગની તેમની વર્ણનાત્મક ભાષા શ્રી મુનશીની ભાષા-શૈલીનું સ્મરણ કરાવે છે. 'કુમારે' જેમ અન્ય લેખમાળાઓને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરી છે તેમ 'ભૂતકાળની શોધમાં' પણ પ્રસિદ્ધ કરે તો?
(થાણા) —જનાર્દન જોષી

[*દુર્ભાગ્યે એ એમણે અધૂરી જ રાખી છે.]

૫૧૩મા અંકની 'માધુકરી'માંનો 'ટાવર ઑવ હૅનૉઇ' લ્યુકાસે તો ૧૮૮૩માં શોધ્યો હશે. પણ ભારતમાં તો તેનાથી 'મોટો' ટાવર પ્રાચીનકાળથી પ્રચલિત લાગે છે. આ માટેની દંતકથા આવી છે: 'બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું તે દિવસે વારાણસીમાં એક મંદિરમાં પોતાની મૂર્તિ નીચે આગલા ભાગમાં ત્રણ હીરાના સળિયા ખોડ્યા અને એમાંના એકમાં ચડઊતર ક્રમવાળી ૬૪ સુવર્ણતકતીઓ પરોવી. પછી તે તકતીઓને (૧) એક વખતે એક જ તકતીની હેરફેર કરવાની, અને (૨) જ્યાં તે મૂકવામાં આવે ત્યાં મોટી તકતી પર નાની તકતી મૂકી શકાય પણ નાની તકતી પર મોટી તકતી નહિ મૂકવાની શરતે તેને ફેરવવા માટે ત્રણ સાધુઓ રોક્યા. તેઓ વારાફરતી અવિરતપણે આ કાર્ય કરતા... એમાંનો કોઈ મૃત્યુ પામે તો તેની પાછળ બીજાને આ કામ સોંપતો જાય... આમ આ કાર્ય અખંડ ચાલુ રાખવાનું. અને જે ક્ષણે બધી તકતીઓ બીજા સળિયા પર પ્રથમ હતી તેવી જ રીતે ગોઠવાઈ જાય તે ક્ષણે પ્રલય થઈ જગતનો અંત આવશે.' આ દંતકથા સંપૂર્ણ વિગત સાથે, નોબેલ ઇનામ વિજેતા પરમાણુ વિજ્ઞાની જ્યૉર્જ ગેમો

(અનુસંધાન પૃષ્ઠ ૪૩૨)

તંત્રી
બચુભાઈ
રાવત

વ્યક્તિઘડતર · ૧૭

તમે બંને

રેવ૦ ફાધર વાલેસ

દરેક માનવ વ્યક્તિ અનોખી, સ્વતંત્ર, અનન્ય હોય છે. કોઈ બે માણસો માટે ચહેરા જુદા, માપ–વજન જુદાં, હાવભાવ જુદા ..., અને વિશેષ તો વિચારો જુદા, લાગણીઓ જુદી, આત્માના કોડ જુદા. પ્રકૃતિના નમૂના બેવડાતા નથી. હવે એવા બે નમૂના વચ્ચે મેળ બેસાડવાનો હોય – અને એમાં પ્રયોગને સાવ અસાધ્ય બનાવવા એક વ્યક્તિ સ્ત્રી ને એક પુરુષ હોય, ને જીવન પર્યંત ચાલે એવી ગાંઠ બેની વચ્ચે બાંધવાની હોય– તો આકાશ-પાતાળ એક કરવા જેવી વાત થાય. તો પણ સંસારના ભગીરથો એ અપૂર્વ સિદ્ધિ પણ પ્રાપ્ત કરે છે, ને એ સિદ્ધિમાં સુખી ને સફળ દાંપત્યનું રહસ્ય તેઓ પામે છે.

સાધનાનું પ્રથમ સોપાન જાગૃતિનું છે. મારા હાથમાં કયાં પત્તાં છે એની જાણથી અને સામેવાળાના હાથમાં કયાં છે એના અનુમાનથી ખેલ ચાલે છે. એ જ વાત સ્ત્રી-પુરુષના વ્યવહાર માટે પણ સાચી છે. પુરુષનું અંતરતંત્ર જુદું અને સ્ત્રીનું જુદું, એનું ભાન અને સ્વીકાર એ મંગળ સપ્તપદીનું પહેલું પગલું છે. સ્ત્રી લાગણીપ્રધાન છે, જ્યારે પુરુષ જડ નહિ તો કંઈક નિસ્પૃહ તો ખરો; (બે સનાતન પક્ષો વચ્ચે ન્યાય તોળવા બેસીએ ત્યારે જાણે સાપના દરમાં હાથ નાખ્યો હોય એવો ધ્રાસકો લાગે! પણ આદરેલું સાહસ આગળ ચલાવ્યે જ છૂટકો. વળી આ ઝઘડામાં તટસ્થ ન્યાયાધીશ તો પૃથ્વીના દરબારમાં મળવાનો જ નથી ને!) પુરુષ 'એક ઘા ને બે કટકા'ની ફિલસૂફીમાં માને છે, જ્યારે સ્ત્રી વાંકીચૂંકી આંટીઘૂંટીમાં રાચે છે; પુરુષ સમગ્ર પરિણામ એકી નજરે અવલોકે છે, જ્યારે સ્ત્રી વિગતોની ઉપાસક છે; પુરુષનું ધ્યાન પદાર્થો ને ઘટનાઓ તરફ, તો સ્ત્રીનું વ્યક્તિઓ તરફ હોય છે; સ્ત્રીનું મન આંતરપ્રજ્ઞાથી, પુરુષનું તર્કબદ્ધ દલીલથી કામ કરે છે. આ દાંપત્ય-વર્ગનો અભ્યાસક્રમ જરા સમજાવીએ.

માઠું લગાડવું, હૈયે બળવું, આંસુદાન કરવું... એ સ્ત્રીઓનો ઇજારો તો નથી, પણ ખાસિયત તો છે જ. સ્ત્રીઓ કરતાં પુરુષોની આંખો કોરી રહે છે ને તેમના હૃદયના ધબકારા ધીમા પડે છે. આઘાત ઝીલવાનાં યંત્રો જુદાં એટલે પ્રત્યાઘાત પણ જુદા. કાંકરો પાણીમાં પડે તો છાંટા ઊડે; તેલમાં પડે તો નિસ્પંદ તળિયે બેસી જાય. એની એ જ વાત પુરુષના કાનમાં પડે તો એની ભાવ-સમાધિ ન તૂટે, પણ સ્ત્રીના કાનમાં પડે તો છાંટા જરૂર ઊડે! ઝઘડો થતાં પતિ બચાવ કરે છે: 'મેં એવું શું કહ્યું હતું કે તે સળગી જાય? 'આજે મારો મૂડ નથી, તું એકલી જજે': ને એમાં એ કાગનો વાઘ કરીને બેઠી છે, અને મને દુનિયાની આગળ સાત પેઢીઓનો કુલાંગાર પણ ઠરાવી દીધો છે. નારી એનું નામ, બીજું શું!' પતિદેવને ખબર નથી કે એને પોતાને જે સીધી સામાન્ય ને દીવા જેવી સ્પષ્ટ વાત લાગે છે તે સ્ત્રીના ઊર્મિશીલ સ્વભાવમાં જુદા ને અટપટા ભણકારા જગાવે છે. શબ્દો ને વાક્યોનો અર્થ બેસાડવા સ્ત્રીની પાસે જુદું વ્યાકરણ હોય છે. કોઈ આધુનિક પાણિનિ સ્ત્રી ને પુરુષો માટે અલગઅલગ વ્યાકરણો લખી આપે ને પતિ-પત્નીના જુદા શબ્દકોષ પણ બનાવે તો કંઈ ગેડ બેસે. એ દરમિયાન સ્ત્રીની સાથે બોલતા પુરુષે ફોડ પાડીને બોલવાની આદત છોડવી, અને ફોડ પાડીને બોલનાર પુરુષને સાંભળતાં સ્ત્રીએ, પોતે એ ધક્કો ઝીલી શકે એવાં પૂમડાં મનના કાનમાં ઘાલીને સાંભળવું.

પુરુષનું શારીરિક બંધારણ અને ઘર બહારનો તેનો ઉછેર તેને બાહુબળની સીધી પદ્ધતિઓ ઉપર મુખ્ય આધાર રાખતો કરે છે. જ્યાં ટૂંકો રસ્તો હોય ત્યાં લાંબો નહિ ખપે; જ્યાં એક શબ્દથી કામ પતે ત્યાં દસ બોલવાનો અર્થ નથી. એથી ઊલટું, સ્ત્રીનું બંધારણ નાજુક ને ઉછેર ઘેર જ. એટલે તે નાનપણથી માનવસ્વભાવની અભ્યાસી અને બીજાઓનો આડો ઉપયોગ કરીને પોતાનો હેતુ સારવામાં પાવરધી હોય છે સાંજે બહાર વાળુ કરવાની લાલચથી પત્ની પતિને ઘસડી લઈ જાય છે; ફરતાંફરતાં એ 'અકસ્માત' આડો રસ્તો લે છે; વચ્ચે આવતી ઝવેરીની દુકાનની આગળ એ સહજ રીતે ઊભી રહે છે; અને ત્યાં શોભતા (જેને પોતે દસ દિવસ પહેલાં જોએલા, ને જોઇને તે કેમે કરીને ખરીદવાની ગાંઠ મનમાં વાળી બેઠેલી તે) મોતીના હાર તરફ નિર્મલ ભાવે પતિનું ધ્યાન ખેંચે છે. પછી આખી શેરીમાં નિસાસો સંભળાય: 'હાર જોઈતો હતો તો પહેલેથી જ કહ્યું કેમ નહિ?'– સ્ત્રી છે એટલે સ્તો ને! આ ઘરગથ્થુ રાજકારણના નિયમો ખબર હશે ત્યારે સ્ત્રીની આડકતરી નીતિમાં ખટપટની ગંધ આવશે નહિ, અને પુરુષના તડ ને ફડ ફેંસલામાં જડતા ભાસશે નહિ.

છોકરા-છોકરીઓના ટોળાની આગળ એક નવી મોટર પસાર થઈ ત્યારે ટોળામાંથી બે પ્રશ્નો સાથોસાથ સંભળાયા. એક છોકરાએ પૂછ્યું: 'આ કયું મોડેલ છે?'; અને એક છોકરીએ: 'અંદર કોણ બેઠાં છે?' પુરુષનું 'શું?' જ્યારે સ્ત્રીનું 'કોણ?' એ લાક્ષણિક વલણ છે. સ્ત્રીની વાતચીતની વિષય-યાદીમાં વ્યક્તિઓના ગુણદોષ, ઓળખીતા-પારખીતા ને તેના પ્રસંગો, બાળકો ને પાડોશણો, કપડાં-શણગાર, ઘર ને રાચરચીલાં વિશેષ આવે છે; જ્યારે પુરુષોની યાદીમાં ધંધો ને પૈસા, રાજકારણ ને યોજનાઓ, રમતગમત ને મનોરંજન આગળનું

સ્થાન લે છે. પત્ની જો પતિના વ્યવસાયની થોડી પરિભાષા શીખે, અને પતિ જો સાડીઓની જુદીજુદી જાતમાં રસ કેળવે તો ઘેર મૌનવ્રતના ગાળા ઓછા થઈ જશે. વળી પુરુષનું મગજ અનુમાન કાઢીને, હકીકતમાંથી પરિણામ તારવીને, તર્ક ચલાવીને નિર્ણય ઉપર આવે છે; જ્યારે સ્ત્રીની બુદ્ધિ કંઈક વચલા તબક્કા વટાવીને છેવટના પરિણામ ઉપર આવીને બેસે છે. કહે છે કે ક્યુરી દંપતીની અદ્ભુત વૈજ્ઞાનિક શોધોમાં મૅડમ ક્યુરી આંતરપ્રજ્ઞાથી અટકળ બાંધતાં, અને એમના પતિ પ્રયોગો ચલાવીને ને સમીકરણો બાંધીને કષ્ટપૂર્વક તે સિદ્ધ કરતા. એવા સુમેળથી જીવનની પ્રયોગશાળામાં સંશોધન સફળ થાય!

પ્રશ્ન ઊઠે છે કે જેમને અભેદ એકરૂપતામાં બાંધવાનાં હતાં તે સ્ત્રી-પુરુષને કુદરતે આટલાં જુદાં કેમ બનાવ્યાં? ખાલી તપશ્ચર્યા કરાવવા તો નહિ ને? ના; પણ વિશ્વનાટકમાં સ્ત્રી-પુરુષને જુદીજુદી ભૂમિકાઓ બજાવવાની હતી એટલે ખેલમાં ખામી ન આવે એ માટે કુદરતે એમને જુદાજુદા સ્વભાવ પહેલેથી જ આપ્યા. સ્ત્રીનો ભાગ માતાનો; તેની કોમળતા, ધીરજ, બાળપ્રેમ ને ગૃહભક્તિ, સૂક્ષ્મ વિગતોનું ધ્યાન ને ધાર્યું કરાવવાની કુશળતા... એ સર્વ ગુણોને લીધે બાળઉછેર ને સંસ્કાર-સિંચન તેના પવિત્ર હાથે જ થઈ શકે છે. જ્યારે પુરુષની ભૂમિકા છે પિતાની; સામર્થ્ય ને ખડતલપણાથી, વસ્તુલક્ષી વિશ્વદર્શન ને સીધો હુમલો કરવાની વૃત્તિથી એ કુટુંબના રક્ષણ, પોષણ ને સંચાલન માટે સર્જાએલો છે. સોનું ને સુગંધ; બીજ ને ક્ષેત્ર; સૂર્ય ને ચંદ્ર.

સ્ત્રી-પુરુષ એકમેકનાં પૂરક છે એ કહેવું અને તેના સમર્થનમાં વસિષ્ઠ-અરુન્ધતીથી માંડીને ગાંધીજી-કસ્તૂરબા સુધીનાં આદર્શ યુગલોની યાદી બનાવવી એ સહેલું છે. પણ વાસ્તવિકતામાં સ્ત્રી-પુરુષ માટે એકબીજાને અનુકૂળ થવું, અને તે પણ શિષ્ટાચારની ખાતર થોડા કલાક માટે નહિ પણ રોજના ચોવીસે કલાક ને જિંદગી સુધી, એ બંનેનાં વ્યક્તિત્વની ખરી કસોટી છે. પણ જ્યાં કસોટી ત્યાં ફળ. બીજાને દિલની પ્રેરણાથી અનુકૂળ થવાની સાધના કરતાં કરતાં પોતાનું વ્યક્તિત્વ ઘડાય છે અને સર્વગુણસંપન્ન બની જવાય છે. માણસ શુષ્ક મનસૂબાને જોરે આદર્શ વ્યક્તિત્વ પ્રાપ્ત કરવા પ્રયત્ન આદરે તો એને ઘણું કષ્ટ પડશે અને ઓછી સફળતા મળશે. પરંતુ જો મનના એ મનોરથને દિલનો સહકાર મળે તો જાણે સઢમાં પવન પુરાયો! લોખંડનો સળિયો બાહુબળથી વાળવો મુશ્કેલ છે, પણ તેને ભઠ્ઠીમાં સાંગોપાંગ તપાવ્યા પછી તે સહેજે વળી જાય. માણસનો સ્વભાવ પણ ઠંડે પ્રયત્ને નહિ વળે, પણ લગ્નવિધિના અગ્નિકુંડમાં તપ્ત થયા પછી એ જેમ ઘડીશું તેમ ઘડાશે. લાગણીના સ્પર્શથી ફરજ એ રમત, ત્યાગ એ શોખ અને બલિદાન એ પરમાનંદ બની જાય છે ગાંધીજીની આજ્ઞા છતાં પૂ. કસ્તૂરબાએ પહેલી વખત મેલું ઉપાડવાની સાફ ના પાડી હતી અને ઘર છોડવા લગભગ તૈયાર થયાં હતાં, પણ આગળ જતાં પોતાની મરજીથી જ એક હરિજન બાળાને એમણે સગી માતાના પ્રેમથી ઉછેરી એ એવો પ્રેમસુલભ આત્મવિકાસ દર્શાવે છે.

સ્વાર્થ ટાળી બીજાઓને ખાતર જીવવું એમાં વ્યક્તિઘડતરનું આખું શાસ્ત્ર સમાએલું છે, અને તેનો પહેલો પાઠ સાહજિક રીતે કૌટુંબિક જીવનમાં શીખી શકાય. પ્રેમમાં માણસને પોતાનામાંથી બહાર ખેંચવાની શક્તિ છે. સાચા પ્રેમમાં ઉદારતા છે, નિસ્વાર્થીપણું છે, બલિદાન છે. પ્રેમથી જ માણસ પહેલી વાર બીજાઓનો વિચાર કરતો થાય છે, પોતાની સગવડ વિસારે પાડે છે, પોતાના હૃદયસિંહાસન પરથી પોતાની જાતને ઉતારવા તૈયાર થાય છે. પતિ-પત્ની એકબીજાને માટે અને બંને બાળકોને માટે જીવે છે: પિતા કુટુંબનું ગુજરાન ચલાવવા પરસેવો પાડે છે, માતા બધાંને જમાડ્યા પછી છેલ્લી જમે છે: આમ સ્વાભાવિક રીતે, જાહેરાત વિના, ગર્વ વિના, પ્રેમના મૂક આગ્રહને વશ થઇને તેઓ પોતાનું જીવન બીજાઓના કલ્યાણાર્થે અર્પણ કરતાં શીખે છે. અને એ શુભ પ્રક્રિયામાં દરેકનું માનવત્વ ઑર ખીલી ઊઠે છે. ખરેખર, લગ્નસંસ્થા એ વ્યક્તિઘડતરની ઉત્તમ શાળા છે.

આપણો આજનો નાનમભાવ

આપણું સકલ જીવન સર્વ અંગમાં બલિષ્ઠ હોવું જોઇએ. હર કોઈ એક અંગની પંગુતા તે હરેક અંગની પંગુતા છે. એક પણ અંકોડાની નિર્બળતા તે અખિલ જીવનના દારિદ્ર્યની માત્રા છે. રાષ્ટ્રીય કલેવર અને રાષ્ટ્રનો સ્વ-ભાવ, તેનું અધ્યાત્મ, તેની સૂક્ષ્મ અવસ્થા ને સંપત્તિ નોખાંનોખાં પાડવાં ન જોઈએ. આન્તરજીવનને અનુરૂપ બાહ્ય, રક્ષણીય કલેવર હોવું જોઇએ. આમ્રરસ સાચવવો હોય તો કોઠાનું કલેવર નહિ ચાલે. સૂક્ષ્મ જીવનદ્રવ્યોની ઓળખ, તેનાં શોધન સંવર્ધન ને અભિસરણ, એ સાહિત્યના સમારંભોનું પ્રયોજન હોય છે. એનું બાહ્ય રૂપ ઉત્સવનું હોય. એ ઉત્કર્ષહેતુક ઉત્સવ છે. આપણી સર્વ પ્રવૃત્તિઓ પાછળ જે પ્રેરક અને નિયામક સંકલ્પો અને વૃત્તિઓ છે તેમને કેળવવાનો સાહિત્યના ઉત્સવોનો હેતુ હોય છે.

અપૂર્વ અવસર ઝીલવા, નવી શક્યતાઓને પહોંચી વળવા, અભિનવ તકો આવકારવા આપણામાં કેમ પૂર્ણ ઉત્સાહ નથી? આપણા સામાજિક સત્ત્વમાં હજી ક્યાંક નાનમભાવ ભરાઈ રહ્યો છે; આપણે ક્યાંક સસ્તી સલામતી શોધી રહ્યાં છીએ. ૧૯૨૦ થી ૧૯૫૦ સુધીની ગાંધીજીપ્રેરિત જીવનભાવનાઓ સુકાઈ ગઈ છે. આદર્શનું સ્થાન દંભે, આત્મવંચના એવા જડાગ્રહે લીધું છે. હરેક વ્યક્તિ જાણે યન્ત્રચક્રે ચડી સ્થૂલ, ધનદત્ત કિંવા સત્તાદત્ત સાફલ્યની પાછળ પડી છે. આટલી બધી સિદ્ધિ અને પરાક્રમની શક્યતાઓ છતાં, મેધાવીને લાગે છે કે તે બંધિયાર હવામાં છે. અર્થસ્પર્ધામાં પૂંજીપતિને સ્થાપિત લાભ ચાલુ જ રહ્યો છે. વળી એક એવો મત્સરી ને દુર્વિદગ્ધ વર્ગ પણ છે, જેના વ્યવહારના ને મોટાઈના ખયાલ હજી પશ્ચિમમાંથી જ આવે છે. સાહિત્યરસિકો અને સાહિત્યકારો યુરોપી 'નૉબેલ' પારિતોષિક વિજેતાઓનો વૈશ્વદેવ કર્યા કરે છે; અને લઘુ જ ગણાય એવા વિચારકો અને વિવેચકોના ખયાલોથી પોતાને શણગારવામાં ધન્યતા સમજે છે. આ હવા, આ માનસિક સ્થિતિ, ભાષા સાહિત્ય ને શિક્ષણના સંવર્ધનને બાધક છે; તે તેના પાયામાં જ લૂણો લગાડે છે. અનાસ્થાથી આશા પ્રગટશે નહિ; શ્રદ્ધા જ શ્રદ્ધા વધારશે.

—વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

અષાઢની અનુભૂતિઓ (સૉનેટ-ગુચ્છ) ઉશનસ્

૧. સંજીવની પ્રોક્ષણ

• હરિણી •

જરીક ઝરી આષાઢી ઝારી ગઈ ઝીણી ઝમરે
પ્રથમપ્રથમા કે પૃથ્વીપે નરી જ સ-જીવતા
તલકી સ્ફુરી રહે રોમેરોમે-સમુર્વર પૂર્ણતા—
રજકણ બધા ઊંચાનીચા સજીવન સળવળે.

નરી સજીવતા! વર્ષી શું યે ગયું નભ જીવન,
તૃણતૃણ થઈ ગૈ પૃથ્વી આ : કણેકણ સ્પંદન!
બની અળસિયું ચપટી માટી થઈ વળી ચાલતી
અહીંથી અધવચ્ચેથી એટેઘસાતીલીસીગતિ!

દરથી ખણી જે રેતી—રાતી કીડીનું થઈ ધણ
અવ ઊભરતી, ધોળોધોળો દરેક મુખે કણ!
જરીક કીડી જ્યાં કૂદી, પાંખો ફૂટી જ મહા કદે!
સ-જીવ પવને એવો આંહીં પડ્યો નભ-સહંદે;

કણ દડી ગયો કોઈ હોશે ક્યહીં કદી ધાન્યનો
તરત પકડી પાણો, ફણગો લીલાકચ વાનનો!

૨. સર્જનનો ઉદ્યમ

• વસંત–મૃદંગ •

વંદાની તેં ક્યહીંક ખેરવી નાખી, હે યમ!
આ પાંખ, તો નીરખ સર્જનનો ય ઉદ્યમ:
આ કીડી કોઈ નિજ સ્કંધ ઉપાડી એ જતી,
શી જિંદગીની સહ હે યમ! તાહરી ગતિ!
જોયું કીડી-કટક કર્બુર કોઈ દિગ્જયી
આ પાંખનો ધ્વજ ઉપાડી દરે જતું વહી?

સંમાર્જનીથી ખરી ગૈ સળીઓ ચૂગીચૂગી
માળો ભરે ચકલી ગોખલીમાં મૂગીમૂગી!
આ બારી કેરું બધી રાત રહ્યું ઉઘાડું
કોહેલ દ્વાર ઊઘડે વળી થાય આડું
શું વાયરે રસું ભીંજાતું—વીંઝાતું! કંપ
એને ય કૈં કૂંપળ-જન્મ તણો અજંપ!

ચૈતન્યમાં ક્યહીં જતો મળી જાય તાળો:
મૃત્યુમુખે જીવનનો ઉછરંત માળો!

૩. વિસર્જન

• વસંત–મૃદંગ •

હું ખંડની સખત ચાર દીવારમાં—ને
—ને બ્હાર નીતરી અષાઢ રહ્યો અનર્ગળ;
અધ્ધખોલી આ રહી ગઈ ઘર-બારીમાંથી
વાછંટ લૈ અડપલી લહરી પ્રવેશી ગૈ;

અસ્તિત્વની ધરતી આદિમ સોડમે તે
મ્હેકી ઊઠી; અવ રહ્યો નહીં ભેદ કોઈ
બાહ્યાન્તરે, પૃથિવી એક અખંડ પીગળે,
—ને કીમિયો! દ્રવી રહ્યો મુજ પિંડ મિટ્ટીનો,
હું ઘાસઘાસ ઝીણા-ઝાકળ-મોતીથી મહ્યું!
હું ઝાડ બુંદ રહું ખેરવી પર્ણપર્ણથી!
હું પ્હાડ હાડસમ ભેખડમાં વહું જરા!
આ આંખ મ્હારી જતી ઓગળી નીલ કોસરે!

હાવાં મને નવ અવેવ: ન હું રૂપ સર્ગ,
છેલ્લો ય શ્વાસ હરી જાય હવા; વિસર્ગ!

નેજવાંની છાંય તળે / હરિકૃષ્ણ પાઠક

• ગાન •

નેજવાંની છાંય તળે બેઠો બુઢાપો
એનું ઝાડ જેમ ઝૂલ્યું છે મન,
કરચલીએ કરમાયાં કાયાનાં હીર
તો ય ફૂલ જેમ ખૂલ્યું છે મન.
આંગણામાં ઊગ્યો છે અવસરનો માંડવો
ને ફરફરતો તોરણનો ફાલ,
એવું લાગે રે ઘડી, ઊગી છે આજ ફરી,
વીતેલી રંગભરી કાલ!
છોગાંની શંકાએ માથે ફેરીને હાથ
ખોળે ખોવાયલું ગવન.
—નેજવાંની છાંય તળે૦
ઠમકાતી મંદ ચાલ ઘરમાં ને બારણે
ને છલકાતું એ જ નર્યું રૂપ;
કંકુનાં પગલાંમાં મ્હોરી ગૈ વાત
જેને રાખી’તી માંડમાંડ ચૂપ!
શમણાંને સાદ કરી, હુક્કો મંગાવ્યો જરી,
ઘૂંટ ભરી પીધું ગગન.
નેજવાંની છાંય તળે બેઠો બુઢાપો
એનું ઝાડ જેમ ઝૂલ્યું છે મન.

ચિચીંરવ / શંભુપ્રસાદ જોશી

• મિશ્ર •

કેવું ચિચીંરવનું રૂપ લહાય આ નર્યું!
ઊડી ચઢે છાજલીએ, કબાટપે,
પડ્યા ખણે, પીપ પરે...અરે બધે—
(મારા સૂના મન વિષે ય...!)
પછી જરી કૈં
ચંબી ઠરી કાનની પાંદડી મૃદુ
ચૂગી રહે બાળ તણી!—સફાળું
રડી ઊઠે નિંદરમાં,—ત્યહીં કશો
છળી પડી બારી થકી બહાર
પાંખો વીંઝી જાય ક્યહીંક દૂર...

...વગર / ચિનુ મોદી

• ગઝલ •

તું મને મળતી ખરી, પણ મન વગર,
ઝાંઝવાં બનતાં સરોવર જળ વગર.

શૂન્ય મારું મન થયું છે એટલું
કે હવે ખડખડ હસું છું ભય વગર.

મૌનથી ડરતો રહું છું એટલે
વિશ્વની વચ્ચે વસું છું ઘર વગર.

જ્યાં જઉં છું ત્યાં મને સામી મળે
ભીંત પણ ચાલી શકે છે પગ વગર.

સૂર્યસ્પર્શે ઓસ તો ઊડી ગયું,
હું તને મળતો રહ્યો કારણ વગર.

ચાર દાયકા સુધી ભારતનાં અંગ્રેજી ભાષાનાં રાષ્ટ્રીય અખબારો

ઈ. ૧૯૧૯થી '૬૦: એ એકતાલીસ વર્ષની પત્રકાર તરીકેની કારકિર્દી દરમિયાન ૨૫થી પણ વધારે પત્રો સાથે એક કે બીજી રીતે સંકળાએલા મસ્ત પત્રકાર કે. રામરાવ માટે 'અલગારી' સિવાય બીજો શબ્દ સહેલાઈથી સૂઝતો નથી. એમની પત્રકાર-તરીકેની જિંદગી એ વાસ્તવમાં ભારતની આઝાદીની લડત અને આઝાદી પ્રાપ્ત કર્યા પછીના ભારતના ઘડતરની ઇતિહાસકથા છે. એ ઇતિહાસ જેમજેમ રચાતો ગયો તેમતેમ રામરાવના પત્રકારત્વને પણ મોકળું કાર્યક્ષેત્ર મળતું ગયું. આઝાદીની લડતમાં ભાગ લેનારા એક સૈનિકની અદાથી એમણે પત્રકાર તરીકે કામ કર્યું અને આઝાદી પછી પણ એ જ અદાથી દેશના નવઘડતરની પ્રવૃત્તિ હાથ ધરી. આ હેતુથી એમણે રાજ્યસભામાં સંસદ્‌સભ્ય તરીકે અને દેશના સર્વાંગી વિકાસ માટે મંડાએલા આયોજિત પુરુષાર્થમાં પણ પ્રકાશન-પ્રવૃત્તિ અંગે સલાહકાર તરીકે કામ કર્યું. આઝાદીની લડત દરમિયાન જે ખુમારી એમણે પોતાના કાર્ય અંગે રાખી હતી તે જ ખુમારી અંત પર્યંત રાખી પત્રકારત્વ પ્રત્યેની વફાદારી દાખવી વ્યવસાયી પત્રકારોનું સંગઠન સાધવામાં અને એમનો અવાજ બુલંદ રહે એ જોવા માટે પણ તેમણે ભારે પુરુષાર્થ કર્યો. પોતાની પત્રકાર તરીકેની કારકિર્દીનાં સંસ્મરણો 'The pen as my sword'માં આલેખીને રામરાવે ભારતની આઝાદીના અને આઝાદ ભારતના ઘડતરના સમકાલીન ઇતિહાસની ઘટનાઓની જ રજૂઆત નથી કરી; પણ એ ઘટનાઓની ભીતરની કેટલીક ભૂમિકા પણ રજૂ કરી છે ને સાથે એમના જેવા એક સન્નિષ્ઠ પત્રકારે એમાં ભજવેલા ભાગનું પણ આલેખન થયું છે. આ રીતે આ સંસ્મરણો પત્રકારના જીવનમાં રહેલા રોમાંચનો પણ આલેખ બની રહે છે. આઝાદી પૂર્વેના પત્રકારને કેટકેટલી મુસીબતો વચ્ચે કામ કરવું પડતું અને આઝાદી પછી એની પાસે કેવી અપેક્ષાઓ રખાય છે એની કથા આ સંસ્મરણોમાંથી સચોટ રીતે ઊપસી આવે છે. પત્રકારના હાથમાં કલમ ખરેખર સૈનિકની તલવાર જ બની રહે છે, એટલે એ કલમનો એમણે તલવાર તરીકે કરેલો ઉપયોગ આ સંસ્મરણોની નગદ ભૂમિકા પૂરી પાડે છે. એમાંથી ભારતના અંગ્રેજી ભાષાના પત્રકારત્વની, વિશેષે કરીને તો રાષ્ટ્રીય પત્રકારત્વની સારી ઝાંખી થાય છે.

કરુણ સંજોગોમાં ૧૯૬૧ના માર્ચની ૯મીએ તેઓનું અવસાન થયું. તબિયત અસ્વસ્થ થઈ હોવાથી શસ્ત્રોપચાર કરાવી તેઓ પટણાથી લખનૌ પાછા ફરી રહ્યા હતા ત્યારે બકસર નામના સ્થળે ચાલુ ગાડીએ તેઓ ડબ્બામાંથી બહાર ફેંકાઈ ગયા. કેમ, કેવી રીતે તે હજી સમજાયું નથી. એ અરસામાં સંકટ સમયે ખેંચવાની સાંકળનો દુરુપયોગ થતો હોવાથી ડબ્બામાંથી એ સાંકળ કાઢી નાખવામાં આવી હતી. એટલે ગાડીને તરત અટકાવી શકાઈ નહોતી. ઘણે દૂર બીજા સ્ટેશને ગાડી થોભી અને પરિસ્થિતિની ખબર પડી ત્યારે એને પાછી વાળી એમના દેહનો પત્તો મેળવવામાં આવ્યો. આમ ૬૫ની વયે તેઓની જીવનલીલા સંકેલાઈ ગઈ.

ઈ. ૧૮૯૬ના નવેમ્બરની ૯મીએ ચીરાલામાં જન્મેલા રામરાવ થોડુંઘણું સમજતા થયા અને શાળા-કૉલેજમાં ભણવા લાગ્યા, એ કાળ ભારતની આઝાદીની લડતનો મહત્ત્વનો કાળ હતો. બંગભંગનાં આંદોલનો, લો૦ ટિળકનું જહાલ રાજકારણ, મોરલી-મિન્ટો સુધારા, ઍની બેસન્ટનું હોમરૂલ આંદોલન એ બધાંએ દેશમાં જાગૃતિ આણી હતી અને વાતાવરણમાં ચોક્કસ પ્રકારની ગરમી આવી ગઈ હતી. શાળા કૉલેજોમાં 'વંદેમાતરમ્'ના પોકારો સ્વાભાવિક બની ગયા હતા. આવા વાતાવરણમાં ઊછરેલા રામરાવની કલમમાંથી બાલ્ય અને કિશોરાવસ્થાનાં એ સંસ્મરણો ત્યારની સારી ઝલક રજૂ કરે છે. રાજકીય વાતાવરણમાં ખરેખરી ગરમી આવી ગાંધીજીના આગમનથી અને રામરાવની પત્રકાર તરીકેની કારકિર્દીનો આરંભ પણ લગભગ એ જ સમયે થયો. અલબત્ત, એમને કેટલીક પ્રાથમિક તાલીમ તો એ કૉલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારથી જ મળવા લાગી હતી. ૧૯૧૬માં તેઓ મદ્રાસની પાચીઆપ્પા કૉલેજમાં બી.એ.ના વર્ગમાં અભ્યાસ કરતા હતા. એ સમયે એમના મોટા ભાઈ પુન્નીયા—જે પાછળથી કરાચીના 'સિંધ ઑબ્ઝર્વર'ના તંત્રી અને પ્રખર પત્રકાર તરીકે પ્રસિદ્ધ થયા—એક પાક્ષિક કાઢતા હતા. બ્રાહ્મો સમાજના 'હ્યુમેનિટી' નામના એ પાક્ષિકમાં સહાય કરવાની ફરજ રામરાવને માથે આવી પડી હતી. એ પછી એમને કૉલેજમાં શૈક્ષણિક કાર્ય મળ્યું અને એ દરમિયાન અંગ્રેજી લખાણ સુધારવાનું અને એવું બીજું કામ કરવાનું થયું. આમ મોટા ભાઈને હાથે પત્રકારત્વની જે પ્રાથમિક દીક્ષા મળી તે એમને વ્યવસાયી પત્રકાર બનવામાં સહાયક બની. ઈ. ૧૯૧૯ના માર્ચમાં સિંધમાંથી પ્રગટ થતા 'ન્યૂ ટાઇમ્સ' પત્રમાં તે જોડાયા. એ પહેલાં એમના મોટા ભાઈ મદદનીશ તંત્રી તરીકે એ પત્રમાં જોડાઈ ચૂક્યા હતા. એ પત્રના ખરા તંત્રી હતા થોડા માસ પૂર્વે અવસાન પામ્યા તે સાધુ ટી. એલ. વાસવાણી; જો કે તંત્રી-માલિક તરીકે પૂરું નામ હતું ટી. કે. જસવાણીનું. સિંધના રાષ્ટ્રવાદીઓની જરૂરિયાત પૂરી પાડતા આ પત્રમાં રામરાવે વૃત્તાન્તનિવેદક અને ઉપતંત્રી બંનેની કામગીરી બજાવી. ત્યારે મદ્રાસી પદ્ધતિએ તેમના હેવાલોમાં થતા નામના ઉલ્લેખોમાંથી ઠીકઠીક છબરડા વળતા. આ નવ માસના અનુભવના ટૂંકા ભંડોળ પર ૧૯૨૦ના જાન્યુઆરીની ૫મીએ તેઓ આલહાબાદના 'લીડર' પત્રમાં જોડાયા. જેના તંત્રી હતા દેશના ધુરંધર ગણાતા પત્રકારો પૈકીના એક બી. સી. વાઇ. ચિંતામણી. માસિક સો'ના પગારે સંયુક્ત ઉપતંત્રી તરીકેની કામગીરી દરમ્યાન ચિંતામણીનું માર્ગદર્શન મહત્ત્વનું હતું. પણ રામરાવ છ મહિનામાં તો 'લીડર' છોડી મુંબાઈના 'ઍડવોકેટ ઑવ ઇન્ડિયા'માં જોડાયા. જેઈમ્સ કનિંગહામ એના તંત્રી હતા. પણ પત્રનું મોટા ભાગનું સંપાદન મુખ્ય ઉપતંત્રી એફ. એફ. હોલસિંગર કરતા હતા. અહીં રામરાવને પત્રકાર તરીકેની ખરેખરી તાલીમ મળી. રામરાવના પોતાના જ શબ્દોમાં આ અનુભવ આજના પત્રકારો માટે પણ ભારે બોધપાઠ રૂપ બની રહે એમ છે.

'આજે યુવાનોને અખબારોની કચેરીઓમાં જે રીતે સ્થાન મળી જાય છે અને અઠવાડિયા બે અઠવાડિયામાં તેઓ પોતે જ પોતાની 'કૉપી'(લખાણ)નું સંપાદન કરીને પ્રેસમાં મોકલી દે છે તેથી મને તેઓના ભાવિ અંગે કંપારી છૂટે છે. કોઈ પણ રીતે 'કૉપી' લખાણ તૈયાર કરવું સહેલું છે; એનું સંપાદન કોઈક રીતે કરી નાખવું એ પણ સહેલું છે; એને કોઈક રીતે મથાળું આપવું પણ સહેલું છે; આવી રીતની સામગ્રીમાંથી અખબારનું પાનું તૈયાર કરવું પણ સહેલું છે; પણ આનું પરિણામ સામાન્ય પ્રકારનું શુષ્ક જ આવવા સર્જાએલું છે. એ માત્ર કામગીરી બની રહે છે – સંપાદનની કલા તો નહિ જ. પહેલા બે કે ત્રણ મહિના સુધી તો હું જે કોઈ કૉપીનું સંપાદન કરતો તે પ્રેસમાં મોકલવાની મને રજા જ નહોતી. એની એકેએક લીટી બારીકાઈથી તપાસાઈ વાક્યેવાક્ય ફરીલખવામાં આવતું. મેં આપેલું એક પણ મથાળું 'બચવા'

દ્વારા પોતાની તેજસ્વી કલમની તાતી તલવાર ચલાવનાર સંઘર્ષશીલ પત્રકાર



સ્વ. કે. રામરાવ

લેખક · યજ્ઞેશ હ. શુકલ

પામ્યું નહોતું. એની સામાન્યરીતે કતલ જ થતી. પણ મને એ ગમ્યું; કારણ કે સાચા ગુરુ પાસેથી શીખવાનો મેં મક્કમ નિરધાર કર્યો હતો. મારી કૉપીના પુનઃ સંપાદન સાથે મારી ભૂલો અંગે પ્રવચન પણ થતું રહેતું. મારી મુનસફી મુજબ જો મારે કામ કરતા રહેવાનું હોત તો આ બધું શીખતાં મને વર્ષો થાત. વ્યવસાયમાં જોડાતા કેટલા યુવાનોને આજે આવા પ્રકારની વિગતવાર તાલીમ મળે છે? પોતાના યુવાન સાથીઓમાં આટલો રસ લેનારા વડીલો પણ કેટલા?'

એ જ અરસામાં લો૦ ટિળકનું અવસાન થયું અને ગાંધીયુગનો – અસહકારના યુગનો ઉદય થયો. રોજેરોજ અવનવી ઘટનાઓ બનતી હતી અને એ ઘટનાઓમાં પત્રકારને પોતાની શક્તિ બતાવવાની અનેરી તકો ઊભી થતી હતી. રામરાવ ઈ. ૧૯૨૧ના ઑક્ટોબરથી મુંબાઈ છોડી કરાચીમાં 'સિંધ ઓબ્ઝર્વર'માં જોડાયા હતા. તેમના જ શબ્દોમાં કહીએ તો, 'પત્રકારત્વમાં પડેલા, મારા જેવા કાંઈક કરવાની ધગશવાળા યુવાન માટે શીખવાની તેમજ કાંઈક મહત્ત્વનું કાર્ય કરવાની અમર્યાદ તકો ત્યાં મળી રહેતી હતી' અને રામરાવ તો એ પત્રના ખાસ વૃત્તાંતનિવેદક, રાજકીય બાતમીદાર, મદદનીશ તંત્રી અને મુખ્ય ઉપતંત્રી : આમ બધું જ હતા, એટલે એમને ત્યાં પોતાનું ખમીર બતાવવાની સારી તક મળી ગઈ.

એ પછીનાં થોડાંક વર્ષ મુંબાઈના 'ટાઈમ્સ ઑવ ઈન્ડિયા'માં ગાળ્યાં, એ દરમિયાન માંદગી ને અનિદ્રાના રોગને લીધે તેઓ યાતનાગ્રસ્ત દશામાં હતા, પણ પત્રકારત્વને અંગે એ વર્ષો દરમિયાન તેમને અનેકવિધ અનુભવો આ અખબારમાં મળતા. તેઓ 'ટાઈમ્સ'માં જોડાયા એ વેળા એના તંત્રી ખાતામાં માત્ર છ સભ્યો હતા. સર ફ્રાન્સિસ લો જોડાયા ત્યાં સુધી તો એ પત્રમાં કોઈ સમાચાર-સંપાદક પણ નહોતો. વળી તે સમયે અત્યારની જેમ ટેલિપ્રિન્ટર ઉપર સારી રીતે સંપાદિત થએલા સારા શબ્દોમાં લખાએલા સમાચારો પણ મળતા નહિ. ખાસ તારો આવતા તે પણ સંકેત-લિપિમાં આવતા હોઈ તેમાંથી સમાચાર તૈયાર કરવા પડતા. પણ યુરોપિયન માલિકીની સંસ્થા હોવા છતાં એના તંત્રીખાતામાં કશો રંગભેદ નહોતો એ એની વિશિષ્ટતા હતી અને રામરાવે આવા એક પ્રસંગનો દાખલો પણ આપ્યો છે. '૧૯૨૪ના જાન્યુઆરીની એક મધરાતે ગાંધીજીના છુટકારાની જાહેરાત કરતી મુંબાઈ સરકારની યાદી મુખ્યમુખ્ય અખબારોને જાતે પહોંચાડવાની સૂચના ગવર્નરે એક યુરોપિયન અધિકારીને આપી હતી. આ અધિકારી 'ટાઈમ્સ'ના ઉપતંત્રીઓના ખંડમાં આવ્યો. આસપાસ જોઈ એ ચોંકી ઊઠ્યો; પાછો બહાર ગયો અને સિપાઈને આ ઉપતંત્રીઓનો જ ખંડ છે કે કેમ એમ પૂછ્યું. સિપાઈ પાસેથી એની ખાતરી કરી લીધા પછી તેણે ઘણી નાખુશીથી ફરજ પરના ઉપતંત્રીને સરકારી યાદી સુપરત કરી. બીજે દિવસે માત્ર ગોરાઓની જ ભાયખલા ક્લબમાં એ અધિકારીએ, બીજા કેટલા ય મિત્રોના દેખતાં, તંત્રી આગળ એવી ટીકા કરી કે 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા કાળા માણસો ચલાવે છે! એટલે તેને ઉપતંત્રીના ખંડમાં પ્રવેશતાં જ આશ્ચર્ય થયું હતું.' આથી તંત્રીશ્રીએ તરત જ ગવર્નરને લખ્યું હતું કે ક્લબમાં સરકારના ઊંચા અધિકારીઓને, તંત્રીઓ અને અખબારો અંગે રંગભેદનો ભાવ દર્શાવતી વાત કરવાની છૂટ હોય છે કે કેમ? અને એ અધિકારીને પરિણામે માફી માગવી પડી હતી.'

૧૯૨૩ના નવેંબરમાં 'ટાઈમ્સ'નું સાંજનું અખબાર 'ઈવનિંગ ન્યૂઝ' શરૂ થયું. ફ્રાન્સિસ લો સમા તંત્રી હતા છતાં એનું સંપાદન રામરાવને સોંપાયું. આ પત્રમાં તમામ પ્રકારની કામગીરી કરવી પડતી અને કોઈ એક જ કામને વળગી રહેવાનું બનતું નહિ. એટલે રાજકીય ઘટનાઓથી માંડીને રમતગમત સુધીનાં બધાં ક્ષેત્રોમાં કામ કરવાની તક મળતી. આથી પત્રકારત્વને ક્ષેત્રે સર્વતોમુખી વિકાસ શક્ય બનતો. એ દરમ્યાન સમાચારની અનોખી સૂઝ બતાવવાના પ્રસંગ પણ સાંપડી રહેતા.

૧૯૨૪ના જાન્યુઆરીનો એક પ્રસંગ રામરાવે નોંધ્યો છે. મદ્રાસના 'હિંદુ' પત્રમાં તેના લંડનના ખબરપત્રીએ લીધેલી રામ્સે મૅકડોનલ્ડની મુલાકાતના હેવાલમાં ખબર હતા કે બ્રિટનની પહેલી મજૂર સરકાર રામ્સે મૅકડોનલ્ડ રચશે. રામ્સે મૅકડોનલ્ડ ભારતના મિત્ર હતા, એટલે બ્રિટનના નવા વડા પ્રધાનનો હોદ્દો સ્વીકારતી વેળાએ એમના વિચારો સ્વાભાવિક રીતે જ મહત્ત્વના બની રહે. એટલે 'હિન્દુ'ની મુલાકાતનો આધાર લઈ રામરાવે નવી જ 'સ્ટોરી' બનાવીને અખબારમાં પ્રગટ કરી અને એની ઠીકઠીક 'વાહવાહ' પણ બોલાઈ.

૧૯૨૩ના જૂનથી ૧૯૨૭ના સપ્ટેમ્બર સુધીનાં ચાર વર્ષ ને ચાર માસમાં 'ટાઈમ્સ ઑવ ઈન્ડિયા' અને 'ઈવનિંગ ન્યૂઝ ઑવ ઇન્ડિયા'માં પત્રકારત્વને અંગેની શ્રદ્ધાભરી કારકિર્દી રામરાવે જમાવી અને પછી એમણે એ પત્રોની નોકરી છોડી દીધી. તંત્રીએ એને માટેનું કારણ પૂછતાં રામરાવે કહ્યું, 'હું અહીં ઠીકઠીક લાંબો સમય રહ્યો છું અને હું આ કામ ઠીકઠીક સારી રીતે શીખી પણ ગયો છું; છતાં હું પણ મહત્ત્વાકાંક્ષી છું હું કદી પણ 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'નો તંત્રી બની શકું એમ છું?' તંત્રી સમજી ગયા. આમ એક ને એક સ્થાન પર ઝાઝો સમય ટકી રહેવાનું રામરાવના સ્વભાવમાં જ ન હતું.

થોડાક મહિના રામરાવે આરામમાં અને તબિયત સુધારવા માટે વતન ચીરાલામાં ગાળ્યા, એ દરમ્યાન દ. ભારતનો સારો પ્રવાસ કર્યો અને પછી ૧૯૨૮ના જુલાઈમાં 'પાયોનિયર'માં જોડાઈ ગયા. તેના તંત્રી


National Herald

U. P. Government's Action Against "Herald"

Order To Submit WAR News Headlines To PRE-CENSORSHIP


—AND THE REPLY

નૅશનલ હેરલ્ડના તંત્રી તરીકેની કામગીરી એ રામરાવના ઝળકતા પત્રકારત્વના શિરમોર સમી હતી. ઉપર: ઈ. ૧૯૪૦ની ૨૦મી ઑગસ્ટે અંગ્રેજ સરકારે લડાઈના સમાચારોનાં તીખાં મથાળાં બાંધવા સામે મૂકેલા પ્રતિબંધની જાહેરાત અને રામરાવે એ અંગે લખેલા ખાસ તંત્રીલેખવાળું નૅશનલ હેરલ્ડનું તે દિવસનું પહેલું પાનું.

તરીકે ત્યારે એફ. ડબલ્યુ. વિલ્સન હતા અને એમણે એ પત્રની નીતિમાં ક્રાંતિકારક ફેરફાર કર્યા હતા. આથી એ પત્રમાં જોડાવાનું આકર્ષણ રામરાવને થયું હતું. વિલ્સન પણ ભારે તેજસ્વી પત્રકાર હતા. બ્રિટનની અખબારી દુનિયામાં–ફ્લીટ સ્ટ્રીટમાં–નામના મેળવનાર યુવાન પત્રકારો પૈકીના એક તરીકે એમની ગણના થતી હતી. હિન્દના રાજકારણનો એમનો અભ્યાસ ઝાઝો ન હતો, પણ 'પાયોનિયર'માં જોડાયા પછી એમણે એ અભ્યાસ કરી લીધો હતો અને મોતીલાલ નેહરુ ને સર તેજબહાદુર સપ્રુ જેવી પીઢ ને જવાહરલાલ નેહરુ જેવી યુવાન રાજકરણીય વ્યક્તિઓ સાથે અંગત સંપર્ક કેળવીને તેમણે 'પાયોનિયર'ની રાજકીય નીતિને ભારતીય વલણની બનાવી દીધી હતી. આથી 'પાયોનિયર'ને કેટલાક જૂના ચાહકો ગુમાવવા પડયા પણ તેની સામે નવું ચાહક વર્તુળ ઊભું થયું અને તેથી એ પત્રમાં કામ કરવાની રામરાવને ઑર મઝા પડી. સી. વાઈ. ચિંતામણી જેવા પ્રખર પત્રકારના નેતૃત્વ હેઠળ પ્રગટ થતા 'લીડર' પત્ર સામે 'પાયોનિયર'ની ઠીકઠીક હરીફાઈ ચાલી હતી. વિલ્સન સ્ટંટના હિમાયતી હતા તેથી કેટલીક વાર વ્યક્તિગત નિંદામાં સપડાઈ જતા, જેને પરિણામે કાયદાની ચુંગાલમાં પણ ફસાઈ જતા. પાછળથી તેમને 'પાયોનિયર' છોડવું પડયું હતું અને તેમણે મુંબાઈથી 'ઇન્ડિયન ડેઈલી મેઈલ' નામનું અખબાર કાઢયું હતું. આ અખબારે સંખ્યાબંધ પાનાં આપીને તેમ જ સમાચારો અને છબીઓના ઝડપી પ્રસારણમાં ભારે ચપળતા દાખવીને થોડા જ સમયમાં સારી નામના કમાઈ લીધી હતી. પણ 'પાયોનિયર' છોડીને આ નવા અખબારમાં જોડાતા પહેલાં ઘણી મહત્ત્વની ઘટનાઓ બની ગઈ હતી. હિન્દને બંધારણીય સુધારા આપવા અંગેની તપાસ કરવા સાયમન કમિશન આવ્યું હતું અને કૉંગ્રેસની આગેવાની નીચે દેશે એ પંચનો બહિષ્કાર કર્યો હતો. જ્યાંજ્યાં સાયમન કમિશન ગયું ત્યાંત્યાં જનતાના દેખાવો થયા અને લાઠીમાર પણ થયા. મદ્રાસમાં આંધ્ર કેસરી શ્રી ટી. પ્રકાશમ્‌ને સામી છાતી પર ગોળી છોડવાની લશ્કરે ધમકી આપી–જેની એમના પર કશી અસર ન થઈ. આગળ વધતા જતા પ્રકાશમ્ પર ગોળી છૂટી શકી નહિ. લાહોરમાં થએલા સખત લાઠીમારમાં પંજાબ કેસરી લાલા લજપતરાય ઈજા પામ્યા અને પરિણામે એમનું અવસાન થયું. ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે મધ્યસ્થ ધારાસભામાં બૉંબ ફેંક્યો. મેરઠ કાવતરા કેસ ચાલતો હતો. આનંદભવન રાષ્ટ્રને ચરણે ધરવામાં આવ્યું હતું. સબરસ(મીઠા) સત્યાગ્રહ જામ્યો હતો. વિઠ્ઠલભાઈ પટેલે મધ્યસ્થ ધારાસભામાંથી રાજીનામું આપ્યું હતું. રોજબરોજ એવીએવી ઘટનાઓ બનતી જતી હતી જેમાંથી પત્રકારને રોમાંચ જગાડે એવી સામગ્રી સાંપડી રહેતી હતી.

વિઠ્ઠલભાઈ પટેલ મધ્યસ્થ ધારાસભાના પ્રમુખ હતા ને તેઓ બ્રિટિશ શાસકોની આંખમાં કણાની જેમ ખૂંચતા હતા. એથી સરકારે એમની સામે નાલેશીભર્યો પ્રચાર શરૂ કર્યો હતો. આ પ્રચારમાં સરકારના ઉચ્ચ અધિકારીઓ અને ગૃહખાતુ સંડોવાએલાં છે એ વાત અજબ સંજોગોમાં વિલ્સનની જાણમાં આવતાં તેમણે એ 'પાયોનિયર'માં પ્રગટ કરીને ભારે સનસનાટી મચાવી હતી. વિલ્સનને મુખેથી જ આ માહિતી રામરાવને પ્રાપ્ત થઈ હતી. બ્રિટિશ હિન્દ સરકારના માહિતી ખાતાના નિયામક જૉન કૉટમેન સાથે ઈંગ્લંડમાં ભણતા હતા ત્યારની વિલ્સનને ઓળખાણ હતી. એથી એક દિવસ તે સિમલામાં હતા ત્યારે કૉટમેનને મળવા ગયા. તે એ વાત કરતા હતા તે દરમ્યાન ટેબલને એક છેડે સાઇક્લોસ્ટાઈલ કરેલા કાગળોનું એક બંડલ વિલ્સને જોયું. એની બાજુમાં પડેલા કાચના પ્યાલામાં પેલા કાગળોમાંથી 'પટેલ' શબ્દનું પ્રતિબિંબ પડતું એમને દેખાયું. આથી એમનો પત્રકાર આત્મા એકદમ સચેત થઈ ગયો અને કૉટમેન કોઈ અન્ય મુલાકાતી સાથે વાત કરવા બીજા રૂમમાં ગયા એ તકનો લાભ લઈ એમણે પેલા બંડલમાંથી એક કાગળ સેરવી લીધો. ઘરે જઈ વાંચતાં જણાયું કે વિઠ્ઠલભાઈ પટેલ સામેની જે નાલેશીભરી પ્રચારપ્રવૃત્તિ સરકારના ગૃહખાતા તરફથી ચલાવાઈ રહી હતી એનો સંગીન પુરાવો એ હતો. એ પરથી વિલ્સને આ નાલેશીભર્યા પ્રચારમાં ગૃહખાતાનો હાથ હોવાનો નક્કર પુરાવો રજૂ થઈ શકે એમ છે એવો દાવો કરતો હેવાલ પ્રગટ કર્યો. બીજાં અખબારોએ પણ આ વાત ઉપાડી લીધી. મધ્યસ્થ ધારાસભામાં મોતીલાલ નેહરુએ, કૉંગ્રેસ પક્ષના અગ્રણી તરીકે, શ્રી વિલ્સનના હેવાલ પ્રત્યે સભાગૃહનું ધ્યાન ખેંચ્યું. આ માહિતી કયાંથી મળી તે જણાવવાની અધ્યક્ષની માગણીનો વિલ્સને અસ્વીકાર કર્યો. સરકારપક્ષે ગૃહખાતાના સભ્ય સર જેમ્સ ક્રેરારે આની જવાબદારી સ્વીકારવાનો ઇન્કાર કર્યો, પણ આખરે ગવર્નર જનરલના આગ્રહથી આ ચળવળ પાછળ ગૃહખાતાનો હાથ હોવાનું નિવેદન પ્રગટ કરવું પડયું ને ફરીથી આવું નહિ થાય એની ખાતરી પણ આપવી પડી.

વિલ્સનનું આમંત્રણ સ્વીકારી રામરાવ પણ 'પાયોનિયર' છોડી ૧૯૩૦માં 'ઇન્ડિયન ડેઈલી મેઈલ'માં જોડાયા–અલાહાબાદથી સીધા મુંબાઈ! અલાહાબાદ કરતાં મુંબાઈ અનેક રીતે જુદું પડતું હતું. મુંબાઈ-





મુંબાઈના ઍપોલો બંદર પર જ્યૉર્જ બર્નાર્ડ શૉ અને 'હિંદુ'ના તંત્રી શાલીવરીશ્વરન્ સાથે અને ઈ.સ. ૧૯૪૯માં પંડિત જવાહરલાલ નેહરુનાં અમેરિકાના પ્રવાસ વેળા એમની સાથે વૉશિંગ્ટનમાં કે. રામરાવ

માં વિલ્સનના પત્રકારત્વને ઘણી અનુકૂળતા સાંપડી હતી. 'સ્ક્રુટેટર'ને નામે પ્રથમ તેમણે 'હર્ડ એટ ઍપોલો બંદર' અને પછી 'આફ્ટર ધી આર. ટી. સી.' (ગોળમેજી પરિષદ પછી) એ શીર્ષકો હેઠળની કટારો દ્વારા ઘણી નવી વાતો પ્રગટ કરીને ભારે સનસનાટી મચાવી મૂકી હતી.

'ઇન્ડિયન ડેઈલી મેઈલ'ના સમાચારતંત્રી તરીકે જોડાયાને બે જ દિવસ થયા હતા ત્યાં તો એકપછીએક એવી ઘટનાઓ બની ગઈ કે જેમાં રામરાવને પોતાની શક્તિ બતાવવાનો સારો મોકો મળ્યો. ૧૯૩૦ની ૧૨મી માર્ચે ગાંધીજીની દાંડીકૂચ આરંભાઈ અને સારા ય દેશમાં સબરસ સંગ્રામ મંડાઈ ચૂક્યો. ૧૯૩૦ના મેની ૪થીએ રાતે કરાડીની ઝૂંપડીમાંથી ગાંધીજીને પકડવામાં આવ્યા અને રાતોરાત તેમને ગાડીમાં બેસાડી મુંબાઈ નજીકના બોરીવલી સ્ટેશને ઉતારી પૂના લઈ જવામાં આવ્યા. આ સમાચારની કોઈને ગંધ સરખી ન હતી. એસોસીએટેડ પ્રેસ ઑવ અમેરિકાના પ્રતિનિધિ નેગલી ફારસન અને લંડનના 'ડેઇલી ટેલિગ્રાફ'ના પ્રતિનિધિ ઍશ્મીડ બાર્ટલેટને આ અંગેની માહિતી મુંબાઈના ગૃહખાતાના સભ્યે આપી હતી. કયા સ્થાને ગાડી અટકાવશે એ સુધ્ધાં એમને જાણવા મળ્યું હતું. એટલે આ બંને પત્રકારો આ પ્રસંગે સ્થળ પણ હાજર હતા. નેગલી ફારસનને 'ઇન્ડિયન ડેઈલી મેઇલ' સાથે સારો સંબંધ હતો કેમ કે હિન્દની પરિસ્થિતિને લગતી ઘણી માહિતી ફારસનને એ પત્ર દ્વારા મળી હતી અને 'મેઈલ'નું માર્ગદર્શન એમને ઉપયોગી થઈ પડ્યું હતું. ગાંધીજીની ગિરફતારીના સમાચાર તો બધાં સાંજનાં અખબારોમાં પ્રગટ થયા હતા પણ 'ઇન્ડિયન ડેઈલી મેઈલ'નો આ ધરપકડનો 'નજરે જોએલો હેવાલ' નેગલી ફારસનને કારણે પ્રગટ કરીને સારું આકર્ષણ જમાવી ગયું.

આના કરતાં પણ વધારે મહત્ત્વની બાતમી મેળવીને એ પત્રે અખબારી જગતમાં ભારે ખળભળાટ મચાવ્યો હતો અને એ બાતમીનું સંપાદન કરવાનો યશ રામરાવને ફાળે જાય છે. લંડનના 'ડેઈલી હેરલ્ડ' પત્ર તરફથી જ્યૉર્જ સ્લોકોમ્બ ખાસ હિંદ આવ્યા હતા. વિલ્સનના તે ફ્લીટ સ્ટ્રીટમાંના ગોઠિયા હોઈ, મિત્ર હતા. ૧૯૩૦ના મેની ૨૦–૨૧મીએ તેમણે જેલમાં ગાંધીજીની મુલાકાત લીધી. આ હેવાલને ગાંધીજીએ મંજૂર કર્યા પછી સ્લોકોમ્બે પોતાના અખબારને તારથી મોકલ્યો હતો. દુનિયાભરના માત્ર ત્રણ જ અખબારોમાં આ હેવાલ પ્રગટ થયો હતો. એક હતું 'ડેઈલી હેરલ્ડ', બીજું હતું 'ન્યૂ યૉર્ક ટાઈમ્સ' અને ત્રીજું હતું 'ધી ઇન્ડિયન ડેઈલી મેઈલ'. આથી પ્રથમ પંક્તિની રાજકીય સનસનાટી મચી ગઈ હતી. સ્લોકોમ્બની આ મુલાકાત અખબારી કલાનો ઉમદા નમૂનો પૂરો પાડે છે.

સબરસ-સંગ્રામના દિવસોમાં આઝાદ મેદાનમાં અને બીજે મીઠાનો કાયદો સતત તોડાતો હતો અને સત્યાગ્રહીઓ પર લાઠીઓ ચાલતી હતી. આવો સત્યાગ્રહ નજરે જોવા જતાં રામરાવ પણ લાઠીનો ભોગ બન્યા હતા. જંગલના કાયદાઓ પણ તોડાતા હતા અને કેટલીક વાર એના સમાચારો મેળવવામાં પણ મુશ્કેલી પડતી હતી. આવે સમયે કૉંગ્રેસ પત્રિકાઓ સારી માહિતી પૂરી પાડતી હતી. પણ આ પત્રિકાઓ ગેરકાયદે હતી એટલે એનો ઉપયોગ પણ ગેરકાનૂની લેખાતો છતાં એમાંની સત્યાગ્રહની વિગતોનો સમાચાર તરીકે કાબેલિયતથી ઉપયોગ કરવાનું અશક્ય ન હતું અને રામરાવે અનેક વાર આ રીતે સમાચારો મેળવીને પ્રગટ કર્યા હતા. 'ઇન્ડિયન ડેઈલી મેઈલ'ની કારકિર્દીનો તે પછી થોડા સમયમાં અંત આવ્યો. વિલ્સન પત્રકાર તરીકે સારી પ્રતિભા બતાવી ચૂક્યા હતા. તેઓ પાછા લંડન ગયા, પણ હિંદ માટે સતત લડનાર આ પત્રકાર બ્રિટનના પત્રકારોની કાળી યાદીમાં સ્થાન પામી ચૂક્યા હોઈ ત્યાં તેમને પછી કશી ગણનાપાત્ર કામગીરી મળી નહિ અને એમણે ગરીબાવસ્થામાં જ દેહ છોડ્યો. 'ડેઈલી મેઈલ' બંધ થતાં સુવિખ્યાત પત્રકાર બી. જી. હોર્નિમેનના આગ્રહથી એમ. એચ. બેલગામવાળાએ રામરાવને 'બૉમ્બે ક્રૉનિકલ'ના તંત્રીખાતામાં લીધા ને સાંજના 'બૉમ્બે સેન્ટીનેલ'નું સંપાદન તેમને સોંપ્યું. હિંદની આઝાદી માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરનારા એક અતિ તેજસ્વી ને પ્રભાવશાળી પત્રકાર તરીકે હોર્નિમેનનું નામ ભારતની સ્વતંત્રતાના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાએલું રહેશે. અલબત્ત, પાછળથી એમની પણ ઉપેક્ષા થઈ અને એમની જ્વલંત કારકિર્દીની પણ ઉચિત કદર થઈ નહિ. રામરાવ 'બૉમ્બે ક્રૉનિકલ'માં પણ ઝાઝું રહ્યા નહિ અને સ્વામીનાથ



ઈ. ૧૯૫૨માં પહેલી બિહાર પત્રકાર પરિષદ પટણામાં મળી ત્યારે. (ડાબી બાજુથી) કે. રામરાવ, બિહારના ત્યારના ગવર્નર આર. આર. દિવાકર અને (પ્રવચન કરતા) ત્યાંના મુખ્ય પ્રધાન કૃષ્ણસિંહા.

સદાનંદે શરૂ કરેલા 'ફ્રી પ્રેસ જર્નલ'માં જોડાવાનું આમંત્રણ મળતાં તેઓ ૧૯૩૨ના નવેંબરમાં ત્યાં જોડાયા. આ રીતે તેઓ નવમા અખબાર સાથે સંકળાઈ રહ્યા. સદાનંદે અખબાર સાથે સમાચાર સંસ્થા સ્થાપવાથી કરેલી પ્રવૃત્તિનો ઇતિહાસ રામરાવે પોતાના સંસ્મરણોમાં તાજો કર્યો છે સદાનંદને તેમના અખબારને અંગે જેટલી સફળતા મળી તેટલી તેમની સમાચાર સંસ્થા અંગે મળી હોત તો એક રાષ્ટ્રીય સમાચાર સંસ્થાની તે સમયની મે ટી ઊણપ ટાળવામાં તે ભારે સહાયક થઈ શકત.

થોડાંક વધુ વર્ષો વીતી ગયાં અને ઑક્ટોબર ૧૯૩૪ થી જુલાઈ ૧૯૩૮નાં ચાર વર્ષના ગાળા દરમિયાન રામરાવ બેકારી અને કામગીરી વચ્ચે ઝોલાં ખાતા રહ્યા. 'ફ્રી પ્રેસ જર્નલ' છોડ્યા પછી તેઓ મદ્રાસના 'સ્વરાજ્ય'ના તંત્રી પદે ગયા. આંધ્ર-કેસરી ટી. પ્રકાશમ્‌નું આ પત્ર ત્રીજી ચોથી વાર પુનર્જીવન પામી રહ્યું હતું પણ અનેક મુશ્કેલીઓને કારણે આ પત્રમાં કશો નવો જીવ આવી શક્યો નહિ. રામરાવે આ પત્ર દ્વારા થોડા યુવાનોને પત્રકારત્વ ક્ષેત્રે તૈયાર કર્યા એથી વિશેષ કશી સિદ્ધિ એ પત્ર દ્વારા એમના નામે નોંધાઈ નથી. લાખો રૂપિયા ખર્ચ્યા પછી પણ 'સ્વરાજ્ય' જીવી શક્યું નહિ. જોકે સ્વરાજ્ય પક્ષની લડતમાં એણે આપેલો ફાળો નોંધવા જેવો જરૂર હતો. સો દિવસની 'સ્વરાજ્ય'ની કામગીરી પછી દસ મહિના બેકારીમાં ગાળી થોડા દિવસ નવી દિલ્હીના 'નૅશનલ કૉલ'માં ગાળી ત્યાંથી વળી લાહોરનો કૂદકો માર્યો અને લાલા લજપતરાયે સ્થાપેલા 'પીપલ'માં તેઓ જોડાયા. પણ ત્યાંનો અનુભવ તો બધા કરતાં વધારે કપરો પડ્યો. દરમ્યાન તેઓ એમના કાર્યને અંગે દેશના અગ્રણીઓના સતત સંપર્કમાં આવતા રહેતા હતા અને વિવિધ ક્ષેત્રે એમની કલમનો ચમકારો અસરકારક પણ થઈ ચૂક્યો હતો. ૧૯૩૭ની શરૂઆતમાં મદ્રાસના 'હિંદુ'ના મુંબાઈના ખબરપત્રી એન. સાલીવટીશ્વરને 'ડૉન' નામનું અખબાર કાઢ્યું. તેના તંત્રી તરીકે રામરાવ જોડાયા. પણ ચોક્કસ ઘટનાઓની રજૂઆતમાં અનોખી ભાત પાડવા છતાં એ પત્ર અલ્પજીવી જ રહ્યું. અને રામરાવ માટે નવું સ્થાન શોધવાની સ્થિતિ આવી. ૧૯૩૮ના ફેબ્રુઆરીમાં તે 'હિંદુસ્તાન ટાઈમ્સ' (નવી દિલ્હી)માં જોડાયા પણ એ સ્થાને છ માસ સુદ્ધાં તે ટક્યા નહિ કેમ કે તંત્રી જેવા ઉચ્ચ સ્થાને પહોંચી ગયા પછી એથી ઊતરતું, જોકે જવાબદારીની દૃષ્ટિએ જરાય ઓછું નહિ એવું, સ્થાન તેમને રુચતું ન હતું.

પણ પત્રકાર તરીકે કારકિર્દીનાં શિખરે પહોંચવાની કામગીરી હવે રામરાવને પ્રાપ્ત થઈ. શ્રી નેહરુએ શરૂ કરેલા 'નૅશનલ હેરલ્ડ' પત્રના તંત્રી તરીકે તેઓ લખનૌ ગયા. આના સંબંધમાં અગાઉ રામરાવને પૂછપરછ થઈ હતી પણ એ દરખાસ્તે કશો સંગીન આકાર લીધો ન હતો. પણ પછી તો દેશમાં પ્રાંતીય શાસનતંત્રની સ્થાપના થઈ હતી. અને 'નૅશનલ હેરલ્ડ' માટે કોઈ સન્નિષ્ઠ અને કાબેલ તંત્રીની શોધ શરૂ થઈ હતી. રફી અહમદ કિડવાઈને જવાહરલાલ નેહરુએ આ કામગીરી સોંપી હતી. કિડવાઈ લખનૌના સચિવાલયમાં પ્રધાન હતા ૧૯૩૮ના જૂન કે જુલાઈ માસની એક સાંજે પાયજામો ને કુડતો પહેરેલા એક સામાન્ય દેખાવના આદમીએ સચિવાલયમાં કિડવાઈની ઑફિસમાં પ્રવેશ કર્યો. કિડવાઈ એ વ્યક્તિને આંખથી માપીને બોલ્યા, 'અખબારનું સંપાદન કરી શકશો?' અને એનો જવાબ એટલો જ ટૂંકો મળ્યો, 'માત્ર એ જ મને આવડે છે.' અને રામરાવે તંત્રી તરીકેની, પત્રકાર તરીકેની તેમની તમામ શક્તિ આ અખબારને ચરણે ધરી દીધી. 'નૅશનલ હેરલ્ડ'ના સંપાદનમાં નેહરુ પોતે ખૂબ રસ લેતા હતા. અને અત્યારે ઉત્તર પ્રદેશ તરીકે ઓળખાતા એ વેળાના સંયુક્ત પ્રાંતો (યુનાઇટેડ પ્રોવિન્સિઝ, (યુ. પી.)ની કૉંગ્રેસના તમામ અગ્રણીઓ પણ એ પત્રના સંચાલનમાં ભારે રસ લેતા હતા. શ્રીપ્રકાશ, મોહનલાલ સક્સેના, રઘુનંદન શરણ, આચાર્ય નરેન્દ્ર દેવ વગેરેનું એને ભારે પીઠબળ હતું અને એ તમામનું માર્ગદર્શન મળતું રહેતું, એટલું જ નહિ પણ તેઓ તરફથી ઘણી વાર મહત્ત્વના સમાચાર પણ પ્રાપ્ત થતા. ગાંધીજીએ પણ પાછળથી એ પત્રમાં રસ લેવા માંડ્યો હતો. ટંડનજીના પણ એ પત્રને આશીર્વાદ હતા.

'પાયોનિયર' જેવાં પ્રતિષ્ઠા પામેલાં અને જામેલાં અખબારો સામે 'નૅશનલ હેરલ્ડે' માર્ગ કરી સર તેજ બહાદુર સપ્રુ જેવા કટ્ટર વિરોધીનો તેણે સામનો કરવાનો હતો. પણ એ બધાની સામે ઝઝૂમીને રામરાવને હાથે 'હેરલ્ડ' લોકપ્રિયતા વધારતું ગયું ને સરકારના આકરા ટીકાકાર તરીકે પંકાઈ ગયું અને તેથી તેના દમનનો એ ભોગ પણ બન્યું.

એમ, ચેલાપતિરાવ પણ આ પત્ર સાથે શરૂઆતથી જ જોડાએલા હતા. નેહરુ પોતે અને બીજા અગ્રણીઓ પણ અવારનવાર આ પત્ર માટે લખતા હતા. આથી રામરાવને આ પત્રમાં અનેક પ્રકારની કામગીરીઓ બજાવવી પડતી. તેમના જ શબ્દોમાં કહીએ તો: 'હું એનો તંત્રી હતો; હું એનો મુખ્ય અગ્રલેખ લેખક હતો, સમાચાર તંત્રી હતો, મુખ્ય ઉપતંત્રી હતો, મહાસમિતિની બેઠકો જેવા પ્રસંગોએ હું જ એનો ખાસ વૃત્તાંતનિવેદક પણ હતો. મહત્ત્વનાં સાધનો દ્વારા મળતી માહિતીઓ પરથી એની સ્થાનિક બાતમીઓની 'સ્ટોરી' તૈયાર કરનાર પણ હું જ હતો. બહાર જાઉં ત્યારે એની જાહેરખબરોનો કૅન્વાસર પણ હું જ હતો અને માગવામાં આવે ત્યારે વ્યવસ્થા વિભાગને સલાહ આપનાર પણ હું જ હતો.'

રામરાવના આ અનુભવનું મારા જેવા ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રે લગભગ ચાર દાયકા કાઢી ચૂકેલા પત્રકાર માટે કશું આશ્ચર્ય નથી, કારણ કે ગુજરાતી પત્રકારત્વને ક્ષેત્રે એક જ વ્યક્તિએ આવી અનેકવિધ કામગીરી એકીસાથે દિવસો સુધી કર્યાના દાખલા જોઇએ તેટલા મળે એમ છે. અલબત્ત, હમણાં હમણાં એટલે કે છેલ્લા એકાદ દાયકાથી પરિસ્થિતિમાં થોડોક ફેર જરૂર પડ્યો છે પણ અંગ્રેજી પત્રકારત્વ માટે તો એ અનુભવ અપવાદ રૂપ જ હતો. રામરાવ (અનુ૦ પૃ. ૪૧૪)

ડૉ. મધુસૂદન પારેખ શેક્સપીઅરનાં નાટકોની વાર્તાંતર-માળામાં ચૌદમો મણકો ઉમેરતાં રજૂ કરે છે



રિચર્ડ : '...તો લે આ તારી તલવાર, વીંધી નાખ કહેવું આસાન! તારી તલવાર અને મારો દોષ.'

રાજા રિચર્ડ ત્રીજો

લંડન શહેરના માર્ગ પરથી એક દબદબાભર્યો જનાજો પસાર થઈ રહ્યો હતો. મૈયતમાં નગરના કેટલાક પ્રતિષ્ઠિત અમીર-ઉમરાવ હતા અને એકમાત્ર સ્ત્રી – લેડી ઍન – એના વેધક વિલાપથી વાતાવરણને કંપાવતી શબની પાછળ ઘસડાતી હતી. આ જનાજો હેન્રી છઠ્ઠાનો હતો. એના શબને સૅંટ પૉલમાંથી કાઢીને ચેર્ટસીના કબ્રસ્તાનમાં દફન માટે લઈ જવામાં આવતું હતું. લેડી ઍન હેન્રી છઠ્ઠાની પુત્રવધૂ હતી, હેન્રીના પુત્ર પ્રિન્સ ઑવ વેલ્સની તે વિધવા હતી.

શબને ઊંચકીને ધીમેધીમે રક્ષકો આગળ વધતા હતા. તેમની પાછળ અદબભેર ચાલતા અમીરોની આંખમાં ગમગીની હતી. ઍનનાં આંસુ તો સુકાતાં જ ન હતાં. પોતાના શ્વસુરની અને સ્વામીની હત્યા કરનારાઓ પ્રત્યે તે શાપ વરસાવી રહી હતી. એની વાણીમાં ભારે રોષ હતો. સાથે વેદના પણ ભળી હતી. જનાજો આગળ ને આગળ વધતો જતો હતો; ત્યાં વાતાવરણને ઘેરા અવાજથી ભેદતો કોઇનો પડકાર સંભળાયો : 'ખબરદાર, જનાજો રોકો...!'

એકદમ બધા સ્તબ્ધ થઈ ગયા. સૌનાં હૃદયમાં ફડકો પેઠો. સામેથી રિચર્ડ, ડ્યૂક ઑવ ગ્લૉસ્ટર આવી રહ્યો હતો. એની આંખમાં ખુન્નસ હતું. એણે પોતાના રુઆબ અને સત્તાથી સહુને ડાર્યા. શબવાહકો થોભી ગયા. રિચર્ડના ફરમાનનો અનાદર કરવો એ અકાળે મોતને નોતરવા જેવું હતું. ઇંગ્લંડના મહારાજા એડવર્ડ ચોથાનો એ ભાઈ હતો. કેટલાં યે વર્ષોથી ઇંગ્લંડના બે રાજવંશો – લૅન્કેસ્ટર અને યૉર્ક વચ્ચે યુદ્ધો ખેલાયા કરતાં હતાં. લૅન્કેસ્ટર વંશના પક્ષકારોએ લાલ ગુલાબને અને યૉર્ક વંશે સફેદ ગુલાબને પોતાનું પ્રતીક ગણ્યું હતું. આ ગુલાબના વિગ્રહમાં લૅન્કેસ્ટર વંશના લગભગ બધા વારસદારો ખતમ થઈ ગયા હતા; હા, એક વારસદાર હેન્રી ટ્યૂડર, ડ્યૂક ઑવ રિચમન્ડ જીવતો રહી જવા પામ્યો હતો, અને તે ઇંગ્લંડ બહાર પરદેશમાં વસતો, તક માટે ટાંપી રહ્યો હતો. લૅન્કેસ્ટર વંશના રાજવારસોને ખતમ કરીને યૉર્ક વંશના એડવર્ડ ચોથાએ રાજગાદી પ્રાપ્ત કરી હતી. રિચર્ડ ત્રીજાએ પોતાના મોટા ભાઈ એડવર્ડને યુદ્ધમાં કીમતી સહાય કરીને તેનો સ્નેહ તેમજ વિશ્વાસ સંપાદન કર્યાં હતાં. એમનો એક ત્રીજો ભાઈ હતો ડ્યૂક ઑવ ક્લૅરન્સ. એના પર રાજાની કંઈક અવકૃપા હતી. એણે ભૂતકાળમાં પોતાના ભાઈ એડવર્ડનો પક્ષ ત્યજી દુશ્મનો સાથે જોડાણ કર્યું હતું. પણ વળી પાછો ભાઈના પક્ષે ભળ્યો હતો. એડવર્ડ, રિચર્ડ અને ક્લૅરન્સ એ ત્રણેમાં લોકદષ્ટિએ રિચર્ડ ખતરનાક હતો. વિધાતાએ એના દેહને વિકૃત બનાવ્યો હતો. એનો વાંકો બેડોળ હાથ અને અન્ય અંગોની કુરૂપતા જોઇને સહુ કોઈ છેટા રહેતા. કોઈ સુંદરી તો એની પાસે ઢૂકતી ય નહિ. એને જોઇને છોકરાં છળી ઊઠતાં. શેરીનાં કૂતરાં પણ ભસી ઊઠતાં. ભોગજોગે પણ કોઈ એની સામે ભટકાતું નહિ. રિચર્ડને આ મૂંગો તિરસ્કાર મહાવસમો લાગતો. લોકોની ઘૃણાની સામે એણે પણ ભારે ઘૃણા કેળવી હતી. એના વિકૃત દેહમાં સ્વભાવની પણ વિકૃતિ ભરી હતી. એ મહાશઠ, ખંધો ને હત્યારો હતો એની સહુને જાણ હતી. એથી જ એનો પડછાયો લેવા માટે પણ કોઈ રાજી ન હતું. રિચર્ડના અહં પર આથી ભારે ઘા લાગ્યો હતો. તેણે મનોમન સંકલ્પ કર્યો હતો : 'હું ભલે બેડોળ, કદરૂપો; ભલે કોઈ સન્નારીનું સન્માન મને ન મળે. હું વેર લઈશ... લૅંકાર છું તો લૅંકાર બનીને સહુને ભરખીશ. સુંદરીઓને વેરભાવે વશ કરીશ. હું જંપીશ નહિ ને કોઇને જંપવા દઈશ પણ નહિ. પ્રજાનાં સુખશાંતિ

સલામતીમાં આગ ચાંપીશ. હું બેડોળ છું, તે દુનિયાને બેડોળ બનાવીને જંપીશ. એક વાર રાજસત્તા હાથમાં આવી જાય, પછી...'

રાજા એડવર્ડ માંદગીને બિછાને હતો. એની માંદગી ચિંતાપ્રેરક હતી. રિચર્ડે યોજના ગોઠવવા માંડી હતી. એડવર્ડ મૃત્યુ પામે તો પણ એની પછી એના રાજકુમારો વારસદાર હતા. રિચર્ડને રાજગાદી મળે એ અસંભવિત વાત હતી. પરંતુ રાજકુટુંબમાં અને ક્યાંકક્યાંક ઊંચા વર્તુલમાં એક છાનીછૂપી વાત સંભળાતી હતી. એડવર્ડ વિષયલંપટ હતો. તેણે ઇલિઝાબેથ ગ્રે સાથે લગ્ન કર્યાં તે અગાઉ કોઈ બીજી સન્નારી સાથે છૂપાં લગ્ન કર્યાંની ખાનગીમાં વાયકા હતી. જો એ છૂપા લગ્નની વાત સાચી ઠરે તો રાણી ઇલિઝાબેથ સાથેનાં લગ્ન ગેરકાયદે ગણાય ને તેના કુમારો રાજગાદીમાંથી રખડી પડે. એડવર્ડ મૃત્યુ પામે કે તરત બંને સંતાનોને અનૌરસ ઠરાવવાના પુરાવા ઊભા કરવાનો પ્રપંચ એણે વિચારી રાખ્યો હતો. પરંતુ એડવર્ડના રાજકુમારો અનૌરસ ઠરે તો ય રિચર્ડ માટે રાજગાદી વેગળી જ હતી. એડવર્ડના વારસદારો પછી ઇંગ્લંડની ગાદી પર કાયદેસર હક ક્લૅરન્સનો હતો. એટલે રિચર્ડે ક્લૅરન્સ અને એના કુળનું કાસળ કાઢવાની યોજના સૌથી વહેલી તકે અમલમાં મૂકી દીધી. કોઈક ભવિષ્યવેત્તાએ રાજા એડવર્ડનું ભાવી ભાખ્યું હતું: 'મહારાજા એડવર્ડ પછી 'જી' અક્ષરથી શરૂ થતા નામવાળી વ્યક્તિ રાજગાદી ભોગવશે.' ડ્યૂક ઑાવ ક્લૅરન્સનું નામ જ્યૉર્જ હતું. રિચર્ડે તરત રાજાને ભરમાવ્યો. આમે ય એડવર્ડના અંતરમાં ક્લૅરન્સ માટે ખટરાગ તો હતો જ, એટલે તરત રિચર્ડની સલાહથી તેણે ક્લૅરન્સને ટાવરમાં પૂરી દેવાનું ફરમાન છોડયું, કેદખાને જતાં રસ્તામાં રિચર્ડ સાથે તેનો ભેટો થઈ ગયો. રિચર્ડ આશ્ચર્ય અને આઘાતથી એકદમ એને જોઈ બોલી ઊઠયો: 'અરે, જ્યૉર્જ – ક્લૅરન્સ! આ શું?'

'મહારાજની કૃપા!' દાઢમાં જ ક્લૅરન્સે જવાબ દીધો: 'વર્ષો સુધી મહારાજની સેવા કરી, કેટલા ય દુશ્મનોને હણ્યા, તેનું આ ફળ! કોઈ નજૂમીની વાણીથી ભરમાઇને રાજા મને ટાવરમાં ધકેલે છે.'

રિચર્ડ એને ભાવથી ભેટયો. એણે મગરનાં આંસુ સાર્યાં: 'ભાઈ ક્લૅરન્સ, આમાં રાજાનો દોષ નથી. ભાઈ તો ભલો ભોળો છે. આ બધાં કારસ્તાન એની રાણી ઇલિઝાબેથનાં. એને લીધે જ બિચારો બેકસૂર હેસ્ટિંગ્સ પણ એક વાર તો ટાવરમાં પુરાયો. માંડ છૂટયો. ક્લૅરન્સ, આ રાણીના રાજ્યમાં આપણી સલામતી નથી...કોઈ સલામતી નથી.'

આંસુભીની આંખે ક્લૅરન્સ રિચર્ડને ભેટી રહ્યો. રિચર્ડે તેને હૈયાધારણ આપી: 'તું ફિકર ન કરીશ, ટાવરમાં તારે લાંબો વસવાટ નહિ કરવો પડે. હું તને વહેલી તકે મુક્તિ અપાવીશ.' ભાઈના સદ્ભાવ પર ક્લૅરન્સ વારી ગયો. ચોકીદારો તેને ટાવર ભણી દોરી ગયા.

રિચર્ડ ખડખડ હસી પડયો: 'હા ભાઈલા, તને જરૂર મુક્તિ અપાવીશ...જેલમાંથી જ નહિ, જગતની જંજાળમાંથી પણ.' અને ખુશખુશાલ ચિત્તે એ રાજમહેલની બારીએ ઊભો ત્યાં તેણે રસ્તા પરથી જનાજો જતો જોયો. લેડી ઍનને તેણે ઓળખી. એના પતિની હત્યા કરવામાં રિચર્ડનો જ હાથ હતો. હેન્રીના ખૂનમાં પણ તેના જ હાથ ઝબોળાયા હતા. પણ એ રૂપવતી ઍનના પ્રેમમાં હતો. ઍનની સાથે લગ્ન કરવાનો તેનો નિર્ધાર હતો. લેડી ઍન ઇંગ્લંડના એક અતિ શ્રીમંત ઘરની એક વારના રાજાના ય રાજા વૉરિકની પુત્રી હતી અને ક્લૅરન્સની સાળી થતી હતી. ઍન સાથે લગ્ન થાય તો અખૂટ સંપત્તિ તો મળે જ અને ક્લૅરન્સને કાળજે હોળી સળગે તો રિચર્ડને તાપણું થાય!

તેણે જનાજો જોયો, ઍનને ઓળખી અને એકદમ માર્ગ પર ધસી આવીને મૈયત રોકી. સહુ થથરી ગયાં. લેડી ઍન પણ ચમકી. સામે તેણે રિચર્ડને ઊભેલો જોયો અને એની આંખનાં આંસુ સુકાઈ ગયાં. ને ત્યાં જ્વાળામુખી પ્રગટયો. રિચર્ડને ભાંડતી તે તેની સામે આવી: 'શયતાન! હજુ ધરાયો નહિ, હત્યારા! દોજખી કુત્તા!'

રિચર્ડ ઠંડે કલેજે અપશબ્દોની લહેજત માણી રહ્યો: 'સુંદરી, તારા મુખે અપશબ્દો શોભતા નથી. જરાક મારી વાત સાંભળ.'

'હત્યારા, કસાઈ, દુનિયા તારાં પાપે દોજખ બની ગઈ! મારા સ્વામીની હત્યા કરી, એમના પિતાને વધેર્યા, તોય ખૂનનો તરસ્યો રહ્યો?'

'નહિ સન્નારી, મેં તારા સ્વામીની હત્યા કરી નથી.'

'તેં જ, તેં જ કરી છે, જૂઠા! નફ્ફટ! રાણી માર્ગરેટે તારું ખૂની ખંજર એમના અંગમાં ભોંકાએલું જાતે જોયું છે. અને મહારાજા હેન્રીનો હત્યારો પણ તું જ! હે પ્રભુ! આ ખૂનીને ધખધખતા લાવામાં ફેંકજે.'

ઠંડે કલેજે રિચર્ડે કહ્યું: 'ભલે, તું કહે તે કબૂલ! એ બંને જગત મૂકીને જિન્નતવાસી થયા, એમાં ખોટું શું થયું?'

'એ તો જિન્નતમાં જશે, પણ તને તો જહન્નમમાં ય જંપ નહિ વળે!'

રિચર્ડ ઍનના રોષથી રીઝતો જ રહ્યો. એના મુખ પરની ને એની આંખોમાંની રોષની રતાશ એને ગમી. ઍનના રૂપનું એને ઘેન ચડવા માંડયું. એ અત્યંત મૃદુતાથી ઍનને વિનવી રહ્યો: 'રૂપવતી ઍન, એ વીતકકથા ભૂલી જા. સાચું કહું તને? તારા સૌંદર્યનો મને કેફ ચડયો હતો. હું તારા રૂપની કલ્પનામાં ચકચૂર હતો. તને પામવા, તારી આંખનાં અમી ધરાઈધરાઈને પીવા માટે મેં તારા પતિને માર્યો. ઍન! તું ન માને તો ભલે, પણ દિનરાત, દમ-બ-દમ તને ઝંખી છે. જિંદગીનો એક કલાક પણ તારી સોડમાં, પ્રેમની સોડમાં માણતો હું...'

'બેશરમ! લ્યાનત છે તને! તારા જેવા કસાઈની દાનત આ દેહ પર બગડી તો એ દેહને મારા નખથી પીંખી નાખવો બહેતર છે. મારા રૂપનો તું શિકારી થાય તે કરતાં તો તેને રોળી નાખું એ લાજિમ છે...'

'નહિ સુંદરી, તારા રૂપનો વિનાશ મારી આંખોથી સહ્યો નહિ જાય. ઍન, વહાલી ઍન! તારી સુંદરતાનો કોઈ કસૂર નથી! સૂર્યને જોઈને નેત્ર અંજાય તો તેમાં સૂર્યનો દોષ? મેં સૂર્યની પ્રભા માણી, હવે તું જ મારા જીવનનો ઉજાસ છે.'

'તને વળી સૂરજનો ઉજાસ? મારી તો લાખલાખ કદુઆ છે તને... કાળી રાત તારી જિંદગીને ભરડો લે, ને મોત તને વિંટળાઈ વળે!'

'કદુઆ દે કે દુઆ દે, તારા પ્રેમનો દીવાનો છું...'

'પ્રેમ? મારા પતિના હત્યારા સાથે પ્રેમ?' ઍન ખૂબ આવેશમાં આવીને રિચર્ડ પર ફિટકારથી થૂંકી. પણ રિચર્ડ તો સ્વસ્થપણે પૂછી રહ્યો: 'થૂંકવાથી શો વિશેષ લાભ?'

ઍન આ ધૃષ્ટતાથી વાજ આવી ગઈ: 'મારું થૂંક ઝેર બનીને તારા આખા શરીરને જર્જરિત કરી નાખે...'

'મધુરા હૈયામાંથી ઝેરનાં બિંદુ ટપકતાં નથી, ઍન!'

'નાપાક! દૂર હટ, તને જોતાં મારી આંખ લાજે છે.'

'ઍન, મારા હૈયામાં તારી સૂરત બિરાજે છે. તારાં નેણની જ્વાળા મને જલાવ્યા કરે છે. રોજબરોજ તારી યાદમાં જીવતો જલું છું. તારી ખૂબસૂરતીના ડંખ મને લાગ્યા છે ઍન, એ ડંખના ઇલાજ તારી પાસે છે. જિંદગીમાં કોઈ સુંદરીને આમ કદી મેં ચાહી નથી. ન જાણે કેમ, ક્યાંથી તારી પ્રશંસા માટે મારી વાણીમાં કવિતા નિર્ઝરે છે! તારા લાવણ્યની ગઝલ ગાતાં મારા દિલને ધરવ થતો નથી. મને તૃપ્તિ નથી, ઍન! તારા રૂપના ઘેનમાં મદહોશ બન્યો છું.'

હોઠ પીસીને ઍન આ ઉદ્ગારો સાંભળી રહી. એના હૃદયમાં આ હત્યારા માટે ભારોભાર તિરસ્કાર હતો, છતાં રૂપની આ સ્તુતિ અનિ-

ચ્છાએ પણ તેનામાં સહેજ કંપ જગાવી ગઈ. તેના કઠોરતાથી બિડાએલા બે હોઠ જોઈ રિચર્ડ ધૃષ્ટ બન્યો: 'તારા ખૂબસૂરત હોઠ ચુંબન માટે સર્જાયા છે, તિરસ્કાર માટે નહિ. તને હજુ મારો ઇતબાર નથી ઍન? તારા પ્રેમલ હૈયામાં હજુ વેરનો જ્વાલામુખી ધખે છે? તને હજુ મારા પ્રત્યે નફરત છે?–લ્યાનત છે? તો લે આ તાતી તલવાર, વીંધી નાખ કલેજું આરપાર! તારી તલવાર ને મારો મોક્ષ!'

અને રિચર્ડે ઍનના હાથમાં પોતાની તલવાર મૂકી; ને તેની સમક્ષ ઘૂંટણીએ બેસી ગયો. ઍન હાથમાં તલવાર ને હૈયામાં અજંપો અનુભવતી મંત્રમુગ્ધ ઊભી જ રહી ગઈ.

રિચર્ડ ફરી એને વિનવી રહ્યો: 'હવે વાર શાની? ચલાવી લે તલવાર! વીંધી નાખ તારા આ જાલિમ દુશ્મનને! તારા ધણીનો હત્યારો તારી સમક્ષ ગરદન ઝુકાવી રહ્યો છે. તારે ખાતર, તારા હૈયાનાં મદમીઠાં અમી પીવા મેં તારા નાથને હણ્યો; હવે તું મને હણી નાખ. ઍન, મારાં સ્વપ્નોની સુંદરી, તું વિશ્વની ખૂબસૂરતી ન હોત તો...મેં ખૂનમાં હાથ ઝબોળ્યા ન હોત!'

ઍનના હૈયામાં ઊર્મિ ઊછળવા માંડી. કંઈક મધુર ગુંજારવ થવા લાગ્યો. પોતાના સૌન્દર્યની આવી પ્રશસ્તિ તેણે ક્યારે ય સાંભળી ન હતી. મુગ્ધભાવે એ પોતાના રૂપની ઇજ્જત માણી રહી ને તેના નાજુક કરમાંથી તલવાર સરી પડી.

રિચર્ડે તક ઝડપી: 'ઍન, કાં તલવાર ગ્રહી લે, કાં મને ગ્રહી લે!'

ઍનનો રોષ પીગળી ગયો. એ કંઈક વિવશ બની ગઈ: 'તું મોતને લાયક તો છે જ, પણ હું તારું મોત નહિ બનું.'

'ભલે, તો મને જાતે મરવાનો હુકમ આપ, હું તારી સમક્ષ મારા કાળજે તલવાર પરોવીને મોતની મેહફિલ માણું.'

'મેં તને ક્યારનો ય આદેશ આપેલો જ છે.'

'એમ નહિ. એ વેળા તું રોષમાં હતી, હવે ફરી વાર તું આદેશ આપ. તારા પ્રેમને ખાતર તારા પતિનો ઘાત કર્યો, હવે તારા જ પ્રેમને ખાતર આત્મઘાત કરતાં મને ડર શાનો!'

'ભલે...મ્યાન કર તારી તલવાર.'

'તાબેદાર છું. ઍન, હવે જરાક રહેમ નજર...' અને એણે ઍનને પોતાની પાસે ખેંચી એની આંગળીમાં પોતાની વીંટી પહેરાવી દીધી! લજ્જા, આનંદ ને આશંકાની મિશ્ર લાગણી અનુભવતી ઍન મૌન બની રહી.

'ઍન, હજુ એક વિનંતી છે. આ શોકયાત્રામાં તને વિલાપ કરતી હવે મારાથી નહિ વેઠાય. તું આપણા મુકામ પર પહોંચી જા અને આ મહાન ઉમદા મહારાજાને દફન કરવાનો, પ્રાયશ્ચિત્ત કરવાનો મને મોકો આપ. મારાં ખારાં આંસુથી હું તેમની કબર સીંજવીશ...ને પછી તને મળીશ.' ઍનની આંખ હર્ષથી ચમકી રહી. રિચર્ડ પર એને વિશ્વાસ બેસી ગયો.

ઍન એની વિદાય લઇને ગઈ. રિચર્ડે જનાજો ભળતે જ મુકામે ધકેલી દીધો. એકલો મનમાં મલકાઈ રહ્યો: 'સુંદરીઓ આટલી સહેલાઈથી વશ થઈ જતી હશે! એના ધણીને માર્યો, સસરાને માર્યો, તો ય! અરે, ઘડી પહેલાં તો આંખોમાંથી અંગારા વરસાવતી હતી, બેફામ ભાંડતી હતી, મારા પર થૂંકતી હતી ને જોતજોતાંમાં મારી વીંટી ય પહેરી લીધી! રૂપની પ્રશંસાથી રીઝે નહિ એવી રમણી હજુ જગતમાં જન્મી નથી! બેવકૂફ ઓરતજાત! ચંચળ જાત! કમજાત!' પોતાની આવડત પર એ હસી ઊઠચો. મનોમન એણે નિર્ણય કર્યો: 'બિચારી ઍન! એને પરણીશ જરૂર; પણ થોડા સમયમાં જ એના બધા ઓરતા ખતમ!'

ઉત્સાહમાં ને ઉત્સાહમાં તે રાજમહેલે પહોંચી ગયો. એના ભાગ્યના પાસા પોબાર પડવા માંડચા હતા. મહારાજા એડવર્ડની તબિયત વધારે ને વધારે કથળતી જતી હતી. રાણી ઇલિઝાબેથને ખૂબ ચિંતા હતી. એને ખાસ ફફડાટ તો એ વાતનો હતો કે કદાચ એડવર્ડ મૃત્યુ પામે ને સગીર રાજકુમારના વાલી તરીકે રિચર્ડ નિમાય તો.? રાણી એના વિશ્વાસુ સાથીદારો સાથે આ બાબત ચિંતા વ્યક્ત કરી રહી હતી. લૉર્ડ ગ્રે તેમજ રીવર્સ, વૉન વગેરે તેના વફાદાર ઉમરાવો હતા. રાણીની તેમજ તેના દરબારીઓની ટીકાઓ રિચર્ડના કાને પહોંચી ગઈ હતી. એ ખૂબ ધૂંધવાયો હતો. ઍન સાથેનું સંવનન પત્યા પછી રાણી સાથે મેળાપ થતાં રિચર્ડે તેના ઉમરાવોની હાજરીમાં જ તેનું અપમાન કર્યું. ક્લૅરન્સને ટાવરમાં પૂરવાનો આક્ષેપ તેણે ઇલિઝાબેથ પર ઓઢાડચો અને માનમર્યાદા મૂકીને તેણે ટીકાની ઝડીઓ વરસાવી. એડવર્ડ ગંભીર માંદગીમાં હતો અને રિચર્ડને હવે રાણીની તમા ન હતી. તેણે રાણીના પક્ષકાર ઉમરાવોને પણ બાકી ન રાખ્યા. ઉમરાવો તો આ બધાથી છક થઈ ગયા. રાણી આ ભયંકર અપમાનથી દિઙમૂઢ બની ગઈ. રોષને કારણે તેનો અવાજ તરડાઈ ગયો: 'તમારી તોછડાઇનો પાર નથી. ઈંગ્લંડની રાણી સાથે કેમ વર્તાવ રાખવો તેનું તમને ભાન નથી.' અને આંખમાં આંસુ સાથે બોલી: 'રાણી થઇને આ દશામાં જીવવું તેના કરતાં નગરમાં નોકરડી બનીને ગુજારો કરવો બહેતર છે. પણ યાદ રાખજો તમારી તુમાખીની ફરિયાદ જરૂર એડવર્ડને કાને પહોંચશે.'

રિચર્ડ અને ઇલિઝાબેથ વચ્ચે આ ઉગ્ર વાદવિવાદ ચાલી રહ્યો હતો ત્યાં અચાનક, પ્રેતાત્માની જેમ, લૅન્કેસ્ટર વંશના હેન્રી છઠ્ઠાની વિધવા માર્ગેરેટ આવી પહોંચી. યૉર્ક પક્ષની સામે તેણે જાતે ઘણાં યુદ્ધો ખેલ્યાં હતાં, પરંતુ તેના નસીબે તેને યારી આપી ન હતી. રાજા એડવર્ડે તેને છેલ્લી સજ્જડ હાર આપી. હેન્રી છઠ્ઠો કેદમાં પુરાયો ને ત્યાં જ મૃત્યુ પામ્યો. તેનો પુત્ર–પ્રિન્સ ઑવ વેલ્સ લડાઈમાં ખપી ગયો અને પુત્રવધૂ ઍન વિધવા બની. માર્ગેરેટને ફ્રાન્સ હાંકી મેલવામાં આવી પરંતુ તે ઇંગ્લંડ પાછી આવી હતી. તેના જીવનમાંથી આશા, ઉમંગ, આનંદ, ઉત્સાહ બધું જ ભસ્મીભૂત થઈ ગયું હતું. એના દિલમાં હવે યૉર્કના વંશજો માટે કેવળ વેર ને ધિક્કાર રહ્યાં હતાં. ભૂતની આગ અંતરમાં સંઘરીને યૉર્કના રાજપરિવારને, તેમના ઉમરાવોને શાપ દેતી તે પ્રેતની માફક ભમતી હતી.

રાણી ઇલિઝાબેથને તેમજ તેના સાથીદારોને જોતાં જ માર્ગેરેટની આંખમાં અગ્નિ ભભૂક્યો તેની વાણીમાંથી અંગારા છૂટવા લાગ્યા: 'મરો રે મરો...નાપાક શયતાનો! દોજખમાં ટળો!'

ઇલિઝાબેથ છળી ઊઠી. માર્ગેરેટે તેને ખૂણામાં સરકતી જોઇને ચીસ પાડી: 'તેં...તેં મને રસ્તે રઝળતી બનાવી. મારું રાણીપદ છીનવી લીધું. તું, લોહીતરસી...તેં મારા ધણીનો ભોગ લીધો, મારા દીકરાનો ભોગ લીધો. લાવ મારો ધણી; લાવ મારો કુંવર; લાવ મારું રાજ્ય...તને ને તારા કબીલાને મોત ભરખે...! તને...તને તૉર ચડચો છે: મોટી મહારાણી બની બેઠી છે, પણ યાદ રાખજે; મારો ધણી મરતાં મારા બેહાલ થયા તેવા તારા થજો. મેં તારા પાપે મારો દીકરો ખોયો તેમ તું તારો દીકરો ખોઈ બેસજે...ને તારાં સંતાનો માટે રાતદિવસ વલોપાત કર્યા કરજે. તારું ધનોતપનોત નીકળી જશે, ને આ બધા તારા ખાંધિયાઓ...તમારા સહુનું નખ્ખોદ જજો, મારી કકળતી આંતરડીની કદુઆ છે. તમે બધાં જહન્નમમાં જલ્યા જ કરજો...' ને થાકને લીધે માર્ગેરેટ હાંફવા માંડી.

ઇલિઝાબેથનાં રોમેરોમ ખડાં થઈ ગયાં. ઉમરાવોના હૈયામાં પણ શાપવાણી સાંભળીને ધ્રુજારી આવી ગઈ પણ રિચર્ડે એને બરાબર ધુતકારી કાઢી: 'ખૂનની તરસી ડાકણ તો તું છે. તેં યૉર્ક વંશના કેટલા જવાનોનાં લોહી પીધાં? તેં ને તારા ધણીએ કેટલાં ખૂન કીધાં? હવે શાપ દેવા નીકળી છે? તારા જેવી ડાકણ હજુ જીવતી રહી છે? તો ભોગવ તારાં પાપનાં ફળ!'

માર્ગેરેટે એકદમ ચિચિયારી પાડી રિચર્ડ સામે ધસી, 'નીચ કુત્તા, શેતાનના બચ્ચા, આ બધા ય સત્યાનાશનું મૂળ તું જ છે. ધરતી તારા પાપે દોજખ બની ગઈ. પણ તું ય કુત્તાના મોતે મરવાનો છે, તારા જીવને જીવતાં તો જંપ નહિ મળે, પણ જહન્નમમાં ય તું જંપવાનો નથી. તારાં જ માણસો તારા શત્રુ થઇને તારું કાસળ કાઢશે...'

બકિંગહામ અને બીજા ઉમરાવોએ માર્ગરેટને શાંત કરવા માંડી પરંતુ એનો રોષ માઝા મૂકી ગયો હતો. તેણે બકિંગહામને ચેતવ્યો: 'તારી સામે મને વેર નથી, પણ...' તેણે રિચર્ડ સામે આંગળી ચીંધી: 'આ નાપાક કુત્તાથી ચેતજે, એ હડકાયો થઇને તને કરડશે.' ને ખૂબ ધાંટાધાટ કરતી તે ઉન્માદમાં આવી ગઈ; 'મારા જખમાએલા હૃદયની આ વાણી છે. તમારા બધા પર ખુદાનો ખોફ ઊતરજો. તમે સહુ કમોતે મરજો—અવગતિયાં થઇને રઝળજો.'

ચીસો પાડતી, એ આવી હતી તેમ પ્રેતાત્માની જેમ અદૃશ્ય થઈ ગઈ. ઇલિઝાબેથ ને બીજા બધા ઉમરાવો થોડીક ક્ષણ તો દિઙ્મૂઢ બની ગયા. માર્ગરેટના શાપના ભણકારા તેમના કાનમાં પેસીને તેમનાં કાળજાંમાં કંપ જગવવા લાગ્યા. ચીસો પાડતી, આંખમાંથી ઝાળ ફેલાવતી માર્ગરેટની રુક્ષમૂર્તિ તેમના હૈયામાં કોઈ અજ્ઞાત ભયનો સંચાર કરી રહી.

આ ભયંકર શાંતિ પ્રસરી રહી હતી ત્યાં એક દરબારી કૅટ્સબીએ રાણી ઇલિઝાબેથને મહારાજા એડવર્ડનો સંદેશો આપ્યો. એડવર્ડની તબિયત ખુશનુમા હતી અને તેણે ઇલિઝાબેથ તેમજ નિકટના સાથીઓને વાતચીત માટે નોતર્યા હતા. ઇલિઝાબેથ અને તેના ઉમરાવો તરત એડવર્ડ પાસે જવા વિદાય થયા.

રિચર્ડ એકલો ઊભોઊભો કાવતરાની કડીઓ સાંકળી રહ્યો. તેણે રાજ્યના કેટલાક અગ્રણી ઉમરાવોને ધીમેધીમે પોતાના પક્ષમાં લીધા હતા. તેમાં બકિંગહામ ને કૅટ્સ્બી તેના ખાસ વિશ્વાસુ બની રહ્યા હતા. કલૅરન્સની કેદ માટે રાણી પોતે જ જવાબદાર હતી એ વાત તેણે આ બધા ઉમરાવોના ચિત્ત પર બરાબર ઠસાવી હતી. રિચર્ડે તક જોઇજોઇને આ ઉમરાવોમાં રાણી પ્રત્યે દ્વેષ અને અવિશ્વાસ પેદા કર્યાં હતાં, અને આ અસ્થિર મનના અધીર ઉમરાવો રાણીના સાગરીતો પર વેર લેવા હાથ મસળી રહ્યા હતા. રિચર્ડના ફરમાનની જ વાર હતી, પણ રિચર્ડે તેમને રોકયા હતા. રિચર્ડના ચિત્તમાં એ પ્રસંગ સાંભરી આવ્યો: 'મેં હાથમાં બાઈબલ લઇને તેમને રોકયા...આપણે વેરના તરસ્યા નથી; ખુદા પર તેમને છોડો. ખુદા તેમની ખબર લેશે.' અને રિચર્ડની આ સાધુવાણીથી તેના સાથીદારો પ્રભાવિત થઈ ગયા. એ સંભારીને રિચર્ડ હસી રહ્યો: 'મૂર્ખ નહિ તો! મારા હાથમાં બાઈબલ જોઇને મને ફિરસ્તો માની બેઠા! ભલે, ભલે; અને ફિરસ્તો ખરો જ તો! નહિતર રૂપાળી ઍન મારા પર શીદ મોહી પડે?'

ખુશમિજાજમાં રિચર્ડ ટહેલવા લાગ્યો, ત્યાં દૂરથી તેના રોકેલા બે જલ્લાદો આવતા જોયા એટલે એની આંખમાં શયતાનિયત ચમકી રહી: 'કમાલ કરી! વખતસર આવી ગયા! કામ ફત્તેહ કરી આવો. ઇનામ તમારી વાટ જુએ છે! જરા ય રહેમદિલી ન રાખશો. એક જ ઝાટકે ઝબ્બે, હોં!' અને હાથના ઇશારાથી તેણે જલ્લાદોને 'ખેલ ખતમ'નો આદેશ આપી દીધો.

ટાવરમાં કલૅરન્સ આખી રાત જંપ્યો ન હતો. સ્વપ્નોથી તે ચોંકીને જાગી ઊઠતો. એને રાત બિહામણી લાગતી હતી. દિલમાં ભારે ગભરાટ થતો હતો. એની આંખો ચકળવકળ થતી હતી. બિહામણાં સ્વપ્નોની વાત તેણે પોતાના જેલરને કરી. જેલર તેને ધીરજ આપીને તેની પાસે બેઠો. પછી થોડી વારે માંડ તેની આંખ મળી; એ જ વખતે ચૂપચાપ બે ભેદી વ્યક્તિઓએ ટાવરના એ ઓરડામાં પ્રવેશ કર્યો. જેલરે તેમની સામે જઇને તેમને આંતર્યા, પરંતુ તેમના હાથમાં 'વોરંટ' જોઇને તે ચૂપચાપ ત્યાંથી ખસી ગયો.

કલૅરન્સને ઊંઘતો જોઇને બંને જલ્લાદો જરા ખમચાયા. ધીમે પગલે તે બંને છેક તેની છાતી પાસે આવીને ઊભા. કલૅરન્સના મુખ પર પરેશાની લાગતી હતી. પહેલાએ ઈશારતથી સૂચવ્યું: 'આને ઊંઘતો જ ઝબ્બે કરીએ તો... ?'

બીજાએ ચૂપકીદીની ઇશારત કરી. સહેજ પાછળ હટીને તે સાથીદારને સમજાવી રહ્યો: 'આ ભલા આદમીને કાપી નાખતાં મારો જીવ ચચરે છે. એણે આપણું શું બગાડયું છે? કયામતને દિવસે ખુદાને શો જવાબ દેશું?'

બંને વચ્ચે થોડીક ધીમી રકઝક ચાલી. કલૅરન્સ ઊંઘમાં ચમકી ઊઠયો. એની આંખ ઊઘડી ગઈ: 'અરે જેલર, જરા શરાબ લાવી આ...' અને એકદમ આ બે અજાણ્યા ભયાનક પુરુષોને જોઇને તે થડકી ગયો: 'અરે, કોણ છો તમે? કેમ આવ્યા છો?' પછી એ બંનેની આંખ પરથી જ વાત કળી ગયો હોય તેમ છળી ઊઠયો: 'મારું ખૂન કરવા?'

જલ્લાદે આંખ પટપટાવી. કલૅરન્સ હેબતાઈ ગયો: 'મેં તમારું શું બગાડયું છે? મારો કોઈ કસૂર?'

'કસૂર કશો નહિ. રાજા ખફા થયો છે. અમે તો ચિઠ્ઠીના ચાકર'

'ઓ ખુદા! અરે, મેં મહારાજની કેવી સેવા કરી છે! એને માટે કેટલાયના જીવ લીધા છે; એની રાજગાદી સાચવી છે. પણ તમે ભલા થઇને મારી વિનંતી માનશો? મારા ભાઈ રિચર્ડને મારો સંદેશો પહોંચાડશો? એ જરૂર મારો જીવ ઉગારશે, મારો તારણહાર બનશે...'

'અરે સાહેબ, એનો જ હુકમ છે. જુઓ આ!' તેમણે વોરંટ પર રિચર્ડના દસ્તખત બતાવ્યા.

ઉશ્કેરાઈને કલૅરન્સ બોલી ઊઠયો: 'જૂઠી વાત. મારો ભાઈ તો ફિરસ્તો છે. મને ટાવરમાં જતો જોઇને બાથમાં ઘાલી ભેટયો'તો રડયો'તો...' આમ કહી કલૅરન્સે સંતાપથી ડોકું પાછળ નાખ્યું કે તરત એક જણે તેને પાછળથી ખંજર હુલાવી દીધું. કલૅરન્સ ત્યાં જ પડી ગયો. જલ્લાદે તેને ઊંચકીને દારૂના પીપમાં ઝબોળી દીધો.

રાણી ઇલિઝાબેથ અને બીજા ઉમરાવો એડવર્ડને મળ્યા ત્યારે તે ખુશમિજાજમાં હતો. તેણે બધા સાથે હસીખુશીની વાતો કરી. ઉમરાવોના રાણી સાથે તેમજ અંદરોઅંદર ઝઘડા ચાલતા હતા. એડવર્ડે સૌને સુજનતાથી અપીલ કરી, ઉમરાવોને શરમાવ્યા. રાણીના સાગરીતોનાં કરતૂકથી હૅસ્ટિંગ્સ જેવા ઉમરાવને જેલમાં જવું પડયું હતું. પણ એડવર્ડની વિનંતીથી તે ઉદાર બન્યો. તેણે અને બીજા બધા ઉમરાવોએ વફાદારીના સોગંદ લીધા. સૌમાં એખલાસ સ્થપાઈ ગયો. એવામાં રિચર્ડ પણ મહારાજાની તબિયતની ભાળ કાઢવા ત્યાં આવી પહોંચ્યો. આસપાસના વાતાવરણમાં સંપ અને સહકારની હવા તે પામી ગયો અને તેના મુખ પર પ્રાયશ્ચિત્તનો ભાવ તરી રહ્યો. રાણી પ્રત્યે દાખવેલા ઉદ્ધત વર્તાવની તેણે આપ઼ે ક્ષમા માગી. એડવર્ડ અને ઇલિઝાબેથની પ્રસન્નતાનો પાર ન રહ્યો શ્વાસનું વાતાવરણ જામ્યું હતું તે જોઇને ઇલિઝાબેથે કલૅરન્સ પર ર... કરીને તેને ટાવરમાંથી છોડી મૂકવાની મહારાજા એડવર્ડને વિનંતી (અનુ. પૃ. ૪૨૦)


જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક અને આલેખક • રવિશંકર રાવળ

૨૭૪ વરતેજ

વરતેજનું મકાન ગામના ઝાંપા પાસે હતું. નદીનો છીછરો પ્રવાહ તેની ભીંતને અડીને જતો હતો ને તેની અગાશી-માંથી સામે આંબાનું મોટું વન વિસ્તરેલું દેખાતું હતું, જેમાંથી નીકળી આવેલા ગામડાના કેડા અને ગાડાંના ચીલા ગામ-ઝાંપા પાસે એકઠા થતા હતા. ગામની સ્ત્રીઓ પાણી ભરવા તથા ધોવા નદીએ આવતી, ને ભરવાડણો છાણાં થાપતી એ બધું ત્યાં બેઠાંબેઠાં જોવાતું હતું. શહેરના ખખડાટ અને ધૂમ હોકારાથી દૂર અહીં રાત્રિની શાંતિમાં સ્વચ્છ આ-કાશમાં તારાનો મલકાટ કે અજવાળી રાતની પથરાતી ચાંદની અમારી નાની યાત્રાને કલ્પના-પ્રદેશ બનાવી દેતાં ઘરનો બધો પુરવઠો લાવ-વાનું કામ કારભારી દાદાએ ઉપાડી અમને સૌને નચિંત રાખ્યા હતા.

મારી રીતભાત કોઈને વિક્ષેપકારક ન થાય તેની હું સંભાળ રાખતો. સવાર-સાંજ સ્ટવ ઉપર માપસર પાણી અને ચોખા ચડાવી, દૂધ નાખી, ખીર બનાવી લેતો, અને સાકર નાખી તૈયાર કટોરો પ્રભુભાઈ જમે ત્યારે ઘણા સ્વાદથી ખઈ લેતો. પ્રભુભાઈની અને કુટુંબની તેમજ નો-કરોની મારા તરફ ખૂબ કાળજી રહેતી અને મને આવો એકાંત અને સંસ્કારી સમાગમવાળો ગામડાનો નિવાસ મળ્યો તેનું મોટું મૂલ્ય હું સમજી શકયો. મેં ને પ્રભુભાઈએ સાહિત્યનાં ઘણાં પાનાં ત્યાં સાથે વાંચ્યાં. તેઓ કવિતાના પણ રસિયા હતા. કૉલેજનો ઈન્ટર આર્ટ્સ સુધી સારો અભ્યાસ કરેલો એટલે મને તે ઘણા લેખકો અને કવિઓ વિષે વાતો કરતા. કલાપી, ગોવર્ધનરામ કે નરસિંહરાવની કોઈ કોઈ કડીઓ મોઢે જ બોલતા. મને તેમણે મેરી કૉરેલીનું ગ્રંથરત્ન Soul of Lilith વંચાવીને એ અપૂર્વ લેખિકાના સાહિત્યનો નાદ લગાડચો. એમની જીભ થોથવાતી, પણ એમનું ચિંતન અને અભિવ્યક્તિ ચોક્કસ હતાં. તે પોતે હરીફરી શકતા નહિ, એટલે હું તેમની નજીક બેસીને જ ચિત્રકામ કરતો અને તે જોવું તેમને ખૂબ જ ગમતું. કોઈકોઈ વાર સવાર-સાંજ તેમને કૌટુંબિક એકાંત આપવા હું બહાર નીકળી જતો, પણ એય તેમને ગમતું નહિ. દેવી સમાં, ગભરુ સ્વભાવનાં અનુપબહેન એમ જ કહેતાં કે, 'તમને જોઉં છું ને મારા સદ્‌ગત ભાઈનું સ્મરણ થાય છે.' એમના ઘરમાં પ્રભુભાઈના કોઈ મિત્રને આટલા નિકટ સમાગમમાં આવવાના પ્રસંગો મળ્યા નહોતા. એ સમયમાં શરમાળ અને ખાનદાન યુવતીઓ જગ-અપવાદથી પણ ડરીડરીને રહેતી.



તે સમય (૧૯૧૨)ના વરતેજનું એક દૃશ્ય

મહિનો પૂરો થવા આવ્યો. દિવાળી માથે આવી હતી, એટલે મેં ઘેર જવાનો ઇરાદો જાહેર કર્યો ત્યારે તે બધાં ઘણાં નિરાશ થયાં. પ્રભુભાઈનાં બાએ કહ્યું: 'હવે પરભુ અહીં નહિ રહે. બધાંની તબિયત સુધરી છે.' પણ હું શું કરું? મારે આગળનો પંથ વિચારવાનો હતો. જોકે પ્રભુભાઈનો જે સાથ મને મળ્યો તે તો તેમણે અને તેમના કુટુંબે આખર સુધી નિભાવ્યો. મારા આવવાના દિવસે બ્રાહ્મણ બોલાવી સૌના માટે લાડુનું ભોજન કરાવી મને સાથે જમાડીને વિદાય આપી.

૨૭૫ ભાવનગરના પેઈન્ટરો

દિવાળી પહેલાંના દિવસોમાં મારાં બા વાનીઓ બનાવવા માટે ઘણા દિવસ અગાઉથી તૈયારીઓ કરવા માંડતાં. અમે બજારનું કંઈ ખાવાનું ઘરમાં લાવતાં નહિ, એટલે ખારી-મોળી પૂરીઓ, ફાફડા, ફરસી પૂરી અને મગજ કે બુંદી લાડુ અને છેવટ ઘારી-ઘુઘરાનાં વેસણ માટે પદાર્થોનાં લિસ્ટ ઉતરાવતાં. દિવાળીમાં કે બેસતા વર્ષે મળવા આવતા દરેક સગાં સંબંધી-છોકરાંને રકાબીમાં દરેક ચીજ આપતાં અને તે બાબત ખૂબ જ ચીવટ કરતાં. મારી પત્નીને પિયર ગયાને મહિના ઉપર મુદત થઈ હતી તેને આણા સાથે તેડાવી લીધી, એટલે તેને ઘરના દિવાળી પર્વની સારી માહિતી મળી. બાળક સાથે પહેલી વારની ઘરની દિવાળી તેને તો માણવાની હતી, પણ હું હવે મારા ભાવિના વિચા-રોમાં ગોથાં ખાતો હતો. ભાવનગરમાં તો કલાકાર નામની કોઈ છાપ જ નહોતી. 'પેઈન્ટર' કે 'આર્ટિસ્ટ' શબ્દનો પણ કોઈ ભારે અર્થ કરતું નહોતું. પાટિયાં ચીતરનારા કે ભીંતો પર પરીઓ કે ચોકીદારો ચીતર-નારા તે 'પેઈન્ટર', અને ફોટોગ્રાફો પરથી છબીઓ કરનારા તે 'આર્ટિ-સ્ટ'. માણેકલાલ શુક્લ ગામમાં ફરનારા અને તેને ચિત્રનો શૉખ, એટલે એવા કેટલાકની ભાઈબંધી કરેલી. મારી નવરાશ જોઈ તેણે મને એકેએકનો પરિચય કરાવ્યો. ખવાસ નાકુ બાવા સાદાં પાટિયાં ચીતરે અને પોસ્ટ ઑફિસની લેટર બૉક્સ વગેરે પર અક્ષરો લખી આપવાનું છૂટક કામ કરે. ઘોઘાને દરવાજે દુકાન કરીને પાટિયાં ચીતરનાર હરજી-વનભાઈ કોઈના ઘરમાં ભીંત પર પણ ચિત્રો કરી આપે, અને લોકો જુએ તેમ દુકાને બેઠાબેઠા બ્રોમાઈડ એન્લાર્જમેન્ટ પર રંગભરી છબી બનાવે, તો કોઈ વાર નદી-પહાડનો દેખાવ ચીતરતા હોય. તેમણે કોઈ ગામઠી નાટક મંડળીમાં ચિત્રકામ કરેલું. ગોપાળજી પેઈન્ટર વળી નાગર ગૃહસ્થોનાં ચિત્રો કરતા. તે દુકાન ન કરતા; ઘેર જ ચિત્રકામ કરતા ને મોભાથી બજારમાં ફરતા, અને કોઈ સ્કૂલમાં ચિત્ર શીખવતા. દામોદર પેઈન્ટર પણ તેમની રીતે છૂટક કામ કરતા.

ત્રિભુવન પટેલ તેમની વચ્ચે વયે નાના, પણ વડોદરામાં તેના પિતા કૉન્ટ્રાક્ટર હતા એટલે શાળામાં બહુ ન ભણતાં ત્યાંના કળા-ભવનમાં ચિત્રશિક્ષણ મેળવી પ્રવીણ થયા હતા. તેમનામાં નજર અને હાથની ચોકસાઈ હતાં, તેમજ તેમણે ભીંત-શોભામાં પણ નવાંનવાં પાત્રો કરવા માંડચાં હતાં. યશોનાથમાં તેમણે કરેલાં ચિત્રોમાં સ્ત્રી-પાત્રો બહુ સપ્રમાણ અને સુંદર આલેખ્યાં હતાં. તે જોવા મને માણેક-લાલ લઈ ગયા અને ત્યાં જુવાન ત્રિભુવન પટેલ સાથે ઓળખાણ કરા-વ્યું; પણ એ પહેલી જ મુલાકાતે જાણ્યું કે તેની પાસે સંસ્કારી વાતો કે જીવન વિષે કશા ઉચ્ચ ખયાલ નહોતા. માત્ર પોતાના હાથની શ-ક્તિનો ગર્વ અને તે દ્વારા પૈસા મેળવવાની લાલસા, તથા એ રીતે દુનિ-યાના શૉખ માણવાનો અભખરો મેં જોયાં. તેમના પિતા ગુજરી જતાં



'સુખી ગૃહસ્થાશ્રમ'-મંગલ જીવનની કામનાઓ વ્યક્ત કરતાં તે સમયનાં ચિત્રો પૈકીનુ એક. (૧૯૧૨)

તે વડોદરા છોડી ભાવનગરમાં કણબીવાડમાં પોતાના ભાઈઓ સાથે આવી રહ્યા હતા. એમના ભાઈઓ રોજિંદું કડિયાકામ કરી ગુજારો કરતા અને તે રીતે ત્રિભુવનને પણ ભીંત ચીતરવાના રોજિંદા કામમાં લગાડી દીધા હતા. એમના કામમાં ચઢિયાતાપણું દેખાતાં એમને સારા ભાવ મળવા લાગ્યા, તેથી એ ધંધાના હરીફોમાં જરા દ્વેષભાવ રહેતો.

મારા કાકાની ઑફિસમાં કામ કરતા નરોત્તમ બાવા કૅનવાસ પર છબીઓ કરતા, પણ તે ગુજરી ગયાનું જાણ્યું. બીજા એક માવજી પેઈન્ટર નીલમબાગ મહેલના ખાસ હજૂરીઓમાં હતા. તે પણ કૅનવાસ-પેઈન્ટિંગ કરવા લાગ્યા હતા. અને તે સાઈકલ સાથે ઘણી વાર હરજીવન પેઈન્ટરની દુકાને ભેગા થઈ જતા. એ તો જાણે શહેરમાં કોઈ ચિત્રકામ જાણનાર છે જ નહિ અને મહારાજાના પૅલેસમાં જ બધી સમજ એકઠી થઈ છે એમ બતાવતા. આ સિવાય બીજા પણ નાનામોટા પેઈન્ટરો હશે.

પણ આ બધાથી નિરાળા પ્રદેશના જીવ દેવમહારાજની કલા-ભાવના અને સાધના મને મુગ્ધ કરી શકી હતી. તેમણે ચિત્રકળાના જે ઊંચા આદર્શો કલ્પ્યા હતા તેમાંનું કંઈ ભલે તે બતાવી શક્યા ન હોય, પણ તે માટેની તીવ્ર ઝંખનાની સાથે પ્રસિદ્ધિ પ્રતિ બિલકુલ નિર્લેપ રહીને તેમણે જે તપ આદર્યું હતું તે મારા માટે શુદ્ધ કલાભક્તિનું ઉજ્જ્વલ દૃષ્ટાંત હતું. એમણે વિચાર્યું કે નોકરી અને કલાસાધના સાથે નહિ બને. મિત્રોએ તેમની ઇચ્છા જાણીને તેમણે રવિ વર્માની કૃતિ પરથી ક્રેયૉનમાં કરેલું 'કૃષ્ણરાધાનું રિસામણું' નામનું ચિત્ર પટણી સાહેબને બતાવેલું. પટણી સાહેબે તેની કિંમત પૂછતાં કહ્યું કે, 'એની કિંમત નથી, આપને ગમે તો આપને અર્પણ કરું છું. મારી ઇચ્છા તો, રાજ્ય મને એકાંતે કામ કરવાની સગવડ આપે તો કલાનો વિકાસ કરવાની છે.' જીવનની મધ્ય અવસ્થાએ આવી ભાવના રાખનાર વ્યક્તિ પર સર પટણી પ્રસન્ન થયા, તેમણે દેવમહારાજને રેવન્યુખાતાના હેડક્લાર્કની જગ્યા ઉપરથી ચાલુ પગારે રજા મંજૂર કરી.

હું દેવમહારાજને મળવા ગયો ત્યારે તે રજા ઉપર ઊતરી ગયા હતા. તેમણે પેઇન્ટિંગ શીખવા રાજમહેલમાંથી વિશ્વામિત્ર મેનકાનું અસલ કૅનવાસ ચિત્ર લાવીને તેની આબેહૂબ નકલ ઉતારી તૈયાર કરી હતી અને મુંબાઈના કોઈ શેઠનાં વૃદ્ધ માનું મોટું ચિત્ર ફોટોગ્રાફ ઉપરથી કરતા હતા. ધંધાની લેશ પણ ઇચ્છા નહોતી છતાં સ્નેહી મિત્રની ઇચ્છા ખાતર તે ફોટો તેમણે હાથમાં લીધો હતો. તેમની ભાવના તો જીવંત પાત્રો પરથી સીધાં ચિત્રો કરવાની હતી. તેમની એ વિષયની જુસ્સાભરી વાતોએ મારા મન પર પણ એવી જ છાપ પાડી અને ગામના કહેવાતા કલાકારો કરતાં કોઈ જુદી જ ભૂમિકાનું સ્વપ્ન હું સેવતો થયો. દેવમહારાજનો એ સહવાસ ધીમેધીમે વધતો જ રહ્યો, અને તેઓ પણ મને જ્યાં મળે ત્યાં પ્રોત્સાહક વાતો કરતા રહ્યા.

૨૭૬ નિરાશાનાં વમળોમાં

મારા મનના અજંપાનો પાર નહોતો. જે બીમારીમાંથી હું મુક્ત થયો હતો તેનું સ્વરૂપ જાણ્યા પછી કોઈ દાકતર-વૈદ્ય મને ફરી મુંબઈ જવાની સલાહ આપતા નહોતા. તો પણ મેં અકળાઇને મુંબાઈ સ્કૂલ ઑાવ આર્ટ્સમાં મારા હેડમાસ્તર શ્રી ધુરંધરને પત્ર લખ્યો કે મને કોઈ રીતે ત્રીજા વર્ષમાં પ્રોમોશન આપીને દાખલ થવાની મંજૂરી આપે. તેમનો સ્પષ્ટ જવાબ આવ્યો કે, 'હજુ સપ્લિમેન્ટરી ચાલુ છે તેની પરીક્ષાઓ થશે અને તેઓને ત્રીજા વર્ષમાં લેવાશે, ત્યાર પછી તમારે તો બીજું વર્ષ પૂરું કરવું જ પડશે અને તેમાં કંઈ ખોટું ન માનવું. તબિયત સારી કરવી. મન અને શરીરની પરિપક્વતાથી ફાયદો જ થશે. કળાના અભ્યાસમાં કદી વહેલું-મોડું નથી.' તો હવે મુંબાઈમાં નવી ટર્મ દરેક જૂનમાં શરૂ થાય ત્યાં સુધી શું કરવું? પ્રભુભાઈ મને આધ્યાત્મિક સાંત્વન આપતા. ક્યાંક નોકરી કરવી? પણ મને ચિત્ર સિવાય શું આવડે?

એક વખત પાલીતાણાથી ત્યાંની હાઈસ્કૂલના હેડમાસ્તર દેવશંકર ભટ્ટ (નાનાભાઈ ભટ્ટના મોટા ભાઈ) મારા પિતાશ્રીને મળવા આવ્યા. પિતાશ્રીએ મારો પ્રશ્ન તેમની પાસે મૂક્યો, એટલે તુરત બોલ્યા : 'મારી પાસે ડ્રૉઈંગ માસ્તરની જગ્યા ખાલી છે, પણ પગાર માસિક રૂપિયા ચાળીસ જ છે. તમારે માટે વધારે પૂછવાનું ન હોય.' એમના ગયા પછી મેં પિતાશ્રી સાથે ચર્ચા કરી કે હું હવે મારો ભાર થોડો ઉઠાવી શકું એવી આ તક છે. પણ મારી કારકિર્દી આવા સાવ થોડા પગારે શરૂ થાય એ વાત હું તેમને ગળે ઉતારી શક્યો નહિ. છેવટે પચાસ રૂપિયા પગાર હોય તો મારે તેનો સ્વીકાર કરવો એમ ઠર્યું. દેવશંકરનો જવાબ આવ્યો કે ખાતાના ઠરાવેલા ગ્રેડમાં કશો ફેરફાર થઈ શકે તેમ નથી. આ રીતે પાલીતાણામાં ચિત્રશિક્ષક બનવાની મારી તક જતી રહી.

મને સમય ઘણો મળતો હતો. ફુરસદ નકામી જવા દેવાનું મને કદી ગમ્યું નથી. હું ગમે તેના સ્કેચ કર્યા જ કરતો. આગળ શીખેલા બધા ચિત્રપ્રકારો ફ્રીહૅન્ડ, રંગકામ વગેરે પણ રીતસર ફરીથી કરી ગયો. તૈલરંગોથી ઘરનાં પદાર્થ-ચિત્રો પણ કર્યાં. દેવમહારાજે પ્રત્યક્ષ પાત્રચિત્રણ માટે મને ઉત્સાહ આપવા જાતે સિટિંગ આપી, તેમની પણ મુખછબી કરી. પણ મને મનમાં કોઈ જંપ નહોતો. પ્રભુભાઇનો સમાગમ ચાલુ હતો. તેમણે જ આ નિરાશાની પળોમાં મને માનસિક બળ પૂરનારાં પુસ્તકો વંચાવીને ટકાવ્યો. મેરી કૉરેલી ને બુલ્વર લિટનનાં ચાર-પાંચ પુસ્તકોએ મને સંસારની વિશાળ જાળનો ખયાલ આપ્યો. બ્રહ્માંડના અનંત વિસ્તારમાં માનવીનું ચરિત્ર એક પલકારા જેટલું પણ મૂલ્ય ધરાવતું નથી, છતાં દરેક આત્માને પોતાના અસ્તિત્વનો અહમ્ ને બીજા જીવો પ્રતિ મમતાનું વહેણ અનુભવવાના પ્રસંગો પડે છે. મનુષ્યોએ ઊભી કરેલી કીર્તિની ખોટી હવાનો મોહ મને કદી થયો નહોતો, પણ મારા માનેલા કે મારા પર આધાર રાખતા જીવો માટે સજ્જ કે ચિંતાપૂર્ણ રહેવાનું હું ત્યજી શક્યો નહોતો. (ચાલુ)

નેકર ને ઈસર નદીની આસપાસ તથા બાલે મીડિયા

રંગગઠરિયાં–૭૪

લેખક · ચન્દ્રવદન ચી. મહેતા



'મીડિયા' બાલેનું એક દૃશ્ય

ફ્રાંકફર્ટ મેઈન નદી ઉપર, અને એને ઓળંગી દક્ષિણે નીકળો તો હાઇડલબર્ગ, નેકર નદી ઉપર ત્યાં પડોશમાં માઈનહામનું નવું અને અચ્છું થીએટર જોયું. અહીં ભભક નથી, પણ સગવડ બધી છે. આજે બંધાએલું કાલે જૂનું તો થવાનું જ, પણ એનું તો શું થાય? હાઈડલબર્ગમાં ગામ વચ્ચે આવેલું જૂનું થીએટર જ હજી ઉપયોગમાં લેવાય છે અત્યંત રળિયામણું સ્થળ. યુનિવર્સિટીથી પ્રખ્યાત, અને નદી નેકરે એને અનેક રીતે શણગારી આપ્યું છે. ગિરિમાળાની ખીણમાંથી નીસરતી નેકર નદીએ ગામને પાઘડીપટે બંધાવા બહુ મોકળી જગ્યા રાખી નથી. એટલે ચઢઊતર ગલીઓનું સીધા દોડતા રસ્તાઓનું ગામ. ત્યાં પણ બાલે, ઓપેરા અને નાટકો નિયમિત રજૂ થાય છે. એ જ નદીને કાંઠે-કાંઠે આમતેમની ડુંગરીઓ અને ગિરિમાળા ઓળંગતા ચાલ્યા જાઓ તો હાઈલબ્રોન નામના નાનકડા ગામમાં પહોંચો. હાઈલબ્રોન તો જાણે મારું પોતાનું ગામ. એને વિષે આપણે શરૂઆતમાં વેંક કુટુંબનો પરિચય આપતાં ઇશારો કરી ગયા છીએ. અહીંના મેયર સાહેબ મને મુલાકાત આપે, માન આપે, ગામમાં ગમે ત્યારે મહેમાન તરીકે રહેવાનો હક્ક આપે, ગામની મુખ્યપોથીમાં મારું નામ છાપે, સહીદસ્કત રાખે, ત્યાંના બંધાતા થીએટર વિષે સલાહ માગે, અને એક નહિ પણ બેત્રણ મિત્રો ખડેપગે સરભરા કરી ખુશ રાખે, નાનો મેળાવડો કરી ગયટેનું ફાઉસ્ટ લલકારી સંભળાવે. ફાઉસ્ટ અહીં અસલ રહી ગએલો એવી લોકવાયકા પ્રમાણે એ સ્થાન ઉપર લઈ જઈ આખી આખ્યાયિકા સમજાવે, ત્યાં મને ઘર જેવું લાગે એમાં શી નવાઈ? દર પ્રવાસનો થાક અહીં ઉતારી નાખું. આસપાસ ખૂબ ચાલું અને ગિરિઢળાવના દ્રાક્ષના માંડવાઓમાં ઘૂમું. ડીટર વેન્ક અને હું પગ કે મોટર. જેવી ધૂન, જેવો મૂડ, તે પ્રમાણે અલકમલકની વાતો કરતાં જર્મની વિષે જાણવા જેવું પૂછ્યે રાખું. ત્યાં આ ગામમાં નિરાંત અનુભવાય એમાં પૂછવાનું જ શું?



હાઈલબ્રોનની નગરપોથીમાં સહી

ઘણી નદીઓ જોઈ, હવે શહેર વચ્ચેથી દોડતી ઈસરને જોવા જઈએ. અહીં મોટા ભાગની નદીઓ શહેર વચ્ચેથી દોડે છે. નથી દોડતી તો એનો એકાદ ફાંટો શહેરમાંથી વાળી બહાર કાઢી પાછો એને મેળવી દે છે. મ્યુશન કે મ્યુનિખ આજે આપણે પહેલી વાર જોઈશું. એ શહેર માટે ઘણું સાંભળ્યું હતું અને ઘણું ખરું પણ લાગ્યું. ગુલાબી શહેર, જૂના અને નવાના સમન્વયનું શહેર, રંગીલું શહેર. નાટકકલાનું શહેર, યુનિવર્સિટીનું શહેર, વેપારીઓના અડ્ડાનું શહેર, ફિલ્મી રંગત રોનકનું શહેર, ક્યાક અરબ્બી, ક્યાક ઇટાલિયન, ક્યાંક પૂરેપૂરું ફિરાંસી, ક્ય ક હંગેરિયન, એ વા જુદાજુદા ખુદ્દાઓ ઊપસતા લાગે. પણ અંદરે પાકું બેવેરિયન, ગુલાબી ખુશખુશાલ લાલિત્યથી ભરપૂર શહેર. ટ્રેઈનમાં પહોંચ્યો, અને એરોડ્રોમથી ઊપડ્યો દશબાર દિવસ ઘૂમ્યો, યુનિવર્સિટીના અડ્ડામાં પરોવાએલો રહ્યો, ઈસરને કાંઠે પ્રો. શોનંને મળ્યો. એ જ એ પંડિત, જેણે ૯૧૬ થી ૧૯૧૬-હજાર વર્ષની જર્મન રંગભૂમિનું અનુપમ પુસ્તક પ્રકટ કર્યું છે તે. અરે, એ કામ તો એને મન રમત. કારણ કૉલૉનમાં જે ભંગાર સંભાર જોયો, અને જગ્યાને અભાવે ખડકાએલો જોયો, તેવો જ અહીં એવા જ ચિત્રો, પાઠો, લખાણો, સ્કેચો, પોશાકો બરાબર વ્યવસ્થિત રૂપે ખંડે ખંડે ગોઠવાએલો જોયો. કારણ એક વખતના બાદશાહી રાજમહેલના બાગમાંના શાહીભવનના બધા જ ખંડો એને આ વિધિસર ગોઠવવાને મળી ગયા હતા. આંગળીને ટેરવે ગોઠવણ; ઇન્ડેક્સ કાર્ડની પાકી કળ. જે માગો તે મળે અસંખ્ય ફોટોગ્રાફો સાલવાર ક્રમવાર ગોઠવેલા, જોતાં ચાલ્યા જ જાઓ. બેર્નર ઉત્સાહી એટલો આ ઠંડો, ઓછા બોલો. પણ જાણકાર, કદાવર ગંભીર ઇસમ, વાતે વળગો અને મુદ્દો ઝાલ્યો તો એના તંતુએ તંતુ છૂટા પાડી આપનાર, એવો ખંતીલો આ જાણવા જેવો જાતક.

પડખે નહિ પણ વચગાળે જ સુંદર ફુવારાવાળો બાગ, એને પેલે છેડે ચાલ્યા જાઓ તો કુરવેલિયર્સ નામનું, અઢળક સોને મઢ્યું રાજમહેલની અંદર સુંદર કોતરણી ચિતરામણવાળું થીએટર જોવા મળશે. છતભીંત ઉપર ચિત્રો, બારીબારણાં ઉપર લોહકંચન ભેળવ્યાં નકશીકામ, પથ્થરમાં કોતર્યા અસંખ્ય પૂતળાંઓ અને ભભકદાર રાચરચીલું, એવા શણગાર સજાવેલી નાટકશાળા, ફ્રેન્ચ કારીગર કલાકારોએ બાંધી આપેલી. જોઈ જોઈ, જોયા જ કરીએ એમ થાય. કોઈ પૂછશે કે નાટકશાળામાં નાટક કરવો એમાં આ બધો અને આવો ઠાઠમાઠ શો? તો આપણને કોઈ સામું નહિ પૂછે કે મંદિરોમાં ભગવાનની પૂજા કરવી, તેમાં અંદર છત, ભીંતે ઉપર બહાર આરચમાં આટઆટલી કોતરણી કેમ? રસ્તે ચાલ્યા જવું, એમાં સડકની આસપાસ તરુવૃન્દો તો છાંયડા માટે, પણ ફૂલ-છોડ કે મેંદીની વાડ શા માટે? રસ્તા વચ્ચે માર્ગ શોભાવવા પૂતળાં શા માટે? લગ્નમંડપમાં બે જ જણા જોઈએ, વર અને વહુ. તો પણ ત્યાં અસંખ્ય ગોળાનો ઠાઠમાઠ, રસ્તા ઉપર લીલો રંગેલો લાકડાનો વ્હેર, ક્યાંક ખૂણામાં વાજાંવાળા અને બીજો અગણિત એવો ઠાઠઠેરો શા માટે? લગ્ન એ નાટક નથી, છતાં ઘણું ત્યાં નાટકીઢબે (અનુ પૃ. ૪૧૭)

નિરીક્ષણશક્તિ

રેતાળ પ્રદેશમાં એક દરવેશ જઈ રહ્યો હતો. માર્ગમાં એક સોદાગર મળ્યો. અકળાઇને એ ચારે તરફ જોતો હતો. દરવેશને જોઈ એણે પૂછ્યું, 'બાબા, તમે કઈ બાજુથી આવો છો?' તુરત દરવેશે એને કહ્યું, 'તારુ ઊંટ ખોવાયું છે ને? એ પાછલા ડાબે પગે સહેજ લંગડાય છે, એની જમણી આંખ કાણી છે અને એની પીઠ પર અનાજ તથા મધ મૂકેલું છે.' આ સાંભળી વેપારી રાજી થઈ બોલી ઊઠયો, 'હા, હા. એ જ મારું ઊંટ, વણઝારના પડાવમાંથી ખોવાયું છે. તમે એને જોયું છે તો કહો એ ક્યાં છે?' દરવેશ બોલ્યો, 'ભાઈ, એ અત્યારે કયાં છે એની મને કશી ખબર નથી. વળી મેં તારા ઊંટને જોયું પણ નથી. હું આવ્યો એ દિશા તરફ એ ગયું છે, એટલું હું કહી શકું.' પોતાના ખોવાએલા ઊંટનું ને એના પર લાદેલા માલ સુદ્ધાંનું સાચું વર્ણન આપ્યા પછી યે ઊંટને નહિ જોયાનું કહેનાર દરવેશ પર એણે ફરિયાદ માંડી. કાજીએ એને પૂછ્યું કે, 'જો તમે ઊંટને જોયું જ નથી તો એનું સાચુ વર્ણન કઈ રીતે આપી શકો?'

જવાબમાં દરવેશે કહ્યું, 'નામદાર, એ તો મારો અંદાજ છે. માર્ગમાં રેતીમાં મેં ઊંટનાં પગલાં જોયાં. આડાંઅવળાં ચાલતાં એ પગલાં પરથી મેં માન્યું કે ઊંટ પર કોઈ સવાર બેઠો નહિ હોય. વળી, પગલાંની છાપ પરથી એમ પણ લાગ્યું કે એ પાછલે ડાબે પગે લંગડાતું હતું. રસ્તામાં એણે જે ઝાડઝાંખરામાં મોં ઘાલ્યાનું જણાતું હતું તેમાં બધે ડાબી બાજુનાં જ પાન વધુ ચવાએલાં હતાં એટલે મેં જાણ્યું કે એની જમણી આંખે એ દેખતું નહિ હોય. આ ઉપરાંત, એનાં પગલાંની સાથોસાથ માર્ગમાં અનાજના દાણા અને મધનાં ટીપાં પણ પડેલાં હતાં એટલે મેં માન્યું કે એની પીઠ પર એ લાદેલ હશે. અને છેવટે આ સોદાગરને કંઈ શોધતો આવતો જોયો એટલે હું સમજ્યો કે પેલું રેઢું પડેલું ઊંટ એનું જ હશે અને કદાચ નાસી ગયું હશે. આમ, ખુદ ઊંટને મેં જોયું નથી પણ માર્ગમાં જે કંઈ જોયું એના પરથી માત્ર અનુમાન તારવેલું છે.'

આવો એક પાઠ અગાઉની જૂની 'સરકારી ચોપડી'માં પ્રાથમિક શાળામાં ભણાવાતો હતો. સ્કાઉટની પણ નિરીક્ષણની ટેવ પાડવા બાબત સારી તાલીમ અપાય છે. પરંતુ આજે આવી તાલીમ કદાચ ઓછી જોવા મળે છે, પણ સામાન્ય જ્ઞાનમાં વધારો કરવા ઉપરાંત અન્ય ઘણી યે બાબતમાં એ એટલી જ અગત્ય ધરાવે છે. માત્ર ઉપલક નિરીક્ષણ પણ કેટલીક વાર કેવું કામ લાગી જાય છે એ આ લેખમાં દર્શાવ્યું છે. —સં.

ગુનાશોધન-૧૯

લેખક - પુષ્કરભાઈ ગોકાણી

આંખ તો એની સામે જે કંઈ આવે તે બધાંની છાપ ઝીલે છે, પણ એમાંથી બિનજરૂરી બાબતો બાદ કરી કામની ચીજની જ નોંધ કરવાનું કામ મન કરે છે અને મનની આ શક્તિ વિકસાવી શકાય છે. સલામતીના કોઈ પણ ક્ષેત્રમાં આ નિરીક્ષણશક્તિ એક કવચ બરાબર બની રહે છે. ગુનાશોધનમાં પણ એ એવો જ ભાગ ભજવે છે.

નરોત્તમ શેઠ ગુજરી ગયા. પૈસે-ટકે બહુ સુખી એ શેઠ એકાકી જીવન ગાળતા હતા અને કોઈના યે ઉપર ભરોસો મૂકતાં ગભરાતા એટલે લેણદેણ ને પૈસાટકાનો પોતાનો બધો જ હિસાબ-વહેવાર જાતે જ સંભાળતા. એમની તિજોરીમાં શું હશે એ કોઈ જાણતું નહિ.

શેઠ મૃત્યુ પામ્યા એટલે તેના ભત્રીજા ઉત્તમચંદે કોર્ટને અરજી કરી તિજોરીને સીલ મરાવ્યાં, જેથી તેમાં કોઈ ગોલમાલ ન કરી શકે. છેલ્લા દિવસોમાં શેઠની સેવામાં તેની પુત્રી અને જમાઈ ત્યાં જ રહેતાં હોઈ કદાચ શેઠની મિલકત ખાઈ જાય એવી શંકા ઉત્તમચંદને હતી અને એટલે તે રોજ શેઠ પાસે આવતો અને અલકમલકની વાતો કરતો કલાકો સુધી શેઠના કમરામાં બેઠો રહેતો. આખરે થોડા દિવસે પંચ રૂબરૂ તિજોરી ઉઘાડવામાં આવી. શેઠનું બે પાનાંનું વિલ તેમાંથી નીકળ્યું. શેઠે તે મિલકતમાંથી દશ હજાર રૂપિયા પોતાની પુત્રીને આપ્યા હતા અને તે સિવાય બાકીનું બધું પોતાના ભત્રીજા ઉત્તમચંદને આપ્યું હતું. વિલની બધી વિગત ટાઈપ કરી નીચે શેઠે સહી કરી હતી. શેઠની આ વ્યવસ્થાથી સૌને આશ્ચર્ય થયું. સૌ જાણતા હતા કે શેઠને પોતાની પુત્રી ઉપર અસાધારણ પ્રેમ હતો. એને કારણે તો શેઠે બીજું લગ્ન કર્યું ન હતું. શેઠના જમાઈ વિનયકાન્તને આ બાબતમાં શંકા બેઠી. એમણે તુરત પોતાના વકીલ મિત્ર ગણાત્રાને બોલાવી લીધા. ગણાત્રાએ વિલ વગેરે જોયું અને પછી વિનયકાન્તને પોલીસને તથા ફોટોગ્રાફરને બોલાવી લેવાની સૂચના આપી.

સુંદરલાલ ઇન્સ્પેક્ટર બાહોશ ગણાતા. તેમને પંચ રૂબરૂ ગણાત્રાએ જણાવ્યું કે, 'આ વિલ ખોટું છે અને જે છે તે રીતે તેનો કબજો આપ સૌની પહોંચ મેળવી લઈ લો.' આ સાંભળી બધા સ્તબ્ધ બની જોઈ રહ્યા. દરમિયાન ગણાત્રાએ તે વિલના જુદીજુદી રીતે ફોટા લેવરાવી લીધા. ઉત્તમચંદ ઉશ્કેરાઈ ગયો ને આ બધી ધમાલનો ખુલાસો માગવા માંડ્યો એટલે વકીલ સાહેબે જવાબ આપ્યો, 'મારા મિત્ર અને હું જાણીએ છીએ કે શેઠ જમણે હાથે જ લખતા તથા સઘળું કામ પણ એ જ હાથે કરતા. આ વિલના બે કાગળ જોડવા લગાડેલ ટાંકણીની અણી ઉપર છે તથા માથું નીચે છે. તેથી સાબિત થાય છે કે વિલને ટાંકણી કોઈ બીજા માણસે લગાડી છે. વળી નિરીક્ષણ કરશો તો જણાશે કે વિલનાં બન્ને પાનાં ઉપર કરવામાં આવેલ ટાઈપના લખાણનું લઢણ જુદું છે. આગલું પાનું બે આંગળીએ ટાઈપ કરનારે છાપ્યું લાગે છે જ્યારે બીજું પાનું કોઈ ટેવાએલા હાથે 'ટચ મેથડ'થી છાપ્યું છે. પ્રથમ કાગળમાં ઘણા અક્ષરો વધારે કાળા છે, જ્યારે બીજા કાગળમાં તે એકસરખા સામાન્ય કાળાશ પડતા છે. શેઠને એક વખત કંઈક ટાઈપ કરતાં મેં જોયા હતા. તેઓ બે આંગળીઓથી ટાઈપ કરતા હતા. પોતાના કામમાં કોઇનો ભરોસો ન પડવાથી તો તેમણે ધંધાદારી ટાઈપ કરનાર રોક્યો જ ન હતો. વળી બંને કાગળ ટાઈપ કરવામાં ટાઈપરાઈટરો પણ જુદાંજુદાં વપરાયાં છે. માણસનાં આંગળાંની છાપ અને હસ્તાક્ષર માફક દરેકેદરેક ટાઈપરાઈટરના ટાઇપોમાં પણ ફરક હોય છે.'

ગણાત્રાએ આગળ ચલાવ્યું : 'હા, બીજા કાગળમાં સહી ખુદ નરોત્તમ શેઠની જ છે એ ખરું, પણ તે કદાચ બળજબરીથી કરાવવામાં આવી હશે. કારણ સહી કરતાં શેઠની કલમ ધ્રુજેલી હોય તેમ પણ જણાય છે. આ વિલથી વધુમાં વધુ લાભ ઉત્તમચંદને મળે છે. શેઠથી પરિચિત આ સૌ કોઈ એ જાણીને આશ્ચર્ય પામે છે એ પરથી લાગે છે કે આવું ગેરકાયદે દબાણ કદાચ ઉત્તમચંદે પણ કર્યું હોય.'

છેવટે વાત સાચી નીકળી. ઉત્તમચંદ ટાઈપરાઇટિંગ જાણતો હતો તથા તેણે તાજેતરમાં એક ટાઈપરાઈટર ખરીદ્યું પણ હતું. વધુ તપાસમાં જણાઈ આવ્યું કે શેઠને પિસ્તોલની અણીએ સહી કરવી પડી હતી ને સહી કરાવ્યા પછી ઉત્તમચંદે જ શેઠને ગુંગળાવીને મારી નાખ્યા હતા.

આ કિસ્સા ઉપરથી નિરીક્ષણશક્તિનું મૂલ્ય સમજી શકાય છે.

ગુનાશોધન તો નિરીક્ષણશક્તિ પર જ રચાએલું છે. ગુનેગારનાં પગલાંની છાપ, ગુનાના સ્થળેથી મળી આવતા મુદ્દા, ખૂણેખાંચરે ભરાઈ ગએલો કપડાનો તાંતણો કે વાળ વગેરે અનેકવિધ ઝીણી બાબતે નિરીક્ષણશક્તિ કેળવ્યા વિના નજરે નથી ચડતી.

કલાવાર્તા

કાત્સુશિકા હોકુસાઈ

જાપાની ચિત્રકળાના પ્રવાહોમાં 'ઉકિયો-યે' શૈલીનો મોટો પ્રભાવ ને પ્રસાર રહ્યો છે.



બહુધા ગ્રંથચિત્રો તરીકે જ એનો વિકાસ થયો હોઈ રંગીન વૂડકટની કળાને આ ચિત્ર-પ્રકારથી ઘણું પ્રોત્સાહન મળ્યું, ને પરિણામે રોજિંદા જીવનની સુંદર પળોને ચિત્રિત કરતાં આવાં ચિત્રોનો મબલખ ફાલ ઊતરતો થતાં જનસામાન્યને પણ એ પ્રાપ્ય બન્યાં એટલું જ નહિ, પણ એ કાળે પશ્ચિમ સાથે નવા બંધાએલા વ્યાપારી સબંધો પછી જાપાનથી જે કિંમતી માલ પશ્ચિમના બજારોમાં વેચાવા જતો તેને વીંટાળેલા કાગળો પર પણ આવી કલાકૃતિઓની છાપ જોવા મળવા લાગી. આ અંકમાં જ જેનું એક સુંદર ચિત્ર પ્રકટ થયું છે એ કલાકાર બ્હિસલરનું આ ચિત્રો તરફ સવિશેષ ધ્યાન દોરાયું, અને એમ કહી શકાય કે પૂર્વની આ કળાશૈલી પ્રમાણી શકનાર કદાચ એ જ પ્રથમ પશ્ચિમી કલાકાર હતો.

ઉકિયો-યે ચિત્રોના આલેખનમાં હોકુસાઈ કાત્સુશિકા સૌને મોખરે હતો. જાપાનમાં જ નહિ, પણ પોતાની સંખ્યાબંધ કૃતિઓ દ્વારા એ પશ્ચિમના કલાજગતમાં પણ જાણીતો બની શકેલો. કાવ્યો, કથાનકો, ઇતિહાસ વગેરે પ્રકારનાં પુસ્તકોમાં આ ચિત્રોનો બહુ બહોળો વિસ્તાર થયો હતો. એકલા હોકુસાઈએ જ બસો ઉપરાંત ગ્રંથોમાં લગભગ ૩૫૦૦૦ જેટલાં ચિત્રો અને એમાંના મોટા ભાગનાં બહુરંગી વૂડકટ કોર્યાં હતાં. વળી, 'માંગ્વા' નામે પંદર ભાગમાં વિસ્તરેલા એના પોતાના ચિત્રસંગ્રહમાં પણ એણે આલેખેલાં અનેકવિધ પ્રકારનાં ચિત્રો સંઘરાયાં છે. જાપાનીઓના પૂજ્ય ગિરિશિખર ફ્યૂજીઆમાને જ એણે વિવિધ દૃષ્ટિકોણથી સેંકડો ચિત્રોનીહારમાળામાં આલેખ્યો છે. નદી-ઝરણાં પરના પુલોને પણ એણે આ જ રીતે અનેકવિધતાથી ચીતર્યા છે. સારસ પંખીનાં એણે કરેલાં ચિત્રો જેવી નજાકત તો કદાચ એ કાળનો અન્ય કોઈ જાપાની ચિત્રકાર દાખવી શક્યો નથી. ચિત્રાલેખન અને એનાં વૂડકટ કોરવા સિવાય એના જીવનમાં જાણે અન્ય પ્રવૃત્તિ જ નહોતી.





ચોખાના એક દાણા પર ઊડતાં ચકલાંને એણે અણિશુદ્ધ ચોક્કસાઈથી એટલાં તો સૂક્ષ્મ કદનાં આલેખ્યાં છે કે એ જોવા માટે બહિર્ગોળ દગકાચનો ઉપયોગ કરવો પડે છે, જ્યારે બીજી બાજુ આખો ઘોડો પસાર થઈ જાય એટલી જેની મોંફાડ જ બને એવડા

(અનુસંધાન પૃષ્ઠ ૪૦૪)

જાપાની કલાકારો પોતાનાં ચિત્રો ઉપર સહીને બદલે પોતાના નામાક્ષરની સુશોભિત આકૃતિ અથવા કોઈ પ્રતીક ચિત્રના શોભનરૂપની મુદ્રા (સીલ) છાપે છે. આ લેખના આરંભમાં હોકુસાઈની એવી એક મુદ્રા: જેમાં જાપાનના પર્વત ફ્યૂજીઆમા તથા નીચે પાણી શોભનરૂપમાં દર્શાવ્યાં છે; ઉપર: હોકુસાઈએ પોતે કરેલું પોતાનું રેખાંકન; ડાબીબાજુ: વાર્તાચિત્ર વરસાદનાં ઝાપટાંથી બચવા એક જ છત્રી હેઠળ લપાતાં બે પાત્રો ને માથે કપડું ઢાંકી બચવા મથતા ત્રીજા પાત્રનાં સંકોડાતાં શરીર ને એમનાં પગલાંમાંની ત્વરા કેટલી સાદગીભરી સચોટતાથી હોકુસાઇએ સિદ્ધ કરી બતાવી છે!



માછલી અને દરિયાઈ વનસ્પતિ એકઠી કરવા ડૂબકી મારતા માછીમારો



બજાણિયાના ખેલ સમયની અંગભંગિઓ

અનેકવિધ ચિત્રોથી ભરપૂર હોકુસાઈની ચિત્રપોથી 'માંગ્વા'નાં ચાર પાનાં

વિવિધ મહોરાં




ઘોડા અને ઘોડેસવારનાં નાનાવિધ દર્શન








'સો પ્રેતકથાઓ' માટેનાં હોકુસાઈનાં વૂડકટ એની આલેખન-શક્તિ, રંગમિલાવટ અને લાકડાની કોતરણી પરની એની સિદ્ધિનાં દ્યોતક ગણાય છે. ઉપર આપેલાં એમાંનાં બંને ચિત્રોમાં ભૂતસૃષ્ટિ ખડી કરી છે. સાપના મરકાટવાળા ચિત્રમાંનો સ્વસ્તિક નાઝીઓના પ્રતીકનો પુરોગામી લાગે છે! આની સરખામણીમાં નીચેનું 'ધોળા પક્ષી દૈત્ય સામે યુદ્ધ ખેલતા યોદ્ધા'નું ચિત્ર કદાચ ઠઠ્ઠાચિત્ર જેવું લાગે, છતાં ભારે વસ્ત્રોમાં પણ એ શસ્ત્રસજ્જ યોદ્ધાનો જુસ્સો તદ્દન સ્પષ્ટ દેખાઈ આવે છે. 'ઓહોન સાકીગાકી' નામે વીરકથાઓના એક વાર્તાસંગ્રહમાંનું આ ચિત્ર છે.





ડાબી બાજુ: તીતીઘોડો



યોદ્ધાને પાણી પાતી યુવતી

'સુરીમોનો' એટલે અભિનંદન કે આમંત્રણ મોકલવા માટેનાં આજનાં 'ફોલ્ડર' જેવાં પત્રો. ચિત્રકાર એના પહેલા પાના પર કંઈ પણ ચિત્ર બનાવી (અંદર લખાણ માટે કોરાં રાખેલાં પત્રો) વેચે છે. ઉપર હોકુસાઈએ ચીતરેલાં બે 'સુરીમોનો' આપ્યાં છે. હોકુસાઈનું વિષય અને શૈલીનું વૈવિધ્ય આશ્ચર્યમુગ્ધ કરે છે. નીચે: તોકાઈડોનું એક દશ્ય. દશ્યની વિશાળતાની સાદગીભરી રજૂઆત અને ઘોડાની છટા હોકુસાઈની આલેખનશક્તિ દર્શાવે છે. સારસનાં ચિત્રો દોરવામાં તો કદાચ હોકુસાઈ સર્વોપરિ હતો. એનો એક નમૂનો 'ફ્યૂજી અને સારસ'.



ડાબી બાજુ: તોકાઇડોનું એક દશ્ય



ફ્યૂજી અને સારસ

અનુસંધાન] **હોકુસાઈ** [પૃ. ૪૦૦થી
વિશાળ કદનાં પાત્રો પણ એણે ચીતર્યાં છે. પીંછી હાથ ન ચડે તો એ હાથનાં આંગળાંથી ચીતરતો! દાંત ખોતરવાની સળી, ઇંડાનું કોચલું, બાટલીનો કાચ કે ચીંથરું જે હાથ ચડે એનાથી એ કંઈ ને કંઈ કલાસૃષ્ટિ આલેખી શકતો. ચિત્રને નીચેથી, બાજુથી કે ઉપરથી ગમે ત્યાંથી આરંભીને પણ ચીતરતો. ડાબે કે જમણે હાથે ચીતરવામાં એને કંઈ મુશ્કેલી નહોતી.

કહે છે કે ચિત્રાલેખનની હોકુસાઈની આવી અજબ ફાવટની ખ્યાતિથી આકર્ષાઈ શોગુન તોકુગાવા નામે એક રાજ-અમલદાર એનું કૌશલ જોવા આવેલો અને એને ડેમ્પો-જીના મંદિરમાં બોલાવેલો. હોકુસાઈ સમજી ગએલો કે પેલાને પોતાની કલામાં નહિ પણ આલેખન-કૌશલમાં જ રસ હતો; એટલે એણે ત્યાં જ મંદિરનો એક કાગળ મઢેલો દરવાજો ખેંચી કાઢી, એને ભોંય પર સુવાડી દીધો અને એની સફેદ સપાટી પર આસમાની રંગથી પાણીનાં મોજાં ચીતરી કાઢચાં! પછી એક કૂકડાને પકડી એના પગ લાલ રંગમાં ઝબોળી પેલા પાણીના આલેખન પર છૂટો મૂકી દીધો. ચોમેર માણસોથી ઘેરાએલો કૂકડો ગભરાટમાં એ આલેખનપર આડોઅવળો દોડચો ને એના પગની છાપ પડી ગઈ. હોકુસાઈ નમન કરીને બોલ્યો કે, 'લ્યો નામદાર, પાનખર ઋતુમાં તાત્સુતા નદીનું આ એક દૃશ્ય છે.' કૂકડાના પગની છાપને દર્શકોએ પાણી પર ખરેલાં પાન તરીકે સ્વીકારી લીધી!

હોકુસાઈ કાત્સુશિકા એ તો એણે પાછળથી ચિત્રકાર તરીકે સ્વીકારેલું નામ હતું. એનું બાળપણનું નામ તો હતું તોકીતારો. તાત્સુઓ નામે એક પુસ્તક બાંધનારને ત્યાં તે કામે ચડ્યો; સોરી નામથી એણે ચિત્રાલેખનનો આરંભ કર્યો; અને પછી અનેક નામ બદલતા જઈ એણે 'કાત્સુશિકા હોકુસાઇ' નામે જે કામ કર્યું છે એમાં એ કદાચ સૌથી વધુ વિખ્યાતિ પામ્યો છે. કાત્સુશિકા એ એના જન્મપ્રદેશનું નામ છે; હોકુસાઈ એટલે ઉત્તર તરફનો ચિત્રકાર. જોકે એને પોતાને 'ઓવાકયોજી હોકુસાઈ' તરીકે ઓળખાવું કદાચ વધુ પ્રિય હતું. એ નામનો પૂરો અર્થ છે 'આલેખન પાછળ ગાંડો માણસ' અથવા ક્વચિત 'ચંદ્રના આધિપત્યવાળો માણસ' એવો પણ અર્થ એમાંથી ઘટાવવામાં આવે છે.

હોકુસાઈની આલેખનામાં પશ્ચિમની દૃશ્ય ચિત્રકળાની અસર પણ હતી યુરોપ સાથેના સંબંધોને કારણે એ એના પરિચયમાં આવેલો.



'ગુલદાવદીનાં ફૂલ' હોકુસાઈનું એક સુંદર બહુરંગી વૂડકટ. નીચે: હોકુસાઈએ ખાસ ફ્યૂજી પર્વતને લક્ષમાં રાખીને કરેલાં સંખ્યાતીત ચિત્રોમાંનું એક 'પેઈગીરીમાં પવનનો સુસવાટો' પશ્ચિમનાં દૃશ્ય ચિત્રોની હોકુસાઇ પર પડેલી છાપની અસર એમાં જણાવા છતાં જે સાદગીથી એણે એની સચોટ રજૂઆત કરી છે એ સિદ્ધિ તો એની આગવી છે.

ચીનાઈ મિન્ગ શૈલીની છાપ પણ એની ચિત્રણામાં જોવા મળે છે, અને એટલે આવી મિશ્ર અસરવાળી એની આગવી પરિપાટી 'હોકુસાઈ-યુ'ના ખાસ નામે પણ ઓળખાય છે.

વૂડકટના પ્રમાણમાં એનાં ચીતરેલાં ચિત્રો ઓછી સંખ્યામાં મળે છે. વૂડકટ પર તો એની આજીવિકા હતી. પોતાની એ કળાથી એ ચોતરફ ખ્યાત હતો. કમાણી પણ એને સારી હતી. ઓસાકામાં એનું બહુમાન પણ થએલું. છતાં શિષ્યોની કોઈ પરંપરા એની પાછળ સર્જાઈ નથી, કે નથી એ સુખમાં જીવી શક્યો. સામાજિક શિષ્ટાચારોની પિંજણ એને ગમતી નહિ. જાપાનીઓમાં તો અસામાન્ય ગણાય એમ એ પોતાના ઘર કે જાતને યે સ્વચ્છ રાખવા પ્રત્યે બેતમા રહેતો. સ્વભાવ પણ એકાંતપ્રિય ને કંઈક અતડો, તેથી તથા એની ચિત્રશૈલી બીજાને ઝટ હાથ ન ચડી શકે એવી હોઈ કદાચ એનો કલાવારસો કોઈ ઝીલી શક્યું નથી.

જીવનભર એ ચીતરતો રહ્યો, છતાં ગરીબાઈ અને ખેંચમાં જ એના દિવસો વીત્યા હતા.





'મત્સ્યારૂઢ દેવી' હોકુસાઈના ચિત્રપોથીનું એક ચિત્ર. પાણીમાં માર્ગ કરતી માછલીના વિન્યાસ સાથે દેવી તથા જળની રેખાઓથી રચાતું સુભગ ચિત્રસંયોજન. નીચે : હોકુસાઈની સહી.

એની શક્તિઓ જોતાં આમ કેમ બન્યું હશે એ રહસ્યમય લાગે છે. કેટલાક માને છે કે એનો અભિમાની ને હઠીલો સ્વભાવ એનું કારણ હતો. બીજો મત એવો છે કે એ પોતાના દૌહિત્ર પાછળ ખુવાર થઈ ગયો હતો. પોતાના પ્રથમ લગ્નથી થએલી પુત્રી ઓમિયોનો એ પુત્ર તદ્દન નપાવટ નીવડ્યો. એણે કરેલાં દેવાં ભરવામાં હોકુસાઈ એટલી ખરાબ સ્થિતિએ પહોંચ્યો હતો કે એને ઉરાગા ચાલ્યા જવું પડ્યું હતું. સ્થળાંતરો તો એણે અનેક વાર કર્યા છે. એ બધાં લેણદારોથી બચવા માટેનાં જ હતાં કે નહિ એ નિશ્ચિત નથી. પોતાના નામના પચાસેક ફેરફાર પણ, કહે છે કે, આ કારણે જ એણે કરેલાં, પણ આ કથનને કોઈ સ્પષ્ટ આધાર નથી.

前北斎画狂老人

બીજા લગ્નથી પણ એને ઓયેઈ નામે એક પુત્રી હતી. નાનચાકા તામેઈ નામે એક ચિત્રકારની એ લ્યકતા પોતે પણ ચિત્રકાર હતી અને હોકુસાઈના મત પ્રમાણે તે સુંદર સ્ત્રીઓ ચીતરવામાં પિતાથી યે ચડી જતી. હોકુસાઈને આ પુત્રીએ જ સાચવ્યો હતો.

ઈ. ૧૮૪૯ના ૧૩મી એપ્રિલે (કે જાપાનના ચાંદ્ર વર્ષની ગણતરી મુજબ ૧૦મી મેએ) હોકુસાઈનું અવસાન થયું.

અનેક વિટંબણાઓ અને છેલ્લે તો કંઈક ઉપેક્ષાઓ વચ્ચે પણ એણે પોતાની કલમ થંભાવી નહોતી, કે ન તો પોતાની ટીખળ વૃત્તિ ગુમાવી હતી. અંતિમ વર્ષમાં એક મિત્રને એણે લખેલું કે, 'પરલોકનો દેવ ઈમા હવે બુઢ્ઢો થયો હોઈ નિવૃત્ત થવાની તૈયારીમાં છે, એટલે પોતાને માટે એણે એક મજાનું નાનું ઘર બાંધ્યું છે. મને એને માટે ખાકીમોનો ચીતરવા ને એ ઘર શણગારવા બોલાવ્યો છે. થોડા દિવસોમાં મારે જવું પડશે. હું મારાં બધાં ચિત્રો પણ સાથે લઈ જઈશ. ત્યાંના રાજમાર્ગને નાકે હું એક ઘર ભાડે રાખી રહીશ. તમે જ્યારે એ માર્ગ પરથી પસાર થશો ત્યારે મારા એ ઘરમાં તમારું સ્વાગત કરતાં મને ઘણો આનંદ થશે.'

જૂના યેદોના સાઈકયો-જી મંદિરમાં હોકુસાઈની સમાધિ છે. એના પર લખેલું છે: 'મન્જીની સમાધિ—જે ચીતરવા પાછળ પાગલ હતો'—'ગ્વાકયો જી મંજી નો હાકા.'

ચૂનીલાલ નાયક

રંગભૂમિ પર એકાવન વર્ષની સુદીર્ઘ કારકિર્દી ધરાવતા અદાકાર ચૂનીલાલ નાયકે



'વડીલોના વાંકે' નામના ખ્યાત નાટકની ૪૫૯મી નાઈટમાં 'કીર્તિકુમાર' તરીકેનું પાત્ર છેલ્લી વાર ભજવીને ગઈ તા. ૨૯મી સપ્ટેમ્બરે તખ્તા પરથી નિવૃત્તિ લીધી. ચલચિત્રના રસિયા સમજી શકે એ કરતાં યે વધુ ચાહના વીતેલા જમાનાની રંગભૂમિ અને એના અદાકારોએ પોતાના પ્રેક્ષકો પાસેથી મેળવી હતી. આવા લોકપ્રિય કલાકારોમાંના એક શ્રી ચૂનીલાલે અત્યાર સુધીમાં પાંચસોથી વધુ નાટકોના આઠેક હજાર પ્રયોગોમાં અભિનય આપી જે લોકપ્રેમ સાધ્યો હતો એ વ્યક્ત કરવા એમના આ આખરી અભિનય પ્રસંગે મુંબાઈમાં એમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

નાટ્યક્ષેત્રે મોટી દેણગી આપનાર નાયક કોમમાં વિરલ એવા કરિયાણાના વેપારમાં પડેલા પિતાના છત્રમાં અમદાવાદમાં ઈ. ૧૯૦૩ માં ૨૩મી સપ્ટેમ્બરે જન્મી, થોડુંઘણું ભણી, ચૂનીલાલે અગિયાર વર્ષની વયે ઘર છોડી નાટકનો માર્ગ લીધો. કુંવરીના પાઠથી આરંભ કરી, લગભગ નવેક અગ્રગણ્ય નાટ્યસંસ્થાઓમાં રહી એમણે 'વડીલોના વાંકે', 'સંપત્તિ માટે', 'સમય સાથે', 'શંભૂમેળો', 'સર્વોદય', 'સ્નેહમંદિર' ને 'વિમળજ્યોતિ' જેવાં ખ્યાત નાટકોમાં યાદગાર ભૂમિકાઓ ભજવી ઊંડી લોકચાહના મેળવી હતી. ખલનાયકની ભૂમિકા એમની વિશેષતા હતી.

અતીતનાં પુષ્પો

ધનસુખલાલ કૃ. મહેતા



સ્કેચ : રવિશંકર રાવળ

જીવનમાં જેટલી વાર માંદા રહીને તેથી વધારે વાર (એમના પોતાના જ શબ્દોમાં) આળસુ રહીને ઉમરની પોણી સદી વટાવી ગએલા શ્રી ધનસુખલાલ મહેતાને આજની પેઢી 'અમે બધાં'ના સહલેખક તરીકે હાસ્યકાર લેખતી થઈ તે પૂર્વેના એ હાસ્યલેખનના જૂના જોગી છે; અને જેરોમ કે. જેરોમ જેવા અનેક અંગ્રેજ હાસ્યલેખકોનાં લખાણે એમને એ ક્ષેત્ર તરફ વાળ્યા તે પહેલાં તે અંગ્રેજી નવલિકાઓથી આકર્ષાઈ ગુજરાતીમાં ટૂંકી-વાર્તાઓ લખતા. હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા આ પત્રના તંત્રીને એમણે મોતીના દાણા જેવા અક્ષરે પોતાના માસિકના લવાજમની પહોંચ લખેલી ત્યારના એ તંત્રી પણ થઈ ચૂક્યા છે.

જેટલા પોતાની આળસથી તેથી વિશેષ ખોરાક-પોશાક અને રાહોરસમથી માંડી નાનાવિધ પોતાના શૉખને કારણે અંગત મિત્રોમાં 'નવાબ'ના નામે ઓળખાતા, મિત્રોના વહાલસોયા 'ધત્તુભાઇ'ની એ નવાબીનું મૂળ એમની ઊંચી રસવૃત્તિમાં રહ્યુ છે, અને તેથી જ વિવિધ લલિત કલાઓના એ ભાવક ને વિવેચક છે. ૨૨ વર્ષ પર લખેલી આત્મકથા 'આથમતે અજવાળે'માં ન સમાયાં કે ઊભરાઈ ગયાં એવાં પોતાનાં અનેક સ્મરણોનો ખજાનો એ થોડા વખત થયાં 'મુકાની', 'સમર્પણ', 'નવનીત' સામયિકોમાં લખતા હતા, તે હવે 'કુમાર'માં શરૂ થાય છે. 'નવાબ'ને માફ કરી શકાય એવા અહમ્ સાથે, પોતાના લાંબા જીવનકાળમાં જાણેલી અને માણેલી વિવિધ વ્યક્તિઓ અને હકીકતોનાં રસળતી શૈલીએ લખાતાં એમનાં એ સ્મરણોમાં વાતડાહ્યા ધનસુખભાઈના કથનરસ સાથે એ જમાનાનું દસ્તાવેજી ચિત્ર પણ ઊપસતું જણાશે.



દેવિકા રાણી

જેમ કાઠિયાવાડી છતાં કાઠિયાવાડીની લાક્ષણિક ચીવટાઈ, આગળ વધવાની આકાંક્ષા વગેરે સારા ગુણને બદલે મને મારા વતન સૂરતની લાક્ષણિક આલસ્યવૃત્તિ મળી લાગે છે. અલબત્ત, નાનપણથી જ હું માંદો, એને લઈને હું ગ્રૅડ્યુએટ ન થઈ શક્યો, પરદેશ જઈ ન શક્યો, રમતગમતમાં ભાગ ન લઈ શક્યો એ બધું ખરું; છતાં આળસ મારામાં આટલું બધું ન હોત, આગળ વધવાની આકાંક્ષા થોડા પ્રમાણમાં પણ હોત અને પૈસા કમાવાની—પછી ભલે કમાઈને મોજ-શૉખમાં જ વાપરત—વૃત્તિ વધારે હોત, તો મેં સાહિત્યમાં જે કંઈ કર્યું છે તે કરતાં ઘણું વધારે કરી શક્યો હોત, નોકરીમાં સહેલાઇથી આગળ જઈ શક્યો હોત ને વૃદ્ધાવસ્થામાં જે જાતના આરામ ભોગવવાની ઇચ્છા હતી તે ભોગવી શક્યો હોત. પણ એ હોત હવે શા કામનું?

હું સ્વભાવે કદાચ કંજુસ પણ કહેવાઈ શકું. ચાર આના ખરચવાના હોય તો હું વિચાર કરવા બેસું. પણ હજાર બે હજાર જતા કરવા હોય તો આસાનીથી તેમ કરું. જે કામ સારી રીતે કરી શકું તેમ હોઉં તે કામ મને કોઈ સોંપે અને સાથે ઉમેરે કે આમાં પાંચ પૈસા તમે કમાશો, તો તરત જ મને તે કામ પ્રત્યે કંટાળો આવે. 'મારી તબિયત ચાલે નહિ, અને હું તે ક્યાં આવાં કામ કરવા બેસું?' વગેરે અનેક વિચારો આવે. પણ જો કોઈ આવીને મને કશુંક કામ ફરમાવે અને સાથે સાફ સંભળાવી દે કે, 'ભાઈ રે, આમાં દોઢિયું એક કમાવાનું નથી!' તો મને તે કામ કરવામાં અમુક પ્રકારનો પોરસ ચડે.

વિચાર કરતાં લાગે છે કે આવી વિચિત્ર પ્રકૃતિવાળા માણસો સારા પ્રમાણમાં જોવા મળે છે! મારા જ એક પરમ સ્નેહી બરાબર આવી પ્રકૃતિના છે. કદાચ મારા કરતાં પણ બે વેંત વધી જાય. 'મુફત કે લાલિયા ઘસ બે ચંદન' હોય તો એમને કામ કરવામાં અનેરી મોજ આવે છે, પણ જો કમાવાનું હોય તો એમનું મોં પડી જાય છે: 'અરે ભાઈ, રહેવા દ્યોને! ઝેર ખાવાની ફુરસદ નથી, તેમાં વળી આ નવો બોજો ક્યાં ઉપાડું?' કહેવાની જરૂર છે ખરી, કે હું ને મારા એ પરમ સ્નેહી બંને 'ધનિક' નથી. પણ આ બધું લખ્યું એ મારે તો એકાદ બે દાખલા આપવા છે તેથી.

વર્ષો પહેલાંની વાત: હિમાંશુ રાય અને દેવિકા રાણીની 'બૉમ્બે ફિલ્મ કંપની'. તેમાં સંગીત ડિરેક્ટર તરીકે એક બહેન કામ કરે. અમે બંને એકમેકને ઓળખીએ. એ કંપનીમાં એક ફિલ્મનું શૂટિંગ ચાલે. તે વખતે ફિલ્મમાં નૃત્યો નહોતાં; પણ નૃત્યને બદલે ગરબા રખાતા. ગરબા પણ સમૂહ-નૃત્ય ગણાતા ને?!

પેલાં બહેને એક નાટક કંપનીના નાટકમાંથી ગરબો ઉપાડ્યો. માલિકની રજા લેવાની એમને જરૂર જણાઈ નહિ. ગરબાની તાલીમ

શરૂ થઈ. એ કામ લગભગ પૂરું થવા આવ્યું એવામાં કોઈક યુવતીને ફિલ્મવાળા જોડે તકરાર થઈ. પોતાના વગવાળી પાંચસાત બહેનોને લઇને તે ચાલી ગઈ. સંગીત ડિરેક્ટર બહેન મૂંઝાઈ ગઈ અને મારી પાસે આવી. મેં ખૂટતી યુવતીઓ મેળવી આપી, પાછું રીહર્સલ શરૂ થયું.

શૂટિંગને બે દિવસ બાકી રહ્યા. કોઇએ પેલી નાટક કંપનીને ચાડી ખાધી. નાટકવાળાએ ફરિયાદ કરવાની ધમકી આપી. આમે ય તે વેળા 'બૉમ્બે ફિલ્મ કંપની' આફતમાં આવી પડી હતી. તેમણે બે પારસી યુવતીઓને અભિનેત્રી તરીકે રાખેલી તેની વિરુદ્ધ સખત આંદોલન ચાલી રહ્યું હતું. તેમાં આ આવ્યું. હિમાંશુ રાયે પેલાં બહેનને બોલાવીને કહી દીધું કે આનો ફડચો તું, કાંઈ પણ નવો ખર્ચ કર્યા વિના, ચોવીસ કલાકમાં નહિ લાવે તો તારી નોકરી જોખમમાં છે!

એ તો ગભરાઈ ગઈ. પણ એવામાં એને આ લખનાર સાંભરી આવ્યો. એણે આવીને મને બધી હકીકત કહી. જ્યારેજ્યારે કાંઈક કામ કરી જશ ખાટવાનો હોય (પૈસાનો તો સવાલ હોય જ નહિ) ત્યારે ત્યારે હું માંદો જ હોઉં. આ વખતે પણ હું તાવ અને ઉધરસથી ખાટલે પડયો હતો. જો હાથમાં વખત હોત તો તો ભાનુશંકર વ્યાસ, ચન્દ્રવદન મહેતા, રમણ વકીલ વગેરે ઘણા કવિઓ મારા ગજવામાં હતા. તેમનામાંથી એકાદ પાસે હું નવો ગરબો તૈયાર કરાવી શકત, પણ હવે તો માત્ર છત્રીસેક કલાક બાકી હતા!

મારી પાસે એ વહેલી સવારે આવેલી. મેં એને કહ્યું કે હવે જો નવો જ ગરબો તૈયાર કરવો છે તો પછી મને તું પ્રસંગ કહે. એ પ્રસંગને યોગ્ય આપણે ગરબો તૈયાર કરીએ. પેલી બહેને પ્રસંગ તો કહ્યો, પણ સાથે એ પણ કહ્યું કે, 'ધનસુખભાઈ, આમાંથી કશું થવાનું નથી. નવો ગરબો તમે તૈયાર કરી આપો તેથી પણ મારું કામ પૂરું નહિ થાય!'

'કેમ એમ?'

'તદ્દન નવો ગરબો આટલા થોડા સમયમાં સાજિન્દાઓ પાસે મારાથી તૈયાર કરાવી શકાય નહિ. ગરબાનાં નોટેશન અને તાલ પણ જૂના ગરબા પ્રમાણે જ હોય તો હજી બને.'

'તેમ થાય, પછી છે કાંઈ?'

પેલી બહેનને સંતોષ થયો નહિ. મેં એને સમજાવીને કહ્યું કે જો આજે સાંજે પાંચ વાગ્યે આવીને ગરબો લઈ જા. એનાં તમામ નોટેશન જૂના ગરબાનાં જ હશે. તાલ પણ એ જ. પછી તારે શું જોઇએ?

'એ તે કેમ બનવાનું?' આમ બબડતી, નિરાશાથી મૂંઝાતી એ ગઈ.

જિંદગીમાં મેં કાવ્ય લખેલું નહિ. ગરબો લખેલો નહિ. એમાં આ અમુક ઢાળ અને તાલમાં, પેલા પ્રસંગને યોગ્ય ગરબો રચવાનું કામ મેં શેખાઈથી માથે લીધું હતું. પેલી અંગ્રેજીમાં કહેવત છે ને? 'મૂર્ખા ધસે જ્યાં ફિરસ્તા જતાં ડરે.'

શરીરમાં તાવ. ઉધરસ પણ આવ્યા કરે. પણ આપણે તો ચારપાંચ ગરબાસંગ્રહો કાઢયા. બેચાર શબ્દો અહીંથી, બેચાર વાક્યો તહીંથી, આમ કરીકરીને અઢીએક કલાકમાં ગરબો તૈયાર કરી નાખ્યો!

સાંજે સંગીત ડિરેક્ટર બહેન બરાબર પાંચ વાગ્યે હાજર.

મેં પેલો ગરબો ધર્યો. પેલી તો ઘા ખાઈ ગઈ! કઈ રીતે મારો આભાર માનવો એની ગડમથલ કરવા લાગી. મેં એને સમજાવીને કહ્યું કે આભારવિધિ આપણે પછી રાખશું; હમણાં તો તું તરત સ્ટુડિયોમાં પહોંચી જા. પેલી ગઈ અને કલાકમાં પાછી પણ આવી પહોંચી!

'ધનસુખભાઈ, નોટેશન તો એ જ છે, પણ તાલ તૂટે છે!'

મેં એને ફરીથી સમજણ પાડી. કેટલાક શબ્દોના ઉચ્ચાર એ ખોટા કરતી હતી એટલે તાલ તૂટતો હતો. મેં મારી પુત્રી પૂર્ણિમાને બેસાડીને તેને એ ગરબો બેત્રણ વાર સંભળાવ્યો. સંગીત ડિરેક્ટર ખુશ થઇને સ્ટુડિયોમાં ગઈ અને દેવિકા રાણીને બધી વાત તેણે કહી. દેવિકા રાણી તો મને મળવા આતુર થઈ ગઈ: 'એ તારા જીનિયસ મિત્રને મારે મળવું છે; મારો એની સાથે મેળાપ કરાવી આપ.'

પણ આપણે પણ નસીબના લીલા અને પ્રકૃતિએ ઉદાસીન. એણે ત્રણેક વાર મને કાર મોકલી બોલાવ્યો. બધી જ વખત કાંઈ ને કાંઈ અડચણ આવેલી અને હું નહિ જઈ શકયો.

એ જ દેવિકા રાણીનો એક બીજો પ્રસંગ:

બૉમ્બે ફિલ્મ કંપનીએ એક જાહેરખબર આપનાર માટે ટૂંકી કથા અને તેમાં એક ગીત એટલું તૈયાર કરવાનું માથે લીધું હતું. તેની ફિલ્મ ઉતારવાનું આ સંગીત ડિરેક્ટર પાસે આવ્યું. કંપનીના એક કવિએ ગીત લખ્યું. કથા ઉતારવા માંડી. ગીત તાલમાં બેસે નહિ. પેલા કવિથી પણ એ બેઠું નહિ. સંગીત ડિરેક્ટર મૂંઝાઈ ગઈ ને ત્રણચાર દિવસ નીકળી ગયા. અચાનક હિમાંશુ રાયે પેલી કથા તૈયાર થઈ કે નહિ એમ પૂછયું. જવાબમાં નકાર સાંભળતાં એ ગરમ થઈ ગયા. ટૂંકી ટચ કથા ઉતારવામાં અઠવાડિયું નીકળી જાય તો એમાં પછી નફો કેવી રીતે રહે? આમ કહીને એમણે આસપાસનાં બધાંને સારી પેઠે ઝાડયાં!

દેવિકા રાણીએ સંગીત ડિરેક્ટરને કહ્યું: 'અલી! તારો પેલો જીનિયસ મિત્ર બહારગામ છે?'

'ના, એ તો સાંતાક્રુઝમાં જ છે.'

'તો ભલી, જાને એની પાસે. એ તરત તૈયાર કરી આપશે. નાહકનું આ તોફાન શા માટે ચાલવા દે છે?' તે વખતે રાતના નવેક વાગેલા.

ડિરેક્ટરે કહ્યું: 'તો પછી કાલે સવારે ત્યાં જઈ આવું.'

'અરે ભલી બાઈ, તું પણ ભારે વિચિત્ર છે તો! હજી કાલ સવાર પર મુલતવી રાખવાની વાત કરે છે? અત્યારે જ જા. આવતી કાલે સવારે ગીત ઊતરી જાય અને બપોર સુધીમાં કથા પણ પૂરી થઈ જાય.'

તે વખતે વરસાદ ધોધમાર પડે. સંગીત ડિરેક્ટરે મને ફોન કર્યો. રાતના દસ થવા આવેલા. મેં એમને આવવાનું કહ્યું અને વરસાદની ઝડીમાં તે પોણા અગિયારેકે આવી પહોંચ્યાં. મેં હકીકત સાંભળી, સંગીત ડિરેક્ટર ગાય અને હાથે તાલ આપતી જાય. જ્યાંજ્યાં તાલ તૂટે ત્યાં ત્યાં હું શબ્દો ફેરવતો જાઉં. રાત્રે બાર વાગ્યે ગીત તાલમાં તૈયાર થઈ ગયું અને સંગીત ડિરેક્ટર ખુશ થતી સ્ટુડિયો પર પહોંચી ગઈ.

બીજે દિવસે સવારે, પાછી દેવિકા રાણીએ આ 'જીનિયસ' મિત્રને મળવાની ઇચ્છા પ્રદર્શિત કરી. પણ નવાબની પ્રકૃતિ હજામના જેવી! એ દેવિકા રાણીને મળ્યો જ નહિ. થોડા વખત પછી હિમાંશુ રાય ગુજરી ગયા. દેવિકા રાણી કંપની સંકેલીને દિલ્હી ગયાં અને ત્યાં થોડા સમય પછી નિકોલસ રોરિકના પુત્ર સ્વેતોસ્લાવ જોડે પરણી ગયાં.

યંગ ઇન્ડિયા ગ્રામોફોન કંપની કે કાંઈક એવા નામની કંપનીના માલેકે સરદાર વલ્લભભાઈ અને મહાત્મા ગાંધી વિષે બે ગીત રચાવેલાં, પણ પોતાને સંતોષ થાય નહિ. સરદારના ગીતમાં એમની લોખંડી પ્રકૃતિ બરાબર ઊઠે નહિ. એમણે પોતાના બે ખાસ સ્નેહીઓ પાસે જઈને એક પછી એકની મુલાકાત લીધી. તેમને ગીત વંચાવ્યાં અને તેમને સુધારી આપવાની વિનંતી કરી. કોણ જાણે શાથી, પણ એ બંને અતિ સમર્થ લેખકો હતા, કવિ હતા, છતાં કોઈ એ ખાસ ધ્યાન આપ્યું નહિ અને ગીતોનાં ખૂબ વખાણ કરી એમને વિદાય કર્યા.

અચાનક એક સભામાં એમને મારી જોડે ઓળખાણ થઈ. મને એમણે પોતાની મૂંઝવણ કહી. મેં સાફસાફ કહ્યું કે હું કવિ નથી, છતાં આવશો તો મહેનત કરીને તમારું કામ કરી આપીશ.

એ તો એક વાર આવ્યા. બીજું કામ પડતું મૂકી હું એ બે ગીત

પાછળ માંડયો અને તેમાં સુધારાવધારા કરીને તેમને સંતોષ આપ્યો.

પરિણામે મને એમણે પાંચ પાંચ મિનિટની હાસ્યપ્રધાન વાતો રચવાનું કામ સોંપ્યું અને એની પછી રેકર્ડ ઉતારવી એમ ઠર્યું. એક ડઝન રેકર્ડ અને બંને બાજુ એકેક નાની વાત, આમ ચોવીસ વાતોનો કૉન્ટ્રેક્ટ. એમણે ફી પૂછી. હું હસી પડયો: 'હવે એમાં હું ફી તો શું કહું?'

આખરે એમણે કહ્યું કે એ બાબત હું જોઈ લઈશ ત્યાં ને ત્યાં મેં પાંચ પાંચ મિનિટની ચાર કથા લખી આપી અને તે કેવી રીતે વાંચીને ઉતારવી તે વિષે પણ સમજણ આપી. એ તો ખુશ થઈ ગયા. ઘેર ગયા. ન્યુમોનિયાનો અચાનક હુમલો થયો. એમણે કંપની વેચી કાઢી અને દેશમાં ચાલ્યા ગયા. જતાંજતાં બે ડઝન રેકર્ડ—અવિનાશ, વસુમતી વગેરેની એમણે મને પેલાં બેગીત મઠાર્યાં તેના બદલામાં મોકલી આપી. પેલી નાની કથાઓ તો જન્મતાં જ મૃત્યુ પામી!

ડૉ. ઠાકરને ત્યાં જયસુખલાલભાઈ અને હું બેઠા હતા. એક વૃદ્ધ ત્યાં દવા લેવા આવ્યો. છ ફીટ ઊંચો, કદાવર, તદ્દન ધોળી ભરાવદાર દાઢીવાળો એ મુસલમાન આવીને બેઠો. ઠાકરે જયસુખભાઇ(જુઓ ચિત્ર)ને પૂછ્યું: 'આમની ઉમર કેટલી હશે?'



જયસુખભાઈ જરા ચીડાયા અને બોલ્યા: 'તમે પણ ડાક્ટર, કેવા છો? આ માણસની દાઢી તદ્દન ધોળી થઈ ગઈ છે તે એટલું પણ હું નહિ જાણી શકું કે એની વય પંચોતેર-એંશી હશે?'

ઠાકર હસ્યા અને બોલ્યા: 'જયસુખભાઈ, હું એવો મૂર્ખાઈભર્યો સવાલ પૂછું ખરો? આ ગૃહસ્થને પંચાશી વર્ષનો પુત્ર છે જે પથારીવશ છે અને એની દવા લેવા આ ગૃહસ્થ આવ્યા છે. એમનું પોતાનું વય એકસોને પંદર વર્ષનું છે!'

'શું કહો છો? ત્યારે તો એમણે ૧૮૫૭ના બળવા વખતે ભાગ લીધો હશે!' જયસુખલાલ બોલી ઊઠયા. ઠાકરે કહ્યું: 'હા, સારી રીતે. એ દિલ્હીમાં હતા અને બાદશાહના દૂરના ભાયાત હતા.'

પછી તો બધી વાત નીકળી. દિલ્હીના મહેલોમાં અત્તરનાં ફુવારા પણ એમણે માણ્યા હતા. નાનપણથી સોમલ લેવાની આદત, અને તે વધતો વધતો લગભગ પોણા-એક તોલા સુધી પહોંચેલા! રોજનું એમને વીસ શેર કે એથી પણ વધુ તો ઘી પીવા જોઈતું હતું! પણ પછી સંજોગો બદલાયા. ધીમેધીમે વ્યસન ઓછું કરવા માંડયું. હવે તો માત્ર સોમલના બેચાર લસરકા લેતા હતા. એમાં પણ એમને રોજનું શેર ઘી તો જોઈતું જ હતું! ગમે તેવો ઝેરી નાગ એમને કરડે તો નાગ ત્રણ-ચાર મિનિટમાં જ મરી જતો! બાદશાહોના વખતના મોજશોખની, જાહોજલાલીની, ઘણીઘણી વાતો એમણે કરી. પછી દવા લઇને સોટા જેવો ટટ્ટાર એ ભવ્ય આકૃતિવાળો પુરુષ ચાલ્યો ગયો! ⊘

લઘુકથા

એકલતાનો અજંપ

રસિક ઝવેરી

ન્યૂ બાર્નેટ ગોકુળિયા ગામ જેવું નાનું, યૌવનને ઇશ્કથી રંગ્યું હોય એવું રળિયામણું, અંતરને આનંદવિભોર કરતું લંડનનું એક પરું. પાંચ મહિના હું ત્યાં રહ્યો. ત્યાંની શેરીઓ સાથે, એ માર્ગો પર રમતાં તંદુરસ્તીથી તરવરતાં શિશુઓ સાથે, નાના સ્ટોરમાં ચૉકલેટ-સિગારેટ વેચતી ભૂરીભૂરી આંખોવાળી મલકયાં કરતી ખંજનિકા હૅરિયેટા સાથે, અમારું ઘરકામ કરી જતી સિત્તેર વરસની કામઢી મિસિસ બુલૉક સાથે, અમારા ઘરધણી એંશી વરસના યુવાન ડાઉનિંગ દાદા સાથે, ટયૂબ સ્ટેશને જતાં રસ્તે હારબંધ ઊભાં રહી બાઅદબ સૌનું સ્વાગત કરતાં પાઈનનાં ઊંચાં વૃક્ષોની ઘટામાંથી આવતી તેજછાયાની રમત સાથે એવી તો મહોબ્બત બંધાઈ ગઈ, એવી તો અંતરગોઠ જામી ગઈ કે એ બધું છોડતી વખતે દિલને જાણે ખાલી ચડી ગઈ!

બાર્નેટ છોડવાને આગલે દિવસે હૈયાવાતની લેવડદેવડ કરી, સૌને હળીમળી 'સિદ્દી પાર્ક' પાસે આવ્યો ત્યારે મનમાં ભાર હતો. એક નિયત બાંકડા પર મારું પરિચિત વૃદ્ધ યુગલ બેઠું હતું—ચાર વીશી વટાવી ચૂકેલાં ડોસો અને ડોસી. એ બાંકડા પર હું અનેક વાર એ દંપતી પાસે બેસતો. એમની સાથેના પહેલા પરિચયનું સ્મરણ હજી આજે યે ક્યારેક અંતરના ખૂણે સળવળી થોડી વેદના જગાડી જાય છે.

લંડન ન ગયો હોઉં એ દિવસે બાર્નેટમાં જ સાંજ પડયે લટાર મારવા નીકળું. પાર્ક પાસે રસ્તા ઉપર મૂકેલા ચોક્કસ બાંકડા પર એ વૃદ્ધ દંપતી અચૂક બેઠું હોય. જીવનનાં સુખદુ:ખનાં સરવાળા બાદબાકી જેવી કરચલીઓ મોં પર વરતાય. બંને બેઠાં હોય એકબીજાના હાથમાં હાથ પરોવીને ચૂપચાપ. અવાવરુ અતીતમાં ગરક થઈ ગયાં હોય એમ, બસ ચૂ...પ...ચા...પ! એક દિવસ મને એમની સાથે ગોષ્ઠિ કરવાનું મન થયું. પાસે જઈ મેં પૂછયું: 'તમને વાંધો ન હોય તો, હું તમારી પાસે આ બાંકડા પર બેસું; તમારી સાથે થોડી વાતો કરું?'

ઘણે વખતે કોઈ પ્રિયજન અચાનક મળી જાય અને જેવો આનંદ થાય એવા હેતથી બંનેએ મને આવકાર્યો. અમે વાતે વળગ્યાં. મારી બધી વાતો એમણે સ્વજનની જેમ પૂછવા માંડી. હું મારી દીકરીને મળવા, એની સાથે થોડો સમય રહેવા, એનો સુખી સંસાર જોવા અહીં બાર્નેટ આવ્યો છું; ભારતમાં મારું ઘર છે; મારો દીકરો, એની પત્ની, એનાં બાળકો, મારી પત્ની, મારી નાની દીકરી, અમે સૌ સાથે રહીએ છીએ; એકબીજાની હૂંફે સુખદુ:ખના ભાગ કરી વહેંચી લઈએ છીએ—એ બધી વાતવિગતો પૂછીપૂછીને એ બંનેએ રસપૂર્વક જાણી લીધી. વાતો પૂરી થઈ ત્યારે એ બંનેએ જે લાં...બો નિસાસો મૂકયો એ મારા હૈયાસોંસરવો ભોંકાઈ ગયો. મેં આત્મીયતાથી એમને એમના સંસારની વાતો પૂછી. વૃદ્ધે કહ્યું: 'મારે ચાર દીકરા અને બે દીકરી છે. મોટો દીકરો તો તારા કરતાં યે મોટો છે. દીકરાને ઘેર દીકરા અને એને ઘેર દીકરા છે. પણ અમારા જીવનની એ કરુણતા છે કે અહીં, આ દેશમાં લગ્ન થયાં કે દીકરી તો ઠીક, પણ દીકરા યે પોતાના મટી પરાયા થઈ જાય. આજે પંચાશી વરસે અમારે એકાકી જીવન પૂરું કરવાનું રહ્યું. એ શૂન્ય એકલતાનો તને ખયાલ નહિ આવે. એ એકલતા એવી તો ભયાનક છે ભાઈ, કે અમે આજે એકબીજા સાથે વાતો કરવાનું પણ લગભગ હવે તો ભૂલી ગયાં છીએ! અહીં, આ સ્વજન (અનુ. બાજુમાં)

જેવા જડ બાંકડાના વિસામે, વહી ગએલી વાતોને વાગોળતાં અમે છાનાંમાનાં, બેસી રહીએ છીએ ચૂ...પ...ચા...પ! અંધારું થશે એટલે ટગુમગુ ઘરે પહોંચી, એકલતાને નીંદમાં લપેટીને વિસામો કરશું. દીકરા, તું સુખી છે. તમારો દેશ અદ્‌ભુત છે!'

મારાં આ વૃદ્ધ મિત્રો સાથે છેલ્લી ભેટ થઈ ત્યારે એ બંને મને ઘર સુધી વળાવવા આવ્યાં. મારાં દીકરી-જમાઇને નીચે બોલાવી મળ્યાં; ભેટી પડયાં. 'ગૉડ બ્લેસ યુ, માઈ ચિલ્ડ્રન!' કહી છૂટાં પડયાં. એ વખતના નીરવ વિષાદની યાદ આજે યે અંતરમાં અજંપો વેરી જાય છે. ⊘

સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'પૈડું', 'નાયડી'

'ઊધ', 'ગાડું', 'ધૂંસરી', 'ધરી' ઉપરાંત બીજા બે શબ્દ પણ ગાડાનાં અંગના વાચક સંસ્કૃત શબ્દોમાંથી આપણને મળ્યા છે.

'પૈ', 'પૈયું', 'પૈડું'ના મૂળમાં છે—સંસ્કૃત 'પ્રધિ'. 'પ્રધિ'નો અર્થ આરાના ઉપરના છેડા જેમાં બેસાડેલા છે તે ઘેરાવો કે પૈડાનો 'પરિઘ'. 'પ્રધિ'નું પ્રાકૃત રૂપ 'પહી' થાય. નેપાળી, બિહારી, હિન્દી 'પહિયા', પંજાબી 'પહિઆ', એ આપણા 'પૈ' વગેરેના સહજન્ય શબ્દો છે. પૈડાના અમુક ભાગને બદલે શબ્દ સમગ્ર પૈડાનો વાચક બન્યો છે. પ્રાકૃતમાં 'પઈઅ' પણ મળે છે. તેનો સંબંધ 'પાદ' કે 'પદિક' સાથે જોડવાનો છે. 'પાદ'નો અર્થ 'પૈડું' પણ છે. 'રથપાદ' એટલે 'ચક્ર'. પૈડાના જે મધ્ય ભાગમાં આરાઓ મળે છે અને જેમાં ધરી રહે છે તે ભાગ સંસ્કૃતમાં 'નાભિ' કહેવાય છે. પ્રાકૃતમાં 'નાહિ', અને તેનું ગુજરાતી રૂપ 'નાહ્યડી' કે 'નાયડી'. તેને કેટલેક સ્થળે 'ન્યા' પણ કહે છે.

આ રીતે સંસ્કૃત 'અર', 'ધુર્', 'ધૂર્શર', 'ઉદ્ધિ', 'ગર્ત', 'પ્રધિ', 'નાભિ' એ ગાડાના ભાગને લગતા શબ્દો ઉપરથી ગુજરાતીમાં 'આરો', 'ધરી', 'ધૂંસરી'. 'ઊધ', 'ગાડું', 'પૈ', 'નાહ્યડી' એ શબ્દો ઊતરી આવ્યા છે.

હરિવલ્લભ ભાયાણી

શિષ્ટ સાહિત્યની ભાવના

પ્રો. ચન્દ્રકાન્ત શેઠ

મહાકવિશ્રી ન્હાનાલાલ જયંતી વ્યાખ્યાનમાળામાં અપાએલા આ વ્યાખ્યાનમાં 'શિષ્ટ સાહિત્યની મારી ભાવના' સમજાવતાં પ્રો. દાવર મનુષ્યમાત્રનું મૂળ ધ્યેય ઈશ્વરપ્રાપ્તિ હોવાની માન્યતા ઉપર શિષ્ટ સાહિત્યની વ્યાખ્યા આપે છે. જે સાહિત્ય મનુષ્યને ઈશ્વર તરફ લઈ જાય, નીતિ-ધર્મને માર્ગે તેને આગળ ધપાવે તે 'શિષ્ટ' એમ કહીને તેઓ જાતિ-ધર્મ-સત્ય સાથે સૌન્દર્ય-આનંદને પણ મહત્ત્વ આપે છે. ઉપરાંત શિષ્ટ સાહિત્યમાં ઊર્મિ, વિચાર અને કલ્પનાનો સુમેળ તેઓ અનિવાર્ય માને છે અને શિષ્ટ સાહિત્યમાં સાત્ત્વિકતા ને રસિકતાનો સમન્વય જરૂરી ગણે છે. સાહિત્યની સ્વાતંત્ર્યતાનો તેઓ સમાદર કરે છે, પણ એ સ્વતંત્રતા સમાજ, ધર્મ કે નીતિથી પરાઙ્મુખ ન હોય એવો પણ એમનો આગ્રહ છે. 'કલાને ખાતર કલાવાદનો તેઓ સ્વીકાર કરતા નથી. કલાના હેતુ સિવાય, બીભત્સના નિરૂપણમાં રાચતા સાહિત્યથી તેઓ દૂર ભાગે છે. આધુનિક સાહિત્યમાં મનોવૈજ્ઞાનિક નિરૂપણને નામે મનની વિકૃતિઓનું થતું અકલાત્મક નિરૂપણ એમને ખૂંચે છે. એમને મતે સાહિત્યકારનું પદ સામાજિક જવાબદારીવાળું છે અને તેથી જ તેણે સજાગ અને સંયમશીલ રહેવું જરૂરી છે.

સાહિત્ય પ્રત્યેની તેમની આ દૃષ્ટિમાં જૂનવાણીપણું લાગવા સંભવ છે. કલા પર નીતિનું આક્રમણ થતું હોય એવો ભ્રમ પેદા કરે એવી ભાષા અહીં વપરાઈ પણ છે. મનુષ્યનું મૂળ ધ્યેય ઇશ્વરપ્રાપ્તિ છે એ માન્યતા ચર્ચા માગી લે છે. ધાર્મિકતા અને નૈતિકતા વચ્ચે તેઓ ભેદ કરતા લાગે છે; તેથી 'ધાર્મિકતા' અને 'નૈતિકતા' વિષેના તેમના ખ્યાલોની સ્પષ્ટતા અહીં જરૂરી બને છે. સાહિત્યપ્રવૃત્તિને મંદિરની ઉપમા આપી, તેની બહાર પાપાચાર ચાલે છે એમ કહેવું ઉચિત નથી. 'સંગીતનું ઉચ્ચતમ સ્વરૂપ તે ભક્તિ અને સાહિત્યનું ઉચ્ચતમ સ્વરૂપ તે પવિત્રતા'–એ પ્રકારનું એમનું વિધાન સર્વથા યોગ્ય લાગતું નથી. સંઘર્ષની મહત્તાને કારણે કરુણાંત નાટકમાં જે તત્ત્વજ્ઞાન, ગૂઢ વિચાર અને પ્રજ્ઞા મળે છે તે સુખાન્ત નાટકના સાહિત્યમાંથી મળતાં નથી એ વાત સયુક્તિક નથી. કોઈ એક યુવતી પ્રત્યેના એના પિતાના અને પ્રિયતમના પ્રેમની તુલના કરી, પિતાના પ્રેમની શ્રેષ્ઠતા બતાવવાનો પ્રયત્ન પણ બરોબર નથી. મનોવિજ્ઞાનને જોડાનું રૂપક અપાય એ રોચક લાગતું નથી. વળી અજ્ઞાત મનનું નિરૂપણ કરતા સાહિત્યની ચર્ચા કરતાં તેઓ તાટસ્થ્ય જાળવી શક્યા નથી. એમનો પ્યુરિટનોના જેવો અભિગમ ત્યાં સ્પષ્ટ વરતાઈ આવે છે. સાહિત્ય તત્ત્વની ચર્ચામાં જોડણીનાં ધોરણોના મુદ્દાને (પૃ. ૧૭) તેઓ વચ્ચે ન લાવ્યા હોત તો યોગ્ય ગણાત. અજ્ઞાત મનમાંથી તો પુણ્ય નીકળવાની શક્યતા જ નહિવત્ છે (પૃ. ૧૮) એમ શાથી કહેવામાં આવ્યું છે તે જણાવવું ત્યાં જરૂરી લાગે છે. હિન્દુ ધર્મ અને સંસ્કૃતિમાં જે ઉચ્ચતમ આદર્શો છે તે નાનાલાલે ગાયા છે એ વાત સાચી, પણ ટાગોરની હરોળમાં એમને સ્થાન ન આપ્યું હોત તો એમાં નાનાલાલને ન્યાય થાત. 'કવિ ન્હાનાલાલમાં હાસ્ય, કટાક્ષ, વિનોદ કે છીછરાપણું પણ દેખાતાં નથી' (પૃ. ૧૯)–આ વિધાનમાં 'હાસ્ય', 'કટાક્ષ' ને વિનોદ'ને 'છીછરાપણા' જેવા દોષની સાથે મૂકવાથી વાક્ય તર્કદુષ્ટ બને છે. પૃ. ૨૦ પર નાનાલાલની કવિતાની પ્રશંસા કરતાં જે ભાષા વપરાઈ છે તે એટલી પુષ્પિત છે કે આ પ્રકારના વિવેચનમાં આવકારદાયક નથી.

પ્રો. દાવરના વિશાળ વાચનનો પરિચય અહીં વાચકને થયા વિના રહેશે નહિ. એમની વિવેચનશૈલી, એમનો સાહિત્ય વિષેનો ખયાલ રૂઢ લાગવા સંભવ છે, છતાં એમનું આ વ્યાખ્યાન એમની નિષ્ઠા, એમની સ્પષ્ટભાષિતા અને કવિતા તથા કવિ તરફના ઊંડા ભક્તિભાવને કારણે વાંચવું ગમે એવું છે. એકવીસ પાનાંના આ વ્યાખ્યાનમાં સાહિત્યના કેટલાક મહત્ત્વના સિદ્ધાંતોનો અછડતો પરિચય વાચકને મળી રહે છે. ('શિષ્ટ સાહિત્યની મારી ભાવના'. વ્યાખ્યાતા પ્રો. ફિરોઝ કાવસજી દાવર, પ્ર. મહાકવિ નાનાલાલ સ્મારક ટ્રસ્ટ, ૪૬ પરિમલ સોસાએટી, અમદાવાદ-૬, રૂ.૧)

વાર્ષિક વાઙ્મય સમીક્ષા

૧૯૫૯ના વર્ષ દરમ્યાન ગુજરાત સાહિત્ય સભાને મળેલાં ૨૭૩ પુસ્તકોની ડૉ. ઈશ્વરલાલ ર. દવેએ કરેલી સમીક્ષા અને 'મુનશીનાં સામાજિક નાટકો—'કાકાની શશી'ના વિશેષઉલ્લેખ સહિત'—એ શ્રી સુરેશ રાલીના વ્યાખ્યાનનો આ ગ્રંથમાં સમાવેશ થાય છે.

આરંભમાં શ્રી ઈશ્વરલાલ દવેએ સમકાલીન સાહિત્યરંગ વિષે વાત કરીને પ્રતિભાશાળી સર્જકોની અછત વિષે જે નોંધ લીધી છે તે બરોબર છે, પરંતુ એ અછતનાં કારણોની વિગતોમાં ઊતરવાનું ન રાખ્યું હોત તો ઠીક થાત. વળી, સમકાલીન સાહિત્યનું વિવેચન ઇષ્ટ કે અનિષ્ટ એ પ્રશ્નને તેઓ છેડે છે એ પ્રસ્તુત છે, પણ સાહિત્યની સનાતનતાના પ્રશ્ન સુધી પહોંચવાની જરૂર નથી. એ પ્રશ્નો એકાદ ફકરામાં સચોટ રીતે મૂકવા કદાચ પણ મુશ્કેલ બને!

શરૂઆતમાં એમણે લલિત સાહિત્યના વિભાગમાં નવલકથા, નવલિકા, કવિતા અને નાટકની સમીક્ષા કરી છે. ત્યાર બાદ લલિતેતર સાહિત્યના વિભાગમાં જીવનચરિત્ર–સંસ્મરણો–આત્મકથા; વિવેચન–સંપાદન–અધ્યયન; સંસ્કૃતિ–ઇતિહાસ–પ્રવાસ; નિબંધ–નિબંધિકા; ધર્મ–તત્ત્વજ્ઞાન–ચિંતન અને બાલ–કિશોર–પ્રૌઢ સાહિત્યની સમીક્ષા છે. લલિતેતર સાહિત્યના વિભાગમાં બધું જ બાલ–કિશોર–પ્રૌઢ સાહિત્ય આવે ખરું? 'પ્રકીર્ણ'

સાહિત્યમાં એમણે વિજ્ઞાન અને આયુર્વેદનાં પુસ્તકોને અવલોકયાં છે.

સમીક્ષક પુસ્તકો વિષેના પોતાના સારા યા નરસા અભિપ્રાયને છુપાવતા નથી એ અગત્યની વાત છે. કોઈ લેખકની શેહ–શરમમાં તણાયા વગર, સ્પષ્ટ રીતે કહેવાની એમની નિર્ભીકતા અને સાહિત્યનિષ્ઠા સ્તુત્ય છે. એમના બધા જ અભિપ્રાયો સાથે સહમત ન થવાય એમ બને, પણ તેથી એ અભિપ્રાયોની ઉપેક્ષા કરવી ઉચિત નથી. શ્રી ગુણવંતરાય, ધૂમકેતુ, ઉમાશંકર, કાકાસાહેબ, પંડિત સુખલાલજી વગેરેની કૃતિઓ વિષેના એમના અભિપ્રાયો અભ્યાસપાત્ર–તપાસપાત્ર છે. એમણે ઉપલબ્ધ સાહિત્યકૃતિઓને આધારે જે તે સાહિત્યપ્રકારની વિકાસ–ગતિ (જો હોય તો) બતાવવા પ્રયત્ન કર્યો છે. નવલકથાનું વર્ગીકરણ કરતી વેળા એ સાહિત્યપ્રકારની વર્તમાન સ્થિતિનું સમગ્રતયા મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન પણ એમાં છે. એમણે શક્ય હોય ત્યાં સુધી કૃતિની સિદ્ધિ ને મર્યાદાઓનું ટૂંકાણમાં નિરૂપણ કર્યું છે. એટલે એમની સમીક્ષા ક્યારેક ઉભડક લાગે, પણ એમાં તો સમીક્ષા-વિસ્તારની મર્યાદા યે કારણભૂત હોય. કૃતિવાર સમીક્ષા પછી જે તે સાહિત્યપ્રકારોમાં કઈ કૃતિઓ ગણનાપાત્ર છે તે પણ એમણે બતાવ્યું છે.

લલિત સાહિત્યની સમીક્ષામાં તેઓ ટીકાકાર તરીકે જેટલા સક્રિય છે તેટલા લલિતેતર સાહિત્યની સમીક્ષામાં લાગતા નથી. એમાં એમના કેટલાક અભિપ્રાયો સાથે તેને સમર્થિત કરતા પ્રમાણોની સંક્ષેપમા પણ અપેક્ષા રહે છે. અન્યથા એ અભિપ્રાયોમાં લેખકનું વજન જોઈએ તેટલું નથી એમ લાગવાનો ભય રહે છે. ક્યાંક ક્યાંક એમનાં વિધાનોમાં પ્રશ્નાર્થ રહે છે (દા.ત. આરંભમાં ગુણવંતરાય આચાર્યમાં જ) તેમ છતાં એકંદરે એમની સમીક્ષા આવકારપાત્ર છે.

'લલિતેતર સાહિત્ય'ની સમીક્ષા જો સર્વથા યોગ્ય રીતે કરાવવી હોય તો જે તે વિષયના અધિકારીને જ મૂકવા જોઈએ. અન્યથા સાહિત્યના અધિકારીને હાથે વિજ્ઞાનના પુસ્તકનું મૂલ્યાંકન કંઈક ઉપરછલ્લું રહી જવાનો સંભવ.

'મુનશીનાં સામાજિક નાટકો' વિષેનો લેખ એ અધ્યાપક (પ્રો. રાલી)ની સાચી સાહિત્યનિષ્ઠાનો પુરાવો છે. ગમે તેમ બોલી જનારા સાહિત્યના કેટલાક ધંધાદારી વ્યાખ્યાતાઓથી આ વ્યાખ્યાતા એમના અભ્યાસબળને લીધે અલગ તરી આવે છે. એમનું વ્યાખ્યાન કંઈક પ્રસ્તારી બની જાય છે; ભાષા પણ એમાં કારણભૂત લાગે છે; વળી જે તે સાહિત્યકૃતિનું એમનું દર્શન ઊંડાણની છાપ મૂકી શકતું નથી; પરિણામે તેમની વિવેચક તરીકેની શક્તિ આ વ્યાખ્યાનમાંથી ઊપસતી નથી. તેમ છતાં આ વ્યાખ્યાન મુનશીના અભ્યાસીઓ માટે ઘણું ઉપયોગી અને ધ્યાનપાત્ર છે.

(ગુજરાત સાહિત્ય સભા: અમદાવાદ–'કાર્યવાહી ૧૯૫૯.' સમીક્ષક: શ્રી ઈશ્વરલાલ ર. દવે; પ્રકાશક: ગુજરાત સાહિત્ય સભા, બૅલેન્ટાઈનની હવેલી, ત્રણ દરવાજા, અમદાવાદ-૧; પૃ. ૨૨૨, રૂા. ૪)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર: **ચંપકલાલ મહેતા**



'ટાઈમ્સ ઑવ ઈંડિયા'ના વિખ્યાત કાર્ટૂનિસ્ટ
આર. કે. લક્ષ્મણ



૧) કાર્ટૂનિસ્ટ થવાનો આપનો આશય?

જનસમાજના મનનું રંજન કરવા સાથે જાહેર નેતાઓ અને વી. આઈ. પી. (અતિ અગત્યની વ્યક્તિઓ)ની ખાસિયતો, ખામીઓ અને એમના ઠાઠમાઠના નિરૂપણ દ્વારા વર્તમાન પરિસ્થિતિનો સાચો ખયાલ આપવો.

૨) આજ સુધીમાં કેટલાં ઠઠ્ઠાચિત્રો દોર્યાં હશે?

જુઓને, લાગટ વીસ વરસથી દર મહિને ચાળીસ. ગુણાકાર સંભાળીને કરી લેજો.

૩) કાર્ટૂનિસ્ટ ને કાર્ટૂનની સામાન્ય સમજણ પાડશો?

સાચો કાર્ટૂનિસ્ટ દેશનું સામાજિક ને રાજકીય જીવન અતિશયોક્તિ કે બીભત્સભાવ વિના આલેખે. ઠઠ્ઠાચિત્ર હમેશાં શક્યતાની સંભાવનાની અંદર દોરવું જોઈએ.

૪) કાર્ટૂનિસ્ટની નજરે તમને જીવન કેવું લાગે છે?

ખરેખર, ખૂબ આહ્લાદક.

૫) આજના રાજકીય નેતા કેવા લાગે છે?

મારાં ઠઠ્ઠાચિત્રોને પૂછો ને! તરત જ જવાબ દેશે. સાચ્ચે, એ સૌ નેતા મને સદ્ધર ને સભર સામગ્રી પૂરી પાડે છે.

૬) કલાકાર તરીકે તમે કયા પ્રકારનું જીવન નિરૂપો છો?

કાર્ટૂનિસ્ટની કલા જીવનને નકારાત્મક ભાવે સ્પર્શે છે ને ધ્વંસક ભાવે આલેખે છે; પણ એની ખરી પિછાન તો એ જે દર્શાવે છે એનાથી વિરોધના ભાવોને ગ્રહણ કરવામાં–ઝીલવામાં છે. એની ફિલસૂફી તો દરેક વાચકની આંતરસૂઝ પર અવલંબે છે.

૭) તમે લોકો વ્યક્તિનાં અંગઉપાંગોને શા માટે મરડો-મચડો છો?

માનવીનાં અંગોની વિશિષ્ટતા પકડી લઇને તેને ચોટદાર રીતે રજૂ કરવા માટે અતિશયોક્તિ દાખવવી આવશ્યક છે; એ વિના 'ઠઠ્ઠાચિત્ર' થાય જ નહિ. પણ એમ કરવા જતાં વ્યક્તિનું વ્યક્તિત્વ જ ન માર્યું જાય તે માટે દોરનારે સાવધ રહેવું જોઇએ.

૮) તમે ઘણાં ઠઠ્ઠાચિત્રો દોર્યાં: એમાં કોના વ્યક્તિત્વ તરફ ખાસ આકર્ષાયા?

આ તો તમે મને અઘરો પ્રશ્ન પૂછ્યો. ઠઠ્ઠાચિત્રો દોરનારને તો વિવિધતાની દૃષ્ટિએ સૌનાં વ્યક્તિત્વ ગમે છે.

૯) કોણ ચડી જાય?–લેખક કે કાર્ટૂનિસ્ટ?

બંનેને શિરે સમાન જવાબદારી છે; ને દરેક પોતાના માધ્યમને પોતાની શક્તિની ચરમ સીમાએ કસે ચડાવવાનું છે. ચોટદાર લેખ કે ફાંકડું ઠઠ્ઠાચિત્ર બંનેનું મહત્ત્વ સમાન છે.

નવાં પ્રકાશનો

વોરા ઍન્ડ કં. લિ.
૩ રાઉન્ડ બિલ્ડિંગ, મુંબાઈ-૨

મધ્યકાલીન રાસસાહિત્ય: જેણે પ્રાચીન ગુજરાતી સાહિત્યનો ઘણો મોટો ભાગ રોકયો છે એવી 'રાસા' નામે ઓળખાતી રચનાઓનો ઇતિહાસ, એના પ્રકારો વગેરે વિષે વિસ્તૃત અને સાંગોપાંગ અધ્યયન કરતું શ્રી ડૉ. ભાયાણી જેવા વિદ્વાન ભાષાશાસ્ત્રીની કલમે જેને પુરોવચનનો લાભ આપ્યો છે એવું અભ્યાસીઓને ઉપયોગી પુસ્તક. ભારતી વૈદ્ય, પૃ. ૪૪૭, પાકું પૂઠું, રૂ. ૧૦.

સ્વાતંત્ર્યના ઝંડાધારીઓ: સ્વાતંત્ર્યને ટકાવી રાખનારાઓની કથા: હેન્રી સ્ટીલ કોમેગર કૃત 'ક્રુઝેડર્સ ફૉર ફ્રીડમ'નો અનુ૦ મુકુલ કલાર્થી; પૃ. ૩૦૦, પાકું પૂઠું, રૂા. ૩.

અમેરિકા મારું આશાસ્થાન: સત્તા, સંપત્તિ, મુક્ત જીવન, શાન્તિની આશા, અમૂલ્ય ભૂતકાળ અને અનિશ્ચિત ભાવિ વિષે અમેરિકાના પ્રમુખ લિંડન બી. જૉન્સનના વિચારો રજૂ કરતી પુસ્તિકા. અનુ૦ ચન્દ્રવદન શુક્લ, પૃ. ૮૦, કાચું પૂઠું, રૂ. ૨.

આકાશના રાજા: આકાશમાં આલ્બેટ્રોસ નામના યાંત્રિક વિમાન સાથે ઘૂમતા માથાફરેલ વિજ્ઞાની રોબુરની બેનમૂન સાહસકથા. મૂળ લેખક જુલે વર્ન, અનુ૦ શ્રીકાન્ત ત્રિવેદી, પૃ. ૧૦૮, કાચું પૂઠું, રૂ. ૧–૭૫.

અમેરિકાના મજૂર આંદોલનનો ઇતિહાસ: સાંસ્થાનિક યુગથી બીજા વિશ્વયુદ્ધના જમાના સુધીના અમેરિકન કામદારોના ઉત્થાનનો ઇતિહાસ. ફોસ્ટર રૂહી ડલેસ કૃત 'લેબર ઇન અમેરિકા'નો અનુ૦ મનુભાઈ અમૃતલાલ વ્યાસ, પૃ. ૬૪૪, રૂ. ૬.

ટેલિવિઝન: ટેલિવિઝન વિષે સરળ ભાષામાં સચિત્ર માહિતી આપતી પુસ્તિકા. ધીરજલાલ ગજ્જર, પૃ. ૧૬, કાચું પૂઠું, રૂ.૧.

ઊંડા સાગરની અજાયબીઓ: બોરિસ આર્નોવ જૂનિયર હેલન મેથર-સ્મિથ મિન્ડલિનના અંગ્રેજી પુસ્તક Wonders of the sea નામના અંગ્રેજી પુસ્તકનો શ્રી વિજયગુપ્ત મૌર્ય જેવા વિજ્ઞાન-લેખકે કરેલો સરળ ને રસવાહી અનુવાદ, જેમાં સાગરના પેટાળમાં રહેલી અનેક અદ્‌ભુત બાબતો માત્ર વિદ્યાર્થીઓને જ નહિ પણ વિદ્વાનોને પણ આકર્ષે એ રીતે આલેખાઈ છે. પૃ. ૮૪, રૂ. ૩.

લોહગઢ: પંજાબી ભાષામાં પુરસ્કારાએલી શીખોના ઉત્પીડનકાળની, શીખ ગુરુ ગોવિંદસિંહજીના સાહસ અને રક્તરંગી બલિદાનની, મોગલ અને વિદેશી જુલમ સામે એકલે હાથે પ્રબળ પ્રતિકાર કરનાર છત્રપતિ શિવાજી અને ધર્મ માટે પ્રણય જીવનનું બલિદાન આપનાર દેશસેવિકાની ઝંખના કરાવતી બલિદાનોની ભવ્ય શૃંખલા સર્જતી નવલકથા. લેખક: હરનામદાસ સહરાઈ, અનુ૦ જયદેવ જે. દવે, પૃ. ૨૭૬, પાકું પૂઠું, રૂ. ૫–૫૦.

ઉદયાસ્ત: જેમનું કથાસાહિત્ય હિન્દી સાહિત્યમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે એવા બહુમુખી પ્રતિભાસંપન્ન કલાકાર શ્રી આચાર્ય ચતુરસેન શાસ્ત્રીની કલમે આલેખાએલી સામાજિક નવલકથા. અનુ. ઇન્દુકુમાર જોશી, પૃ. ૨૪૦, પાકું પૂઠું, કિં. ૪–૫૦.

શાહમૃગ સુવર્ણમૃગ: રણજિતરામ સુવર્ણ ચંદ્રક પ્રદાન સમયે શ્રી ચુનીલાલ મડિયાએ આપેલા વ્યાખ્યાનમાં સર્જન પ્રવૃત્તિ અંગે રજૂ કરેલી કેટલીક સમસ્યાઓ વિષેનો લેખ અને એ જ વિચારદોરને કેન્દ્રમાં રાખીને લખાએલા અન્ય-સર્જન-વિવેચનની સમસ્યાઓ આલેખતા લેખોનો સંગ્રહ. પૃ. ૨૦૩, પાકું પૂઠું, રૂ. ૪–૫૦.

સમૃદ્ધ સમાજ: પ્રા. જોન કૅનેથ ગેલબ્રેથના બહુ જ જાણીતા ગ્રંથ The Affluent Societyનો શ્રી રોહિત દવેએ કરેલો અનુવાદ, જેમાં નજીકના ભવિષ્યમાં મૂડીવાદી અર્થતંત્રનો અંત આવવા વિષેની કાર્લ માર્ક્સની ભવિષ્યવાણી કેમ ખોટી પડી એના અભ્યાસી પ્રા. જૉન ગેલબ્રેથે પશ્ચિમના ધનિક સમાજ વિષે વિસ્તૃત ને વિગતપૂર્ણ માહિતી આપી છે. પૃ. ૩૫૧, પાકું પૂઠું, રૂ ૫.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો, અમદાવાદ-૧

વિરતી: અદ્યતન ગદ્ય કવિતાની વિશેષતાઓ ને મર્યાદાઓ પ્રગટ કરતો કાવ્યસંગ્રહ. મહેન્દ્ર અમીન, પૃ. ૩૬, કાચું પૂઠું, રૂ. ૨.

ધૂમકેતુના જીવનઘડતરની વાતો–૫: પિતૃ ઋણ અદા કરવા પુત્રીની કલમે આલેખાએલી સત્ય વાતો. ઉષા જોશી, પૃ. ૬૩, કાચું પૂઠું, રૂ. ૧.

ભાષાવિજ્ઞાનની રૂપરેખા: ભાષાની નિત્ય વિવર્તશીલ અને વિકાસશીલ યાત્રા દર્શાવતું સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસીઓ માટેનું પુસ્તક. જે. સી. દવે, પૃ. ૨૪૮, કાચું પૂઠું, રૂ. ૫.

ચક્રવર્તી ગૂર્જરો: પ્રાગૈતિહાસિક કાળથી ગુજરાતના પતન સુધીનો ઐતિહાસિક ગ્રંથ. ક.મા. મુનશી, પૃ. ૩૭૮, પાકું પૂઠું, રૂ.૨૦

શ્યામ રંગ સમીપે: 'કુમાર'માં અવારનવાર છપાએલી અને ભારત તેમજ પૂર્વ આફ્રિકામાં વિવિધ સંસ્થાઓ દ્વારા ભજવાઈ સફળ સાબિત થએલી ૯ સામાજિક એકાંકી નાટિકાઓનો સંગ્રહ. લે. પ્રા. રમણલાલ શાહ, પૃ. ૨૯૧, પાકું પૂઠું, કિં. રૂ. ૬–૨૫.

સેનાપતિ પુષ્યમિત્ર: શાલિશૂક નામના છેલ્લા મગધરાજના મહાપ્રતાપી સેનાપતિ પુષ્યમિત્રે યવનોના હાથમાં જતા મગધને કેવી રીતે બચાવ્યું એ પ્રસંગને કેન્દ્રમાં રાખી લખાએલી ઐતિહાસિક નવલકથા. લે. ધૂમકેતુ, પૃ. ૨૮૦, પાકું પૂઠું, રૂ. ૫–૫૦.

ધ્રુવદેવી: સમુદ્રગુપ્તના નમાલા પુત્ર રામગુપ્તે શક રાજા સાથેના વિગ્રહમાં જાન બચાવવા પોતાની રાણી ધ્રુવદેવીને તેને ત્યાં મોકલી આપવાનું સ્વીકાર્યું પણ તેના ભાઈ ચન્દ્રગુપ્તે યોદ્ધાઓ સાથે સ્ત્રીવેશમાં જઈ શકપતિને મારી નાખ્યો એ ઐતિહાસિક પ્રસંગનું આલેખન કરતી રોચક નવલકથા. લે. ધૂમકેતુ, પૃ. ૧૪૮, પાકું પૂઠું, રૂ. ૩–૫૦.

મહારાજ્ઞી કુમારદેવી: વૈશાલીની લિચ્છવી રાજકુમારી કુમારદેવીએ ચંદ્રગુપ્તને ભારત સમ્રાટ થવાનું સ્વપ્ન આપી બતાવેલી દેશભક્તિનું આલેખન કરતી ને એના તેજસ્વી પાત્રને આકાર આપતી ઐતિહાસિક નવલકથા. લે. ધૂમકેતુ, પૃ. ૩૩૮, પાકું પૂઠું, રૂ. ૬.

મહામાનવ શાસ્ત્રી: ભારતમાતાના પનોતા પુત્ર શ્રી લાલબહાદુરની અંગ્રેજી, હિન્દી ને ગુજરાતી પત્રો તેમ જ પુસ્તકોનો આધાર લઈ આલેખાએલી જીવનગાથા–જેમાં એમના જીવનપ્રસંગોને ખૂબ બહેલાવીને જીવનચરિત્રના સત્યને ઢાંકી દે એ રીતે રજૂ કરવામાં આવ્યા છે. બાળકો માટે આકર્ષક ગણી શકાય એવું પુસ્તક. પૃ. ૩૩૨, પાકું પૂઠું, કિં. ૬.

ગુજરાત એક સાંસ્કારિક વ્યક્તિ અને આદિવચનો ખંડ–૧: સાહિત્ય સંસદ્‌ના પ્રમુખપદેથી ઈ. ૧૯૨૩ થી '૨૯ના ગાળામાં દર વર્ષે ઉજવાતા વાર્ષિક સમારંભમાં શ્રી કનૈયાલાલ મુનશીએ સાહિત્યના વિવેચનને લગતા મુદ્દાઓ પર આપેલાં વ્યાખ્યાનો, જેમાં એમના અભિપ્રાયો વિષે મતભેદને અવકાશ હોવા છતાં પોતાના અભિપ્રાયો સાગ્રહ રજૂ કરવાની મુનશીની પ્રગલ્ભતાને વકીલ તરીકેની કુનેહ તેમજ રસિક શૈલી પાને પાને અનુભવાય છે. પૃ. ૨૨૧, પાકું પૂઠું, કિં. ૪–૫૦.

બ્રહ્માંડ વિકસતું કે વિશ્રાંત: ખગોળશાસ્ત્રના જાણીતા અભ્યાસી શ્રી છોટુભાઈ સુથારે આ પુસ્તકમાં અનંત એવા બ્રહ્માંડમાં રહેલા તારા, ગ્રહો, સૂર્ય, પૃથ્વી વગેરેના પરસ્પરના સંબંધોનો વૈજ્ઞાનિકરીતે ખયાલ આપી આકાશી જ્ઞાનની વાચકતૃષાને તૃપ્ત કરવાનો પ્રબળ પુરુષાર્થ કર્યો છે. ઉપલક રીતે અપરિવર્તનશીલ લાગતા પદાર્થો વાસ્તવમાં ક્ષણે ક્ષણે પરિવર્તન પામતા હોય છે અને એમને પણ જન્મ, વૃદ્ધિ ને ક્ષયનો નિયમ લાગુ પડે છે. એ દૃષ્ટિએ બ્રહ્માંડ વિકસી રહ્યું છે કે શ્રાંત છે એ સમજાવતું આ પુસ્તક આપણા અલ્પ ખગોળવિષયક સાહિત્યમાં એક નોંધપાત્ર ઉમેરો છે. પૃ. ૧૩૬, પાકું પૂઠું, કિં. રૂ. ૩–૫૦.

ભારતી સાહિત્ય સંઘ પ્રા. લિમિ.
૬૪, ગાંધીરોડ, અમદાવાદ-૧

પાથર્યાં પ્રકાશ જેણે: કુજન્મની સામે લડતા મહાભારતના કર્મવીર પાત્ર કર્ણની નવી દૃષ્ટિએ આલેખાએલી કથા. લે. નાનુભાઈ દવે, પૃ. ૩૫૭, પાકું પૂઠું, રૂ. ૮–૭૫.

દિલનાં દાન: કચડાએલાં માનવોની ઉન્નતિ માટે ગૃહઉદ્યોગની સફળતા સમજાવતી શાહુકાર અને ઢોંગી શિક્ષિતોને ખુલ્લાં પાડનારી સામાજિક નવલકથા. કૃષ્ણપ્રસાદ ભટ્ટ, પૃ. ૨૮૮, પાકું પૂઠું, રૂ. ૬–૫૦.

તિમિરનું તેજ: સંસારના અસહ્ય યાતના આપતા લગ્ન-બંધનમાં અકથ્ય આનંદ અનુભવનાર ને સર્વસ્વ હોમી દેનાર બે વીંધાએલાં હૈયાંની સામાજિક નવલકથા. લે. ડાહ્યાભાઈ પટેલ, પૃ. ૨૧૮, રૂ ૪-૨૫.

પંખી પાંખ વિહોણાં: ધર્મભેદ પર અપાતા એક શાયર અને તેની કલ્પનામૂર્તિના બલિદાનોની કહાણી. લે પ્ર. રા. નથવાણી, પૃ. ૨૩૨, પાકું પૂઠું, રૂ. ૫.

આશાનિરાશા: સફેદ સ્વાંગમાં છૂપા રહેલા પુરુષોનો ભોગ બનતી એક અભિનેત્રી બનવા જતી સ્ત્રીને પડતી મુશ્કેલીઓ સમજાવતી સામાજિક નવલકથા. સુધાકર પટેલ, પૃ. ૨૧૨, પાકું પૂઠું, રૂ. ૫–૨૫.

મોટી વહુ: સમાજનાં વિવિધ અંગોને સ્પર્શતી સાત વાર્તાઓનો સંગ્રહ. મોહનલાલ પટેલ, પૃ. ૧૯૨, પાકું પૂઠું, રૂ. ૪–૫૦.

ધરતીનો જાયો: ગ્રામ્ય વાતાવરણવાળી ચાર ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. પીતાંબર પટેલ, પૃ. ૯૦, કાચું પૂઠું, રૂ ૩–૫૦.

પાતાળવન: એક ત્રિપુટીની સાહસકથા. નવનીત સેવક, પૃ ૧૬૪, પાકું પૂઠું રૂ.૩–૫૦.

ગોરીલાનો શિકાર: આફ્રિકાના જંગલમાં ભયંકર જંગલી પ્રાણી ચિના, હાથી ને ગોરીલાના શિકારે ગએલા સાહસિકો ભૂતિયા ગુફામાંથી કેવી રીતે બચે છે એની સાહસકથા. શ્રીકાન્ત ત્રિવેદી પૃ. ૧૨૩, રૂ. ૨–૭૫.

મોતને મોરચે: ચીની આક્રમણમાં આસામ સરહદે એક હિન્દી સ્ત્રીની સાહસકથા અને સૈનિકોની ફરજ સમજાવતી શૌર્ય કથા. નવનીત સેવક, પૃ. ૧૨૪, પાકું પૂઠું, રૂ. ૨–૫૦.

સ્ત્રીઓનું આરોગ્ય: કુદરતી ઉપચારોથી કાયમ નીરોગી રહેવા માટે 'આરોગ્યધામ'માં બહેનોના અનુભવો ને પ્રયોગો વિષેના લેખો. ડૉ. ભૂપતરાય મો. દવે અને ડૉ. શંકરલાલ મો. દવે, પૃ. ૧૮૦, પાકું પૂઠું, રૂ. ૪.

પ્રેમસગાઈ: 'ધી ઈમ્પોર્ટન્સ ઑફ લીવિંગ'ના આછા પડઘાવાળો સ્વધર્મ, આજનો લડાવો લીજીએ, પ્રેમસગાઈ, પહેલા નંબરનું વિટામિન, વાણીનો આનંદ ગ્રંથમિત્ર જેવા વિષયો પરના મૌલિક લેખો ઇશ્વર પેટલીકર. પૃ. ૭૬, કાચું પૂઠું, રૂ. ૧–૭૫.

સરદાર વલ્લભભાઈ: ભારતના મહાન ચાણક્ય સરદારશ્રીના જીવનના પ્રેરક પ્રસંગો હાસ્ય, કટાક્ષ અને કેટલાક યાદગાર સૂત્રો, દેશભક્તિ અને ત્યાગ ભાવનાના ગુણો કેળવવા માટેનું નવી પેઢી તથા કિશોરોને પ્રેરણા આપતું સંક્ષિપ્ત જીવનવૃત્તાંત. અમૃતલાલ મોતીલાલ વ્યાસ, પૃ. ૧૪૪, પાકું પૂઠું, રૂ. ૩–૫૦.

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય
ભદ્ર, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ

ફૂલગુલાબ: જગદીશ પરમારની ૧૭ વાર્તાઓનો સંગ્રહ. પૃ. ૨૧૦, કાચું પૂઠું રૂ. ૨.

ઉપનિષદ નવનીત: સત્તર ઉપનિષદોના સૂક્ષ્મ અર્થોનાં અનેક નવીન પાસાંથી એક તત્ત્વમાંથી થતા જગતની ઉત્પત્તિ અને લયને સમજાવતું તત્ત્વજ્ઞાનનું પુસ્તક. મૂ. લે. પંડિત વાસુદેવ શરણ અગ્રવાલ, અનુ. શાસ્ત્રી જયનારાયણ ભટ્ટ, પૃ. ૩૨૪, પાકું પૂઠું, રૂ. ૨–૫૦.

રુદ્રાષ્ટાધ્યાયી: રુદ્રીના મૂળ મંત્રો, પદચ્છેદ, અર્થ તથા અનુવાદ ઉપયોગી ટિપ્પણો સાથે 'શિવમહિમ્ન: સ્તોત્ર' નિત્યપાઠ માટેનું ઉપયોગી પુસ્તક. સંપાદક: સ્વ. પુરુષોત્તમ જોગીભાઈ ભટ્ટ, પૃ.૧૬૩ કાચું પૂઠું, રૂ. ૧–૫૦.

નરમાંથી નારાયણ: આત્મબળથી આધ્યાત્મિકબળ કેળવી આત્મસાક્ષાત્કારસુધી પહોંચવા માટેનું પુસ્તક. જેમ્સ એલન કૃત 'ફ્રૉમ પોવર્ટી ટુ પાવર'ના અનુ. સ્વ. રત્નેશ્વર ભ. ભટ્ટ. પૃ. ૧૩૯. કાચું પૂઠું, રૂ. ૧–૨૫.

ગાંધીવાણી: પૂ. ગાંધીજીનાં મુંબાઈ આકાશવાણી પરથી પ્રસારિત થએલાં વક્તવ્યોનો સંગ્રહ. સંપાદક: મુરલી ઠાકુર, પૃ. ૨૨૨, કાચું પૂઠું, રૂ. ૧–૫૦.

આપણો આહાર: દરરોજનો આહાર અનાજ, શાકભાજી, મરીમસાલા, ફળાહાર, સૂકો મેવો, દૂધ, ઘી અને ક્ષાર વ. ક્યારે શી રીતે ને કેટલા પ્રમાણમાં લેવાં તેની છણાવટ કરતું આયુર્વેદની દૃષ્ટિવાળુ પુસ્તક. જેઠાલાલ નારાયણ ત્રિવેદી પૃ. ૨૩૯, કાચું પૂઠું રૂ. ૨.

દાંતનું જતન: દાંત, એની રચના તેનું બંધારણ તેની ઉપયોગિતા, તેનું રક્ષણ, જતન, તેમાં થતાં દરદો અને તેને અટકાવવા માટેનાં લેવાવાં જોઈતાં પગલાંની ઝીણવટભરી માહિતી આપતી આ પુસ્તિકા આપણા આરોગ્ય વિષયક સાહિત્યમાં ગણનાપાત્ર ઉમેરો કરે છે. હરરાય દેસાઈ, પૃ ૮૮, કાચું પૂઠું, ૪૦ પૈ.

સ્વાતિ પ્રકાશન
૨૨૬, સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબાઈ-૩

ચહેરા: શંભુમેળે મળેલાં સગાંઓની વિચિત્રતામાંથી ઉત્પન્ન થતી વ્યંજનાત્મક હાસ્યકથા. મધુ રાય, પૃ. ૧૯૭, પાકું પૂઠું, રૂ. ૫.

પળનાં પ્રતિબિંબ: એકબીજાનાં શ્રેય કાજે જીવનાર બે હૃદયનાં દર્દની કથા. હરીન્દ્ર દવે, પૃ ૨૨૦, પાકું પૂઠું, રૂ ૫–૫૦.

નજરું લાગી: લોકગીતો, ભજનો, તેમ જ જાણીતા કવિઓની કેટલીક ગેય કૃતિઓનો સંગ્રહ. સંપાદક: સુરેશ દલાલ ને ભાલ મલજી, પૃ. ૩૨૨, પાકું પૂઠું. રૂ. ૬–૫૦.

કૃત્તિવાસ: કુટુંબ પ્રત્યેની ફરજ માટે હૃદયમાં પ્રેમને કચડી રહેલાં પ્રણયીઓનું સામાજિક ત્રિઅંકી નાટક. શિવકુમાર જોશી. પૃ. ૯૮, કાચું પૂઠું. રૂ. ૨–૫૦.

રાજાને ગમી તે રાણી: જાણીતાં એકાંકી નાટ્ય લેખિકા શ્રી રંભ બહેન ગાંધીનાં એકાંકી નાટકોનો નવમો સંગ્રહ. પૃ. ૨૫૫, પાકું પૂઠું, કિં. રૂ. ૫.

એસ. એસ. રૂપનારાયણ: જાણીતા નાટ્ય નવલકથાકાર શ્રી શિવકુમાર જોશીની નવલકથા જેટલી લાંબી પણ ખરેખર તો લાંબી વાર્તા જ કહી શકાય એવી રહસ્યકથા. પૃ. ૨૦૦, પાકું પૂઠું, કિં. ૫.

રજનીગંધા: ત્રણ અંકમાં વહેંચાએલા, ચાર પાત્રોના બનેલા, પ્રેમના અંકુર ફૂટતા હોય એવી જિજ્ઞાસા પેદા કરી કરુણ રસ તરફ ઢળી જતા શ્રી ધનંજય વૈરાગીના નાટકનો શ્રી જ્યોતિ બાલરિયાએ કરેલો અનુવાદ. પૃ. ૩૧૩, કાચું પૂઠું કિં. ૩.

નવજીવન પ્રકાશન, અમદાવાદ-૧૪

ખાદીભક્ત ચુનીભાઈ: ખાદીપ્રવૃત્તિ, રચનાત્મક કાર્યકર્તાની જીવનઝાંખી અને વેડછી આશ્રમ-પ્રવૃત્તિની કહાણીનું પુસ્તક. જુગતરામ દવે, પૃ. ૨૦૨, કાચું પૂઠું, રૂ. ૩.

સર્વોદય સમાજનાં લક્ષણો: સર્વોદયનું ચિંતન અને દોષમુકત સમાજરચનાના પ્રયોગો કરનાર એક અધિકારી લેખકશ્રી ઝવેરભાઈ પટેલે આ ત્રણ વિભાગમાં સર્વોદય સમાજનાં લક્ષણોની વિશદ, વિગતપૂર્ણ ને તાત્ત્વિક ચર્ચા કરી છે. પૃ. ૧૨૦, કિં ૧–૨૫.

બીજા વિશ્વયુદ્ધમાં લંડન પર જ્યારે બૉંબ વરસી રહ્યા હતા ત્યારે ઈ. ૧૯૪૨માં સાથી સરકારોના શિક્ષણમંત્રીઓ કેળવણી અંગેના કેટલાક સામાન્ય પ્રશ્નોના અભ્યાસ માટે થએલા. યુદ્ધ પછી તુરત – ૧૯૪૫ના નવેમ્બરમાં લંડનમાં એક ખાસ બેઠક યોજાઈ. ૪૪ દેશોએ એમાં ભાગ લીધો અને 'યુનાઇટેડ નૅશન્સ એડ્યુકેશનલ, સાયન્ટિફિક ઍન્ડ કલ્ચરલ ઑર્ગેનિઝેશન'–UNESCO 'યુનેસ્કો'નું બંધારણ વિચાર્યું. એ અનુસાર ઈ. ૧૯૪૬માં ૪થી નવેમ્બરે 'યુનેસ્કો'નો જન્મ થયો. ત્યાર પછીના બે દાયકામાં 'યુનેસ્કો'નાં અનેકવિધ કાર્યોના ટેકા રૂપ કે એની સાથે સંકળાએલા એક યા બીજા પ્રસંગે એના સભ્ય દેશો દ્વારા અવારનવાર ખાસ ટપાલટિકિટો બહાર પડતી રહી છે. અહીં એમાંથી થોડી આપી છે.



ટિકિટસંગ્રહ : ડાબી બાજુ પહેલી ટિકિટ 'યુનેસ્કો'ની પ્રથમ બેઠક નિમિત્તની ફ્રાંસની છે. તેની બાજુમાં સાગરની સૃષ્ટિનો અભ્યાસ કરવામાં યુનેસ્કોએ આપેલી સહાયને બિરદાવતી ઈક્વેડોરની ટિકિટ. બાજુની પહેલી આડી ઈ. ૧૯૫૮માં પારી(સ)માં 'યુનેસ્કો'નું પોતાનું નવું મકાન ખુલ્લું મુકાયું તે નિમિત્તની જાપાનની અને તેની નીચે પોતાની મુખ્ય કચેરીની ટપાલ માટેની જ યુનેસ્કોની ખાસ ટિકિટ છે. પૂર્વ અને પશ્ચિમની બે કલાકૃતિઓ તેના પર છે. જમણી બાજુની મોટી ઊભી ટિકિટ મિસરના પુરાવશેષોને પાણીમાં ડૂબી જતા બચાવવા 'યુનેસ્કો'એ ઉપાડેલી ચળવળ નિમિત્તની ઇજિપ્તની છે. તેની નીચેની તથા વચ્ચેની મોટી ચોરસ ટિકિટ નિરક્ષરતા નિવારણની યુનેસ્કોની પ્રવૃત્તિના માનમાં અને તેની ડાબી બાજુની આડી ટિકિટ માનવહક્કના ઢંઢેરાને બિરદાવતી છે. બંને ટિકિટ કામેરૂનની છે. ડાબી બાજુની છેલ્લી ટિકિટ આ વર્ષે 'યુનેસ્કો'ની ૨૦મી વર્ષગાંઠ નિમિત્તની ચેકોસ્લોવાકિયાની છે. ('યુનેસ્કો કુરિયર'માંથી)

બાપુના પત્રો–૧૦ શ્રી પ્રભાવતી-બહેનને : જાણીતા સમાજવાદી અને હવે ભૂદાનવાદી અને સર્વોદયવાદી નેતા શ્રી જયપ્રકાશ નારાયણનાં પત્ની પ્રભાવતીબહેનને ઉદ્દેશીને મહાત્મા ગાંધીજીએ લખેલા આ પત્રોમાં એમની સ્ત્રીહૃદયને સમજવાની અને દબાએલી હિન્દુ નારીને એની ઊણપો ને વિશેષતાઓ વિષે સભાન કરી એનું વ્યક્તિત્વ ખીલવવામાં સહાય કરવાની અદ્ભુત કુનેહનો પરિચય થાય છે. પૃ.૧૬૦, કાચું પૂઠું, કિં. રાા.

એન. એમ. ત્રિપાઠી, મુંબાઈ-૨

બેહેસ્તી બમનશા : એલન મેલવીલ કૃત ત્રિઅંકી હાસ્યનાટયનું ગુજરાતી રૂપાંતર. પરમસુખ પંડ્યા. પૃ. ૧૭૯ પાકું પૂઠું, રૂ. ૩.

ગુજરાતી ભાષા : ભાષાના ઉદ્ગમની સામાન્ય ચર્ચાથી આરંભીને નૂતન ભારતીય આર્યમાંની આપણી ગુજરાતી ભાષાનો ઉદ્ગમ અને વિકાસની સમીક્ષા. બી.એ. ગુજરાતીના ને એમ એ.ના વિદ્યાર્થીઓ માટે. કાન્તિલાલ બળદેવદાસ વ્યાસ, પૃ. ૨૧૬, પાકું પૂઠું, રૂ. ૬.

ભાષાવિજ્ઞાન ખંડ ૧ : એમ.એ., બી.એ.ના ભાષાશાસ્ત્રના વિદ્યાર્થીઓ ને અભ્યાસીઓને અત્યંત ઉપયોગી તમામ પાસાંઓ વિશદતાથી ચર્ચતું પુસ્તક. કાન્તિલાલ બળદેવદાસ વ્યાસ, પૃ. ૬૩૫, પાકું પૂઠું, રૂ. ૧૪.

જીવનનો અમૂલો આનંદ : જીવનસુખ પામવા વર્તમાન પળોમાં જ જીવનની સર્વાંગી સંવાદિતા સર્જવા સમજાવતી પુસ્તિકા. જોસેફ પેન્ગ વે કૃત 'હેપીનેસ ફોર નાઉ'ના અનુ. જમુભાઈ દાણી, પૃ.૬૯, કાચું પૂઠું, રૂ. ૧–૨૦.

ચંદ્રશંકરનાં ગદ્યરત્નો : ગઈ પેઢીના નામી વક્તા, લેખક અને ચિંતક શ્રી ચંદ્રશંકર પંડ્યાના થોડા વિવેચનલેખો અને એમના પરિચયમાં આવેલી વ્યક્તિઓનાં રેખાચિત્રોનો સંગ્રહ જે એમની તેજસ્વી તર્કશક્તિ, વેધક પૃથક્કરણપદ્ધતિ અને શિષ્ટ, ગૌરવયુક્ત અને સમાર્જિત શૈલીનો પરિચય કરાવે છે.

વિજ્ઞાન અને વ્યવહાર : જેમ્સ વૉટની વરાળ એન્જિનની શોધથી માંડીને પરમાણુશક્તિના નિયંત્રણ સુધીની શોધો અને આધુનિક વિજ્ઞાનના આરંભ અને વિકાસની ખગોળશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવશાસ્ત્ર જેવા વિશિષ્ટ ક્ષેત્રે ની માનવજીવન પર પડતી અસરોની રોમાંચકહકીકતોથી ભરપૂર રોચક કહાણી. રિચી કૅલ્ડર કૃત 'Science makes Sense'ના અનુ. ભાનુપ્રકાશ પી. વ્યાસ, પૃ. ૨૨૪, કાચું પૂઠું ? ૫ા

સ્વ. કે. રામરાવ (અનુસંધાન પૃષ્ઠ ૩૯૧થી) વધુમાં કહે છે તેમ, 'એક તંત્રીનું કાર્ય, ભારતમાં સ્વીકારાયું છે તેમ, મુખ્યત્વે અગ્રલેખ લખવાનું છે. ખરેખરા વ્યવસાયી પત્રકાર તંત્રીનું આ કાર્ય છે પણ તંત્રીના કાર્યનો સૌથી મહત્ત્વનો ભાગ તો એક સંઘને દોરવીને પહેલે જ તબક્કે દરેક ક્ષેત્રમાં પોતે સારી કામગીરી કરી બતાવવાનો છે. એક સારા કૅપ્ટને બૅટિંગ, બૉલિંગ અને ફીલ્ડિંગ પણ સારી રીતે કરવી જોઈએ અને જરૂર પડે તો સારી રીતે વિકેટ પણ જાળવવી જોઈએ અને પ્રસંગ પડે ત્યારે એના સંઘની શિથિલતાને ખંખેરી નાખતાં પણ તેને આવડવું જોઇએ. આ બધું મેં ભારે સુખદ અદાથી પાર પાડ્યું.'

'નૅશનલ હેરલ્ડ'ની કામગીરીનાં વર્ષોએ રામરાવની પત્રકાર તરીકેની કારકિર્દીને પણ સર્વોચ્ચ શિખરે પહોંચાડી. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અનેક નોંધપાત્ર ઘટનાઓ બની રહી હતી. બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું હતું. સત્યાગ્રહનું આંદોલન જોરભેર શરૂ થયું હતું. પ્રાંતીય શાસનનો અંત આવી ગયો હતો. ઉત્તર પ્રદેશમાં પણ ખાકસારોની નાઝી જેવી પ્રવૃત્તિ શરૂ થઈ હતી. અગ્રણી નેતાઓ કારાગારમાં ધકેલાઈ ગયા હતા ને એ દરમિયાન અનેક વાર 'નૅશનલ હેરલ્ડે' સનસનાટી ફેલાવે એ રીતે મહત્ત્વના સમાચારોની રજૂઆત કરી હતી. અને બીજું વિશ્વયુદ્ધ જેમજેમ જામતું ગયું તેમતેમ 'નૅશનલ હેરલ્ડ' અને બ્રિટિશ સત્તાધીશો વચ્ચેની અથડામણો વધતી જતી હતી. જરા પણ ડર્યા વિના 'નૅશનલ હેરલ્ડ' સમાચારો અને ટીકાઓ છૂટથી આપતું હતું અને તેથી લોકોમાં વધારે ને વધારે પ્રિય થયું હતું, અને એને ગૂંગળાવવાના પ્રયાસો પણ જલદ બન્યા હતા. એની પાસેથી એક પછી એક મોટી રકમોની જામીનગીરીઓ મંગાવા લાગી. આવી જામીનગીરી માગતાંની સાથે જ પ્રજાને અપીલ થતી અને પ્રજા એ રકમ ભરી દેતી. એ રકમ જપ્ત થતાં નવી જામીનગીરી મંગાતી, નવી અપીલ થતી અને નવેસરથી પ્રજા એ રકમ પૂરી પાડતી હતી. આ રીતે 'નૅશનલ હેરલ્ડ'ની હજારોની જામીનગીરી જપ્ત કરવામાં આવેલી. યુદ્ધના સમાચારો, એને અંગેની ટીકાઓ પર પૂર્વતપાસનું નિયંત્રણ મુકાયું. તો રામરાવે અનોખી રીતે એ સમાચારોનાં મથાળાં આપ્યાં અને અગ્રલેખો લખવાનું માંડી વાળ્યું. યુદ્ધના સમાચારોમાં ભડકાવનારાં મથાળાં આપવાની બંધી થઈ અથવા એવાં મથાળાં તપાસાઇને આવે ત્યાં સુધી રાહ જોવાનું રાખે તો અખબાર સમયસર પ્રગટ પણ થઈ શકે નહિ એટલે રામરાવે વિમાનમાંથી બૉંબમારો થયાના સમાચાર હોય ત્યાં બૉંબર વિમાનની છબી મથાળે મૂકીને તેના સમાચારો પ્રસિદ્ધ કર્યા રણગાડીના હુમલા હોય ત્યાં રણગાડીનું ચિત્ર મૂકીને સમાચારની અનોખી રજૂઆત કરી ૧૯૪૨ના મેમાં લખનૌની કૅમ્પ જેલના અત્યાચારો અંગેનાં લખાણો માટે રામરાવ સામે બદનક્ષીની ફરિયાદ મંડાઈ અને એમને છ માસની જેલ અને રૂ. ૭૫૦ના દંડની સજા થઈ. એ પછી તો 'ક્વિટ ઇંડિયા', 'હિન્દ છોડો'નું આંદોલન શરૂ થયું અને એ પત્રને સરકાર બંધ કરે એ પહેલાં જ એનું પ્રકાશન બંધ કરવામાં આવ્યું. ૧૯૪૫માં એ ફરી શરૂ કરવામાં આવ્યું ત્યારે રામરાવે 'હિંદ છોડો' આંદોલન દરમિયાન બલિયા અને આઝમગઢમાં ગુજારાએલા અત્યાચારોની અતિ ભીષણ કથા પ્રગટ કરીને નવી સનસનાટી મચાવી.

જેલમાંથી છૂટ્યા પછી રામરાવે જુદાંજુદાં અખબારોનાં વિવિધ શીર્ષક હેઠળ વિવિધ પ્રકારના લેખો લખવાનું સ્વીકારેલું. એ દરમિયાન ગાંધીજીના સાન્નિધ્યમાં રહેવાનો અવસર એમને સાંપડી ગયો. ગાંધીજીને મળવા આવતા દેશપરદેશના તમામ પક્ષોના અને વર્ગોના અગ્રણીઓ દ્વારા પણ ઘણી લેખનસામગ્રી એમને મળી રહેતી. 'મહાત્મા ગાંધી સાથેના ખાસ બાતમીદાર તરફથી' એમણે સંખ્યાબંધ વર્તમાનપત્રોમાં વર્ધા સેવાગ્રામથી લખાણો મોકલવા માંડયાં. ગાંધીજીની સાથે પ્રવાસ કરવાનો અને મહત્ત્વની મંત્રણાઓના સાક્ષી રહેવાનો પણ તેમને સારો લાભ મળ્યો. શ્રી રામરાવ માટે ગાંધીજીને પણ માન હતું અને શ્રી મહાદેવભાઈ દેસાઇએ શ્રી રામરાવને જણાવ્યું હતું કે, 'તેઓ (ગાંધીજી) 'હેરલ્ડ'ને ચાહે છે અને તમે પણ તેઓને ગમો છો. તેઓ તો તમને લડતા તંત્રી (Fighting Editor) કહે છે.'

સંયુક્ત પ્રાંતના ગવર્નરપદે સર મોરીસ હેલેટ હતા અને એમની સામે રામરાવને 'નૅશનલ હેરલ્ડ' પત્રના સંપાદન અંગે સતત ઘર્ષણ રહ્યા કરતું હતું. કોઈ પણ હિસાબે એ પત્ર બંધ થાય એ જોવા હેલેટ ઝંખતા હતા. પણ 'હિંદ છોડો'ના આંદોલન અંગે 'હેરલ્ડે' પોતે જ આત્મવિલોપન કર્યા પછી જ્યારે '૪૫માં તેનું પુનઃ પ્રકાશન થયું ત્યારે રામરાવે 'ગુડ મૉર્નિંગ સર મોરિસ, હાઉ ડુ યુ ડુ?' (Good morning Sir Moris, How do you do?) એવા શીર્ષક હેઠળ ભારે વ્યંગાત્મક લેખ લખ્યો. રામરાવે પોતે નોંધ્યા પ્રમાણે નવા વાતાવરણમાં આ લેખ નેહરુને ગમ્યો ન હતો.

એ અંગે નાપસંદગી વ્યક્ત કરતો એક પત્ર સામાન્ય રીતે હાથોહાથ મોકલતાં નેહરુએ, કોણ જાણે કેમ, ટપાલ દ્વારા મોકલ્યો. છૂપી પોલીસ ખાતાએ એ પત્ર ફોડયો. એમાંથી નેહરુનું વલણ જાણી સરકાર સહજ રીતે જ 'હેરલ્ડ'ની જામીનગીરી લેવા પ્રેરાઈ. '૪૨ની ઑગસ્ટ-ક્રાન્તિ દરમિયાન શાસન તરફથી ગુજરેલા અત્યાચારો પર પણ તેમણે વેધક પ્રકાશ પાડવા માંડયો. બાલ્લિયા અને આઝમગઢના કરપીણ અત્યાચારોની વિગતોએ લોકોનાં રૂંવાં ખડાં કરી દીધાં. પણ એની સાથે હેરલ્ડનું ભાવિ જોખમમાં આવી પડ્યું. રાજકીય દૃષ્ટિએ સંજોગો પલટાવા લાગ્યા હતા. દેશમાં દરેક પત્રકાર માટે યશસ્વી ને સુંદર કામગીરીની તકો મળે એવી ઘટના બની રહી હતી. રામરાવે પણ એ તકો ઝડપી પણ બદલાએલું વાતાવરણ એમના જેવા સતત સંઘર્ષશીલ પત્રકારને ખૂંચવા લાગ્યું પરિણામે એમણે 'હેરલ્ડ'માંથી વિદાય લીધી.

હવે તેઓ આંધ્ર ભણી વળ્યા. ડૉ. પટ્ટાભી સીતારામૈયા મદ્રાસના 'સુબોધય પબ્લિકેશન્સ' દ્વારા અખબાર પ્રગટ કરવા ધારતા હતા. એ અંગે રામરાવને આમંત્રણ આપેલું પણ આ પત્ર નીકળ્યું જ નહિ એટલે થોડો સમય સક્રિય પત્રકારત્વમાં તેઓ નિષ્ક્રિય રહ્યા. દરમ્યાન આઝાદી આવી ને દેશમાં નવું વાતાવરણ નિર્માયું હતું. છૂટક લખવા ઉપરાંત પત્રકારોને તાલીમ આપવાની શાળાનો અખતરો પણ રામરાવે કરી જોયો.


૧૯૪૮ની આખરમાં પટણાના 'સર્ચલાઈટ'નું તંત્રીપદ તેઓએ સ્વીકાર્યું. પણ પત્રમાં સંચાલકો સાથે તેઓ સતત સંઘર્ષમાં રહ્યા હતા અને ૧૯૫૦ના નવેમ્બરમાં કશું જ કારણ આપ્યા વિના એમને છૂટા કરવામાં આવ્યા હતા. આમ, એમણે ૪૦ વર્ષની કારકિર્દીમાં ૨૫ ઉપરાંત પત્રોમાં કામ કરેલું. છૂટક કામગીરી તો એથીય વધારે પત્રોમાં કરી હતી પણ એ તમામમાં 'નૅશનલ હેરલ્ડ'ના તંત્રી તરીકેની એમની સેવા એ તેમના ઝળકતા પત્રકારત્વના શિરમોર સમી હતી.

૧૯૪૯માં જવાહરલાલ નેહરુ અમેરિકાના પ્રવાસે ગયા ત્યારે એમની સાથે ગએલા પત્રકારોમાં રામરાવ પણ હતા. અમેરિકા ઉપરાંત, એમણે એ વેળાએ ફ્રાન્સ, યુનાન, ઇટલી, કૅનેડા, સ્વિત્ઝરલૅંડ, બ્રિટન ને આરબ પ્રજાસત્તાકની પણ મુલાકાત લીધી હતી, બ્રાઝિલના સાઓ પાઓલો ખાતે યોજાએલા વિશ્વપત્રકાર સંમેલનમાં પણ ભારતના પ્રતિનિધિ તરીકે એમણે હાજરી આપી હતી.

૧૯૫૨-૫૪નાં બે વર્ષો દરમિયાન રામરાવ રાજસભામાં નિયુક્ત થએલા સંસદ્‌સભ્ય હતા. એ વખતે પંચવર્ષીય યોજનાના પ-

કાશનની પ્રવૃત્તિ પણ તેમના હાથમાં હતી. આ વેળા વ્યવસાયી પત્રકારોને સંગઠિત કરવામાં એમણે મહત્ત્વનો ફાળો આપ્યો હતો. કૉંગ્રેસના સભ્ય હોવા છતાં પત્રકારોની સ્વતંત્રતા પર તરાપ મારતું પ્રેસ-બિલ ગૃહપ્રધાન કાત્જુએ રજૂ કર્યું ત્યારે પક્ષની શિસ્તની અવગણના કરીને તેઓએ સંસદ્‌માં એનો જબ્બર વિરોધ કર્યો હતો. અખિલ ભારતીય તંત્રી પરિષદ્‌ના સભ્ય હોવા ઉપરાંત વ્યવસાયી પત્રકાર સંઘની રચના કરવામાં પણ તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો હતો. તેઓ કહેતા: 'પત્રકારોએ હમેશાં સરકારના વિરોધમાં જ રહેવું જોઈએ. તો જ તેઓ જનતા પ્રત્યેનું પોતાનું કર્તવ્ય બરાબર બજાવી શકે. જો સરકાર પરદેશી હોય તો આ વિરોધ શત્રુવત્ હોવો જોઇએ; જો સરકાર સ્વદેશી હોય તો આ વિરોધ મિત્રવત્ હોવો જોઇએ.' આવા એક સમર્થ અને તેજસ્વી પત્રકારને રાષ્ટ્રપિતા ગાંધીજી 'સંઘર્ષશીલ – લડતા સંપાદક' તરીકે ઓળખાવે અથવા આપણા પીઢ રાજપુરુષ રાજગોપાલાચારીય 'પ્રિય નિર્ભીક' કહીને એમની નીડરતાને બિરદાવે એ રામરાવની બળવાન કલમને અપાએલી યથોચિત અંજલિ કહેવાય. આવું સતત સંઘર્ષશીલ જીવન જીવીને ભારતની સ્વતંત્રતાના અને સ્વતંત્ર ભારતના ઘડતરના સાક્ષી બનેલા રામરાવનું નામ ભારતીય પત્રકારત્વના ઇતિહાસમાં દીર્ઘ સમય પર્યંત અંકાએલું રહેશે.

શતરંજનો કોયડો



H. RINCK

સ્થિતિ: 6q1/6p1/2k4p/R6B/p7/8/2P3P1/2K5.

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું. અહીં સફેદના એક હાથી ને એક ઊંટના બદલામાં કાળા પાસે વજીર અને એક પ્યાદું છે એ એની વધુ સબળ સ્થિતિ બતાવે છે, છતાં વજીરની પરિસ્થિતિનો લાભ લઈને સફેદ સુંદર રીતે તેને ઝડપી લે છે. (ઉકેલ પૃ. ૩૮૩ પર) સુરેશ મોદી

લેખક - ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

વિવિધ માંદગીમાં ખોરાક

હોજરી ને આંતરડાના રોગો
યકૃત (કલેજા)ના રોગો
રક્તક્ષય ને જ્ઞાનતંત્રના રોગો
શ્વસનમાર્ગના રોગો

હોજરીમાં ખોરાકનું ખાસ પાચન થતું નથી. હોજરીનો મોટો ભાગ કાઢી નાખ્યો હોય તો પણ એમાંથી આંતરડાંમાં ગએલા ખોરાકનું શોષણ થાય છે, એટલે હોજરીના રોગોમાં તેમાં થઈને સરળતાથી ખોરાક ગ્રહણીમાં જાય એવા આહારની આયોજના થવી જોઈએ. આ ખોરાક પ્રમાણમાં ઓછો અને ખૂબ જ ચાવેલો જોઈએ જેથી હોજરીને ઓછું કામ ઉપાડવું પડે. આ માટે વનસ્પતિ ખોરાક કરતાં પ્રાણિજ ખોરાક વધુ સારો ગણાય છે. વળી, તે બબ્બે કલાકના આંતરે થોડો થોડો લેવો જોઈએ. આમાં દૂધ, ઘી અને માખણ ઘણાં માફક આવે છે, પણ ઘી કે તેલમાં તળેલો ખોરાક અનુકૂળ નથી.

દારૂના વ્યસન અને ખાનપાનની બેદરકારીથી કે ભૂલથી હોજરીનો સોજો (ગૅસ્ટ્રાઇટિસ) થઈ આવે છે. એમાં હોજરી એટલી આળી બને છે કે અધોળ જેટલું દૂધ પણ તેમાં ટકતું નથી. પીધું કે તરત જ ઊલટી થાય છે. આ સ્થિતિમાં રોગીને ખોરાક આપવાનું મુશ્કેલ બને છે. એટલે શરૂઆતમાં દર બે કલાકે ખાંડ વગરનું એક ઔંસ દૂધ અને ઈંડાંનો બાધ ન હોય તો સવાર બપોર ને સાંજ દૂધ ને ઈંડાં લઈ શકાય. રાતના પણ બે વખત દૂધ લેવું જોઇએ. દૂધ પથ્ય નીવડે તો ત્રીજા દિવસથી રોજ તે દર વખતે અડધાથી બે ઔંસ વધારતા જઈ દર ટંકે ચાર-પાંચ ઔંસ અપાય ત્યાં સુધી પહોંચ્યા બાદ દૂધમાં ઑવલ્ટાઇન, બૉર્નવિટા કે હૉર્લિક્સ આપી શકાય. અગર તો સાબુચોખાની કાંજી અથવા ખૂબ ચડેલા ભાત અને દૂધ આપવાં.

આટલો ખોરાક લેતાં રોગની વેદના કે લક્ષણ ન વરતાય તો ધીરેધીરે રોજિંદો સાદો હળવો ખોરાક આપવામાં વાંધો નથી. દારૂનો વ્યસની યોગ્ય ખોરાક પામતો ન હોવાથી તેને વિટામિનોનું મિશ્રણ કે તેની ગોળીઓ આપવી જોઈએ.

હોજરીના ચાંદા (ગૅસ્ટ્રિક અલ્સર) વખતે રોગીને દુઃખ ને ભૂખ બન્ને પીડાકારી નીવડે છે. આ સમયે હોજરીમાં જેટલો બને તેટલો ઓછો ભાર પડે એ જાળવવા દૂધ કે દૂધ ને ઈંડાંનું મિશ્રણ પથ્ય નીવડે છે એમ લેન્હાર્ટ કહે છે. દર બે કલાકે એક ઔંસ દૂધથી શરૂઆત કરી રોજ દર ટંકે અરધો ઔંસ વધારતા જઈ, દર ટંકે પાંચ ઔંસ સુધી પહોંચવાનું છે. પહેલા બે દિવસ ખાંડ વગરનું દૂધ ને ત્રીજા દિવસથી ટંકે થોડી ખાંડ ઉમેરીને દૂધ આપી શકાય. જો રોગીને પેટની પુષ્કળ પીડા અને ઊલટી ન હોય તો તેને દર બે કલાકને આંતરે પાંચ ઔંસ દૂધ અને દિવસમાં ત્રણ વાર દૂધ સાથે ખૂબ ચડેલા ભાત, બિસ્કીટ કે રોટલી આપી શકાય. આમિષાહારીને દિવસમાં બે વખત દૂધ ને ઈંડાં અને એક વાર થોડા મીઠાવાળી બાફેલી માછલી ને દૂધ આપી શકાય. વેદના અને ઊલટીવાળા રોગીને તો માત્ર દૂધ કે દૂધ ને ઈંડાં જ આપવાં. કાચા કરતાં બાફેલું ઈંડું વહેલું પચે છે. ચોથા દિવસ બાદ રોજ રોગીને લિંબુનો રસ અથવા ૫૦ થી ૧૦૦ મિલિગ્રામ વિટામિન સી ગોળી રૂપે આપી શકાય.

ઉપરના પોષણદાયી ખોરાકથી હોજરીના ચાંદાની જલદી રૂઝ આવે છે. હોજરીના પાચકરસમાં ઍસિડનું પ્રમાણ ઘટે છે. થોડા થોડા પ્રમાણમાં ખોરાક આપવાથી હોજરીની ક્રિયા હળવી બને છે.

આવા રોગીએ તળેલા કે રાંધેલા કાંદા, અથાણાં-ચટણી, મરીમસાલા, પાપડ, કોઈ પણ રૂપમાં બટાટા, ખાટાં ને કાચાં ફળ, તળેલા ચીકણા ખોરાક, ખાટું પનીર, ખાટાં પીણાં, કૉફી, કડક ચા અને સરકાને તો સદાને માટે ત્યજવાં આવશ્યક છે.

અજીર્ણની સ્થિતિમાં ખાધા પછી શરીર ભારે થાય છે, પેટમાં વાયુનો ભરાવો થાય છે જે ઓડકાર આવ્યાથી કે મળત્યાગ પછી હળવો પડે છે. આ સ્થિતિમાં જલદી પચે એવો સારી રીતે રાંધેલો ને સેકેલો ખોરાક લેવાનો છે. ન પચે એવો ખોરાક છોડી જ દેવો. વળી, વખતસર જ અને પુષ્કળ ચાવીને ખોરાક ગળે ઉતારવો. મિષ્ટાન્ન, અથાણાં, તળેલો ખોરાક, મગ સિવાયનાં કઠોળ વગેરે અપથ્ય છે. ઘી અને બીજી ચરબી પણ ઓછી ખાવી, મગફળી અને સૂકો મેવો થોડાં ખાવાં. આ રોગીને લિંબુ સંતરાં ને પપૈયાં સારાં માફક આવે છે, જ્યારે કુબિજ ગુવાર ને ચોળાફળી જેવાં શાક ત્યાજ્ય ગણવાં.

ખાધા પછી તરત જ પીડા થાય તો તે હોજરીના પાચકરસોમાં ઍસિડના અભાવ (એકલોરહાઇડ્રિયા)ની સ્થિતિ દર્શાવે છે. પાચકરસોની તપાસ બાદ એની ખાતરી થઈ શકે. આ સ્થિતિમાં ખાવામાં મીઠું, મરચાંમસાલા ને અથાણાંચટણીનું પ્રમાણ ઘટાડી નાખવું. ચરબીયુક્ત ખોરાક લેવાથી હોજરીમાં તેની ઝડપી ગતિ ઓછી થાય છે કે અટકે છે. ખાતી વખતે પાણી કે પ્રવાહી ઓછાં લેવાનાં છે, પણ ખાધાના અડધા કલાક પહેલાં કે ખાધા પછી બે કલાકે તે જોઈતા પ્રમાણમાં લઈ શકાય.

વાયુકારી અજીર્ણમાં હોજરીમાં ભાર વધારે એવાં લીલોતરી શાકપાન ત્યજવાં. બટાટા થોડા ખાઈ શકાય છે. લિંબુ કે મોસંબીનો રસ માફક આવે. પ્રવાહી ખોરાક ઘટાડી કોરો ખોરાક લેવો. પાણી પણ ખાધા પછી બે કલાકે લેવું. આ સ્થિતિમાં ખોરાકમાંથી વાયુ નીપજતો નથી, પણ ખાતી વખતે ગળેલી હવાની પજવણી હોય છે. આનો ત્રાસ બહુ હોય તો નવશેકું પાણી થોડા ઘૂંટડા પીવું.

આંતરડાંના રોગોનાં બે લક્ષણો છે. કાં તો ઝાડા થાય કે બંધકોષ પજવે છે. મરડો અને અલ્સરેટિવ કોલાઇટિસ નામના રોગોને કારણે પણ આવી સ્થિતિ આવી પડે છે.

ઝાડા વખતે ખાવાનું બંધ કરાવી ચોખાનું પાણી, જવનું પાણી, લિંબુ કે નારંગીના રસમાં ખાંડ ભેળવીને આપી શકાય. આખા દિવસમાં છ ઔંસ જેટલી ખાંડ આપવી. દર એક કે બે કલાકે પાણી કે ઉપરનાં પ્રવાહી ચારથી છ ઔંસ જેટલાં આપવાં. ઝાડાની તીવ્ર સ્થિતિમાં પુષ્કળ પાણી વહી જાય ત્યારે રોગીને ઍાસ્પિટલમાં ગ્લુકોઝ સેલાઈનનું પાણી નસ વાટે આપવામાં આવે છે. ઝાડા બંધ થયા બાદ દૂધ, દૂધભાત કે દૂધની કાંજીથી ખોરાકની શરૂઆત કરવાની છે.

ઝાડા મરડો કે કોલાઈટિસની ચિરકારી (ક્રૉનિક) સ્થિતિમાં શાકપાન અને ફળો અપથ્ય અને ઓછા અવશેષવાળા ખોરાક પથ્ય છે. ખોરાક પચ્યા બાદ તેના અવશેષ વધારે રહે તો તે ઝાડા કરનાર નીવડે છે. પથ્ય ખોરાકમાં દૂધવાળી ચા કે કૉફી, દૂધ સાથે મમરા કે કૉર્નફ્લેક, બાફેલાં ઈંડાં કે બાફેલી માછલી, પાંઉ ને માખણ, બિસ્કીટ, મધ, બાફેલા બટાટા, દૂધની કાંજી, ખાંડવાળો મોસંબી કે લિંબુનો રસ છે. આ યાદીમાંથી આખા દિવસના ખોરાકની આયોજના કરવી. ખૂબ શાંતિથી ખાવું ને ખાધા પછી થોડો આરામ કરવો.

બંધકોષમાં શાકભાજી, ફળો, થૂલાવાળી ભાખરી ખાવાની અને

પુષ્કળ પાણી પીવાની સલાહ આપવાનું સામાન્ય છે, પણ એ તો મોટા આંતરડાની સુદૃઢતાની ખામીના લીધે બંધકોષ હોય તો. કેટલાકને દૂધથી યે બંધકોષ થાય છે, એટલે એમને આ કૉફી પણ બંધકોષ વધારનાર થઈ પડે તો નવાઈ નહિ.

બંધકોષ થવાનું મોટું કારણ આંતરડાંનો સંકોચ છે. સંકોચના કારણે આંતરડાં રબરની નળી જેવાં કઠણ બની એમાંથી મળ ખૂબ ધીમેથી પસાર થાય છે. આ સ્થિતિમાં ફળ અને શાકભાજીના રેષાઓ છાલ ને બીમાંથી તથા થૂલાવાળી ભાખરી કઠોળ મગફળી વગેરેથી સંકોચમાં વધારો થાય છે. જમણી કૂખમાં ચૂંક ઊપડે છે એટલે ખોરાકમાં મેંદાની રોટલી માખણ ઘી દાળભાત મધ દૂધ માછલી ઈંડાં પથ્યકર છે.

હાજતને ટાળવાથી કે ઠેલવાથી પણ બંધકોષ થાય છે. એમાં ખોરાકથી કશો લાભ થતો નથી, પણ રોજ સવારસાંજ નિયમિત મળત્યાગ માટે બેસવાની ટેવ પાડવાથી સ્થિતિ સુધરે છે.

યકૃત(કલેજા)ના રોગોમાં

સામાન્યરીતે યકૃત (કલેજા)ના રોગોને લીધે થતાં બે લક્ષણો બહુ ધ્યાન ખેંચે છે : એક જલોદર અને બીજું કમળો.

જલોદર થવાનાં કારણોમાં કલેજાનું ફેટી ડિજનરેશન અને સિરોસિસ છે. આ થવાનાં કારણોમાં અનુક્રમે ડાયાબિટિસ અને દારૂનું વ્યસન છે. દારૂના વ્યસનમાં સત્ત્વહીન ખોરાક પ્રોટીન અને વિટામિનોની ન્યૂનતાને કારણે કલેજામાં બગાડો થાય છે. એને સુધારવા માટે પ્રથમ તો વ્યસનીએ દારૂ છોડી દેવો જોઈએ. બે પિન્ટ સેપરેટ દૂધ અને બે ઔંસ પનીર લેતા રહેવાથી ઉચ્ચ પ્રકારનાં પ્રોટીન અને મિથિયોનાઈન મળે છે. રોજ સો ગ્રામ પ્રોટીન લેવું જોઈએ. ચરબી ઘટાડવા માખણ ઘીનું પ્રમાણ તદ્દન ઓછું કરી નાખવું. માંસ ને મચ્છી તદ્દન વર્જ્ય છે. ઔષધરૂપમાં વિટામિનો લેવાનાં છે.

કમળામાં પથ્યાપથ્યની બધાંને જાણકારી છે. ખોરાકમાં વધારે શુકધાન્યો કઠોળ ને ઘણી ઓછી ચરબી લેવાનાં છે. દૂધ લઈ શકાય, પણ ચરબી વગરનું. ઈંડાં ને માછલી વર્જ્ય છે.

કલેજાના રોગોમાં જેમ પેટમાં પાણી ભરાય છે તેમ હૃદય ને મૂત્રપિંડના રોગોમાં પગ અને ચહેરા ઉપર પાણીના સોજા આવે છે. આ સ્થિતિ વખતે દાક્તર ખોરાકમાં મીઠું ઓછું ખાવાની સલાહ આપે છે. હૃદયના રોગોમાં લોહીના ઊંચા દબાણને લીધે થતો હૃદયનો રોગ ધ્યાનપાત્ર છે. બીજા બે રોગ એન્જાઈના અને કૉરૉનરી થ્રૉમ્બોસિસ છે. એમાં જો શરીરનું વજન વધારે હોય તો તે ઘટાડવાનું છે જેથી હૃદય ઉપર કામનો બોજો ઘટે.

રક્તક્ષયમાં

શરીરને પ્રાણવાયુ પૂરો પાડવાનું કામ લોહીની અંદર રહેલા અસંખ્ય લાલકણો કરે છે. લોહીના લાલ રંગ અને એનું આ જીવનદાયી કાર્ય એ કણોમાં રહેલા હેમોગ્લૉબિનને આભારી છે. હેમોગ્લૉબિનમાં લોહ છે જે ચામડીને ગુલાબી રંગ આપે છે. લોહીમાં હેમોગ્લૉબિનની ઓછપ એટલે રક્તક્ષય (ઍનિમિયા)ની સ્થિતિ. રક્તક્ષયની સ્થિતિમાં લોહયુક્ત ખોરાક આવશ્યક છે. ગોળ, સૂકો મેવો, ઘઉં, લીલોતરી શાક, કાકડી, ટમેટાં, ઈંડાં, કલેજું, મગફળીની ગોળમાં બનાવેલી ચિક્કી, થૂલાવાળો લોટ તથા શુકધાન્યમાં લોહ ને તાંબુ સમાએલાં છે.

ફળોમાં જોકે લોહ ઓછું છે, પણ આમાંથી મોટા ભાગનું સીધું લોહીમાં જાય છે. કેરી જામફળ ખજૂર અંજીર પીચ મગફળી આમલી ગાજર ને ગોળમાંનું લોહ સારી રીતે શોષાય છે. ગુણની દૃષ્ટિએ અનુક્રમે કલેજું મૂત્રપિંડ જરદાલુ અને ઈંડાં લોહીને સમૃદ્ધ કરનારા ખોરાકો છે.

પુખ્ત વયના માનવીને રોજ પાંચ મિલિગ્રામ લોહની જરૂર છે. યુવાન સ્ત્રીને આનાથી બે ગ્રામ વધુ અને સગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ મહિનામાં આથી પણ વધારે લોહની તેને જરૂર પડે છે.

શ્વસનમાર્ગના રોગોમાં

ખાવા સંબંધી વિચારણા માગી લે તેવા શ્વસનમાર્ગના ત્રણ રોગો છે, ઉધરસ ક્ષય અને દમ. ઉધરસ (બ્રૉન્કાઈટિસ)માં ગરમ દૂધ કે ચાના ઘૂંટડા લેવાથી કફ છૂટો પડી બહાર નીકળે છે ખોરાકના કોઈક પદાર્થ જેવા કે ઘઉં ઈંડાં ભાત ને દૂધથી ઘણી વાર દમનો હુમલો શરૂ થાય છે. આ બાબતમાં રોગીએ પોતાને માફક ન આવતા ખાદ્ય પદાર્થો જાણી લઈ તે છોડી દેવા જોઈએ. (ચાલુ)

અનુસંધાન] રંગગઠરિયાં [પૃ. ૩૯૮થી


સજાવાય છે. આ તો નાટકશાળા છે, ત્યાં આવું હોય એમાં શો વાંધો? વળી લગ્ન તો એક દિવસનો ખેલ છે, એમાં ક્યાંક વાંધોવચકો અણસમજ ગેરસમજ ઊભાં થાય તો એ લગ્ન ઉચ્છેદાઈ પણ જાય, અને બીજાની વેતરણ શરૂ થાય, એવું પણ બને છે. ભાઈ, માણસોને જાતજાતના શૉખ, એકના શૉખને બીજો હસે, એ કંઈ ઠીક ન કહેવાય.

રેસિડન્ટ થીએટરમાં કૉમેડી જોવા મળે, જોઈ 'ગિરેદોની એક બદનારી'. કમર થીએટરમાં શિલરનું 'કબાલે' અને 'લીબે' જોયું. ઈન્ટીમેટ થીએટરમાં મોપાસાંની એક વાત પરથી નિપજાવેલો 'ફ્લાગરાન્ટી' નાટક જોયો. એમ યુથ થીએટરમાં, જર્મન થીએટરમાં, મ્યુનિખ થીએટરમાં, થીએટર ૪૪માં જાતજાતનાં નાટકો જોયાં. ૪૪માં ૪૪ બેઠકો જ, પણ સરસ. શહેરમાં ફરતાં ચાલો તો મેરિઓનેટનું, પપેટનું, બાળકોનું, એવાં ઠેરઠેર થીએટરો છે, યુનિવર્સિટીનું અલાયદું અને ઉપરાંત, ઈવ, મોલારૂઝ ઈન્ટરમેઝો, ફેમિના, બોંગો, લોલા હેરમ લીલીમારલીન એવી નાની કાબારે માટે કલબ નાટકશાળાઓ તે જુદી. સંગીત હૉલ, કૉન્સર્ટ માટે પણ એટલા જ ભરચક; ચિત્રપ્રદર્શન માટેના વિશાળ ખંડો મોજૂદ. જાઓ જ્યાં જીવ બહેલાવવો હોય ત્યાં. ઈસરને કાંઠે વિવિધરીતે સજાવેલા બાગ, એમાં ક્યાંક જઈ બેસો. બાલે ઓપેરા તો આપણે ગણાવ્યા જ નહિ. મીડિયાનું નાટક દેશદેશાવરમાં કેટલી ભાષામાં જોયું હતું. માદામ કાલાસ જેમાં ગાય એ ઓપેરાની પણ આપણે વાત કરી ગયા છીએ, અહીં બાલે નૃત્યમાં મીડિયા જોયું. વાઘણ, નાગણ જેવી ઝેરીલી ઉશ્કેરાએલી બાઈ, માનવોને ડસી ફાડી ખાય, અને એમ કરે તો એમ કરવાને એ હકદાર છે એવું એક વાર કબૂલ પણ કરવું પડે. એવી સંવેદનાઓ નૃત્યમાં ઉપસાવનાર બાલે અહીં નવી બાંધેલી ઓપેરામાં જોયો. ડચુસલડોર્ફમાં યુરિપીડિસના આ નાટકમાં મેરિયા વીમરને મીડિયા તરીકે જોઈ હતી, અહીં વેરનોન અને એડિથને નૃત્યમાં જોયા. વેર કિન્નો ઝનૂન આગના ભડકા જેવી ક્રોધની જ્વાળાઓ, અંગમરોડમાં ખુન્નસ, અંગારા વરસે એવી શાપવર્ષા, ઉન્માદે ચઢેલા મનની રક્તપિપાસા, એની તૃપ્તિ, એ બધુ જેસન, એની પહેલી વહુ અને નવી પરણેતર ત્રણેએ તાદૃશ કરી બતાવ્યું.


કલકત્તામાં રહેતા મારા નટ નાટકકાર મિત્ર તરુણ રૉય મીડિયાનો અનુવાદ કરવા મને કહ્યા કરે, અને એ ભજવવા હોંસ ધરે, પણ આટઆટલી વાર વાંચ્યા બાદ, એને હેલસિન્કી, લંડન, પારિ(સ), વૉરસો, ઍથેન્સ, મ્યુનિખમાં જોયા બાદ હામ ભીડાતી નહોતી, તે હવે એ કામ તરુણ માટે હાથમાં લીધું, અહીં ગુજરાતીમાં તો એવી કારમી કારુણિકા ભજવવા વિચાર સરખો પણ કોણ કરે? અને ખાસ કરીને જ્યાં પ્રેક્ષકવર્ગ કેવળ અણસમજનું કે અટકચાળિયું હસવામાં જ ટેવાતો જાય છે, જ્યાં રસવૃત્તિનો પારો ઉતાર પર તે મીંડાથી પણ નીચે ઊતરતો જતો હોય ત્યાં યુરિપીડિસની મીડિયાનો વિચાર કોણ કરે? (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં કુમાર ૨૧૯ નવેમ્બર ૧૯૪૧ અંક ૨૧૯

કલાની ઉપાસનામાં જ જીવનનો મોટો ભાગ વ્યતીત થયો હોવા છતાં એ કાળના અન્ય સહધર્મીઓ અને ઉત્તમ સાધકોનો પરિચય મેળવવા, એમની કલાપ્રવૃત્તિ અને પ્રચારનું સાક્ષાત્ નિરીક્ષણ કરવા, નવા કલાપ્રયોગો જનસમાજને કેટલા સદ્યા છે અને કલાના આદર્શોમાં કેટલું સામ્ય છે એ સમજવા; પ્રાચીન કલાપરંપરાઓ કેટલી જળવાએલી છે, ભૂતકાળના અવશેષો નવા સંસ્કૃતિવિધાનમાં શો ફાળો આપી શકે એમ છે એ પ્રત્યક્ષ કરવા આજથી પચ્ચીસ વર્ષ પહેલાં શ્રી રવિશંકર રાવળે ઉત્તર ભારતની જે સંસ્કારયાત્રા ખેડેલી તેના વિગતસભર વર્ણનના પહેલા હપતા રૂપે અનેક ચિત્રો સાથે શાંતિનિકેતનના પરિચયથી આરંભ પામેલા એ અંકમાં પણ ગુરુત્વાકર્ષણના બળ ઉપર સંપૂર્ણ પ્રભુત્વ જમાવવાની ભૂમિકા પર ગૂંથેલી એક લાંબી વિજ્ઞાનવાર્તા પ્રકટ થઈ હતી. વળી, 'કુમાર'ની પ્રણાલિ અનુસારની અન્ય વિવિધ સામગ્રી પણ ખરી જ, પણસ્થળસંકોચને કારણે એનો રસાસ્વાદબાજુએ મૂકી પુરાતત્ત્વનો એક નવો પાઠ જોઈએ :



ડાબી બાજુ: પંચાસરનાં પાંચ તળાવમાંના એક સુકાઈ ગએલા સરોવરમાં એક કૂવો ખોદતાં નીકળી આવેલી શિલ્પસમૃદ્ધિમાંની એક આરસપ્રતિમાનું રેખાલેખન, જેમાં પ્રાકચૌલુક્ય કાળનું મૂર્તિવિધાન નજરે પડે છે.



પાંચ સરોવરો સાથે પંચાસર તથા તેની આજુબાજુનાં સ્થળો

ભૂતકાળની શોધમાં પાંચ સરોવરોવાળા પુરાણા પંચાસર પહોંચેલા લેખક શ્રી અમૃતલાલ પંડ્યા ત્યાંની વાત કરતાંકરતાં ઈંટો ઉપરથી પુરાતત્ત્વસંશોધનનાં પ્રમાણો બાંધવાનો પાઠ શીખવતાં લખે છે :

'જૂની ઇમારતોની પ્રાચીનતા સંબંધી પ્રાથમિક ધોરણ બાંધવાની અનેક રીતોમાં ઈંટોનાં માપનો પણ સમાવેશ થાય છે. જુદાજુદા ઇતિહાસ-કાળોમાં જુદાજુદા વિસ્તારમાં ઇમારતોની બાંધણીમાં ઈંટોનાં માપનું ચોક્કસ ધોરણ રહેતું આવ્યું છે. અહીં ઉત્તર હિંદ ને ગુજરાતમાં જુદાજુદા ઇતિહાસકાળો દરમિયાનની ઈંટોનાં સામાન્ય ધોરણની યાદી નીચે આપી છે. આ યાદીના આધારે કોઈ પણ માણસ પોતાના ગામની પ્રાચીનતા વિષે પ્રાથમિક ધોરણ બાંધી શકે.'

'જયશિખરીની સમાધિ' કહેવાતા સ્થળે હું ગયો. પંચાસરથી ઓતરાદું, વીસ ફૂટ ઊંચા એક ટેકરા ઉપર એ સ્થળ આવેલું છે. ટેકરાની આજુબાજુ નાશ પામેલી પુરાતન ઇમારતોના ભાંગેલા પાયાની ઈંટો સપાટી ઉપર નજરે પડતી હતી. કેટલીક ઈંટોનું મેં માપ લીધું. બધી ૧૪½ × ૧૧ × ૨½ ઇંચના માપની હતી. એટલે કે આ ઈંટોની બનેલી ઇમારતો ગુપ્ત અને ચૌલુક્ય(સોલંકી)કાળના વચગાળામાં એટલે કે અસલના પંચાસરના ચાપોત્કટ કાળમાં હયાત હોવી જોઈએ. ટેકરાની ટોચે ચાપોત્કટ કાળનો એકે પાળીઓ જણાયો નહિ; બધા

ઉત્તર હિંદ તથા ગુજરાતના પ્રદેશોમાંથી વિવિધ કાળમાં જે જે માપની ઈંટો મળી આવે છે તેનો કોઠો (માપ ઇંચમાં)

સમય	ઉત્તર હિંદમાં		ગુજરાતમાં	
ઈ. પૂર્વે ૩૦૦૦ લગભગ	મોહેં જો ડેરો . .	૧૧×૫¾×૨¾	રંગપુર	૧૧×¾×૫¾×૨¾
ઈ. પૂર્વે ૪૦૦થી ૨૦૦ (મૌર્યકાળ)	ભીટા, કસિયા (પ્રાચીન કુશીનારા)અને સારનાથ	૨૦×૧૪½×૩¾થી ૧૮ × ૧૦ × ૨¾		
ઈ. પૂર્વે ૧૫૦થી ઈ.નો પ્રારંભ (શુંગકાળ)	ભીટા	૧૭½×૧૦¾×૨½		
ઈ.ના પ્રારંભથી ૩૦૦ (કુષાણ કાળ)	સારનાથ	૧૫×૧૦½×૨¾	પંચાસર	૧૪½×૧૧×૨½
ઈ. ૩૦૦થી ૬૦૦ (ગુપ્તકાળ)	સહેટમહેટ (પ્રાચીન શ્રાવસ્તી)	૧૪×૮×૨½		
ઈ. ૭૦૦થી ૧૦૦૦(ગૂર્જર પ્રતિહાર કાળ)	શ્રીમાળ, કનોજ ઇ. . .	૧૨×૯×૨	આશાવલ(હિંદુકાલીન અમદાવાદ)	૧૨×૯×૨½
ઈ. ૯૪૨થી ૧૨૯૭			સહસ્રલિંગના ખોદકામમાંથી નીકળી આવેલી દહેરીઓ (ચાલુક્યકાળ)	૯×૬×૨
ઈ. ૧૪૦૩થી ૧૫૭૩			ગુજરાત સલ્તનત	૭×૪½×૨
ઈ. ૧૫૭૩થી ૧૭૫૮			મોગલકાલીન ગુજરાત	૬½×૪×૧½

મુસ્લિમ કાળના હતા. એ જ વખતની થોડી દહેરીઓ પણ હતી. તેમાં જયશિખરીની સમાધિ તરીકે જાણીતી તે મોટામાં મોટી હોઈ બરોબર ટેકરાના શિખરે હતી. જયશિખરી સાથે એને કાંઈ સીધો સંબંધ હોય એમ લાગ્યું નહિ. આ સ્થળે પાટણ પૂર્વેની પંચાસરપુરીની ચાપોત્કટોના કાળની કોઈ ઐતિહાસિક ઇમારતના અવશેષો દટાએલા પડયા છે ને તેના ઉપર ધૂળનાં પડ બાઝી જવાથી તેનો આ ટેકરો બંધાયો છે. શક્ય છે કે એ ઇમારતને જયશિખરી સાથે કોઈ સંબંધ રહ્યો હોય અને તેની યાદગીરી લોકવાણીમાં સચવાઈ રહેતાં, એની ટોચે પછીથી થએલી આ એક છતેડીને જ ભોળા લોકસમાજે જયશિખરી સાથે સાંકળી દીધી હોય. આ ટેકરા નીચે ચાપોત્કટ કાળના પંચાસર અને તત્કાલીન ઇતિહાસ ઉપર પ્રકાશ પાથરનારી ઉપયોગી પુરાસામગ્રી મળી આવવાની શકયતા છે.

અહીંથી પછી પીરની વાડી નામે એક જગ્યાએ ગયો. ત્યાં મૃતપ્રાય બની ગએલી એક પુરાતન દહેરી નજરે પડી. એના શણગારમાં મને અણહિલ્લવાડ પત્તનની પ્રતિષ્ઠા પૂર્વેની ગૂર્જર શિલ્પકળાનાં દર્શન થયાં. ચૌલુક્ય કાળમાં ગૂર્જર શિલ્પ ઉપર પડેલા દાક્ષિણાત્ય ચાલુક્ય પ્રભાવથી મુક્ત એની કળા હતી. બહારની પાષાણ શિલાઓ ખરીખરીને અનેક સ્થળે અંદરની ઈંટો બહાર નીકળી આવી હતી. એ ૧૪½ × ૧૧ × ૨½ના માપની હતી. ચાપોત્કટ રાજ્યવંશમાં પંચાસરપુરી જ્યારે ગૂર્જર દેશની પાટનગરી હશે એ સમૃદ્ધિકાળના અવશેષ સમી એ લાગી.

એ પછી ટીંબાઓને ઓળંગતો હું જે પાંચ સરોવરોને કારણે આ પુરી પંચાસર કહેવાઈ ત્યાં પહોંચ્યો. ભાંગ્યા ભરૂચ સમી એ પુરાતનપુરીનાં આ સરોવરોમાં નિર્મળ નીરને બદલે ધૂળ ઊડતી હતી! ચોમાસામાં એ તળાવોમાં પાણી રહે છે, ને સુકાયા પછી લોકો ખાડાઓ ખોદી પાણી કાઢે છે. અરધા અરધા માઈલના ક્ષેત્રફળને રોકતાં આકડ, મોતીસર, નંદીસર અને વારોચી એ ચાર સરોવરોના અવશેષો ત્યાં નજરે પડતા હતા. પાંચમું સરોવર ગામથી જરા દૂર આવેલ સરાણમાં પથરાએલું હતું.

સરોવરની મધ્યમાં એક કૂવા પાસે હું પહોંચ્યો. કૂવો ખોદતી વેળા ભૂગર્ભમાંથી પ્રાચીન કાળનાં કેટલાંક આરસનાં જે શિલ્પો નીકળેલાં એ બધાં ત્યાં મૂકેલાં હતાં. એમાંની એક મૂર્તિનું રેખાચિત્ર આ સાથે આપેલું છે. પ્રાક્સોલંકી કાળનું મૂર્તિવિધાન એમાં નજરે પડે છે.'

અનુસંધાન] **રાજા રિચર્ડ ત્રીજો** [પૃ. ૩૯૫થી

ગરી. એડવર્ડ સંમતિ આપે ત્યાં જ રિચર્ડે એકદમ ઘટસ્ફોટ કર્યો : 'મહારાજ, ક્લૅરન્સ તો આપના ફરમાનથી કતલ થઈ ગયો.'

એડવર્ડના મુખ પરથી લોહી ઊડી ગયું. ઇલિઝાબેથ ફિક્કી પડી ગઈ. રાજાને સખત આઘાત લાગ્યો. ક્લૅરન્સની ભૂતકાળની સેવાઓ તેના સ્મરણમાં ઊભરાઈ આવી. 'અહોહો...કેર થઈ ગયો ! મારે માટે તેણે તલવાર કદી મ્યાન કરી નહિ. મને રાજનો તાજ પહેરાવ્યો. અરે, મારી ઉતાવળ...બેતમા...મારો ભાઈ મારે હાથે ભરખાઈ ગયો ! મને હવે કદી એની ક્ષમા નહિ મળે! ખુદા મને કદી માફ નહિ કરે...' એટલું બોલતાં એડવર્ડનું હૃદય એકદમ હાંફવા લાગ્યું. એની આંખોના ડોળા ચડી ગયા. એ બેહોશ બનીને ઢળી પડ્યો... ને ફરી કદી ઊઠ્યો નહિ !

ઇલિઝાબેથ શોકાતુર બની ગઈ. પતિ મૃત્યુ પામ્યો ને એના રાજકુમાર નોધારા બની ગયા. એ પોતાના ભાગ્યને રડતી હતી ત્યાં એડવર્ડનીમાતઃ—ડચેસ આવી. રાણીની આંખોમાં આંસુ ઊભરાયાં. ખૂબ દુઃખી થઇને ડચેસ તેને કહી રહી : 'બહેન, તેં તારો પતિ ખોયો, પણ મેં થોડા જ કાળમાં મારા બે બે પુત્રો ખોયા ! પ્રભુની જેવી મરજી !' બંને આંસુભરી આંખે એકબીજાને દિલાસો દઈ રહ્યાં.

નાનકડો રાજકુમાર ઇલિઝાબેથની પાસે હતો પણ મોટો, વારસદાર ઇંગ્લંડની બહાર હતો. પિતાના મૃત્યુના સમાચાર મળતાં જ તે ઇંગ્લંડ ભણી આવી રહ્યો હતો. રિચર્ડે રાણીને તથા માતા ડચેસને હૈયાધારણ આપી. એની વાણીએ એ બંનેમાં કંઈક વિશ્વાસ પ્રેર્યો. રાજકુમારો સગીર હતા અને હવે કાકા રિચર્ડની જ એમને છાંય હતી. તે જ કર્તાહર્તા હતો. તેના વિશ્વાસે જ હવે વહાણ હંકારવાનાં હતાં.

પરંતુ રિચર્ડ જુદી જ વેતરણમાં પડ્યો હતો. તેણે એડવર્ડની સમક્ષ વફાદારીના સોગંદ લીધા પછી થોડા જ સમયમાં બકિંગહામ, કૅટ્સબી વગેરેને રાણીની વિરુદ્ધ પોતાના પક્ષે સાધી લીધા હતા. રિચર્ડની છૂપી સલાહ અનુસાર રાજકુમારને સત્કારવા રિચર્ડના સાથીદારો ગયા હતા. રાણીના ઉમરાવોમાં વિશ્વાસ બેસે તે માટે તેના નિકટના સંબંધીઓ ગ્રે, રીવર્સ તથા વોનને પણ સાથે મોકલવામાં આવ્યા હતા.

રાણી આતુરતાથી રાજકુમારના આગમનની વાટ જોતી એને વધાવવા તત્પર હતી. થોડી વારમાં રાણી પાસે એક દૂત ઝડપથી આવ્યો. રાણીનું હૈયું અધીરાઈથી ધબકી રહ્યું. દૂત પાસેથી વધામણી ન મળી. રાજકુમારને તેડવા ગએલા રાણીના તમામ સ્વજનોને રિચર્ડની સૂચનાથી કેદ કરવામાં આવ્યા હતા. રાણીને સજ્જડ આઘાત લાગ્યો. 'આખરે વાઘનો પંજો પડ્યો ! મૃગલાંની હવે શી વલે ? ઓહ! ઘોર આફત ! સત્યાનાશ ! હવે બધું ખતમ થઈ જવાનું !'

રિચર્ડની મા પણ પોતાના પુત્રના આ પ્રપંચને ફિટકારી રહી. ઇલિઝાબેથ અને ડચેસ બંને ક્લૅરન્સના તેમજ પોતાના પુત્રોને ઉગારવા દેવળમાં ધર્મગુરુને આશરે દોડી ગયાં.

રિચર્ડના વિશ્વાસુ અમીરો રાજકુમારને જતનથી ઇંગ્લંડ લાવ્યા. રિચર્ડે રાજકુમારનો ભાવભીનો સત્કાર કર્યો; પરંતુ કુમારના મુખ પર ઉત્સાહ જણાતો ન હતો. પોતાના સગાસંબંધી ગ્રે તથા રીવર્સને કેદ કરવામાં આવ્યા હતા તે વાત તેને પહોંચી ગઈ હતી. મા પોતે પુત્રને મળવા-સત્કારવા ન આવી તેથી પણ તેના મનમાં કાકા પ્રત્યે અંદેશો ઉદ્ભવ્યો હતો વાતવાતમાં જ કુમારે પૂછ્યું : 'મારા વિશ્વાસુ માણસોને કેદ કોણે કર્યા ? શા માટે ?'

રિચર્ડે સમજાવટથી ઉત્તર દીધો : 'રાજકુમાર, હજુ તમારે દુનિયા જોવાની બાકી છે. એ બધા બેવફા હતા.'

કુમાર બોલી ઊઠ્યો : 'બેવફા મિત્રોથી મને ખુદા બચાવે ! પણ એ લોકો બેવફા નહોતા જ.'

રિચર્ડનાં ભવાં ઊંચકાયાં, પણ એણે ખામોશી જાળવી. છતાં મનમાં તેણે નિશ્ચય કરી નાખ્યો: 'છોકરો ખતરનાક છે, વહેલો ખતમ થશે.'

રાજકુમારની સલામતી માટે રિચર્ડે ટાવરના વિશાળ વસવાટને પસંદ કર્યો. એના નાના ભાઇને પણ રિચર્ડના આદેશથી ત્યાં એની સાથે સોબત માટે લાવવામાં આવ્યો. ટાવરનો વસવાટ પસંદ થએલો જોઇને નાનો કુંવર કચવાઈ ઊઠ્યો : 'ટાવરમાં રહેવાનું કેમ ફાવશે ? ત્યાં સુખે નિંદ નહિ આવે.'

રિચર્ડે નરમાશથી તેને સમજાવ્યો : 'તમારી બંનેની સલામતી ખાતર. અહીં ભય શાનો ?'

'પણ અહીં તો કાકાનું ખૂન થયું છે.' નાનો કુમાર બોલી ઊઠ્યો.

રાજકુમારે ઉત્તર દીધો : 'મૃત કાકાનો મને ભય નથી.'

રિચર્ડ આ ટીકા સાંભળીને રાજકુમારની મુખરેખા ટીકી રહ્યો. તેણે મનમાં પાકી ગાંઠ વાળી લીધી : 'અદ્દલ એની માનો જ બચ્ચો છે. એનો ઘડોલાડવો કરી નાખવો જ પડશે.'

રિચર્ડે બકિંગહામ તથા કૅટ્સબી જેવા ઉમરાવોને તો સાધી લીધા, પરંતુ હજુ હેસ્ટિંગ્સ બાકી હતો. એ જો અનુકૂળ થઈ જાય તો રિચર્ડ માટે રાજગાદી હાથવેંતમાં આવી જાય. પણ એણે એડવર્ડ સમક્ષ વફાદારીના જે સોગંદ લીધા હતા તેને તે ચુસ્તપણે પાળી રહ્યો હતો. તેમ છતાં રિચર્ડે જ્યારે અર્લ ઑવ ગ્રે, તેમજ રીવર્સ, વોન વગેરે રાણીના વફાદારોને કેદ કર્યા ત્યારે હેસ્ટિંગ્સને મોજ પડી. એ બધાએ રાણીના કાન ભંભેરીને એને એક વાર બંદીખાનામાં નખાવ્યો હતો. હવે એમનો વારો આવ્યો જોઈને તેને ખૂબ ટાઢક વળી. અને જ્યારે માર્ગરેટનો શાપ યાદ કરતાંકરતાં એ ત્રણે કતલ થઈ ગયા ત્યારે તેને પોતાનું જ જ વેર વિધાતાએ વાળ્યું હોય તેવો પરમ સંતોષ થયો.

રિચર્ડે આ લાગ જોયો. હેસ્ટિંગ્સ રાજકુમારોને મૂકીને પોતાના પક્ષમાં જોડાઈ શકે કે કેમ તે માટે ચોખો ચાંપી જોવા તેણે કૅટ્સબીને હેસ્ટિંગ્સ પાસે મોકલ્યો. કૅટ્સબીએ એને દુશ્મનોની કતલના સમાચાર આપ્યા. એની ખુશાલી જાણીને તક સાધીને તેણે રિચર્ડને માટે રાજગાદીની વાત કરી. હેસ્ટિંગ્સની ભમ્મરો ઊંચકાઈ. 'રિચર્ડને રાજગાદી! હું જીવું છું ત્યાં સુધી તો નહિ જ. મેં શપથ લીધા છે : રાજગાદી તો એડવર્ડના પુત્રને જ મળશે. આવાં કાવતરાં કરનારો છે કોણ ?'

કૅટ્સબી હેસ્ટિંગ્સનું મન પામી ગયો. તેણે રિચર્ડને આ 'સ્નાનસમાચાર' આપ્યા. રિચર્ડ હવે રાજસત્તા પ્રાપ્ત કરવા અધીરો બની ગયો હતો. વાતાવરણ ખૂબ અનુકૂળ હતું. માત્ર હેસ્ટિંગ્સની ખીલી ખૂંચતી હતી અને ઉમરાવ સ્ટૅન્લી પણ હેસ્ટિંગ્સનો મળતિયો હતો. રિચર્ડે નવો દાવ અજમાવ્યો. રાજકુમારના રાજ્યાભિષેક માટે તેણે સમિતિ બોલાવી. તેમાં હેસ્ટિંગ્સ, સ્ટૅન્લી જેવા ઉમરાવો તો રાજ્યના સ્તંભ કહેવાય ! રિચર્ડે માનભેર તેમને આ સમિતિમાં તેડાવ્યા. એ દરમિયાન બકિંગહામ સાથે તેણે બધી મસલત કરી લીધી હતી. એ રિચર્ડની યોજનાનો હાથો બની ચૂક્યો હતો. રિચર્ડ ઇંગ્લંડનો રાજા થાય તો એક મોટા પરગણાની નવાજેશ કરવાનું તેણે બકિંગહામને વચન આપ્યું. બકિંગહામ ભોળવાઈ ગયો અને ત્યારથી તો 'મહારાજા રિચર્ડ'માં તેનો રસ જીવંત બની ગયો.

સમિતિમાં હેસ્ટિંગ્સ આવ્યો, મુહૂર્ત નક્કી કરવા માટે આવેલા ધર્મગુરુ સાથે તે મોજથી વાતે વળગ્યો. એ સમિતિમાં હજુ ઇંગ્લંડના સમ્માન્ય મેયર આવવાના બાકી હતા.

રિચર્ડ માટે સોનેરી તક હતી. તે થોડી જ વારમાં બકિંગહામ સાથે ક્રોધથી રાતોપીળો થતો, પગ પછાડતો આવ્યો. હેસ્ટિંગ્સ, ધર્મગુરુ અને બીજા સભ્યો રિચર્ડનો આવો સીનો જોઈને સડક થઈ ગયા. સહુને પોતાની ભેદક નજરથી ડારતા રિચર્ડે બરાડો પાડ્યો: 'બોલો, અમારી જિંદગી ઝૂંટવી લેવા માટે જાદુકપટ ખેલનારને શી સજા હોય? અમારા મોત માટે અમને મૂઠ મારવામાં આવી છે. ભૂતડાકણના જંતરમંતરથી અમારો જીવ લેવા માટે પ્રપંચ ખેલાયો છે. કહો, એ કાવતરાખોરને શી નસિયત હોય?'

રિચર્ડની રોષથી રાતીચોળ આંખો ને એની ત્રાડથી સહુ થથરી ગયા. હેસ્ટિંગ્સે ખૂબ નમનતાઈથી ઉત્તર દીધો: 'આપની જિંદગી લેવા માટે જંતરમંતર કરનારાની જિંદગી જ લેવી ઘટે. ગુનેગારને એ જ નસિયત હોય!'

'એમ? તમારો એવો જ ખયાલ છે? તો જુઓ, આ મારો હાથ!'

રિચર્ડે પોતાના કદરૂપા ચીમળાઈ ગએલા ને સદા બાંયમાં ઢંકાઈ રહેતા હાથનું જાહેરમાં પહેલી વાર પ્રદર્શન કર્યું. એની બેડોળતા—એની કદરૂપતા આજે પહેલી વાર કામયાબ નીવડી. રિચર્ડનો બેડોળ હાથ જોઈ સહુ કમકમી ગયા. રિચર્ડે ફરી બરાડો માર્યો: 'આ હાથની આવી હાલત કરનાર કોણ તે જાણો છો? એડવર્ડની રાણી ઇલિઝાબેથ! એણે ભૂતડાં સાધ્યાં અને મેલી વિદ્યા અજમાવી.'

સમિતિમાં સન્નાટો છવાઈ ગયો. રિચર્ડની વાતને પડકારવાની કોઈમાં હામ નહોતી. માત્ર હેસ્ટિંગ્સે નરમાશથી કહ્યું: 'જો રાણી ઇલિઝાબેથ આ કામ માટે જવાબદાર હોય તો...'

એકદમ રિચર્ડ ગર્જી ઊઠ્યો: 'જો...અને તો...એટલે શું? તમે મને જૂઠો સમજો છો? રાણી સાચી ને હું જૂઠો, એમ? તમે નિમકહરામ છો. બેવફા છો. તમારી આ મજાલ? હું જૂઠો, કેમ? તમને તો મોતની જ સજા ઘટે.' અને તેના હુકમથી તત્કાળ હેસ્ટિંગ્સને શિરચ્છેદ માટે ઘસડી જવામાં આવ્યો.

સમિતિમાં આવીને તે રિચર્ડનો ભોળો શિકાર બની ગયો. થોડા કલાકો પહેલાં રિચર્ડના હુકમથી પોતાના દુશ્મન ઉમરાવોની કતલ થઈ ત્યારે તે આનંદમાં આવી ગયો હતો; એ જ રિચર્ડનો હુકમ પોતાની ગરદન પર પડશે એની એને કલ્પના પણ ન હતી. માત્ર થોડા જ સમયમાં આ બધું શું બની ગયું તેની ભ્રમણામાં તે ડૂબી ગયો; અને એ ભ્રમણાને ચીરતી એક મૂર્તિ તેની સામે સ્પષ્ટ દેખાઈ. એ માર્ગરેટ હતી: 'તમારું બધાનું નખ્ખોદ જજો...મારો શાપ તમને સહુને ભરખી જજો...' માર્ગરેટનો શાપ તેના ગળાને ભરડો લઈ રહ્યો.

હેસ્ટિંગ્સનું કાસળ તો રિચર્ડે કાઢ્યું, પણ ખરો ખેલ તો હજુ હવે ભજવવાનો હતો. સમિતિ છિન્નભિન્ન થઈ ગઈ. મેયર સહેજ મોડા પડ્યા...કૅટસ્બી એમને લઇને આવતો હતો. એમનું આગમન સાંભળીને તરત જ રિચર્ડ અને બકિંગહામ દીવાલની ઓથે ભરાઈને ઊભા. એમના શરીરમાં ધ્રુજારી હતી, અવાજ તરડાઈ ગયો હતો, પોશાક ચીંથરેહાલ થઈ ગયો હતો. નગરના મેયરને જોતાં જ બંનેએ બૂમાબૂમ કરવા માંડી: 'મરી ગયા...મરી ગયા...દુશ્મનો! એ રહ્યા દુશ્મનો!' મેયર એકદમ પાસે દોડી આવ્યા: 'શું થયું? શાનો આ શોરબકોર?'

રિચર્ડ અને બકિંગહામ ગભરાતા બહાર નીકળ્યા: 'જુઓ તો! આ મેલી વિદ્યાનો પ્રયોગ. અમારો જીવ ખતરામાં હતો. ઓહ, ખુદા બચાવે! દુશ્મનો......દુશ્મનોની દગલબાજી!'

મેયર આશ્ચર્યચકિત થઇને તેમના બંનેના દેદાર જોઈ રહ્યા, ત્યાં જ બે સરદારો પૂર્વસંકેત મુજબ હેસ્ટિંગ્સનું મસ્તક લઇને આવી પહોંચ્યા. મેયરની આંખ ફાટી ગઈ: 'આ કોણ?'

'દુશ્મન! એણે જ અમારા પર જંતરમંતરનો પ્રયોગ કર્યો.' રિચર્ડે બરાબર વેશ ભજવ્યો. ખિન્ન ચહેરે એ હેસ્ટિંગ્સના મસ્તકને જોઈ રહ્યો: 'આ હેસ્ટિંગ્સ પ્રત્યે મને ખૂબ સદ્ભાવ હતો. મારું હૃદય એને માટે રડે છે.'

બકિંગહામ તરત વચ્ચે બોલી ઊઠ્યો: 'એ નરાધમ માટે શોક કેવો? ખુદાનો પાડ કે આપણે એમના ભૂતપ્રયોગમાંથી બચ્યા.'

મેયર આશ્ચર્યથી બોલી રહ્યા: 'ઓહો! હેસ્ટિંગ્સ આવો કાવતરાબાજ નીવડ્યો?'

રિચર્ડે ખેદથી ડોકું હલાવ્યું: 'આવા સજ્જન મિત્રનો શિરચ્છેદ કરવાનું કોને દિલ થાય? પરંતુ અમારી તેમજ ઇંગ્લંડની સલામતીનો સવાલ હતો.'

બકિંગહામે તરત ટાપશી પૂરી: 'આપની હાજરીમાં જ એનો શિરચ્છેદ કરવાનો અમારો ઇરાદો હતો. કદાચ મરતાંમરતાં પણ તે પોતાનાં પાપની ક્ષમા આપની પાસે માગી શકે. પરંતુ એમના ખતરનાક કાવતરાથી ઉશ્કેરાટમાં આવીને અમારા કેટલાક અધીરા મિત્રોએ તેને કતલ કરી નાખ્યો.'

'અમારે તો તેને ન્યાય આપવો હતો. આપની જ હાજરીમાં.' રિચર્ડે નરમાશથી મેયરને કહેવા માંડ્યું: 'અમારી આ અધીરાઈ, આ ઉતાવળ કદાચ અમને જ હાનિ પહોંચાડશે; પ્રજામાં અમારી સામે ઉહાપોહ પણ થાય.'

રિચર્ડની આ બધી 'ભલી' લાગણીથી મેયર પીગળી ગયા. એમણે રિચર્ડની વાત યથાતથ સ્વીકારી લીધી અને એની વિનંતીથી પોતે જાતે જ નગરજનો સમક્ષ હેસ્ટિંગ્સના દેશદ્રોહનું નિવેદન કરવાનો સધિયારો પણ આપ્યો. રિચર્ડે લળીલળીને મેયરનો ઉપકાર માન્યો.

મેયરના વિદાય થયા પછી તરત જ રિચર્ડે બકિંગહામના કાનમાં ગુરુમંત્ર ફૂંક્યો. રિચર્ડના સંગમાં રહીરહીને બકિંગહામ પણ પ્રપંચ ખેલવામાં પાવરધો થઈ ગયો હતો. મેયર નગરજનોની સમક્ષ પ્રવચન કરી રહ્યા હતા. હેસ્ટિંગ્સે કેવો ભયાનક રાજદ્રોહ કર્યો હતો તેનું નિવેદન બહુ છટાથી તે કરી રહ્યા હતા ત્યાં જ બકિંગહામ પહોંચી ગયો. તેણે પ્રજા સમક્ષ લોકનાયકની હેસિયતથી ચોંકાવનારી વાત મૂકી: 'એડવર્ડ મહારાજાને તમે શું જાણો? એ મૃતાત્મા છે, એટલે હવે તેની નિંદા કરવી યોગ્ય નથી. પણ એમના રાજકુમારો અનૌરસ છે. એના પુરાવા પડ્યા છે. એણે રાણી ઇલિઝાબેથ સાથે લગ્ન કર્યાં તે પૂર્વે બીજી સન્નારી સાથે છૂપાં લગ્ન કર્યાં હતાં. આપને શું આ બધાં કરતૂકોની જાણ છે? ઇંગ્લંડની ગાદી પર આવા અનૌરસ રાજકુમારને લાવીને ઇંગ્લંડનું ગૌરવ કલંકિત કરશો? મહારાજા એડવર્ડ માટે આપણને માન છે, પણ એમના રાજકુમારો સાચા વારસ નથી. એટલે હવે તો એક જ સાચો વારસદાર આપણી પાસે બાકી રહે છે. ખુદા એની ખેર ગુજારે. મહારાજા રિચર્ડ ઘણું જીવો!'

બકિંગહામે માન્યું હતું કે લોકસમૂહ પણ તેની સાથે જ મહારાજા રિચર્ડનો જયનારો ગજાવશે પણ લોકોમાંથી કશો પડઘો પડ્યો નહિ. ઇંગ્લંડની પ્રજા ગુલાબના વિગ્રહથી ત્રાસી ગઈ હતી. તેમને હવે યુદ્ધ ખપતાં ન હતાં. સહુને શાંતિ ને સલામતીની ઝંખના હતી. એટલે કોઈ શક્તિશાળી રાજા ઇંગ્લંડ પર રાજ્ય કરે તેવી તેમની ખ્વાહેશ હતી, પણ કોઈના મનમાં રિચર્ડ માટે ઉમળકો ન હતો. એડવર્ડના પુત્રોને અન્યાય કરવામાં આવે છે એવી લાગણી તેમના મનમાં જાગી. તેમણે બકિંગહામને મુખે મહારાજા રિચર્ડનો જયનાદ સાંભળ્યો, પણ તેઓ તેનો સામો પડઘો પાડી શક્યા નહિ.

બકિંગહામ ખસિયાણો પડી ગયો. તેણે મેયરની સાથે તત્કાળ થોડી મસલત કરી. મેયરે પ્રજાના પરિચિત આગેવાનો દ્વારા બકિંગહામે કરેલી બધી વાતો ફરી તેમનાં ચિત્ત પર ઠસાવી અને બકિંગહામની યોજનાથી ઇશારત થઈ કે તરત કેટલાક ભાડૂતી માણસોએ ખૂણામાંથી ટોપીઓ ઊંચી કરી મહારાજા રિચર્ડનો જય પોકાર્યો !

બકિંગહામે તરત જ સહુનો આભાર માની સભા સંકેલી લીધી. તેણે રિચર્ડ વિષેના ખુશાલીના પોકારને સમસ્ત પ્રજાના પોકાર તરીકે ગણાવી લીધો. પ્રજાને મહારાજા રિચર્ડનો જ ખપ છે એવી ખાતરી તેણે મનથી જ માની લીધી.

બકિંગહામ રિચર્ડને આ 'તમાશા'નો અહેવાલ આપવા આવ્યો ત્યારે રિચર્ડના હાથમાં બાઈબલ હતું અને ચિત્તમાં ક્લૅરન્સના પુત્રોનું કાસળ કાઢવાની યોજના રમતી હતી. બકિંગહામે, પોતે પ્રજાની સમક્ષ કેવી રીતે મહામુસીબતે મહારાજા રિચર્ડ માટે નિર્ણય લેવડાવ્યો તેની વિગતે વાત કરી અને હવે પછી રિચર્ડે કેવો વેશ ભજવવો તેની પણ યોજના બંને જણે નક્કી કરી નાખી.

થોડા જ સમય બાદ મેયર તેમજ કેટલાક અગ્રણી નાગરિકોનો સાથ લઈને બકિંગહામ રિચર્ડની મુલાકાતે આવ્યો ત્યારે રિચર્ડ સાવ એકાંતમાં ધર્મચર્ચામાં મગ્ન હતો. મેયર તેમજ નગરજનો રિચર્ડને ઘડીભર જોઈ જ રહ્યા. બે ધર્મગુરુઓની વચમાં હાથમાં બાઈબલ રાખીને તે ઊભો હતો. તેની આંખોમાંથી વિષાદ નીતરતો હતો. ધર્મગુરુઓ સાથેની જ્ઞાનગોષ્ઠિમાંથી તેને પરાણે ઊઠવું પડ્યું હોય તેવો તેના મુખ પર કંઈક કચવાટનો ભાવ લોકોને જણાયો. નાગરિકો તેમ જ મેયર પર રિચર્ડની આ ધાર્મિકતાની તત્કાળ અસર પડી. બકિંગહામે સહુના પ્રતિનિધિ તરીકે વાત છેડી : 'આપને એક વિનંતી કરવા અમે આવ્યા છીએ.

'વિનંતી નહિ, હુકમ કરો.' રિચર્ડે વિનમ્રતાથી ઉત્તર દીધો.

બકિંગહામે મેયર તેમજ જનસમૂહ પ્રત્યે સૂચક દૃષ્ટિ ફેંકી અને એની વિનમ્રતાની પ્રતીતિ તેમને કરાવીને વાત શરૂ કરી : 'આપે ઇંગ્લંડની ખૂબ સેવા કરી. દુશ્મનોથી દેશને બચાવ્યો. રાજ્યની સલામતી માટે આપે લોહીનું પાણી કર્યું. પ્રજા આપની ભારે ઋણી છે. હવે સમસ્ત પ્રજાની એક જ ખ્વાહેશ છે : આપ ઇંગ્લંડના રાજનો તાજ ધારણ કરો. આપનું ચિત્ત ધર્મમાં જ ઢળેલું છે, બાઈબલમાં જ આપને રસ છે એની અમને સહુને જાણ છે; પરંતુ આ લોકકલ્યાણનો સવાલ છે. લોકોને શક્તિશાળી રાજા જોઇએ છે. રાજધુરા આપના હાથમાં હશે તો પ્રજા સલામત રહેશે એનો અમને પૂરો વિશ્વાસ છે.'

રિચર્ડે ખિન્નતાથી નકારમાં ડોકું ધુણાવ્યું : 'આપ સહુની આવી લાગણી માટે અહેસાનમંદ છું, પરંતુ આપ સહુ જાણો છો કે રાજખટપટના ખેલ મને નથી ગમતા. સત્તા બહુ બૂરી ચીજ છે. ઇંગ્લંડની રાજગાદી કરતાં મને મારું આ બાઈબલ વિશેષ વહાલું છે. મને ધર્મગુરુઓની સંગતમાં જ રહેવા દો; જ્ઞાનચર્ચાનો લહાવો લેવા દો. રાજસત્તા માટે હું અપાત્ર છું. મારી શી લાયકાત કે હું આવી મોટી ધુરા ધારણ કરું ?'

બકિંગહામે આગ્રહપૂર્વક ફરી વિનંતી કરી : 'પોતાના દોષને જ પ્રગટ કરવા એ સાધુજનોનું લક્ષણ છે, પરંતુ આપ લોકલાગણીનો, લોકમાગણીનો વિચાર કરો. દુશ્મનોના ડરથી ઇંગ્લંડ ચિંતાતુર છે. આપ પ્રજાના મહારાજા બનીને પ્રજાને દુશ્મનોના ભયથી મુક્ત કરો. આપને ખાતર નહિ તો પ્રજાને ખાતર તાજ પહેરો.'

રિચર્ડ ફિક્કું હસ્યો : 'કાંટાળો તાજ પહેરીને શું કરું ? હું ફરી આપને સાચું કહું છું, મને એ ખટપટમાંથી મુક્ત રાખો. ખુદાની બંદગીમાં મને રસ છે તે રાજધુરામાં નથી. અને તમારી પાસે તો મહારાજા એડવર્ડના રાજકુમાર મોજૂદ છે. એ સાચા હકદાર છે. એનો હક ખૂંચવી લેવાનું પાપ હું કરું તો મારા ચારિત્ર્યને લાંછન લાગે; લોકનિંદાના મારે ભોગ બનવું પડે. મને રાજગાદીની લાલસા નથી.'

'પરંતુ લોકો જ માગે છે કે આપ અમારા મહારાજા બનો. એડવર્ડના રાજકુમાર અનૌરસ છે. આપ તો સાધુચરિત છો. કદાચ આપને મહારાજા એડવર્ડના પહેલા છૂપા લગ્નની જાણ પણ નહિ હોય. મૃતાત્માની નિંદા કરવી યોગ્ય નથી, પણ મહારાજ એડવર્ડના રાજકુમાર હકદાર છે જ નહિ. ઇંગ્લંડની પ્રજા તેને સાંખી લેવા તૈયાર નથી. સહુએ એક અવાજે આપની પસંદગી પર મહોર મારી છે.'

રિચર્ડે ફરી ડોકું ધુણાવીને ના પાડી : 'આ બાબતમાં મને માફ કરો. તમારી ભલી લાગણી માટે અહેસાન માનું છું.'

બકિંગહામ વતી મેયરે પણ આજીજી કરી : 'આપ પ્રજાજનોનું માન નહિ રાખો ? અમારી સહુની ઝંખના છે. આપ જ રાજગાદી પર બિરાજમાન થાઓ.'

'ના ન પાડશો...ખુદાને ખાતર...' બકિંગહામ લળી પડ્યો. કૅટ્સ્બી અત્યાર સુધી મૌન હતો તેણે પણ આજીજી કરી : 'આપના આનંદ ખાતર નહિ તો પ્રજાના હિત ખાતર આપ રાજગાદી શોભાવો.'

રિચર્ડ આ બધી વિનંતી, આજીજી સાંભળી રહ્યો. મુખભાવ બદલ્યા વિના તટસ્થતાથી તેણે હાથમાંનું બાઈબલ ઊંચું કરીને કહી દીધું : 'આપ જેવા પ્રતિષ્ઠિત પુરુષોને નારાજ કરવા પડે છે એ મારું કમભાગ્ય છે, પરંતુ ખુદાનો સાથ મૂકીને ખટપટના કીચડમાં હું નહિ પડું.'

રિચર્ડને કરેલી બધી વિનંતી એળે ગઈ. બકિંગહામે જાણે સહુને માઠું લાગી ગયું હોય તે રીતે સહેજ છણકાથી છેલ્લા શબ્દો કહી દીધા : 'ભલે, જેવી આપની મરજી, આપને પ્રજાની લાગણીની કશી કિંમત ના હોય તો ભલે, ઇંગ્લંડનું રાજ્ય છિન્નભિન્ન થઈ જશે તો તેનું પાપ આપને શિર રહેશે. આપ ભલે મહારાજા ન બનો, પરંતુ એડવર્ડનો રાજકુમાર હરગીઝ ઇંગ્લંડની ગાદી પર નહિ બેસે, એ અમારો નિર્ધાર છે. રાજતખ્ત ભલે રાજાવિહોણું રહે, ભલે ખૂનામરકી ચાલે, આપ હવે નિરાંતે ધર્મચર્ચા કરો ને ખુશ રહો. ભલે ઈંગ્લંડ ખતમ થઈ જાય !'

રીસે ભરાઇને બકિંગહામે પ્રજાજનો સાથે પાછા વળવા માંડ્યું. રિચર્ડે હાથ ઊંચો કરીને તેમને રોક્યા : 'અરે ! અરે ! મારા પર આપ લોકો ખફા થઈ ગયા ? મેં આપને નારાજ કર્યા ? હું ખુદાનો બંદો. પ્રજાની ખફા નજર કેમ કરીને સહી શકું ? પરંતુ આપ વિચાર કરો. રાજકુમારને ગાદીવારસ તરીકે રદબાતલ કરી આપ મને તાજ પહેરાવશો તો લોકોની નજરમાં હું અળખામણો બનીશ. લોકો ટીકાનાં તીર ચલાવશે તો મારાથી સહ્યાં નહિ જાય. આપનો આગ્રહ છે તો બાઈબલ મૂકીને હું લોકકલ્યાણ માટે કાંટાળો તાજ પહેરીશ, પરંતુ ઇંગ્લંડની પ્રજામાં મારી બદનામી થાય, મારી બેઇજ્જત થાય તો તેની જવાબદારી આપને શિર રહેશે. મંજૂર છે ?'

સહુએ ઉલ્લાસભેર રિચર્ડની વાત સ્વીકારી લીધી અને રિચર્ડની સાધુવાણીથી મુગ્ધ થઇને મેયરે ત્યાં ને ત્યાં જ આશીર્વાદ પણ ઉચ્ચારી દીધા. રિચર્ડની રાજગાદી માટે બીજા જ દિવસનું મુહૂર્ત નક્કી થઈ ગયું.

રાણી ઇલિઝાબેથના નિકટના ઉમરાવોની કતલના સમાચારો થોડાથોડા આંતરે આવ્યા જ કરતા હતા. રાજમહેલમાં તેમ જ બહાર ભયનું વાતાવરણ પ્રસરી રહ્યું હતું. રાણીની ચિંતાનો કોઈ પાર ન હતો. એના પુત્રોને મળવાની પણ તેને પરવાનગી નહોતી. રિચર્ડની માતા–ડચેસ પોતાના પુત્રની શયતાનિયતને પામી ગઈ હતી, પરંતુ

રિચર્ડને કોઈની કશી પરવા ન હતી: માર્ગરેટ હજી પણ મહેલમાં અવગતિયા જીવની જેમ ભટકતી હતી.

રાણી પોતાની કારમી વ્યથા રિચર્ડની પત્ની ઍન સમક્ષ પ્રકટ કરી રહી હતી ત્યાં એક ઉમરાવ સ્ટૅન્લીએ રિચર્ડના રાજ્યાભિષેકના શુભ-સમાચાર ઍનને પાઠવ્યા. ઇંગ્લંડની રાજરાણી તરીકે સમારંભમાં હાજર રહેવા ઍનને માટે સંદેશો આવ્યો હતો. ઍન આશ્ચર્યથી સ્તબ્ધ થઇને આ સાંભળી રહી. ઇલિઝાબેથ ચોંકી ઊઠી, એનાં રૂંવાં ખડાં થઈ ગયાં: 'રિચર્ડ ઇંગ્લંડનો રાજા થશે?' પોતાના પુત્રોના સત્યાનાશનો સંકેત તેને મળી ગયો. પોતાના જાયા–રાજકુમાર ડોર્સેટને તેણે ત્યાં જ આદેશ દીધો: 'બેટા, જીવતા રહેવું હોય તો આ ભૂમિ છોડીને ભાગી જા, નહિતર રિચર્ડની લોહી તરસી તલવાર તને ભરખી જશે. જા, દરિયો ઓળંગીને રિચમંડને મળજે. એનો તને આશરો મળશે.' તેણે પુત્રને આવેશભર્યું ચુંબન લીધું અને તેને તત્કાળ વિદાય કરી દીધો. ડોર્સેટ એના પ્રથમ લગ્નથી થએલો પુત્ર હતો. એનો સમગ્ર દેહ કંપી ઊઠ્યો આંખ આંસુથી છલકાઈ રહી તેને માર્ગરેટનો શાપ યાદ આવ્યો: 'તને તોર ચડ્યો છે...તારો પતિ ખોઈ બેસીશ...તારા પુત્રને ખોઈ બેસીશ...' ઇલિઝાબેથ રડી પડી: 'અરેરે, હું ક્યાંયની ના રહી...ન રહી એડવર્ડની રાણી કે ન રહી રાજમાતા!'

રાણીની વેદનાથી ઍન ખૂબ દુઃખી થઈ ગઈ. રિચર્ડના પ્રપંચમાં તેનો જરા ય સાથ ન હતો. રિચર્ડ આ રીતે રાજા થયો તે તેને જરા ય ગમ્યું નહિ. ખરું જોતાં રિચર્ડને પરણીને તે સુખનો છાંટો ય પામી ન હતી ઇલિઝાબેથની ક્ષમા માગતાં તે કકળી ઊઠી: 'બહેન, મારો આમાં કોઈ કસૂર નથી. રિચર્ડે મને મીઠી વાણીથી ભોળવી. એની જાળમાં હું ફસાઈ અને પરણી અને પસ્તાઈ. એને મારા પ્રત્યે ખૂબ ખૂબ તિરસ્કાર છે. એ જરૂર મારો પણ જીવ લેશે.'

રિચર્ડનો રાજ્યાભિષેક હેમખેમ પતી ગયો. બકિંગહામે ખૂબ ઉત્સાહથી ને કુશળતાથી યોજના મુજબ કાર્યક્રમ પાર પાડ્યો. રાજ્યાભિષેક થઈ ગયો પછી એકાંતમાં રિચર્ડને ઉમળકાભેર બકિંગહામે વધાવ્યો: 'મહારાજા રિચર્ડ ઘણું જીવો!' રિચર્ડ એકદમ બોલી ઊઠ્યો: 'હજુ મહારાજા શાનો? પેલા બે રાજકુમારો જીવતા છે. મારી આંખમાં એ બે કણા ખૂંચે છે. જ્યાં સુધી એ જીવતા છે ત્યાં સુધી તમારા 'મહારાજા'ને અખંડ જાગરણ જ રહેવાનાં!'

બકિંગહામ મૂંઝાયો. રિચર્ડ રાજા થઈ ગયો. તેના વિરોધમાં કોઈ કૂતરાને ય તેણે ભસવા ન દીધું હવે 'સબ સલામત' હતું, તો પછી રાજકુમારોની નાહક કતલ શા માટે કરવી? એડવર્ડ પ્રત્યે વફાદારીના સોગંદ તેને સાંભરી આવ્યા. રિચર્ડને રાજગાદી ભલે પ્રાપ્ત કરી આપી, પણ બે કુમળાં બાળકોને રહેંસી નાખવાનું તેને ગમ્યું નહિ તેને તો અપેક્ષા હતી કે રિચર્ડ હવે ખુશાલી પ્રગટ કરીને ખુશબખ્તીમાં અગાઉ આપેલા વચન પ્રમાણે નક્કી કરેલું પરગણું પોતાને આપશે. પણ રિચર્ડે તો ભળતી જ વાત કરી. બકિંગહામનો જીવ કોચવાઈ ઊઠ્યો.

તેને મૂંઝાએલો જોઈ રિચર્ડે તરત તેના મનોભાવ પામી જઇને પૂછ્યું: 'રાજાના ફરમાનનો આટલો બધો વિચાર? બકિંગહામ, મારી તો ઇચ્છા છે કે તારે હાથે જ...'

બકિંગહામ થથરી ગયો. તરત ઉત્તર આપી શક્યો નહિ. બોલ્યો: 'મહારાજ, મને વિચાર કરવાની થોડી મુદત આપો.' રિચર્ડની આંખ ઝીણી થઈ: 'એમ કે? ભલે, કરો વિચાર!'

બકિંગહામ ગયો કે તરત એ બબડી ઊઠ્યો: 'આ પણ રાજદ્રોહી પાક્યો!' તેણે પોતાના બે હોઠ કચડ્યા. થોડોક વિચાર કરીને તેણે પોતાના એક ડામીજ ટીરલને બોલાવ્યો અને રાજપુત્રોનું કાસળ કાઢવાની જવાબદારી તેને સોંપી દીધી. ટીરલે તત્કાળ રાજાના ફરમાનના અમલની ખાતરી આપી. ત્યારે રિચર્ડને નિરાંત થઈ. પરંતુ એ નિરાંત બહુ ટકી નહિ. તેના ઉમરાવ સ્ટૅન્લીએ તેને સમાચાર આપ્યા: 'મહારાજ, રાણીનો પુત્ર ડોર્સેટ દરિયા પાર ભાગીને રિચમંડ સાથે ભળી ગયો છે.' રિચર્ડ કતરાતી આંખે આ ખબર સાંભળી રહ્યો: 'ઠીક, એક પાપ ઓછું!'

સ્ટૅન્લી ગયો કે તરત રિચર્ડે પોતાની અંગત કામગીરી માટે કૅટ્સ્બીને બોલાવ્યો. બકિંગહામે પોતાના ફરમાનનો અમલ કરવાની નાખુશી દેખાડી તેમ તે ખૂબ ધૂંધવાયો હતો. કૅટ્સ્બી આવ્યો કે તરત રિચર્ડે તેને હુકમ કર્યો: 'જુઓ, રાજરાણી ઍન ગંભીર માંદગીમાં છે એવી ખબર રાજ્યમાં ફેલાવો.'

કૅટસ્બી ચોંકી ગયો: 'પણ મહારાજ, મહારાણી તો સાજાંસમાં...'

'ચૂપ હુકમનો અમલ કરો!' રિચર્ડની કરડી આંખ જોઇને જ કૅટસ્બી સલામ કરીને ભાગ્યો.

ડોર્સેટના ભાગી જવાથી રિચર્ડને સહેજ આંચકો તો લાગ્યો, પણ એણે એ વાતની બહુ પરવા કરી નહિ એના મનમાં રાણી ઍનનો વિચાર ઘોળાતો હતો: 'રાણી ઍનનો હવે શો ખપ છે? એ જીવતી રહે એમાં ખતરો છે. એ મરે એટલી જ વાર પછી રાણી ઇલિઝાબેથની રાજકુમારીનો વારો!' રિચર્ડને મનમાં જ હસવું આવી ગયું. 'વાહ! કેવો ઉમદા ખયાલ! એના ભાઇઓનાં ખૂન...ને પછી એની સાથે લગ્ન! એ રાજકુમારી સાથે લગ્ન થઈ જાય તો રાજ્ય સદાકાળ સલામત રહે. રાજમહેલમાં કોઈ ટંટોફિસાદ રહે નહિ. પહેલાં ખૂન ને પછી લગ્ન', ખૂનમાં આટલી વાર હાથ ઝબોળ્યા...હવે એની ફિકર શી? રાણી ઇલિઝાબેથની દીકરીને પરણવાના વિચારમાં તે મગ્ન થઈ ગયો.

થોડા સમય પછી બકિંગહામ રિચર્ડની મુલાકાતે આવ્યો ત્યારે રિચર્ડ સ્ટૅન્લીને ચેતવણી આપી રહ્યો હતો. બકિંગહામે વચમાં જ પોતાની વાત સંભારી આપી: 'મહારાજ, આપે ગાદી મળ્યા પછી પરગણાની સત્તા આપવાનું મને વચન...'

'જુઓ સ્ટૅન્લી', રિચર્ડે બકિંગહામની વાત પ્રત્યે બેધ્યાન બનીને કહ્યું: 'તમારો પુત્ર રિચમંડ ઇંગ્લંડ સામે કાવતરું કરે છે એવા ખબર મને મળ્યા છે. એ તમારો સાવકો પુત્ર છે અને એની મા તેની સાથે પત્રવ્યવહાર કરે છે.'


સ્ટૅન્લી ગભરાઈ ઊઠ્યો: 'મહારાજ! હું વફાદાર છું અને રહીશ.'

બકિંગહામે ફરી વચમાં વિનંતી કરી: 'આપે પરગણાનું વચન...'

રિચર્ડે મોં કટાણું કર્યું: 'અત્યારે મારો જીવ ખાટો થઈ ગયો છે ને તને પરગણાની પડી છે? મને વખત નથી.' આમ અપમાન કરીને રિચર્ડ ગુસ્સાથી ચાલતો થઈ ગયો. બકિંગહામ સમસમી ઊઠ્યો: 'મેં ઇંગ્લંડની રાજગાદી અપાવી તેના બદલામાં આ નજરાણું? ગરજ સરી એટલે...પણ એની આંખમાં ખુન્નસ છે. અહીં રહેવામાં હવે ખતરો છે. ખાટકીનો ભરોસો કેવો?' રિચર્ડ પર વેર વાળવાનો મનસૂબો કરી તે લાગ જોઇને ઇંગ્લંડ છોડીને ભાગી ગયો.

રિચર્ડનું ફરમાન લઇને નીકળેલા ટીરલે રાજકુમારોને રહેંસી નાખવા બે જલ્લાદને ટાવરમાં મોકલી આપ્યા. બંને સુકુમાર જીવો એકબીજાને હાથ વીંટાળીને સૂતા હતા. એમના ઓશીકા નીચે બાઈબલ હતું. એમના કુમળા ચહેરા જોઈ જલ્લાદનાં કઠોર હૈયાં પણ કંઈક કૂણાં બન્યાં. ખુદાનું સ્મરણ કરી સૂતેલા આ નિર્દોષ જીવોની હત્યા કરતાં તે અચકાયા, પરંતુ તરત જ ઇનામની મોટી રકમ તેમની આંખ

રિચર્ડની આજ્ઞાથી ટીરલે રાજકુમારોને રહેંસી નાખવા બે જલ્લાદને ટાવરમાં મોકલ્યા



આગળ આવી. એ રકમ હાથવેંતમાં હતી તેમના દિલમાંથી દયામાયા અલોપ થઈ ગયાં. તેમના બરછટ પંજામાં શયતાન પ્રવેશ્યો ને બંને જણાએ બે ઊંઘતા રાજકુમારોનાં ગળાં પર પંજા ભીડાવીને તેમને ગૂંગળાવી માર્યા. ચીસ પાડવાનો અવકાશ પણ તેમને રહ્યો નહિ.

રિચર્ડે આ શુભ સમાચાર જાણ્યા ત્યારે સંતોષનું સ્મિત તેના મુખ પર ફરકી રહ્યું. તેનું ચિત્ત સુખદ સરવાળામાં રોકાઈ રહ્યું. 'ક્લૅરન્સ તો ગયો. એના પુત્રનો ફેંસલો થયો એ તો હું જ જાણું. ક્લૅરન્સની દીકરીને ક્યાંક કોઈકને પધરાવી દેવી પડશે. એટલે એની પણ પીડા પતી! એડવર્ડનાં સંતાનો ખુદાના ખોળે જઇને સૂતાં. ઍન પણ અલવિદા કરી ગઈ. હવે બાકી શું? હાં, છેલ્લો સમારંભ! ઇલિઝાબેથની પુત્રીને પરણવાનો સમારંભ! એ મહેફિલ વિના બધું અધૂરું! રાણી ઇલિઝાબેથને સકંજામાં લીધે જ છૂટકો!'

બંને રાજકુમારોની હત્યાની વાત સાંભળતાં જ ઇલિઝાબેથના કાળજે ભારે ચોટ લાગી. એ બાવરી બની ગઈ. કકળતી આંતરડીએ ખુદાને કદુઆ દઈ રહી: 'ખુદાને ઘેર ઘોર અંધારું? કુમળાં ઘેટાંને વિકરાળ વરુ ભરખી ગયું તો ય ખુદા! તારી ઊંઘ ઊડી નહિ?' સામે આવતી માર્ગરેટનો હાથ પકડીને તે પાગલની જેમ કહી રહી: 'તારો શાપ અમને ભરખી ગયો. મને પણ તું શાપ દેવાનો ઇલમ શીખવ. મારી વાણીમાં જ્વાલામુખી ધખે, મારા શાપથી દુનિયા ઊથલપાથલ થઈ જાય એવો ઇલમ મને શીખવ. મારો દુશ્મન કુત્તાને મોતે મરે એવો શાપ મારે દેવો છે.'

ઇલિઝાબેથની આંખો ચકળવકળ ફરતી હતી. એનું કાળજું ઠેકાણે નહોતું. બે બે પુત્રોની એક સામટી હત્યાથી એ મૂઢ બની ગઈ. રિચર્ડની મા ડચેસ આ દુખિયારી બાઇઓથી ઓછી દુ:ખી નહોતી. એના અંતરમાં પણ આગ ધીકતી હતી

એવામાં સામેથી રિચર્ડની સવારી આવતાં જ ડચેસે તેની સામે વિફરેલી નાગણની જેમ ફુત્કાર કર્યો: 'મારે પેટે પાણો પાક્યો! જનમતાં જ મેં તારું ગળું ઘોંટી દીધું હોત તો દુનિયામાંથી પાપ ઓછું થાત, શયતાન! તારા ભાઇને માર્યો, ભત્રીજા માર્યા, નીચ હત્યારા.'

ઇલિઝાબેથ પાગલની જેમ તેની સામે ધસી: 'લાવ મારાં સંતાન, ક્યાં સંતાડ્યાં છે? અમારાં કાળજાં તેં કે.ર્યાં છે, પણ તારે કાળજે ધગધગતા ડામ દેવાશે' ઇલિઝાબેથ ખૂબ હાંફી રહી. ડચેસે ફરી એને ખૂબ ફિટકાર્યો: હું તારી જનેતા છું, પણ મારા કકળતા કાળજાની કદુવા દઉં છું... તારો કાળ ભમે છે. તું હડકાયા કૂતરાના મોતે મરીશ. કતલ થએલા બેકસૂર જીવોના પ્રેતાત્મા તારા કાળજાને ફોલી ખાશે. ને જીવતે જીવ ખૂનમાં ખરડાયો છો. તો મરતાં પણ ખૂનમાં ખરડાઈશ. દોજખમાં ય તારા જીવને જંપ નહિ વળે.'

અને અત્યંત આવેશમાં ચીસ પાડતી ડચેસ ચાલી ગઈ. રિચર્ડે રૂમાલ વતી મોં લૂછીને શાપને લૂછી નાખતો હોય તેમ સ્વસ્થતાથી ઇલિઝાબેથને રોકી: 'સન્નારી, મારે તમારું જરાક કામ છે.'

તીણા, રુક્ષ સ્વરે ઇલિઝાબેથે કહી દીધું: 'તારે વધેરવાં હોય તો ય હવે મારી પાસે સંતાન નથી,'

'ભૂતકાળને ભૂલી જાઓ. તમારી એક સુંદર રાજકુમારી છે. તમારે જ નામે નામ: ઇલિઝા..એના જેવી રૂપસુંદરી..એની રાજવંશી છટા..'

'બસ! બસ! ઓ ખુદા! તારે એની પણ હત્યા કરવી છે? ભલો થઈને એ બિચારીને જીવવા દે! એ સુંદર છે તો એને હું બદસૂરત બનાવી દઈશ, એની રાજવંશી છટા પર છેકો મારી દઈશ; એના સદ્‌ગુણોને વીણીવીણીને કચડી નાખીશ; પણ એને જીવતી રહેવા દે!'

'સન્નારી, એને એવી રીતે અન્યાય કરશો નહિ. એ રાજબીજ છે એ તો ઇંગ્લંડનું સદ્‌ભાગ્ય છે. સાચી રાજકન્યા જિંદગીમાં જોઈ તે તો એક જ, ઇલિઝા! એ સદા સલામત છે. મારો ઇતબાર રાખજો.'

'મારા રાજકુમારો સલામત થઈ ગયા એવી જ સલામતીને!'

'તમે ભૂલ કરી રહ્યાં છો. તમારા પુત્રોની હત્યા મારા હાથે થઈ નથી.'

'તારા પથ્થરિયા કાળજા પર તારા જલ્લાદોએ છરીની ધાર ઘસીને મારાં કુમળાં સંતાનોનાં ગળાં પર તે ફેરવી દીધી...તું કસાઈ...તારો ઇતબાર કેવો?'

'ભલે મને કસાઈ માનો. હું સદા તમારો હિતચિંતક જ રહ્યો છું. તમારા ભલા માટે જ અહીં આવ્યો છું.'

'અમારું ભલું? તારે હાથે? ફરી છરી ફેરવવી છે?'

'નહિ, સન્નારી! મારી વાત સમજો તો સારું. એક વિનંતી કરવા આવ્યો છું. એ સ્વીકારો અને...તમારું ભાગ્ય પલટાઈ જશે. તમારી રાજકુમારી ઇલિઝાના લગ્નનો હું ઉમેદવાર છું. હું તેના પ્રેમમાં છું.'

'મારા રાજકુમારો પ્રત્યેનો તારો પ્રેમ પૂરો થઈ ગયો? હવે આ મારી રાજકુમારીનો વારો?'

'તમે ભરોસો રાખો; તમારી રાજકુમારી માટે સાચે જ મને પ્રેમ છે. હું તેને ઇંગ્લંડની રાણી બનાવીશ.'

'એ તારી સાથે પ્રેમ કરશે એમ તું માને છે?'

'એ કામની જવાબદારી તમને સોંપું તો? તમે જ એને સમજાવો. આટલી કામગીરી બજાવો.'

'જરૂર બજાવીશ. તું એને અફલાતૂન રૂમાલની ભેટ મોકલજે. એના ભાઈઓનાં ખૂનથી ખરડાએલા એ રૂમાલથી મારી ઇલિઝા એની આંખનાં આંસુ લૂછીને તને પ્યાર કરશે. રૂમાલથી એ ન રીઝે તો એને પ્રેમપત્ર લખજે, તારાં પરાક્રમો એમાં ચીતરજે. લખજે એમાં કે તેં ક્લૅરન્સને માર્યો, એના મામાઓને માર્યા, એના ભાઇઓને માર્યા! અને ખાસ એટલું તો જરૂર લખજે કે એને ખાતર જ રાણી ઍનને ખુદાના દરબારમાં વિદાય કરી દીધી! તારાં આ પરાક્રમો વાંચીને ઇલિઝા જરૂર તને પ્યાર કરશે, જરૂર પ્યાર કરશે!' રાણીએ ખોયણાં ચાંપ્યાં. રિચર્ડ સમસમી ઊઠયો: 'તમે મારી ક્રૂર હાંસી કરો છો!'

રાણીએ ઠંડકથી કહ્યુ: 'એ સિવાય મારી ઇલિઝાનો પ્યાર તને શી રીતે મળે? હા, તારા ભૂતકાળને તું દાટી દે.'

'તમે મારા પ્રેમનું વર્ણન રાજકુમારી પાસે જો કરી શકો તો...'

'એને નરાતાલ ધિક્કાર જ છૂટે.'

'બનવા કાળ બની ગયું. ગઈ ગુજરીને સંભારીને શો લાભ? મેં તમારા રાજકુમારની ગાદી ખૂંચવી લીધી; એ રાજગાદી હવે તમારી રાજકુમારીને હું પાછી સોંપીશ, તમે તમારા લાભનો વિચાર કરી જુઓ. તમારું ગુમાવેલું રાજ્ય, તમારો મોભો, તમારી સત્તા, પ્રતિષ્ઠા, બધું તમારી દીકરીનાં સંતાન તમારો ખોળો ખૂંદશે. પાછલી અવસ્થામાં એ તમને પાછું મળશે. મીઠો લહાવો નહિ માણો? આજે તમારો એક સગો દીકરો દેશાવર રખડે છે, ઇલિઝા સાથેના લગ્ન પછી એ અહીં પાછો તમારી પાસે આવીને રહેશે, મારી હૂંફ પામશે, એને મોભો મળશે, ને...તમે રાજમાતા બનશો! હજુ જિંદગીની વાટ ઘણી લાંબી છે, સન્નારી! ભૂતને દાટી દો, વર્તમાનમાં નિર્ણય લઇને ભાવિ સુધારી લ્યો! તમે જે ખોયું તેનાથી દસ ગણું તમને પાછું મળે છે. તમારો સ્વાર્થ સમજો. તમારી દીકરી પાછળ હું દીવાનો બન્યો છું. મારી પ્રેમઘેલછાની વાત તેના કાને નાખ્યા કરો; તેનામાં રાજરાણી થવાની મહત્ત્વાકાંક્ષા પ્રેરો; લગ્નજીવનના લાભ તેની સમક્ષ વર્ણવો; તેનો પ્રેમકળશ મારા પર ઢળે તેવી તરકીબ અજમાવો. આ બધું તમારા લાભ માટે છે.'

'એમ કે? હું એને જઈને એમ કહું કે તારો કાકો જ તારો વર બનવા માગે છે? એ જ ખૂની...એ જ હત્યારો!'

'ઇંગ્લંડની શાંતિ–સલામતી કાયમ જાળવવી હોય તો મારી આ વિનંતી સ્વીકારો. એને જઇને સમજાવો: રાજા તો ફરમાન કરે, આ રાજા અરજ ગુજારે છે. એને લલચાવો. તું ઇંગ્લંડની મહારાણી બનશે.'

'હા...અને પછી રાણી બનીને માની જેમ રોયા કરશે.'

'હું એને આજીવન ચાહીશ.'

'આ જીવન કેટલું ટકશે?'

'સન્નારી, તમારી દલીલો છીછરી છે, વ્યર્થ છે.'

'નહિ, મારી દલીલો મરી પરવારી છે–મારાં બાળકોની જેમ.'

'એક જ ગાણું ગાયા કરશો?'

'હા, હૃદયનો તાર તૂટે નહિ ત્યાં સુધી જિંદગીભર હવે એ એક જ ગાણું...' અને આંખો લૂછતી રાણી બોલી: 'કેમે કરીને મારાં સંતાનને ભૂલી શકતી નથી. તેં એમને વિના કસૂર હણી નાખ્યાં.'

'તમારાં સંતાનો તમારી દીકરીના ગર્ભમાં મેં દાટયાં છે. નિશ્ચિત રહો. એ રૂડી પેરે જતન પામીને યથાકાળે પ્રગટ થશે અને તમારા આનંદનાં નિમિત્ત બનશે.'

રાણી ઇલિઝાબેથ રિચર્ડની દલીલોથી મહાત થઈ ગઈ. એને ઊજળા ભવિષ્ય માટે કંઈક આશા જાગી. એ નરમ પડી ગઈ: 'આખરે મારે મારી દીકરીને તારી અભિલાષા જણાવવી જ પડશે?'

'જરૂર. સુખી માતા થવાનો તમારે માટે એ જ રાજમાર્ગ છે.'

રાણી વિચારમગ્ન થઇને ચાલી ગઈ. રિચર્ડ એને જતી જોઇને હસ્યો: 'કમઅક્કલ ઓરત જાત. સાવ છીછરી...ચંચળ, મૂર્ખ નાદાન...!'

રિચર્ડ સ્ત્રીજાતની બેવકૂફી પર હસી રહ્યો હતો ત્યાં એક સંદેશવાહકે ચિંતાજનક સમાચાર આપ્યા: રિચમન્ડ ઈંગ્લંડની રાજગાદીના હકદાર તરીકે આવવા નૌકાસૈન્ય લઇને સજ્જ થયો છે અને બકિંગહામ પોતાના કાફલા સાથે તેની જોડે ભળી જવાની તૈયારીમાં છે.'

રિચર્ડ જરા ચિંતામાં પડયો. તેણે ઉમરાવ સ્ટૅન્લીને તાબડતોબ તેડાવ્યો અને દુશ્મનો વિષેની માહિતી પૂછી. સ્ટૅન્લીએ પણ એવા જ ચિંતાજનક સમાચાર કહ્યા: રિચમન્ડ પોતે બકિંગહામ, રાજકુમાર ડોર્સેટ, મૉર્ટન વગેરેની સહાયથી દરિયાઈ માર્ગે કૂચ કરી રહ્યો હતો.

આ ખબર સાંભળતાં રિચર્ડનો મિજાજ છટકયો. એની આંખ ઝનૂનથી રાતી બની: 'રિચમંડ આવે છે, કેમ? ઇંગ્લંડનું રાજ્ય એ નધણિયાતું ભાળીને બેઠો છે? ઇંગ્લંડનું રાજતખ્ત સૂનું છે? યૉર્કવંશનો વારસદાર અમારા સિવાય બીજો છે કોણ?' અને સ્ટૅન્લીને તેણે તતડાવી કાઢયો: 'મને પાકો શક છે, તમે પણ દુશ્મનો પાસે નાસી જવાની વેતરણમાં છો.'

સ્ટૅન્લી ધ્રૂજી ઊઠયો: 'મહારાજ, મારો વિશ્વાસ રાખો.'

'તારો હવે વિશ્વાસ કેવો? તું નિમકહરામ નીવડયો. પણ ફિકર નહિ. તારો દીકરો જ્યૉર્જ અમારો જામીન થશે. તું દગલબાજી કરીશ તે પળે તારા દીકરાની કતલ થશે.' સ્ટૅન્લીના હૈયામાંથી હામ જતી રહી.

ખૂનતરસી આંખે રિચર્ડ કંઈક વિચારી રહ્યો, ત્યાં બીજા એક સંદેશવાહકે હાંફતાંહાંફતાં આવીને સમાચાર આપ્યા: 'મહારાજ... મહારાજ! બકિંગહામની સેના...'

અધીરાઈમાં આવીને રિચર્ડે આવેશથી તેને લાત લગાવી: 'કમબખ્ત, ઘુવડો! મરશિયાં જ ગાતાં આવો છો?' દૂતને તમ્મર આવી ગયાં. મહામુસીબતે તેણે કહ્યું: 'મહારાજ, બકિંગહામની સેના નાશ પામી...દરિયાઈ તોફાનમાં લશ્કર વેરવિખેર થઈ ગયું.'

'પણ એ નિમકહરામ બકિંગહામ છે કયાં?' રિચર્ડે ઉન્માદમાં ત્રાડ પાડી. ત્યાં એક દૂત વધામણી લાવ્યો: 'બકિંગહામ ગિરફતાર થયા છે.' રિચર્ડે આંખ ફાંગી કરી: 'કતલ કરો!'

'મહારાજ, એણે આપને મળવાની યાચના કરી છે.' દૂતે કહ્યું.

'ચૂપ રહે. બેવફા રાજદ્રોહીઓને મુલાકાત આપવાની મને ફુરસદ નથી. જાઓ, કતલ કરો અને મને ખબર કરો.'

બકિંગહામ વધસ્થાને ધકેલાઈ ગયો. એને પોતાનાં પાપકર્મો ઘેરી વળ્યાં. એના હૃદયમાં ભારે બેચેની થઈ અને એની આંખ સમક્ષ માર્ગરેટની છાયા તરવરી રહી: 'ચેતજે એ હડકાયો કૂતરો તને પીઠ પાછળ કરડશે. સાવધાન રહેજે.' રિચર્ડની દુષ્ટતાને શાપ દેતો એ

માર્ગરેટની ચેતવણીનું સ્મરણ કરી ખૂબ પસ્તાઈ રહ્યો અને એની ગરદન પર જલ્લાદની તલવાર ફરી વળી.

બકિંગહામનું સૈન્ય દરિયામાં છિન્નભિન્ન થઈ ગયું પણ રિચમંડ, હિંમત હાર્યો નહિ. તેણે કસાએલા વફાદાર ઉમરાવો, સરદારો અને સૈનિકોની સેના સજ્જ કરી અને ઇંગ્લંડની ભૂમિ પર ચડી આવ્યો.

રિચર્ડ સાવધાન હતો. દુશ્મનનો મુકાબલો કરવા તેણે કમર કસી. રિચર્ડની હાકથી–ધાકથી આખો દેશ ખળભળી ઊઠ્યો. તેણે દુશ્મનોના સૈન્યની સામે બોઝવર્થના મેદાનમાં પડાવ નાખ્યો. યુદ્ધ શરૂ થવાની આગલી રાતે રિચર્ડે પોતાનું ભોજન જતું કરીને માત્ર શરાબ જ લીધો ને કાગળ શાહી લઇને નકશાઓ ચીતરતો જ રહ્યો. રિચમંડને ઠાર કરીને દુશ્મનોની ખો ભુલાવી દેવાની એકમાત્ર તમન્ના તેની ખુન્નસભરી આંખોમાં તરી રહી હતી. છેક મોડી રાતે પોતાના બધા સરસેનાપતિઓને પોતપોતાની છાવણીમાં જવા માટે વિદાય કર્યા, ને બે ઘડી આરામ લેવા તે આડો પડ્યો. તેની આંખ મીંચાઈ અને ભૂતના ભડકા તેની સ્વપ્નસૃષ્ટિમાં તાંડવ કરવા લાગ્યા. ક્લૅરન્સના લોહિયાળ ડોળા જોઇને તે ડરી ગયો. રીવર્સ, ગ્રે ને વોનના પ્રેતાત્મા તેનું ખૂન પીવા, તેને ભરખી જવા તલસી રહ્યા. રિચર્ડના શરીરે પરસેવો વળી ગયો. તે ચોંકીને જાગ્યો. ચોતરફ ઘોર અંધકાર હતો. એના શરીરમાં ધ્રુજારી હતી. એને જંપ ન વળ્યો. ફરી એણે આંખ મીંચી. હેસ્ટિંગ્સ એની છાતી ચીરવા મથી રહ્યો હતો. ત્યાં રાણી ઍન આવી. એના છૂટા વાળ, એનો કરડકણો લોહી તરસ્યો ચહેરો! ઍન ચિચિયારી પાડી તેના ભણી ધસી. રિચર્ડ ભયથી મૂઢ બની ગયો...એડવર્ડના બે રાજકુમાર તેમના કુમળા હાથ તેના ગળાની આસપાસ ભીંસી રહ્યા...ને બકિંગહામ દાંત કચકચાવીને તેના ભણી તલવાર લઈ દોડી રહ્યો...એમની ભયાનક વાણી, મોતની યાદ આપે તેવા એમના ચહેરા...રિચર્ડ બેબાકળો થઈને એકદમ બેઠો થઈ ગયો! પ્રેતાત્માઓની હારમાળા તેને ઘેરી વળીને તેની આસપાસ તાંડવ કરી રહી હતી. પરોઢની વાટ જોતો મૂઢ જેવો રિચર્ડ દીવાનો ઝાંખો પ્રકાશ જોતો જાગતો જ બેસી રહ્યો. એના મનમાં ઊભરાઈ ઊભરાઈને તેનાં પાપ ચટકા ભરવા લાગ્યાં. પહેલી વાર એને કાળજામાં કંપ થયો: 'હું ખૂની છું...જલ્લાદ છું. આ દુનિયાના કોઈ પ્રાણીને મારા પ્રત્યે પ્રેમ નથી...ને હું મરીશ તો કોઈની આંખમાંથી આંસુનું ટીપું ય ખરશે નહિ. આ બધાં ભૂતડાં મને ભરખી જવા ટાંપીને બેઠાં છે.'

પરોઢ થયું. રિચર્ડે મનની ભ્રમણાઓને ભગાડી મૂકી. એ સચેત બન્યો. બહાર વાતાવરણમાં પ્રવૃત્તિનો સંચાર થવા માંડ્યો, રાત્રિભરનાં ભયંકર સ્વપ્નાંને હડસેલી મેલી, યુદ્ધ માટેનો સ્વાંગ સજીને સેનાને મોખરે તે આવીને ઊભો અને પ્રેરકવાણીમાં તે સૈનિકોને પાનો ચડાવી રહ્યો: 'મારા વહાલા દેશભક્તો! આપણા દેશ પર આફત આવી છે, દુશ્મનોએ ડેરા નાખ્યા છે. એક જુલમગાર આપણા દેશની શાન–ઇજ્જત ધૂળમાં મેળવવા પેંતરો રચીને ખડો છે. તમે લોહીના છેલ્લા ટીપા સુધી દુશ્મનની સામે લડી લેજો. એ દુશ્મન ખતરનાક છે. તમારાં બાલબચ્ચાં કતલ થઈ જશે. તમારી ઓરતો એના સૈનિકોને હાથે લીલામ થશે. માટે ખુદાનું નામ દઇને દુશ્મન પર તૂટી પડજો. ખુદા આપણે પક્ષે છે અને વિજય આપણો જ છે.'

એના પ્રવચનથી સૈનિકોને પોરસ ચડ્યો, પરંતુ સ્ટૅન્લી હજુ સુધી પોતાની સેના લઇને આવ્યો ન હતો. રિચર્ડની આંખમાં અંગારા ભભૂક્યા: 'સ્ટૅન્લી ક્યાં? એ ન દેખાય તો એના દીકરાની કતલ કરો...'

પરંતુ દુશ્મનોની કૂચ શરૂ થઈ ગઈ હતી. જ્યૉર્જની કતલ કરવાનો સમય તેની પાસે રહ્યો નહિ.

રિચમંડના લશ્કરનો પ્રતિકાર કરવા માટે રિચર્ડની સેના ઊમટી. બંને સૈન્યો વચ્ચે ખૂનખાર જંગ જામ્યો. રણમેદાનના એક ભાગમાં રિચર્ડની શમશેર ઘૂમતી હતી એ મરણિયો બન્યો હતો. એની આસપાસ ખૂનનાં ખાબોચિયાં ભરાયાં હતાં. ભયંકર ઘુમરાણની વચમાં રિચર્ડ ખૂનનો તરસ્યો બનીને ખાંડાના ખેલ ખેલી રહ્યો હતો રિચમંડને શોધી કાઢીને એ જિંદગીનો હિસાબ ચૂકવવા અધીરો બની પાગલની જેમ ઘૂમતો હતો. અચાનક દુશ્મનના એક ઘાથી તેનો અશ્વ મરણતોલ થઈ પટકાઈ પડ્યો. રિચર્ડ પગપાળો રણમેદાનમાં દુશ્મનોને રોળી રહ્યો, પરંતુ અશ્વ વિના તે મૂંઝાયો, બહાવરો બન્યો. તેણે મોટેથી પોકાર કર્યો: 'મારો તોખાર લાવો...તોખાર! એક તોખાર માટે આખું રાજ્ય ખેરાત કરી દઉં. ઝટ તોખાર લાવો!'

કૅટસ્બી જેવા ઉમરાવોએ રિચર્ડને રણમેદાનમાંથી પાછા ખસી જવાની સલાહ આપી. પરંતુ રિચર્ડે એ સલાહ ધુતકારી કાઢી અને દૂરથી રિચમંડને જોતાં જ તે શમશેર લઈ તેની તરફ ધસ્યો. રિચમંડ અને રિચર્ડ વચ્ચે ભયાનક શમશેર-યુદ્ધ ખેલાઈ રહ્યું. રિચર્ડ મરણિયો થયો હતો, પણ અશ્વ વિના મૂંઝાએલો હતો. રિચમંડના કાતિલ ઘા સામે રિચર્ડના દાવપેચ નિષ્ફળ જવા માંડ્યા. એના હૃદય પર એના દિમાગ પર ભૂતડાં ચડી બેઠાં. એને લાલપીળાં દેખાવા માંડ્યાં. ભૂતડાં ચિચિયારી પાડતાં તેના દિમાગમાં ભમવા લાગ્યાં ને એણે આંધળિયાં કર્યાં. એમાં એ ઘા ચૂક્યો...અને રિચમંડે પૂરા ઝનૂનથી એના ગળા પર તલવાર ઝીંકી ને રિચર્ડ રણભૂમિ પર રોળાઇને પડ્યો, તેની આંખના ડોળા ફાટી ગયા. તેનો દેહ થોડી વાર તરફડ્યો તેનું મોં વક્ર થયું ને પછી તુરત તેનો ખેલ ખતમ થઈ ગયો.

રિચમંડ વિજેતા બન્યો. રાણી ઇલિઝાબેથની દીકરી સાથે લગ્ન કર્યાં. વર્ષોથી ચાલતા ગુલાબ વિગ્રહનો પૂર્ણવિરામ આવ્યો. લાલ અને સફેદ ગુલાબના સંયોજનથી ઇંગ્લંડની રાજકલગી મહોરી ઊઠી.

મહાજન શક્તિદળ યોજિત બહેનો માટે તરવાની અને સાયક્લિંગની સ્પર્ધાઓ

સ્ત્રીઓનાં સ્વાસ્થ્ય તથા વિકાસ માટે કાર્ય કરતી સંસ્થા મહાજન શક્તિદળના આશ્રયે બહેનો માટે ૧૦૦ મિ. ફ્રી સ્ટાઈલ તરવાની તથા ૪૦૦૦ મિ. સાયકલ લેપરેસની સ્પર્ધાઓ વડોદરા, પંચમહાલ, ભરૂચ, સૂરત, વલસાડ ને ડાંગના વિભાગ માટે સૂરતમાં તા. ૧૧મી ડિસેમ્બરે; ખેડા, અમદાવાદ, મહેસાણા, બનાસકાંઠા તથા સાબરકાંઠાના વિભાગ માટે અમદાવાદમાં ૪થી ડિસેમ્બરે તથા સૌરાષ્ટ્ર-કચ્છના વિભાગ માટે રાજકોટમાં ૧૧મી ડિસેમ્બરે યોજાનાર છે. ૨૦ વર્ષથી નીચેની ને ૨૦ વર્ષથી ઉપરની બહેનો એમ બે વિભાગમાં પ્રથમ ત્રણ વિજેતાને પ્રમાણપત્ર તથા પારિતોષિક આપવામાં આવશે. બહારગામનાં માટે નિવાસ, ભોજન તથા કન્સેશન રેટથી એક વખતનું ભાડું પણ આપવામાં આવશે. વધુ માહિતી તથા પ્રવેશપત્રો માટે લખો: ૧. મહાજન શક્તિદળ, રાજપીપલા; ૨. સૂરત જિલ્લા વ્યાયામ પ્રચારક મંડળ નાનપરા સૂરત; ૩. ચી. ન. વ્યાયામ વિદ્યાભવન, આંબાવાડી, અમદાવાદ–૯ ને ૪. શ્રી નંદલાલ મહેતા, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, રાજકોટ.

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ

યૅાહાન ફ્રેડરિક ફૉન શિલર

અદના માનવીની આકાંક્ષાઓ અને આદર્શોને વાચા આપી, પોતાના જીવન અને કવનમાં એક સમુન્નત માનવીનું દર્શન ઝીલનાર વિશ્વમાનવ શો યૅાહાન ફ્રેડરિક ફૉન શિલર જર્મનીનો એક ઉત્તમોત્તમ નાટ્યકાર ગણાય છે. લશ્કરી સર્જન યૅાહાન કાસ્પરને ત્યાં ઈ.સ. ૧૭૫૯ ની ૧૦મી સપ્ટેમ્બરે એનો જન્મ થયો. વર્ટમબર્ગના ડ્યૂક કાર્લ યુજેને એને લશ્કરી શાળામાં કાયદાનું શિક્ષણ લેવા ફરજિયાત દાખલ કર્યો, પણ ત્યાંની અતિ કડક શિસ્ત તળે એ સતત ધૂંધવાતો રહેતો અને જ્યારે ડ્યૂક બદલાયો કે તુરત એ કાયદો છોડી દાક્તરી તાલીમ લઈ સ્ટટગાર્ટમાં લશ્કરી સર્જન તરીકે ગયો.



પણ એને ખરી લગન તો સાહિત્યસર્જનની હતી. એટલે ત્રણેક વર્ષ બાદ લશ્કર છોડી એ માનહીમ શહેરના એક નાટ્યગૃહમાં કવિ તરીકે જોડાઈ ગયો. ૧૭૯૦માં વાઈમરના ફૉન લૅન્જફેલ્ડની નાની પુત્રી સાથે લગ્ન કર્યાં.

એક સખત બીમારી પછીનું સમગ્ર જીવન એ પરેશાન થતો રહેલો. વળી, આર્થિક ચિંતાઓ પણ હતી, પરંતુ ઑગસ્ટબર્ગના રાજકુમારે એને આર્થિક સહાય આપવાથી એ ઉપાધિ તો ટળી. આ સમયમાં અવકાશે એ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતો. સૌન્દર્યની એની સત્ય-શિવ દર્શન યુત મૌલિક વ્યાખ્યાએ જર્મન સુરુચિ શાસ્ત્ર (એથિક્સ)ની પરંપરામાં એક નવું જ સોપાન ઉમેર્યું છે.

ઈ. ૧૭૯૪માં શિલરે 'દી હૅારેન' નામે એક પત્ર શરૂ કર્યું. એમાંથી એને મહાકવિ ગઅટે સાથે પ્રગાઢ સ્નેહ સંબંધ બંધાયો.

'દાઈ રૅાબર' એ એનું પ્રથમ નાટક ૧૭૮૧માં એ પ્રકટ થયું અને માનહીમની રંગભૂમિ પર એ અસાધારણ સફળતાથી ભજવાયું. એથી પ્રેરાઈ સવિશેષ જોમ અને ભક્તિથી શિલરે પોતાની સાહિત્યપ્રવૃત્તિ વધારી દીધી. ૧૭૮૭માં પ્રશિષ્ટ સ્વરૂપનું એનું પ્રથમ નાટક 'ડૉન કાર્લોસ' પૂરું થયું. એ પછી તો નેધરલૅન્ડઝના બળવાનો ઇતિહાસ 'હિસ્ટરી ઑવ ધ થર્ટી ઇયર્સ વૉર', 'લેટર્સ ઑન ધ એસ્થેટિક એડ્યુકેશન ઑવ મૅન' અને 'ઑન નેઈવ ઍન્ડ સેન્ટિમેન્ટલ પોએટ્રી' વગેરે પ્રકટ થયાં.

એનું મહાન નાટ્યાત્મક કાવ્ય 'વૉલેન્સ્ટાઈન' ઈ. ૧૭૯૯માં પ્રકટ થયું. એના તો ત્રણ ભાગ છે કાર્યવેગ, કલ્પનારંગ તથા આદર્શ મિશ્રિત એ બલવતી ઐતિહાસિક કરુણાન્તિકા શિલરની મહત્તમ સિદ્ધિ લેખાય છે. એ પછી 'મેરિયા સ્ટૂઅર્ટ' અને 'ધ મેઈડ ઑવ ઑર્લિયન્સ' તથા 'દાઈ બ્રૅાત ફૉન મેસિના' પ્રકટ થયાં. આ છેલ્લી કૃતિમાં શિલરની સુંદરતમ કવિતાઓ છે. 'વિલ્હેમ ટેલ' એ એની છેલ્લી કૃતિ.

વિષયની સાદગી છતાં ભાવ-વસ્તુનો સચ્ચાઈભર્યો રણકો અને ભાવકના હૃદય સોંસરવી ઊતરી જાય એવી વેધક રજૂઆત એ શિલરની સાહિત્યશક્તિનું પ્રધાન લક્ષણ છે. એણે રચેલા રાસાઓ પણ એનાં નાટકો જેટલા જ પ્રસિદ્ધ અને લોકપ્રિય રહ્યા છે.

ગઅટે સાથેની એની ગાઢ મૈત્રી તો સાહિત્યજગતમાં એક ઉત્તમ આદર્શ રૂપ રહી છે. ઈ. ૧૮૦૫માં ૯મી મેએ ૪૬ વર્ષની ઉંમરે જ્યારે શિલરનું એકાએક અવસાન થયું ત્યારે ગઅટેને મહાવ્યથા થઈ હતી. પોતાના નિષ્કલંક લખાણ જેટલાં જ વિશુદ્ધ કર્મવાળો શિલર માનવજીવનને આંબી શકાય એવા સાદા સીધા આદર્શો પર જ દૃષ્ટિ ઠેરવતો હોઈ જનહૃદયની વધુ નજીક રહ્યો છે. નાટ્યકાર તરીકેની એની યથાર્થ મહત્તા, વિચારોને માનવનાટકના માધ્યમ દ્વારા રજૂ કરવાની શક્તિમાં રહેલી છે.


પ્રસંગવિશેષ : પ્લૂટોની શોધ • ૧૩મી નવેમ્બર, ૧૯૩૦

'યુરેનસ'નો ભ્રમણમાર્ગ ધાર્યા કરતાં કંઈક જુદો જણાવાથી ગાણિતિક રીતે તપાસતાં સૂર્યમાળામાં વધુ એક ગ્રહ હોવાનો અંદાજ મળ્યો અને એના પરથી 'નેપ્ચ્યુન'ની શોધ થઈ. આ જ રીતે આ સૈકાની શરૂઆતમાં પ્રો. પિકરિંગે હજી વધુ ગ્રહ હોવાની શક્યતા જાહેર કરી ને ગણિત વડે આકાશમાં એનું સ્થાન પણ નિયત કરી આપ્યું. પચ્ચીસ વર્ષ પછી ઍરિઝોનાની લૉવેલ વેધશાળામાં એ આકાશી વિસ્તારના થોડાથોડા સમયના આંતરે લીધેલા ફોટોગ્રાફોમાં (જુઓ નીચે) અન્ય સ્થિર દેખાતા તારાઓની વચ્ચે એક સ્થાનચ્યુત થતા આકાશી પિંડને ક્લાઈડ ટૉમ્બો નામના એક વિજ્ઞાનીએ ઈ. ૧૯૩૦ની૧૩મી નવેમ્બરે પકડી પાડયો. એ ચલિત પિંડ તે સૂર્યમાળાનો આજનો સૌથી છેલ્લો ગ્રહ – પ્લૂટો (યમરાજ).

સૂર્યને આપણે બે ફૂટના દડા જેવડો કલ્પીએ તો એના પ્રમાણમાં પૃથ્વી તેનાથી ૨૧૫ ફૂટ દૂર પડેલા વટાણાના દાણા જેવડી લાગે અને એ જ હિસાબે પ્લૂટો સૂર્યથી બે માઈલ દૂર પડેલા રાઈના દાણા જેવડો લાગે. સૂર્યથી એ કેટલો દૂર છે અને એનું કદ કેટલું છે એનો ખયાલ આના પરથી આવશે. અન્ય ગ્રહોની સરખામણીમાં સૂર્યની આસપાસનો એનો ભ્રમણમાર્ગ વધુ લંબગોળાકાર છે. નજીકમાં નજીક હોય ત્યારે સૂર્યથી એ ૨,૭૫,૩૦,૦૦,૦૦૦ માઈલ અને દૂરમાં દૂર હોય ત્યારે ૪,૬૫,૦૦,૦૦,૦૦૦ માઈલને અંતરે હોય છે આ ભ્રમણ પૂરું કરતાં એને આપણાં ૨૪૮ વર્ષ કરતાં યે વધુ સમય લાગે છે. એનાં દિવસરાત આપણા ૬ દિવસ અને ૯ કલાકે પૂરાં થાય છે. વિષુવવૃત્ત પર એનો વ્યાસ લગભગ ૩૬૦૦ માઈલનો છે. આમ પૃથ્વી કરતાં એ કદમાં નાનો છે. એનું દળ ઘણું ઘટ્ટ અને વજનમાં એ બહુ ભારે હશે એમ મનાય છે આપણે ત્યાં જે વજન ૧૦૦ રતલ થાય એ પ્લૂટો પર કદાચ $\frac{1}{6}$ રતલ જ થાય એવો પણ એક અંદાજ છે. કદાચ એ મૃત ગ્રહ પણ હોઈ શકે. જોકે પ્લૂટો વિષે હજી ઘણું જાણવાનું બાકી જ છે. વળી, પ્રો. પિકરિંગના માનવા પ્રમાણે પ્લૂટો પછી યે હજી એક દસમો ગ્રહ હોવાનો સંભવ છે, પણ હાલ તો પ્લૂટો જ સૂર્યમાળામાં છેલ્લો ગ્રહ ગણાય છે



સ્થિર તારાઓ વચ્ચે સ્થાનચ્યુત થતાં પકડાએલો પ્લૂટો, તીર વડે એ દર્શાવ્યો છે.



એ જ સંકલ્પ નવા વર્ષે, નવા દિવસનો,
એ જ સંકલ્પ અમીરોનો અને બે-કસનો:
પ્રાણ જાયે તો ભલે જાયે વતન જાયે ના,
એ જ સંકલ્પ હવે મારા વતન સર્વસનો;
મારા પરચમની સદા શાન ઝબકતી રહેશે,
શાન તો શાન સદા આન ઝબકતી રહેશે.

—વજ માતરી

સામાન્ય માણસના ઉત્કર્ષનો આશિક એચ. જી. વેલ્સ


રાણી વિક્ટોરિયાના રાજ્યકાળના પાછલા અરધમાં વિજ્ઞાન અને યંત્રવિદ્યા જગતની સૂરત પલટી રહ્યાં હતાં. સૌના જીવનમાં કોઈ નવી શક્યતાઓ સર્જાઈ રહી હોય એવી આશા સાથે સુખની એક ભરતી આવી હતી. એ ઉત્સાહનો, એ આશાનો પ્રતિઘોષ એ કાળના ઈંગ્લંડના એક પ્રભાવશાળી લેખક એચ. જી. વેલ્સનાં લખાણોમાં કદાચ સૌથી વધુ સાંભળવા મળ્યો છે. એણે વૈજ્ઞાનિક વાર્તાઓમાં ભવિષ્યકાળમાં પ્રવાસ કરી શકે તેવું યંત્ર, માણસને અદૃશ્ય બનાવી દે એવું રસાયણ, ચંદ્ર પર પહોંચેલો પ્રથમ માનવી, પૃથ્વી ઉપર મંગળવાસીઓની ચડાઈ વગેરેની કલ્પનાઓ રજૂ કરી. એ અદ્ભુત કથાઓ તદ્દન ખરી હોય એવી લાગે છે, કારણ કે એમાંનાં પાત્રો સમાજમાં ગમે ત્યારે આપણને મળી જાય એટલું વાસ્તવિક એમનું આલેખન છે. પણ વેલ્સને માત્ર વિજ્ઞાનમાં રસ નહોતો. એને ખરો રસ તો હતો માણસોમાં–સામાન્ય માણસોમાં. એવાં માણસોના જીવનનો એને પૂરેપૂરો ખયાલ હતો – એનો એને સ્વાનુભવ હતો. અને એથી એમને એ ઊંચા લાવવા ઇચ્છતો હતો.

વેલ્સ પોતે પણ એક સામાન્ય કુટુંબમાંથી આવેલો. હર્બર્ટ જ્યૉર્જ વેલ્સ એ એનું પૂરું નામ. ઈ. ૧૮૬૬ની ૨૧મી સપ્ટેમ્બરે ઈંગ્લંડના કેન્ટ પરગણામાં બ્રૉમલે મુકામે એનો જન્મ થએલો. એ રીતે આ વર્ષ એની જન્મ-શતાબ્દીનું વર્ષ છે. પિતા ધંધાદારી ક્રિકેટર હતા અને એ કાળે એમાં કંઈ રળવાનું હતું નહિ, એટલે નાનો હર્બર્ટ પૂરતું પોષણ પણ પામી શકતો નહિ; એટલું જ નહિ, જેવુંતેવું પ્રાથમિક શિક્ષણ પૂરું કરી ચૌદ વર્ષની વયે તો એક કાપડિયાને ત્યાં માત્ર છ પેન્સના માસિક પગારે એને નોકરીએ લાગી જવું પડ્યું હતું. ત્યાં પણ બહુ લાંબું ન ચાલતાં એક દવાવાળાને ત્યાં એ રહેલો. પણ એક મોટા કુટુંબમાં કામવાળી તરીકે રહેલી માતા સાથે એણે કેટલોક સમય ગાળેલો ત્યારે ત્યાંના મોટા પુસ્તકાલયને ફેંદવાની એને તક મળતી. એમાંથી પોતાના વિચારઘડતરની એને સારી પ્રેરણા મળેલી. પણ પછી કૌટુંબિક કારણોસર માને એ નોકરી છોડી ઘર સંભાળવામાં લાગી જવું પડેલું ને હર્બર્ટની તૃષા અતૃપ્ત રહી ગએલી.



પણ પોતાનું અધૂરું રહી ગએલું ભણતર પૂરું કરવાની ખાંખત તો એને હતી જ. દવાવાળાને ત્યાંથી છૂટો થઈ એ એક મામૂલી શાળામાં ભણાવવા લાગ્યો અને બાકીના સમયમાં પોતે પણ ભણવા માંડચો. અભ્યાસ માટે એને સરકારી શિષ્યવૃત્તિ મળી અને એણે દક્ષિણ કેન્સિંગ્ટનની રૉયલ કૉલેજ ઑવ સાયન્સમાં ટૉમસ હેન્રી હક્સ્લે પાસે પ્રાણીશાસ્ત્ર શીખી બી.એસસી.ની ઉપાધિ મેળવી યુનિવર્સિટીમાં હવે એ ભણાવવા લાગ્યો. જીવશાસ્ત્ર પર એણે એક પાઠચપુસ્તક પણ લખ્યું અને 'યુનિવર્સિટી કૉરસ્પોન્ડન્ટ',

તારા-પરિચય-૧૧



ખગાશ્વના વિશાળ ચોરસ પછી પૂર્વમાં કેટલાંક નાનાં તારામંડળો વહેંચાએલાં છે. એમાંના લગભગ બધાંમાંના તારાઓ બહુ તેજસ્વી તો નથી, પણ ઉપરના નકશાને આધારે એના આકારો પકડી ઓળખી શકાશે.

પ્રથમ તો દેવયાનીની બાજુમાં જુઓ.ત્યાં ત્રણ તારાનું ત્રિકોણાકાર એક મંડળ છે. અને એનું નામ પણ છે'ત્રિકોણ'(Triangulum). અહીં એક મે ૩૩ની સંજ્ઞાથી ઓળખાત તારાવિશ્વ છે. એને ત્રિકોણની નિહારિકા કહે છે.

એનીદક્ષિણેછે'અશ્વિની'(Aries)નુંતારામંડળ. એના ત્રણ મુખ્ય તારામાંનો એકસહેજ દૂરનો તારો અને આ ત્રણેમાં વધુ ચળકતો છે એને હામલ (ચ્યવન) કહે છે. બાકીના બે તે અશ્વિનકુમારો. અશ્વિની નક્ષત્ર છે.

ખગાશ્વના ચોરસની બાજુમાં નકશા પ્રમાણેના આકારમાં ઝાંખા તારાઓનું મીન (Pisces) રાશિનું મંડળ ઓળખવું એ પ્રથમ તો કસોટીસમું લાગશે, પણ એક વેળા પકડાઈ ગયા પછી એ તારાઓ સ્પષ્ટ જણાશે. આમાં રેવતી નક્ષત્રને સ્થાને આ મીનની આંખ છે. એ ચળકતા તારાનું નામ વૈજયંતી.

મીનની નીચે અગ્નિકોણમાં ઝાંખા તારાઓનું તિમિ (Cetus) મંડળ છે. મીન-નાના માછલાને ગળવા મથતું મોટું માછલું તે તિમિ. એમાં મિરા નામક એક રૂપવિકારી તારો છે. દર ૩૩૧ દિવસ દરમિયાન અત્યંત ઝાંખપથી માંડી ઠીકઠીક તેજસ્વી થવા સુધી એના તેજમાં વધઘટ થતી રહે છે. મિરા સૂર્ય કરતાં સાડા નવ કરોડ ગણો લાલરંગી વિરાટ તારો છે. એ ૨૨૫ પ્રકાશવર્ષ દૂર છે.

છેલ્લે ત્રિકોણ અને અશ્વિનીની વચ્ચે સહેજ પશ્ચિમે ત્રણેક તારાનું ટચૂકડું મંડળ છે. એ ભરણી (એટલે કઢાઇ)ના નામે ઓળખાય છે. ન જાણે એ કઢાઈમાં શું શું યે રંધાતું હશે?

'એડ્યુકેશનલ રીવ્યૂ' અને 'ફોર્ટનાઈટલી'માં લેખો લખવા માંડ્યા. પણ એને કદાચ એમાં બહુ રસ નહિ પડ્યો હોય, એટલે હિંમત કરી છેવટે પત્રકારત્વમાં ઝુકાવ્યું. 'પૉલ મૉલ ગેઝેટ', 'સૅટર્ડે રીવ્યૂ', 'નેચર' વગેરેમાં એના લેખો આવવા માંડ્યા. પોતે જે વિટંબણાઓ અનુભવીને તંગ બની ગએલો એ અનુભવો કોઇને યે વેઠવા ન પડે એવા નવા પાયે જગતને મૂકવાની એને મહત્ત્વાકાંક્ષા હતી.

વિજ્ઞાનની ભૂમિકાઓ પરની એની કલ્પનાકથાઓમાં એણે કરેલા કેટલા યે ખયાલો ખરા પડ્યા છે. 'ધ વૉર ઈન ધ ઍર'માં એણે હવાઈ બૉમ્બમારાની કલ્પના કરી ત્યારે ઈંગ્લિશ ખાડી પર હજી એકે વિમાન ઊડ્યું નહોતું. યુદ્ધમાં બખ્તરિયાં લોખંડી વાહનોનો ઉપયોગ એણે છેક ૧૯૦૨માં કલ્પેલો, તે પછી ટૅન્ક તો છેક પહેલા વિશ્વયુદ્ધ વખતે બની. માનવીની અવકાશયાત્રાની, અણુ બૉમ્બની, પ્રીફૅબ્રિકેટેડ ઘરની અને એવી ઘણી કલ્પનાઓ એણે પોતાની એ વાર્તાઓમાં રજૂ કરેલી.

કિપ્સ, મિ૦ પોલી, વિલિયમ ક્લિસોલ્ડ, ટોનો બંગે વગેરે એની વિખ્યાત નવલકથાઓ છે. સમાજશાસ્ત્રીય કથાલેખનનો એચ. જી. વેલ્સ કદાચ સૌથી વધુ પ્રાતિનિધિક લેખક છે. એની આ નવલોથી એ છેક અમેરિકા સુધી ખ્યાતિ પામ્યો હતો.

પણ પાછળથી એણે પોતાનું સમગ્ર ધ્યાન ગરીબી, અજ્ઞાન અને યુદ્ધ પ્રત્યે કેન્દ્રિત કર્યું હતું. એ માનતો કે જો પ્રત્યેક માણસ સામાજિક પ્રશ્નોના ઉકેલ અને યુદ્ધની ભયાનકતા સમજવા જેટલું શિક્ષણ પામે તો એ પ્રશ્નો ને યુદ્ધનો ભય મોટે ભાગે ટળી શકે આ માટે એણે શૈક્ષણિક પુસ્તકો લખવા માંડ્યાં. એમાં 'ધી આઉટ લાઈન ઑવ હિસ્ટરી'–(ઇતિહાસની રૂપરેખા) મુખ્ય છે. લેખક તરીકે વેલ્સને શ્રીમંત બનાવનાર એની તરંગકથાઓ નહિ પણ એની આ ઇતિહાસદૃષ્ટિ જ હતી. એના થકી એણે અનેક બાબતોમાં લોકમત ફેરવી નાખ્યો. 'ધ સાયન્સ ઑવ લાઇફ' અને 'ધ વર્ક, વેલ્થ ઍન્ડ હૅપિનેસ ઑવ મૅનકાઈન્ડ' પણ એનાં જાણીતાં પુસ્તકો છે.

કૉલેજમાં હતો ત્યારે સમાજવાદથી એ આકર્ષાએલો. એ કાળના એના વિચારો 'ઍન્ટિસિપેશન્સ'માં રજૂ થયા છે. એક જ વર્ષમાં એની ૧૮ આવૃત્તિઓ થઈ હતી! 'ફૅબિયન સોસાએટી'માં પણ એ જોડાએલો પરંતુ બર્નાર્ડ શૉ સાથે મંડળના સિદ્ધાંતો તથા નીતિ અંગે એને મતભેદ થતાં એ એમાંથી નીકળી ગયો. બે વાર એણે લગ્ન કરેલાં. પ્રથમ પોતાની પિતરાઈ ઈસાબેલ મેરી વેલ્સ સાથે, જ્યારે એ લંડનમાં અભ્યાસ કરતો હતો. પોતાના વિદ્યાર્થીજીવનનાં સ્મરણો સાથે એ લગ્નકાળની યાદગીરીઓ જોડીને એણે 'લવ ઍન્ડ મિ૦ લેવિશામ' નવલકથા લખી છે. એ પછી આ લગ્નમાં છૂટાછેડા લઈ એણે પોતાના અધ્યાપનકાળની એક વિદ્યાર્થિની એમી કૅથેરિન રૉબિન્સ સાથે લગ્ન કરેલું. એનાથી થએલા બે પુત્રોમાંના એક જી. પી. વેલ્સના સહકારમાં એણે 'સાયન્સ ઑવ લાઇફ' લખ્યું હતું.

માનવજાતમાં એને અનન્ય આશા હતી; પણ છેલ્લે એ નિરાશાવાદી બની ગયો હતો. એનું અંતિમ પુસ્તક 'માઈન્ડ એટ ધી એન્ડ ઑવ ઇટ્સ ટીથર' લખાયા પછી એની નિરાશા સ્પષ્ટ ઊપસી આવી. આ પુસ્તક પણ એણે મોતને ખાળતાંખાળતાં લખેલું.

એનું અંગત જીવન વિષાદમય હતું મધુમેહના એ દર્દી હોઈ વર્ષો સુધી દરરોજ એને ઈન્સ્યુલિનનું ઇંજેક્શન લેવું પડતું. સ્વભાવ પણ આળો અને ચીડિયો હોઈ ઘણા સાથે એ સંબંધો બગાડી બેસતો. છતાં 'એક્સપેરીમેન્ટ ઈન ઑટોબાયોગ્રાફી' નામક આત્મચરિત્રમાં એના ચારિત્ર્ય અને વિચારો પર ઘણો પ્રકાશ પડે છે, જે એની નિખાલસતાની સાક્ષી પૂરે છે. ઈ. ૧૯૪૬ના ઑગસ્ટમાં એનું અવસાન થયું.

પ્રવાસનો પડકાર

ગુજરાતમાં પ્રવાસશૉખ પ્રતિવર્ષ વધતો રહે છે. આબુ, નૈનિતાલ, મસૂરી, સીમલા, દાર્જીલિંગ, માથેરાન, ઊટી, કાશ્મીર, મનાલી, વગેરે મથકોએ ધનિકો ઉનાળાની ગરમીથી બચવા દોડે છે. ભાવિકો બદ્રી-કેદાર યા ચારધામ યાત્રાએ નીકળે છે. કિસાનો પણ સ્પેશિયલ ટ્રેઈન લઈ નૂતન યાત્રાધામોની મુલાકાતે નીકળે છે. આટલાં મથકો પણ ઓછાં પડતાં હોય તેમ સંખ્યાબંધ સંસ્થાઓ, શાળાઓ, વિદ્યાર્થીઓ પૂછ-પરછ કરતાં રહે છે: 'રજાઓમાં અમને પ્રવાસનું આયોજન કરી આપો.'

ગુજરાતના વિશાળ દરિયાકાંઠા પર સંખ્યાબંધ સ્થળો એવાં છે કે જ્યાં શાંતિ ઉપરાંત ઠંડક પણ મળે. વેરાવળ-ચોરવાડ ઘણા જાય છે, માંગરોળ ઘણા ઓછા. તીથલ-ડુમ્મસ-હજીરા જનારાની સંખ્યા સારી, દાંડી-કરાડીના મુલાકાતીઓ જૂજજાજ. નર્મદાતટે શુક્લતીર્થ, બહુબહુ તો ચાણોદ-કરનાળી, પણ વચમાંના માલસર, વ્યાસ કે આગળ હાંફેશ્વર, શૂલપાણેશ્વર હજી એટલાં આવકાર્ય અને આદરપાત્ર નથી થયાં. વાત્રક-મેશ્વોનો કાંઠો તો નજરે જ ચડ્યો નથી. અરવલ્લીની ગિરિમાળામાંની જસાપરાની સુંદર બખોલમાં લગભગ કોઈ જ જતું નથી. ડાંગમાં સાપુતારા અને ધરમપોરની વિલસન ટેકરીઓ છેલ્લાં બેત્રણ વર્ષથી પ્રવાસીઓને હૃદયસ્થ થવા લાગી છે, પણ રાજપીપળાથી આગળની ડુંગરમાળાની ટેકરીઓ, સોનગઢ (જે ગાયકવાડે હવા ખાવાના સ્થળ તરીકે જ વિકસાવ્યું હતું), ઇડર પરનો રાજચંદ્રજીનો આશ્રમ, ગિરનાર, પોશીના, ખેડબ્રહ્મા, વિજયનગર-પટાનાં સુંદર મગરાઓ નજીક છતાં કેટલાં દૂર અને અપરિચિત રહ્યાં છે?

અને એ બધાનું ધ્યાન લુપ્ત થએલા પગપાળા પ્રવાસ અને યાત્રા અર્થે પરિક્રમ્મા પ્રતિ પણ દોરું છું. ગુજરાતમાંથી સુંદર નર્મદાની પગપાળા પરિક્રમ્મા હવે કોઈ કરે છે ખરું? દૂરની વાત તો છોડી દઇએ, નજીકનાં મથકોએ પગપાળા પ્રવાસનું કોઈ આયોજન કરે છે ખરું? આબુ કોઈ પ્રવાસીસંઘ પગપાળા હવે જાય છે ખરા?

પરિક્રમ્માની આપણી પ્રાચીન પરંપરા, વિજ્ઞાનના અને ઔદ્યોગિક યુગના આઘાતે જીર્ણ બની રહી, પરંતુ પદપ્રવાસની લોપાએલી પરંપરા વીસમી સદીના પૂર્વાર્ધમાં પુનઃ ચેતનવંતી બની હતી. નવોદિત રાષ્ટ્રવાદથી સીંચાએલી એ પરંપરા જીવાનો, વિદ્યાર્થીઓ માટે એક પ્રેરણાસ્રોત બની રહી હતી. યુરોપ–અમેરિકામાં આજે પણ ટોળાંબંધ યુવક–યુવતીઓનાં વૃંદ 'હીચ હાઇકિંગ' માટે નીકળી પડે છે. ઔદ્યોગિક યંત્રયુગની ત્યાં ઘેરી અસર અને સમયની આપણા કરતાં એમને ઘણી મોટી કિંમત, છતાં પ્રવાસનો આ પ્રકાર ત્યાં વધુ પ્રિય બનતો ચાલ્યો છે. આપણે ત્યાં વીસી, ત્રીસી અને ચાલીસી એમ ત્રણ દાયકા સુધી ફૂલીફાલેલી આ પ્રવૃત્તિ, આ શૉખ કેમ ચીમળાઈ ગયાં હશે?

આવા પ્રવાસો ગુજરાતમાં દૂરદૂર સુધી થતા. પુરાણી બંધુઓ પ્રેરિત વ્યાયામપ્રવૃત્તિ પગપાળા પ્રવાસની પુરોહિત બની રહી હતી. પ્રવાસ એ પ્રવૃત્તિનું એક આવશ્યક અંગ મનાતું હતું. શનિ–રવિવારની રજાઓમાં કોક નજીકના સ્થળે વિદ્યાર્થીઓ જતા. શેતરંજી, એકાદ ટંકનું ભાથું અને લોટ-ગોળ; બીજો સામાન જ નહિ. ખુલ્લામાં સૂવાનું હોય તો લાકડીના ટેકા પર ધોતિયાં બાંધી તંબૂ તણાતા. સવારના નદી-તળાવ પર તરવાનું શીખવાતું. બપોરની રસોઈમાં ય બધા કામે લાગતા. રમતો થતી, સાહસની વાર્તાઓ કહેવાતી.

પ્રીતમનગર વ્યાયામશાળા તરફથી ભર ઉનાળામાં વેરાન જેવા ગરમ અને પાણીની આકરી મુશ્કેલીવાળા પ્રદેશમાં ઉત્કંઠેશ્વર, કપડવણજ, લસુંદ્રા, ડાકોરનો પ્રવાસ ગોઠવ્યો હતો. અંબુભાઈ સાથે

આબુના આવા એક પ્રવાસના રોમાંચક અનુભવો દૃષ્ટિ સમક્ષથી ખસતા જ નથી: અંધારી રાતે ઝાડ પર નિવાસ, વચમાં અઘોરી બાવાઓના મેળાપ, વાઘનાં પગલાં, એ બધું ભુલાતું નથી. ગિરનારની બધી ટૂકો પગપાળા જ સર કરી હતી, વ્યાયામશાળાના હસ્તલિખિતમાં તેનાં વર્ણનો આજે પણ અંકાએલાં પડયાં છે. સ્વ. છોટુભાઈની સરદારી નીચે વલસાડથી નાસિક સુધીનો એક પ્રવાસ પણ વ્યાયામશાળાની ટુકડી ખેડી આવી હતી.

પગપાળા પ્રવાસમાં મળતાં આનંદ, અનુભવો, જોખમો, સાહસો અન્ય પ્રવાસમાં નથી જ મળતાં. આવા પ્રવાસો જવાનો કેમ નહિ યોજતા હોય? લોકગીતો વગેરે મેળવવા સ્વ. મેઘાણી સૌરાષ્ટ્રનો સાગરકાંઠો પગે જ ખૂંદી વળ્યા હતા. ગુજરાતમાં હુમ્મસથી દહાણુનો સુંદર સાગરતટ આજે ય સાદ પાડે છે. પગપાળા અંબાજીથી આબુ જનારા આજે છે, પણ આબુ પર જવાનો જૂનો રસ્તો કાંટા-ઝાંખરાંમાં અટવાઈ ગયો છે તેની ભાળ કેમ કોઈ નહિ લેતું હોય? સાબરમતીની સુંદર ખીણ પરાઈ જ બની રહી છે, શા માટે? ડાંગનાં જંગલો, વિંધ્યાચળની કેડીઓ, પીરમ જેવા બેટો, બધાં આવાં પ્રવાસપ્રતીકો છે. ગુજરાતનાં યુવકયુવતીઓનાં ખમીરને કેવો બુલંદ પડકાર છે!

(ગુજરાત સમાચાર) —નીરુ દેસાઈ

ખસતી ભૂમિ

અનેક સરોવરો અને કિલિમાંજરો સહિત ઊંચા સુપ્ત જ્વાળામુખી પર્વતો ધરાવતો, પૂર્વ આફ્રિકાના 'ગ્રેઈટ રિફ્ટ વૅલી' તરીકે ઓળખાતો, ઝામ્બિયાથી રાતા સમુદ્ર સુધી ૫૦૦૦ માઈલમાં વિસ્તરેલો ભૂમિપટ ધીરેધીરે ખસી રહ્યો છે. ભૂસ્તરશાસ્ત્રીઓ માટે આ એક મોટો કોયડો છે. કેટલાક નિષ્ણાતો પૃથ્વીના ગોળાને ફરી વળતી, પાણીમાં ડૂબેલી ૪૦,૦૦૦માઈલ લાંબી પર્વતમાળા સાથે પૂર્વઆફ્રિકાના આ વિસ્તારનો સંબંધ જોડે છે. જો ખરેખર એમ જ હોય તો એ, આફ્રિકાના ભૂમિખંડના આ વિસ્તારના કોઈ પ્રચંડ ભંગાણને નિર્દેશે છે. અને એ રીતે લાખો વર્ષ પૂર્વેના કોઈ વિરાટ ભૂમિચલનના અભ્યાસની એક અદ્વિતીય તક પૂરી પાડે છે. આવા જ સિદ્ધાંત અનુસાર અરબસ્તાન પણ દર વર્ષે બબ્બે સેન્ટીમીટર જેટલો ઈશાન તરફ ખસી રહ્યો છે. અને પરિણામે રાતા સમુદ્ર તથા એડનના અખાતના વિસ્તારમાં એક મહાસાગર માટેની ભૂમિકા તૈયાર થઈ રહી છે. સંભવ છે કે સમય જતાં પૂર્વ આફ્રિકાનો કેટલોક ભાગ મુખ્ય ભૂમિખંડથી છૂટો પડી માડાગાસ્કરની પેઠે ટાપુ જેવો બની રહેશે. પણ આ તો ભૂતળની એક અત્યંત મંદ પ્રક્રિયા છે. એનું સ્પષ્ટ પરિણામ તો લાખો વર્ષો પછી જોવા મળશે.

નવું સમુદ્રમંથન

સમુદ્રમંથન કરી દેવોએ અમૃત મેળવ્યું હતું. આજે માનવી સમુદ્રમાં સંશોધનો કરી અવનવાં ઔષધો મેળવી રહ્યો છે. પૃથ્વી પરના સમગ્ર પ્રાણીઓમાંથી ૮૦ટકા સાગરમાં રહે છે, એ જ રીતે પૃથ્વી પરની વનસ્પતિનો મોટો ભાગ પણ સાગરમાં છુપાએલો છે. વિજ્ઞાનીઓ સાગરના એ બહુવિધતા ભરી જળસૃષ્ટિનો અભ્યાસ કરી જીવશાસ્ત્રની દૃષ્ટિએ એમાંનાં કેટલાં દ્રવ્યો સક્રિય છે એ જાણવા મથી રહ્યા છે.

કૅલિફોર્નિયાના સાન ડિયાગોમાં સ્ક્રિપ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઓશનોગ્રાફીના હૃદય અંગેના સંશોધનોના નિષ્ણાત ડૉ. ડેવિડ જેન્સને પ્રશાંત મહાસાગરમાં થતી દોઢેક ફૂટ લાંબી હૅગફિશ નામક માછલીમાં જોયું કે એને બાર ચૂઈ અને શિંગડાં જેવાં દાંતની બે હાર હોય છે તથા ત્રણ સ્વતંત્ર હૃદય હોય છે; જેમાંનું ત્રીજું હૃદય તો કોઈ જ્ઞાનતંતુ વડે દેહના બીજા ભાગ સાથે સંકળાએલું નથી. અને છતાં એ તદ્દન અલગ હૃદય અન્ય બને હૃદય સાથે સમયસર તાલબદ્ધ ધબકારા લેતું રહે છે. ડૉ. જેન્સને એનું કારણ શોધી કાઢયું છે કે એપ્ટાટેનિન નામનું એક જીવરસાયણ આ કામગીરી બજાવે છે. આના પરથી પ્રેરાઈ, જેમનાં હૃદયનાં જ્ઞાનતંતુનાં કેન્દ્રો ઇજા પામ્યાં હોય એવાં પ્રાણીઓને પ્રયોગશાળામાં આ પદાર્થ ઇન્જેક્શન દ્વારા આપવામાં આવ્યો ત્યારે તેમના હૃદય ધબકાર કલાકો સુધી નિયમિત જણાયા હતા. સંભવ છે કે જેમના હૃદયના મજ્જાતંતુઓ નુકસાન પામ્યા હોય એવા માણસોના હૃદય ધબકાર નિયમિત બનાવવા માટે હૃદયમાં વીજાણુ સાધનો ગોઠવવાને બદલે ભવિષ્યમાં આ એપ્ટાટેનિનની ગોળીઓ જ આપવાની રહેશે.

ન્યૂ યૉર્કના માછલી-ઘરની પ્રયોગશાળાના ડૉ. રૉસ જેકોબ્સકાએ 'રેડ બિયર્ડ' નામની વાદળીમાંથી એક્ટિયોનિન નામક વ્યાપક પ્રકારનું ઍન્ટિબાયોટિક ઔષધ શોધ્યું છે. સામાન્યતઃ સાગરના પેટાળમાં મરી ગએલું પ્રાણી સડવા માંડીને આસપાસનું જળ દુષિત બનાવે છે, પણ ડૉ. જેકોબ્સકાએ જોયું કે વાદળીમાં સ્તરોમાં મૃત પ્રાણીઓની આસપાસનું પાણી બગડતું નહોતું. આના પરથી ડૉ. જેકોબ્સકાએ અનુમાન કરેલું કે વાદળીઓ અથવા એમાં રહેતા સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવોના દેહમાંથી કોઈ એવો પદાર્થ નીકળતો હશે જે સડો ફેલાવતાં વિષાણુઓની વૃદ્ધિ અટકાવતો હશે. જો ખરેખર એમ જ હોય તો એમાંથી ઍન્ટિબાયોટિક ઔષધો બની શકે. ભૂમિ પરનાં સાધનોમાંથી પ્રાપ્ત થએલાં ઔષધોએ અત્યાર સુધી કેટલાંક વિશિષ્ટ વિષાણુઓ અને ચેપી ફ્લુ કે આધા સામે ભાગ્યે જ કોઈ રક્ષણ આપ્યું છે. આ જ માર્ગે સંશોધનો કરી મેરીલૅન્ડમાં ડૉ. સી. પી. લી જાતજાતની જીવતી છીપોમાંથી નીકળતા પ્રવાહી પદાર્થોમાંથી 'પાવલિન-૨' નામે વિષાણુવિરોધી ઔષધ વિકસાવી રહ્યા છે.

સાઉથ સીમાં થતી એક 'સ્વપ્ન માછલી' નામની જાત ખાવામાં લેવાય તો ચિત્ત વિભ્રમ થાય છે. આ માછલીમાંથી માનસ ચિકિત્સામાં ઉપયોગી એવું એક ઔષધ કૅલિફોર્નિયામાં ડૉ. બુર્ખોલ્ડર નામના આ ક્ષેત્રના એક વિજ્ઞાનીએ સાગરકાંઠાનો એક કોષવાળો ગોન્યાલેક્સ નામે છોડ શોધ્યો છે જેમાંથી ઝેરકોચલાથી યે કાતિલ એવું ઝેર નીકળે છે.

સ્ટારફિશ(તારા માછલી)ને તો ઘણા જાણે છે. એનો એક હાથ કપાઈ જાય તો ત્યાં નવો ઊગે છે એ તો ખરું જ પણ પેલા કપાએલા હાથમાં નવો વિકાસ થઈ એની બીજી એક માછલી સર્જાશે. આ પ્રક્રિયામાં રહેલાં એન્ઝાઈમનું સંશોધન કરવાથી એક દિવસ માણસના પણ કપાએલા હાથપગ ફરી ઉગાડવાનું શક્ય બને તો નવાઈ નહિ. —'યુસિસ'

પથરી માટે ગુલાબનાં ફૂલનું અત્તર

ગુલાબનાં ફૂલના અત્તરમાં રહેલા ઔષધીય ગુણોની વાત પ્રાચીન કાળથી જાણીતી છે, પરંતુ એ કયાં દરદો માટે અસરકારક છે તે અંગે તબીબી પ્રયોગાત્મક સંશોધન તો તાજેતરમાં જ બલ્ગેરિયામાં હાથ ધરાયું હતું. પૂરતી અજમાયશને અંતે જાણવા મળ્યું હતું કે ગુલાબનું અત્તર સોજો ઉતારવાના અને ચેપ ફેલાતો અટકાવવાના (ઍન્ટિસેપ્ટિક) ગુણો ધરાવે છે. ખાસ કરીને યકૃત (લીવર)ની નીચેની નાની કોથળી (ગૉલ બ્લૅડર)માં પથરીની સારવાર માટે તે ઉત્તમ છે.

દરદીઓને ભોજન પહેલાં દિવસમાં ત્રણ વાર ત્રણ ત્રણ ટીપાં ગુલાબનું અત્તર આપવામાં આવેલું. સમગ્ર સારવાર માટે સાતથી આઠ ગ્રામ અત્તર પૂરતું છે. આ સારવારનાં પરિણામો ઘણાં સારાં આવ્યાં. દરદીઓના ગૉલ બ્લૅડરની 'ક્ષકિરણ'-તસવીરો લેવામાં આવી તો જણાયું કે કોથળીમાં જમા થએલી પથરી ઓગળીને સાફ થઈ ગઈ હતી. દરદીઓનાં લોહી તપાસતાં જણાયું કે તે સારવાર પહેલાં તપાસેલા લોહી કરતાં વધુ સારું હતું. ભારતની આયુર્વેદિક ચિકિત્સામાં ગુલાબના ફૂલના અત્તરનું શું સ્થાન છે તે વિષે સંશોધન કરવા જેવું છે.

ફૂવા ઢાંકણ પાવઠું, જગનું ઢાંકણ જાર;
બાપનું ઢાંકણ બેટડો, ઘરનું ઢાંકણ નાર.

આકાશના તારા તો બધા ન થઈ શકે પણ પોતાના ઘરના દીવા તો સૌ થઈ શકે

વર્ષપ્રતિપદાને દિવસે પેશવાના દરબારમાં બ્રાહ્મણોને દક્ષિણા આપવાના રિવાજ મુજબ નાના ફડનવીસ દરેકની યોગ્યતા મુજબ આંકડો બોલતા જતા હતા ને રામશાસ્ત્રી એ પ્રમાણેની રકમ દરેકના હાથમાં મૂકતા હતા.


'વીસ મહોર.' હારબંધ આવ્યે જતા બ્રાહ્મણોમાં એકનો વારો આવતાં નાના ફડનવીસ બોલ્યા. અને રામશાસ્ત્રીનો હાથ થંભી ગયો; કારણ કે રકમ ઘણી મોટી હતી અને લેનાર બ્રાહ્મણ પોતાનો સગો ભાઈ હતો. 'વીસ મહોર.' નાનાએ ફરી કહ્યુ, પણ રામશાસ્ત્રીએ તો માત્ર બે જ મહોરો પોતાના ભાઈના હાથમાં મૂકતાં કહ્યુ : 'હું આપના કરતાં મારા ભાઈને વધારે સારી રીતે ઓળખું, નાના. એ એટલો મોટો વિદ્વાન નથી. મારી પાસેથી એ માગે એટલી મહોરો આપું, પણ રાજ્યના ખજાનાની બાબતમાં એ સંબંધ ન ચાલે.'


કહેવતોના અર્થ -'ભાણેજે ભાગ નહિ અને જમાઇએ લાગ નહિ.': ૫૧૩ અંકમાં આપેલી કહેવતમાં દર્શાવ્યા મુજબ જે જમાનામાં દીકરી, જમાઈ અને ભાણેજિયાં એ ત્રણે સ્વાર્થી અને નગુણા નીવડયાનો જ બહોળો અનુભવ હશે ત્યારે ઘડાએલી આ કહેવત આજે પણ એવો અનુભવ થતાં વપરાય છે કે, 'ધંધા કે મિલકતમાં ભાણેજનો કદી ભાગ રાખવો નહિ અને જમાઇનો કદી કોઈ હક રાખવો નહિ.'

એકાક્ષરી પણ અનેકાર્થી શબ્દ

ભૂ — પૃથ્વી, બીજો લોક, કાર્તિકેયનું એક નામ, દેશ, પરમેશ્વર, યજ્ઞનો અગ્નિ, વિષ્ણુ, સીતાજીની એક સખી, એકની સંજ્ઞા, ફટકડી, સ્થાન, જન્મેલું, આગળ થવું, ચિંતન કરવું, બાકી રહેવું.

એમ કહેવાય છે કે માણસ ૭૦ વર્ષનો થાય ત્યાં સુધીમાં બધું મળીને બે વર્ષ માંદો રહે છે.





દલાકણિકા:ગયા અંકમાંઆપેલા સ્કૅન્ડિનેવિયન સુશોભનના અનુસંધાનમાં બીજા નમૂના.

ગણિતગમ્મત

કોઈ પણ એક સંખ્યા ધારો. તેની ઉપરની અને નીચેની સંખ્યાઓનો ગુણાકાર કરો (દા. ત. ૫ ધાર્યા હોય તો ૪ અને ૬) ૧ ઉમેરો અને આવેલ પરિણામનું વર્ગમૂળ કાઢો. ધારેલ સંખ્યા મળી કે નહિ?

માનો કે તમે અ સંખ્યા ધારી...ઉપરની અને નીચેની અનુક્રમે અ – ૧ અને અ + ૧ થશે. આ બંનેનું ગુણનફલ અ^{૨} – ૧ આવશે. ૧ ઉમેરવાથી અ^{૨} રહેશે. જેનું વર્ગમૂળ કાઢવાથી અ મળી રહેશે. —ર. મો. ધુંટલા



ખાળના નળમાં ભરાઈ રહેલો કચરાનો ગાળ સાફ કરવો ઘણી વાર દુષ્કર હોય છે. તેને માટે ગાદીની જૂની થઈ ગએલી કમાન એક દંડા ઉપર આ પ્રમાણે જડી દઇને ઉપયોગમાં લેવાથી બહુ સરસ કામ આપશે.

ખોટી વાત: માકણ કરડીને બહુ ઝડપથી ભાગી જાય છે એ વાત ખોટી છે. માકણ કરડતા હોય છે ત્યારે કશો ખયાલ આવતો નથી, પણ એ જ્યારે લોહી ચસવાનું બંધ કરે છે ત્યારે ત્યાં એક પ્રકારનો જે ઍસિડ જામે છે. તે લોહીમાં ફેલાઈ વેદના ઉત્પન્ન કરે એટલો સમય માકણને ભાગી જવા માટે પૂરતો હોય છે.


સાપ કે નાગ પોતાની જીભ સતત બહાર રાખે છે એ સંબંધમાં વૈજ્ઞાનિકોનું કહેવું એમ છે કે એમને નાક જેવું સ્વતંત્ર અવયવ શ્વાસ લેવા માટે ન હોવાથી તેઓ બહારની હવા જીભની સહાયથી અંદર ધકેલે છે.

પશ્ચિમ જર્મનીના એક એન્જિનીઅરે ૧૫ ઈંચ જાડી પ્લાસ્ટિકની એક ચાદર બનાવી છે, જે સડક બનાવવાના કામમાં આવશે. આ ચાદરને લાંબા ખીલાથી જમીનમાં બેસાડી શકાય છે. આ સડકો ૧૦૦ પાઉન્ડ વજનના હથોડાથી ઠોકવામાં આવી તો પણ એને જરા સરખી આંચ આવી નહોતી.

દેલગુર ગામની પાસે આવેલા બિલોલીમાં એક મસ્જિદમાં લોખંડના જેવી પથ્થરની સાંકળ છે, જે ખખડાવતાં લોખંડ જેવો જ અવાજ નીકળે છે.

કાચ કાપવાની હીરાકણી વપરાશમાં ન હોય ત્યારે ટર્પેન્ટાઈન કે કેરોસીનમાં બોળેલી રાખવાથી વધુ સજ્જ રહેશે.

મુંબાઈ ઇલાકામાં ગુજરાતી ભણવા માટે પ્રથમ સરકારી નિશાળમાં સ્લેટ, પેન, ચોપડી, બધું જ સરકાર તરફથી અપાયું હતું.




ઇટલીના વિસેન્ઝામાં ટીએટ્રો ઑલિમ્પિકો નામે આ નાટકશાળા જગતમાં સૌથી જૂની નાટકશાળા છે. ઈ. ૧૫૮૨માં એ બંધાઈ હતી.

આમેરિકાના પાટનગર વૉશિંગ્ટન ડી. સી.માં નૅશનલ ગૅલેરી, ફ્રીઅર ગૅલેરી ઑાવ આર્ટ, ડંકન-ફિલિપ્સ કલેક્શન, સ્મિથ-સોનીઅન ઇન્સ્ટિટ્યૂટ, કૉર્કોરન ગૅલેરી ઑાવ આર્ટ અને વૉશિંગ્ટન ગૅલેરી ઑાવ મૉડર્ન આર્ટ, આ છ કલાસંગ્રહો અગ્રગણ્ય ગણાય છે. અમેરિકામાં ૧૧૬૭ જેટલાં સંગ્રહસ્થાનો છે, એમાંનાં મોટા ભાગનાં નાગરિક-સંસ્કાર-કેન્દ્રો તરીકે ચાલતાં હોઈ ત્યાં અવારનવાર શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રદર્શનો, કલાકૃતિઓનાં વેચાણ, ગ્રંથાલયો, સચિત્ર વ્યાખ્યાનો અને કોઈ કોઈ વાર મર્યાદિત સમય માટે લોકોને ઉત્તમ કલાકૃતિઓ પોતાને ત્યાં રાખવા ભાડે આપીને કલાનો જે પ્રચાર કરવામાં આવે છે એથી ત્યાંની પ્રજા ઉત્તમ કલાને સમજી શકવા સાથે એની વચ્ચે રહેવાને ટેવાતી જાય છે.


બાજુનું ચિત્ર 'વ્હાઈટ ગર્લ'ની તસવીર નૅશનલ ગૅલેરીમાં સંઘરાએલી ગઈ સદીના ઍંગ્લો-અમેરિકન કલાકાર જૅમ્સ એ. મેક્નેઈલ વ્હિસ્લર (૧૮૩૪-૧૯૦૩)ની એક સુંદર કૃતિ છે. મોટે ભાગે યુરોપ અને મધ્યપૂર્વના દેશોમાં ઘૂમેલા આ કલાકારે પૂર્વના દેશોની કલાની સારી સમજ હતી. જાપાનીઝ વૂડ-કટ અને એ રીતે એ કળાના ઉસ્તાદ હોકુસાઈ (જુઓ આ અંકની કલાવાર્તા)ની ખરી પરખ પામનાર પશ્ચિમમાં કદાચ વ્હિસ્લર જ પ્રથમ હતા. ઇમ્પ્રેશનિઝમ તરફ ઢળતાં એમનાં પેસ્ટલ (ચાકલાકડી) અને તૈલરંગોથી કરેલાં ચિત્રો સંગીતની ગત જેવી મધુર રંગછાયાઓ માટે વિખ્યાત છે. શ્વેત વસ્ત્રધારી તરુણીનું એમનું આ ચિત્ર એક ઉમદા ચિત્રરત્ન ગણાય છે.

ફ્રીઅર ગૅલેરીમાં પૂર્વના દેશોની સુંદર કલાકૃતિઓનો મોટો સંગ્રહ છે. એમાંથી ૧૭મી સદીની મુઘલ કલમની ગોવર્ધન શૈલીનું 'અશ્વારૂઢ શાહજહાં' તથા ૧૮મી સદીની રાજપૂત શૈલીનું 'મૃગ અને મૃગનયની'—એ બે ચિત્રો ત્યાં સંઘરાએલી ભારતીય કલાકૃતિઓમાંથી છે.



વ્હાઈટ ગર્લ
કલાકાર • જેમ્સ એ. મેક્નેઈલ વ્હિસ્લર

અગત્યનો સુધારો : પાછળની કલાકૃતિના કર્તા વ્હિસ્લરનો જીવનકાળ (૧૮૩૪–૧૯૦૩) જોઈએ.



સેત્સુના તેમા પુલ પર દીપોત્સવની સાંજ (પુલો વિષેની હોકુસાઈની ચિત્રમાળામાંનું એક ચિત્ર)



ઇસેને કિનારે ડૂબકી મારતી યુવતીઓ (એક કાવ્ય-સંગ્રહમાંનું પ્રસંગચિત્ર) કલાકાર : હોકુસાઈ



કલાગુરુ શ્રી રવિશંકર રાવળના
અમૃતપર્વના અવસરનો
ખાસ કલા-અંક
સલામત મેળવવા માટેની
યોજના

આર્ટપેપર મિલની હડતાલને કારણે તેમજ અન્ય સંજોગોને લીધે છેલ્લા ત્રણ માસથી ઠેલવો પડતો આવેલો 'કલા-અંક' હવે ઉપલબ્ધ સામગ્રી વડે પણ ડિસેમ્બરમાં છેક મોડો બહાર પડી શકશે.

એ અંક રજિસ્ટર્ડથી જ મંગાવવો સારો, કેમ કે તે કદાચ વધુ મોડો થાય તો પણ 'તે ક્યારે બહાર પડ્યો હશે? રસ્તામાં ગુમ તો નહિ થયો હોય?' એવી એને વિષેની ચિંતામાંથી મુક્ત થવાય.

યોગાનુયોગ, મોટા ભાગના ગ્રાહકોનાં લવાજમ પણ આ ડિસેમ્બર અંક સાથે જ પૂરાં થાય છે; એટલે એ કલા-અંક સલામત મેળવવાની સુવિધા પણ એમને માટે આપોઆપ ઊભી થાય છે. આમે ય એમને કલા-અંકના રજિસ્ટ્રેશન-ખર્ચના પંચાવન પૈસા મોકલવાનું, અને થોડા સમય બાદ આવતા વર્ષના લવાજમ માટે મનીઑર્ડર કરવાનું, એમ બે ખર્ચ તો કરવાં જ પડવાનાં છે; તો એ બેવડી તકલીફ બચાવી લઈને કલા-અંકને આવતા વર્ષના લવાજમના વી. પી. થી મંગાવી ચિંતામુક્ત થવું એમને માટે વધારે સારું અને સરળ છે.

કલા-અંકના ખર્ચને પહોંચી વળવા માટે ધાર્યા મુજબની જાહેરખબરો પ્રવર્તમાન સંજોગોમાં મળી શકી નથી. એટલે એ કલા-અંક આવતા વર્ષના લવાજમના ચોખ્ખા પંદર રૂપિયાથી મોકલવાની (અને વી. પી.-રજિસ્ટ્રેશન આદિ ખર્ચ અમારે ભોગવી લેવાની) યોજના નિરુપાયે બંધ કરવી પડી છે. અલબત્ત, જેમણે આ અંક બહાર પડતાં સુધીમાં, (૧૫મી નવેમ્બર સુધીમાં) એ યોજનાનો લાભ લેવા માટે અમને લખી દીધું છે, તેમને તો એ લાભ આપીશું જ.

કલા-અંકની છૂટક કિંમત છ રૂપિયા રહેશે; પરંતુ જેઓ એ ડિસેમ્બર અંક સાથે આવતા પૂરા—વર્ષના એટલે કે ડિસે. '૬૬ થી ડિસે. '૬૭ સુધીના તેર માસના ગ્રાહક થવા ઇચ્છતા હશે તેમને ડિસેમ્બર અંક રૂ. છ ને બદલે રૂ. ચારથી આપીશું. એટલે તેમને આવતા વર્ષના લવાજમ સાથે ૧૯ રૂપિયાનું વી. પી. થશે.

વર્ષ વચ્ચેનાં લવાજમો માટે

જેમનાં લવાજમ આવતા વર્ષના અધવચ્ચેના કોઈ માસમાં પૂરાં થતાં હોય તેઓ પણ જો ૧૯૬૭ના ખૂટતા માસના અંકોની (મહિનાના સવા રૂપિયા લેખે વરાડે આવતી) કિંમતના વી. પી. થી આ કલા-અંક મંગાવશે તો એ સલામતીથી મળવા સાથે પેલો અધવચ્ચેનો મહિનો યાદ રાખવાની જંજાળમાંથી તેઓ છૂટશે અને એમની ૧૯૬૭ની ફાઈલ સંપૂર્ણ બની રહીને વર્ષ સાથે જ લવાજમ પૂરું થયાની હિસાબી સરળતા બંને પક્ષે થશે.

ગ્રાહક ન રહેવું હોય તો

જેમને આવતા વર્ષે ગ્રાહક ન રહેવું હોય તેઓ, તેમજ જેમનાં લવાજમ પુસ્તકાલય મંડળ, મ્યુનિસિપાલિટીઓ, જિલ્લા બોર્ડો, પંચાયતો આદિ સંસ્થાઓ દ્વારા ભરાતાં હોઈ જેઓ સ્વતંત્ર રીતે વી. પી. છોડાવી શકવાની સ્થિતિમાં ન હોય તેમણે પણ, ૫૫ પૈસા મોકલીને કલા-અંક રજિસ્ટર કરાવીને મેળવવો સારો; નહિતર સાદી પોસ્ટથી મોકલવામાં જો કદાચ એ ગુમ થશે તો આવો મોંઘો અંક અમે ફરીથી મફત નહિ મોકલી શકીએ.

આ બધા મુદ્દા વિચારીને હવે સામેનું કાર્ડ ભરી મોકલો.



Second Half of

1967

	JULY	AUGUST	SEPTEMBER
Sun	2 9 16 23 30	6 13 20 27	3 10 17 24
Mon	3 10 17 24 31	7 14 21 28	4 11 18 25
Tue	4 11 18 25	1 8 15 22 29	5 12 19 26
Wed	5 12 19 26	2 9 16 23 30	6 13 20 27
Thur	6 13 20 27	3 10 17 24 31	7 14 21 28
Fri	7 14 21 28	4 11 18 25	1 8 15 22 29
Sat	1 8 15 22 29	5 12 19 26	2 9 16 23 30

	OCTOBER	NOVEMBER	DECEMBER
Sun	1 8 15 22 29	5 12 19 26	3 10 17 24 31
Mon	2 9 16 23 30	6 13 20 27	4 11 18 25
Tue	3 10 17 24 31	7 14 21 28	5 12 19 26
Wed	4 11 18 25	1 8 15 22 29	6 13 20 27
Thur	5 12 19 26	2 9 16 23 30	7 14 21 28
Fri	6 13 20 27	3 10 17 24	1 8 15 22 29
Sat	7 14 21 28	4 11 18 25	2 9 16 23 30

વ્યવસ્થાપક 'કુમાર' તા. ______

વિ. ઈ. ૧૯૬૭ના ગ્રાહક તરીકે અમારું નામ ચાલુ રાખશો; અને—

☐ ડિસેમ્બર '૬૬નો ખાસ કલા-અંક પૂરી રકમના વી. પી.થી મોકલશો.

☐ ઈ. ૧૯૬૭માં અમારું લવાજમ ______ માસ સાથે પૂરું થાય છે, તો બાકીના ______ માસના (રૂ. ૧ા લેખે) રૂ. ______ ના વી. પી.થી કલા-અંક મોકલશો.

☐ અમને ડિસેમ્બર ૧૯૬૬ના કલા-અંકથી શરૂ કરીને ૧૯૬૭ના ડિસેમ્બર સુધીના ૧૩ માસના ગ્રાહક ગણીને કલા-અંક રૂ. ૧૯ના વી.પી.થી મોકલશો.

☐ લવાજમ તથા રજિસ્ટ્રેશનખર્ચ મનીઑર્ડરથી / ચેકથી મોકલીએ છીએ.

☐ લવાજમ પાછળથી મોકલીશું. કલા-અંક સાદી / રજિસ્ટર્ડ ટપાલથી મોકલશો.

☐ અમે ૧૯૬૭માં ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છતા નથી, તો અમારું નામ કમી કરશો. કલા-અંક રજિસ્ટર્ડથી મોકલવા માટે આ સાથે ૫૫ પૈસાની ટિકિટ બીડી છે.

(ઉપરની જે પદ્ધતિ પસંદ હોય તેના ખાનામાં ✓ આવી નિશાની કરશો.)

ગ્રાહક નંબર ______ નામ-સરનામું ______

______